
# નગરશેઠ શાંતિદાસ ઝવેરી

માલતી શાહ



ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# નગરશેઠ શાંતિદાસ ઝવેરી

લેખિકા
માલતી શાહ

પ્રકાશક
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'Nagarsheth Shantidas Zaveri'
by Malti Shah, 1987

© માલતી શાહ

પ્રથમ આવૃત્તિ, માર્ચ ૧૯૮૭
નકલ ૭૫૦

કિંમત : ૫૦-૦૦

પ્રકાશક :
કાન્તિલાલ ગોવિંદલાલ શાહ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

મુદ્રક :
ઠાકોરલાલ ગોવિંદલાલ શાહ
શારદા મુદ્રણાલય,
જુમ્મા મસ્જિદ સામે,
પાનકોરનાકા, અમદાવાદ-૩૮૦૦૦૧.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# આવકાર

અમદાવાદ ભારતનાં બીજાં ઔદ્યોગિક નગરો કરતાં અનેક રીતે જુદું તરી આવે છે. સ્વત્વ અને સ્વાશ્રયની ઊંડી તાકાત તેની પ્રજામાં પરંપરાથી ઊતરી આવેલી છે. બીજાં શહેરો બહારના ઔદ્યોગિક આક્રમણને કારણે ભાંગી પડયાં હતાં. એક અમદાવાદ જ તેની સામે ટકી રહ્યું હતું, કેમ કે તેનો વેપાર-ઉદ્યોગ કોઈ રાજા-મહારાજાને આશ્રયે ખીલ્યો નહોતો, પણ તેની પ્રજાની આગવી સૂઝ-બૂઝ, ખંત અને પુરુષાર્થનું ફળ હતું. વળી અમદાવાદની રોનક અને જાહોજલાલી બીજાં શહેરોની માફક ગામડાંના શોષણથી ઊભી થયેલી નથી, પણ તેના વેપાર-ઉદ્યોગને પ્રતાપે છે. એક રીતે કહીએ તો, અમદાવાદ એટલે કારીગરો, વેપારીઓ અને શરાફોનું સંગઠન, મહાજન.

ગુજરાતનો વેપાર ટકાવીને બહારનાં પરિબળોથી તેનું રક્ષણ કરવાનું કામ તેનાં મહાજનોએ કરેલું છે. છેલ્લાં એક હજાર વર્ષથી અનેક ઝંઝાવાતોની સામે મધ્યમ વર્ગને ટકી રહેવાનું બળ આ મહાજનની સંસ્થાએ પૂરું પાડયું છે. ગુજરાતના જેવું મહાજનનું સંગઠન ભારતમાં ક્યાંય નથી, અને અમદાવાદના જેવું સમર્થ અને સંપૂર્ણ બંધારણવાળું મહાજન ગુજરાતમાં બીજે નથી.

આ મહાજનનું બળ એટલે સંપ અને એકતાનું બળ. તેનાથી એ રાજ-સત્તાની સામે લડેલ છે. તેનાથી નાનામોટા હુન્નરો જૂના વખતથી સચવાઈ રહ્યા છે. પરદેશી સત્તા સામે ધંધાદારીને તેનાથી રક્ષણ મળ્યું છે. અમદાવાદનું મહાજન આ બાબતમાં સૌથી વધુ શક્તિશાળી હતું. આ મહાજને એક વાર પોતાનું ચલણ પણ ચલાવ્યું હતું એમ અમદાવાદના ઇતિહાસકાર રત્નમણિરાવ જોટેએ નોંધ્યું છે.

વંશપરંપરાથી ચાલતી આવેલી શ્રીમંત વણિકોની આર્થિક સત્તા અને સામાજિક પ્રતિષ્ઠા અમદાવાદના વ્યક્તિત્વનું એક અનોખું અંગ છે. યુરોપીય શહેરોના જેવી સ્વાયત્તતા તેણે નથી ભોગવી, પણ શાસકોને પ્રજાની ઇચ્છાને અનુકૂળ બનાવી શકે તેટલી વગ અને કુશળતા આ વેપારી વર્ગનાં મહાજનો અને તેના મુખરૂપ નગરશેઠોમાં હતી.

આ બલિષ્ઠ પરંપરાના સ્તંભ અને આદ્ય પુરુષ જેવા શેઠ શ્રી શાન્તિદાસ આ પુસ્તકનો મુખ્ય વિષય છે. શાન્તિદાસની સાતમી પેઢીના પૂર્વજ પદ્મસિંહ ક્ષત્રિય જાગીરદાર હતા. તેમણે જૈન ધર્મની દીક્ષા લીધેલી. મુસ્લિમ આક્રમણથી ત્રાસીને શાન્તિદાસના પિતા સહસ્રકિરણ રાજસ્થાનમાંથી અમદાવાદ આવીને વસ્યા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હતા. અને એક ઝવેરીને ત્યાં નોકરી કરતાં કરતાં આપબળે ઝવેરી બન્યા હતા. શાન્તિદાસને પિતાનો વ્યવસાય વારસામાં મળ્યો હતો.

'ઓસવાળ ભૂપાળ 'નું' બિરુદ સાર્થક કરે તેવી સાહસિકતા, વીરતા અને ઉદારતા શ્રેષ્ઠી શાન્તિદાસમાં હતી. રત્નપરખની અસાધારણ કુશળતા દર્શાવીને તેમણે અકબર બાદશાહના દરબારમાં અમીર જેવું શાહી ઝવેરીનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અકબરે તેમના પર ખુશ થઈને અમદાવાદના નગરશેઠનું પદ આપવા માટે સૂબા આઝમખાનને ફરમાન કર્યાની અનુશ્રુતિ છે. શાન્તિદાસ શેઠને જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબ સાથે નિકટનો સંબંધ બંધાયો હતો. અકબરની બેગમ જોધાબાઈ કોઈ કારણસર દિલ્હીથી અમદાવાદ રિસાઈને આવેલી તે વખતે શાન્તિદાસે તેને પોતાના ઘેર ઉતારો આપીને બહેન તરીકે અપનાવી હતી. તેથી જહાંગીર તેમને 'ઝવેરીમામા ' કહેતો. આ સંબંધનો લાભ લઈ શાન્તિદાસે ત્રણે બાદશાહો પાસેથી જૈન ધર્મના, પાલીતાણા તીર્થના અને પોતાની અંગત મિલકતના રક્ષણ માટેનાં ફરમાનો મેળવ્યાં હતાં. તેમણે નવ લાખ રૂપિયા ખર્ચીને બીબીપુરા (હાલના સરસપુર)માં શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથનું ભવ્ય મંદિર બાંધ્યું હતું અને મોટી રકમ પ્રતિષ્ઠા-મહોત્સવ પાછળ ખર્ચી હતી. ઔરંગઝેબ સૂબો થયો તે વખતે (૧૬૪૫) તેણે આ મંદિરને મસ્જિદમાં ફેરવ્યું હતું. તેના વિરોધમાં અમદાવાદમાં અને ગૂજરાતમાં હિંદુ-મુસલમાન વચ્ચે બંડ થયું હતું. શાન્તિદાસે શાહજહાંને આ વાત પહોંચાડતાં શાહજહાંએ ઔરંગઝેબની બદલી કરીને મસ્જિદ ખાલી કરાવીને શેઠ શાન્તિદાસને મંદિર પાછું સોંપવા અને તેમને થયેલ નુકસાન ભરપાઈ કરવા નવા સૂબાને ફરમાન કર્યું હતું. જૈન સમાજની રૂઢિચુસ્તતાને કારણે, ગાયના વધથી અપવિત્ર મનાયેલ તે સ્થળે પછી મંદિર થઈ શકેલું નહીં, એટલે આજે તેના અવશેષો પણ જેવા મળતા નથી. તેમાંની પાંચ મૂર્તિએ ગુપ્ત રીતે ઝવેરીવાડમાં લઈ જવામાં આવેલી.

શાન્તિદાસ આ શાસકોને મોટી રકમો ધીરતા. શાહજહાંએ મયૂરાસન બનાવવા માટે ૭ કરોડ રૂપિયા ખર્ચેલા. તેમાંનું ઘણું ઝવેરાત શાન્તિદાસે આપ્યું હતું. તેમના પુત્ર લક્ષ્મીચંદે મુરાદને સાડા પાંચ લાખ રૂપિયા ધીરેલા તે મુરાદ ઔરંગઝેબની સામે હાર્યો તે પછી વૃદ્ધ શાન્તિદાસે દિલ્હી જઈને ઔરંગઝેબ પાસેથી તે રકમ કુનેહથી કઢાવી લીધેલી અને ધર્માંધ ઔરંગઝેબ પાસેથી જૈન તીર્થ અને તેની સંપત્તિના રક્ષણ માટે પણ ફરમાન મેળવ્યું હતું. આમ, ક્ષત્રિયનું તેજ અને વણિકની બુદ્ધિ શાન્તિદાસમાં હતાં. તે તેમની દસમી પેઢીએ શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ આવ્યા ત્યાં સુધી કોઈ ને કોઈ રીતે તેમની પરંપરામાં જળવાઈ રહ્યાં હતાં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ પુસ્તકનાં લેખિકા શ્રીમતી માલતીબહેને શેઠ શાન્તિદાસને લગતી ઉપર દર્શાવેલી હકીકતોની ચકાસણી તેને લગતાં ઐતિહાસિક સાધનો દ્વારા કરીને ચોખ્ખી હકીકત તારવવાનો સફળ પ્રયત્ન કર્યો છે. શાન્તિદાસના જીવનકાળનો અવધિ પણ આસપાસના સંદર્ભો પરથી અંદાજ્યો છે. શાન્તિદાસને મળેલાં ફરમાનોનો તેમણે આ કાર્યને અંગે અભ્યાસ કર્યો છે, એટલું જ નહીં, એ ફરમાનોના તરજૂમો કરીને પ્રત્યેકનું વિશ્લેષણ કરી બતાવ્યું છે. આને કારણે આ પુસ્તકની ઉપયોગિતા વધી છે.

નગરશેઠ શાન્તિદાસની કર્તવ્યભાવના અને ધર્મપરાયણતાને ઉઠાવ મળે તે રીતે આ સાધનોમાંની માહિતી લેખિકાએ રજૂ કરેલી છે. તેને અનુષંગે એ કાળની ગુજરાતની રાજકીય પરિસ્થિતિનો યથાર્થ ચિતાર પણ આપેલો છે.

પરિશિષ્ટમાં શાન્તિદાસથી કસ્તૂરભાઈ લાલભાઈ સુધીની દસ પેઢીમાં શાન્તિદાસે પાડેલી ઉજ્જ્વલ પરંપરા કેવી રીતે ઊતરીને શોભતી રહી તે બતાવ્યું છે.

કેવળ સાંપ્રદાયિક પરંપરા અને અનુશ્રુતિને આધારે આ પ્રકારનાં લખાણો ઘણુંખરું તૈયાર થાય છે. અહીં વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને ઇતિહાસ-નિરૂપણ થયું છે તે આ પ્રયત્નની વિશેષતા છે એ નોંધવું જોઈએ. કેટલેક સ્થળે પુનરુક્તિ થાય છે અને સૂબા માટે વાઈસરૉય શબ્દનો પ્રયોગ કર્યો છે તે જરા વિચિત્ર લાગે છે.

જૈન પરંપરાના અભ્યાસીઓને તેમ જ અમદાવાદપ્રેમી વાચકવર્ગને આ પુસ્તક અવશ્ય ગમશે.

શ્રીમતી માલતીબહેનના આ કૃતિ દ્વારા થતા સાહિત્યપ્રવેશને હું ઉષ્માપૂર્વક આવકારું છું.

૧૯, શારદા સોસાયટી,
અમદાવાદ-૩૮૦૦૦૭
ફેબ્રુઆરી ૯, ૧૯૮૭

**ધીરુભાઈ ઠાકર**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

॥ नमो नमः श्रीगुरुनेमिसूरये ॥

# આશાભર્યો પરિતોષ

'નગરશેઠ શાન્તિદાસ ઝવેરી' નામે પ્રસિદ્ધ થતા પ્રસ્તુત પુસ્તકથી, જૈન સાહિત્યના સંશોધનાત્મક ઇતિહાસ-વિભાગમાં એક મૂલ્યવાન ગ્રંથનો ઉમેરો થાય છે. જૈન સમાજ એ મુખ્યત્વે વ્યાપારી સમુદાયરૂપ હોવાથી, તેને ઇતિહાસને સાચવવાની ઝાઝી દરકાર નથી હોતી. અને આમ છતાં, જૈન વ્યાપારી અને તેના વંશજો દ્વારા જ રચાયેલા ઇતિહાસને તેના ભવ્ય અને યથાર્થ રૂપમાં આ ગ્રંથ રજૂ કરે છે, એ ઘણી મહત્ત્વની બાબત છે.

આ પુસ્તકમાં, અમદાવાદ-રાજનગરના નગરશેઠ તેમ જ મહાજન તરીકે સુખ્યાત જૈન આગેવાન શેઠ શ્રી શાન્તિદાસ ઝવેરીના જાજરમાન વ્યક્તિત્વ વિશે અને તેમની હેરત પમાડે તેવી મુત્સદ્દીવટભરી અથવા કુનેહભરી પણ યશસ્વી કારકિર્દી વિશે આપણે ત્યાં પ્રચલિત વાતોને અને અનુશ્રુતિઓને, તેના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં મૂલવી-ચકાસીને, પ્રમાણભૂત રૂપમાં રજૂ કરવામાં આવી છે. એ ઉપરાંત, આજથી ત્રણ-ચાર સૈકાઓ અગાઉની ભારતના તેમ જ ગુજરાતની રાજકીય, સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિઓ તેમ જ અવારનવાર થતા રહેલા ફેરફારો વગેરે અંગે પણ, આ પુસ્તક, પ્રમાણભૂત ઇતિહાસ રજૂ કરે છે.

સમગ્ર પુસ્તક વાંચ્યા પછી, ગમે તેવી વિષમ, વિકટ કે અંધાધૂંધ પરિસ્થિતિ પેદા થાય અને તેથી ભલભલાનું મગજ બહેર મારી જાય તેમ હોય ત્યારે પણ આપણા શાણા આગેવાન-મહાજનો કેટકેટલી અપાર ધીરજથી, સહિષ્ણુતાથી, કળથી, કુનેહયુક્ત દૂરંદેશીપણાથી અને અખૂટ શાણપણથી કામ લેતા હતા, અને તેમ કરીને તેઓ પોતાનું અને પોતાના સમાજનું, શહેરનું, ધર્મ કે ધર્મસ્થાનોનું અને સકળ પ્રજાજનોના જાનમાલનું રક્ષણ કરી શકતા હતા, તે બધી બાબતોથી માત્ર અભિભૂત જ નથી થવાતું, પણ આવાં તત્ત્વો જીવનમાં અપનાવવાની પ્રેરણા પણ લેવાનું મન થઈ આવે છે. અને આવું બને તેમાં જ ઇતિહાસ-લેખકના લેખનની સફળતા છે.

ઇતિહાસસંશોધન કરવું એ, અને ઇતિહાસને આલેખવો એ, સહેલું કામ તો નથી જ. ઘણીબધી મહેનતને અંતે ક્યારેક કાંઈ જ તથ્ય ન મળે અને મળે તે પણ 'ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર' એ કહેવતની યાદ આપે તેવું મળે, તેવે વખતે પણ અખૂટ ધીરજ અને અનંત સમભાવ દાખવી શકે તે જ ઇતિહાસ-લેખન કરી શકે.

'નગરશેઠ શાન્તિદાસ ઝવેરી'નાં લેખિકા બહેન શ્રી માલતીબહેને, પ્રસ્તુત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુસ્તક તૈયાર કરવામાં આ બન્ને વાનાં – ધીરજ અને સમભાવ – દાખવવા ઉપરાંત અપાર પરિશ્રમ પણ લીધો છે, અને એમના એ ધીરજભર્યા પરિશ્રમને એમના ઇતિહાસકાર પિતાજીની પૂરી હૂંફ મળી શકી છે, તેથી તેઓ ઇતિહાસનું આટલું સરસ પુસ્તક આલેખી શક્યાં છે.

ઇતિહાસકારની મોટી કઠણાઈ એ હોય છે કે તેમને શિરે જવાબદારી ઐતિહાસિક પાત્રોની જીવનઘટનાઓને ઐતિહાસિક દૃષ્ટિકોણથી મૂલવવાની અને તેની તથ્યાતથ્યતા નક્કી કરી આપવાની હોય છે; જ્યારે લોકો એ ઐતિહાસિક પાત્રોની ઐતિહાસિક વાર્તા તેમની પાસેથી મેળવવા ઇચ્છે છે. લોકો વાર્તા માગે છે, અને ઇતિહાસ–લેખક તો ઇતિહાસ આપવાના ધ્યેય સાથે બંધાયેલો છે. બેનો મેળ કેમ જામે ? ફલતઃ ઇતિહાસનું પુસ્તક ભાગ્યે જ લોકપ્રિય બનતું હોય છે.

પણ પ્રસ્તુત પુસ્તક એમાં અપવાદરૂપ બની રહે તેવું છે. અહીં લેખિકાએ ઇતિહાસને પણ વાર્તા જેવી જ સરળ, લોકભોગ્ય અને હૃદયંગમ શૈલીથી રજૂ કર્યો છે એ આ પુસ્તકની વિશેષતા છે.

આ પ્રકારના પુસ્તકમાં કાંઈ લખવું તે મારા માટે બરાબર ન ગણાય. આમ છતાં આ પુસ્તકના સર્જન-સમયથી માંડીને આજે એ પ્રગટ થાય છે ત્યાં સુધીનાં, આ પુસ્તક સાથે સંબંધ ધરાવતાં અનેકાનેક સંભારણાંઓનો હું સાક્ષી રહ્યો છું. શ્રી રતિલાલ દીપચંદ દેસાઈની મારા પ્રત્યેની પ્રીતિના કારણે જ; અને તેથી જ શ્રી માલતીબહેનનો બે શબ્દ લખી દેવા માટેનો આગ્રહ થવાથી, આ લખી રહ્યો છું.

દેખીતી રીતે જ, હું સાધુ છું એટલે, લેખિકાએ તો મને આશીર્વચન લખી આપવા કહ્યું છે. પરંતુ તેમ છતાં, હું સંશોધનવિદ્યાનો એક વિદ્યાર્થી પણ છું અને તેથી આશીર્વચન આપવાની હજી મારી હેસિયત નથી. આમ છતાં, હું આશાવાદ અવશ્ય વ્યક્ત કરીશ કે 'નગરશેઠ શાન્તિદાસ ઝવેરી'થી આરંભાયેલી આ અધ્યયન અને સંશોધનની સ્વાધ્યાયયાત્રા બહેન શ્રી માલતીબહેન હવે અંતરિયાળ છોડી ન દે, પરંતુ યથાસમય એનું સાતત્ય જાળવી જ રાખે અને ધીમે ધીમે આવા અથવા અન્ય પ્રકારના સંશોધનગ્રંથો કે ઇતિહાસ-ગ્રંથો આપણને આપે.

સ્વ. શ્રી રતિભાઈની અને મારી, આ પુસ્તક ઝટ પ્રગટ થાય તેવી તીવ્ર ઇચ્છા વર્ષોથી હતી. શ્રી રતિભાઈના મનમાં તો ચિંતાની હદે આ ઇચ્છા વર્તતી હતી. આ ઇચ્છા, ભલે થોડીક મોડી પણ, આજે સાકાર બને છે તેથી સંતોષની લાગણી થાય છે.

નૂતન ઉપાશ્રય,
ભાવનગર–૧
તા. ૮–૧૨–૧૯૮૬

**શીલચન્દ્રવિજય**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# આરંભિક

લેખનના આ મારા પહેલા અનુભવે વિચારું છું કે આ લખાણ તૈયાર કરવા માટે હું કઈ રીતે પ્રેરાઈ ? જવાબમાં અમુક વ્યક્તિઓને સ્મરણમાં લાવ્યા વગર રહી શકતી નથી.

શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ મારા પિતા સ્વ. શ્રી રતિલાલ દીપચંદ દેસાઈને કહ્યા કરતાં કે તેમના કુટુંબના પૂર્વજ નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીનું જીવનચરિત્ર કાં તો તમે લખી આપો અથવા તો બીજા કોઈ પાસે તૈયાર કરાવી આપો. અનેકવિધ સત્કાર્યો કરીને પ્રભાવશાળી જીવન જીવી ગયેલ અને જૈન શાસનમાં આંગળીને વેઢે ગણી શકાય તેવા પ્રભાવશાળી પુરુષોમાં જેની ગણના થાય તેવા પોતાના જ કુટુંબના એક પૂર્વજ શ્રી શાંતિદાસ ઝવેરીના જીવનની વિગતોથી સમાજ માહિતગાર થાય તેવા હેતુથી શેઠ શ્રી કસ્તૂરભાઈએ આવી માગણી કરી હશે.

મારા પૂ. પિતા શ્રી રતિભાઈ આ માગણીનો ઇન્કાર ન કરી શક્યા અને પોતે તેને ન્યાય આપી શકે એટલો સમય પણ ન કાઢી શક્યા. એટલે તેમણે મને કહ્યું : "તું જો પ્રયત્ન કરે તો આ એક જીવનચરિત્ર લખવા જેવું છે." તેમના અન્ય સાહિત્યિક કાર્યોમાં હું મદદરૂપ થતી તેથી તેમણે સૂચવેલ આ કાર્ય ઉપાડી લેવાની મને ઇચ્છા થઈ. આજથી આશરે દસ-બાર વર્ષ પહેલાં મોટે ભાગે તેમણે સૂચવેલ ગ્રંથો અને સાહિત્યકૃતિઓને આધારે મેં નોંધો કરીને તેમના થોડાક માર્ગદર્શન સાથે આ લખાણ સ્વતંત્ર રીતે તૈયાર કર્યું. તે પછી ગમે તે કારણસર તેનું પ્રકાશન બંધ રહ્યું. કેટલાંક વર્ષો પછી પ. પૂ. પંન્યાસ શ્રી શીલચંદ્રવિજયજી મહારાજ સાહેબના જોવામાં આ લખાણ આવતાં તેના પ્રકાશનનાં ચક્રો ગતિમાન થયાં અને તે આજે પુસ્તકાકારે પ્રગટ થાય છે.

ઇતિહાસ અને તેનું સંશોધન એ મારો વિષય નહીં, છતાં તેમાં ચંચૂપાત કરવાનો મારો આ પ્રયત્ન મને અનધિકાર ચેષ્ટા જેવો લાગે છે. નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના જીવનને લગતી પ્રાપ્ય હકીકતોને એકઠી કરીને કંઈક વ્યવસ્થિત સ્વરૂપમાં મૂકવાનો આ મારો નમ્ર પ્રયત્ન છે. આ પ્રયત્નમાં કેટલીક ત્રુટિઓ રહી જવા પામી હશે, વાચકો તે તરફ મારું ધ્યાન દોરશે તો મને જરૂર આનંદ થશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ જીવનચરિત્ર તૈયાર થઈ શક્યું તે અત્યાર સુધી જુદા જુદા ગ્રંથોમાં, હસ્તપ્રતોમાં, રાસસાહિત્યમાં અને પ્રશસ્તિઓમાં સચવાઈ રહેલી વિગતોને આધારે જ. આવી સર્વ સાહિત્યકૃતિઓના કર્તાઓનું ઋણ આપણા ઉપર, સવિશેષ મારા ઉપર છે.

આ પુસ્તક તૈયાર થઈને વાચકના હાથમાં આવે તે પ્રક્રિયા દરમ્યાન તેના જુદા જુદા તબક્કે જુદા જુદા સહૃદય સ્વજનોની સહાય મને મળી છે તેને સ્મર્યા વગર કેમ રહેવાય ? આવી સહાયના અભાવમાં આ પુસ્તક પ્રકાશિત થવું મુશ્કેલ હતું તેમ કહેવામાં અતિશયોક્તિ નથી.

આ પુસ્તકના લખાણને વાંચીને તે અંગે જરૂરી સૂચનો કરીને, અવારનવાર તેના છાપકામ અંગે માર્ગદર્શન આપીને તથા 'આશાભર્યો પરિતોષ' રૂપે આ પુસ્તકને આવકારીને પ. પૂ. પંન્યાસ શ્રી શીલચંદ્રવિજયજી મહારાજ સાહેબે જે જહેમત ઉઠાવી છે તે બદલ તેમની હું ઋણી છું. પં. શ્રી લક્ષ્મણભાઈ ભોજક (લા. દ. વિદ્યામંદિર, અમદાવાદ) દ્વારા આ પુસ્તકની હકીકતોને ઉપયોગી થાય તેવી માહિતી મળ્યા કરી છે તે બદલ તેમની હું આભારી છું. મોટી ઉંમરે પણ પોતાની અનેક સાહિત્યિક પ્રવૃત્તિઓમાં ખૂબ વ્યસ્ત હોવા છતાં આ પુસ્તક અંગે કંઈક લખી આપવાના આગ્રહથી 'આવકાર' રૂપે પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરવા બદલ ડૉ. શ્રી ધીરુભાઈ ઠાકરની પણ હું ખૂબ આભારી છું.

સંશોધનાત્મક સાહિત્યનો વાચકવર્ગ આજના જમાનામાં ઓછો થતો જાય છે ત્યારે તેને પ્રકાશિત કરવાનું કામ ખૂબ મુશ્કેલ બની જાય છે. આવી પરિસ્થિતિમાં આ પુસ્તકને પીઠબળ આપવા બદલ શેઠ શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ તથા શેઠ શ્રી ગૌરવભાઈ અનુભાઈનો આભાર માનવો કેમ ભુલાય ?

પુસ્તકના છાપકામના નાના-મોટા પ્રશ્નો અંગે જ્યારે જરૂર પડી ત્યારે શ્રી સુરેશભાઈ કાપડિયા (જૈન એડવોકેટ પ્રેસ, અમદાવાદ) તરફથી મને હરહંમેશ મદદ મળ્યા જ કરી છે. પોતાના ખૂબ વ્યસ્ત જીવનમાંથી ય સાહિત્ય પ્રત્યે અખૂટ પ્રીતિ હોવાથી જ આવાં કાર્યો માટે સમય કાઢતા શ્રી સુરેશભાઈ તરફથી મળેલ મદદનું હું આનંદપૂર્વક સ્મરણ કરું છું. તે જ રીતે શ્રી ઠાકોરભાઈ શાહ અને શ્રી મનુભાઈ શાહ (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ) આ બે ભાઈઓએ આ પુસ્તકના છાપકામની અને પ્રકાશનની જવાબદારી સ્વીકારીને તેને પ્રકાશિત કરવામાં જે પ્રયત્નો કર્યા છે તેનો આભાર માનવો કદાચ અનુચિત લાગે તોપણ તેમના પ્રયત્નોને કેમ ભુલાય ?

આ પુસ્તકના પ્રૂફવાચન માટે અનેકવિધ પ્રવૃત્તિઓમાંથી પણ મારા ભાઈ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org


શ્રી નીતીનભાઈએ જે સમય કાઢયો છે તેનું હું સાનંદ સ્મરણ કરું છું. તદુપરાંત આ પુસ્તકના મુખપૃષ્ઠને તૈયાર કરવા બદલ ચિત્રકાર શ્રી જય પંચોલીની પણ હું આભારી છું.

અંતમાં લેખનકાર્ય તરફ મને પ્રેરિત કરવાની મારા બાપુજીની ઇચ્છાના પરિપાકરૂપે આ પુસ્તક પ્રગટ થાય છે તે હકીકતને ફરી સ્મર્યા વગર હું રહી શકતી નથી.

૮, શ્રીપાલ એપાર્ટમેન્ટ્સ,
દેરીરોડ, કૃષ્ણનગર, ભાવનગર–૩૬૪૦૦૧
ફાગણ સુદ પાંચમ, સં. ૨૦૪૩
તા. ૪–૩–'૮૭

**માલતી શાહ**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી અને તેમના ગુરુ
શ્રી રાજસાગરસૂરિ
(જુઓ પૃ૦ ૬૦થી ૭૦, પૃ૦ ૨૧૩થી ૨૧૫)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી ચિંતામણિ-પાર્શ્વનાથના દેરાસર અંગે બાદશાહ શાહજહાં પાસેથી
નગરશેઠ શાંતિદાસ ઝવેરીને પ્રાપ્ત થયેલ ફરમાન : તા. ૩ જુલાઈ ૧૬૪૮ (જુઓ પૃ૦ ૯૪થી ૯૭)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

بسم الله الرحمن الرحیم

یا ایها الذین آمنوا اطیعوا الله و اطیعوا الرسول و اولی الامر منکم



درین وقت فرمان والاشان صادر شد که چونکه ساتیداس جواهری ولد سهسن سانی

قوم ساوک ملتمس و امیدوار عنایات خاص بوده و در وقت سواری افواج قبل

الونه بسیار امداد نموده است و امیدوار انکه بعنایات خاص سرافراز شود لهذا ده پالیتانه که تابع احمداباد است و کوه پالیتانه

مشهور ستیوره جا و دیوتستان آنجا کلمسم به ساتیداس جواهری موصوف قوم ساوک عنایت فرموده ایم که اینجا

کانس در آنجا بعمل آید بهایم وغیره تمام ساوک چه اینها نمایند و چون ... آنچه بعمل آید در کوه ستیوره جا قوم ساوک کمکان

بیاشند که بهر کاری صلاح دانند بعمل نمایند و هر کس محافظت کوه ستیوره جا و دیوتستان نماید مداخل پالیتانه ...

شود و دعای بقای دولت ابد طراز مواظبت نماید و باید که حکام و عمال و جاگیرداران و کروریان حال و استقبال

اصلا و مطلقا تغییر و تبدیل ننموده باشند و دیگر انکه یک کوه دیگر مشهور بگرنال بیباشد و کوه دیگر مشهور تابع ...

این دو کوه را نیز محض مرحمت خاص ساتیداس جواهری قوم ساوک عنایت فرموده ایم بهر قسم که خاطرخواه او باشد

حکام باید که بهیچ وجه کسی را دراو مداخلت ننمایند و هیچ راجعی از راجعان مزاحم او نشوند و همیشه براو مددکار باشند که بوده


خوشنودی سلطانی خواهد بود و هر سال سند مکرر از او نطلبند و اگر ... بابت ... دانسته گو که عنایت فرموده ایم ...

وطعن ... باشند ... تحریراً فی ۲۴ شهر رجب المرجب سنه ۱۰۷۰ هجری ...


પાલીતાણા, ગિરનાર અને આબુ અંગે બાદશાહ ઔરંગઝેબ પાસેથી નગરશેઠ શાંતિદાસ ઝવેરીને પ્રાપ્ત થયેલ ફરમાન: તા. ૧૨ માર્ચ ૧૬૬૦ (જુઓ પૃ. ૧૩૩-૧૩૪ અને પૃ. ૧૬૮-૧૭૦)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'શ્રી ચિંતામણિ–પ્રશસ્તિ'ની હસ્તપ્રતનું પહેલું પાનું (શ્લોક ૧થી ૧૨)
(જુઓ પૃ૦ ૮૪થી ૮૭, પૃ૦ ૧૦૨ અને પૃ૦ ૨૧૧થી ૨૧૩)




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




'શ્રી ચિંતામણિ પ્રશસ્તિ'ની હસ્તપ્રતનું બીજું પાનું (શ્લોક ૧૨થી ૩૧)
(જુઓ પૃ૦ ૮૪થી ૮૭, પૃ૦ ૧૦૨ અને પૃ૦ ૨૧૧થી ૨૧૩)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'શ્રી ચિંતામણિ–પ્રશસ્તિ'ની હસ્તપ્રતનું ત્રીજું પાનું (શ્લોક ૩૧થી ૫૫)
(જુઓ પૃ૦ ૮૪થી ૮૭, પૃ૦ ૧૦૨ અને પૃ૦ ૨૧૧થી ૨૧૩)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



'શ્રી ચિંતામણિ-પ્રશસ્તિ'ની હસ્તપ્રતનું ચોથું પાનું (શ્લોક ૫૫થી ૮૬)
(જુઓ પૃ૦ ૮૪થી ૮૭, પૃ૦ ૧૦૨ અને પૃ૦ ૨૧૧થી ૨૧૩)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



નગરશેઠ શ્રી વખતચંદ (જુઓ પૃ૦ ૧૯૦થી ૧૯૬)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સંક્ષેપો અને સંદર્ભગ્રંથસૂચિ

આ પુસ્તક માટે ઉપયોગમાં લેવાયેલ ગ્રંથો અને સામયિકોની યાદી તથા તેના માટે આ પુસ્તકમાં વપરાયેલ સંક્ષેપો નીચે પ્રમાણે છે :

## ગુજરાતી

'અન્વેષણા' : લે૦ શ્રી ભોગીલાલ સાંડેસરા; પ્રકા૦ આર. આર. શેઠની કંપની; પ્રથમ આવૃત્તિ; સપ્ટે. ૧૯૬૭ (તેમાંનો 'ચિરસ્મરણીય વેપારીઓ : જગડૂશાહ અને શાંતિદાસ ઝવેરી' નામે લેખ)

'અઈ' — 'અમદાવાદનો ઇતિહાસ' : લે૦ મગનલાલ વખતચંદ; પ્રકા૦ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી; આવૃત્તિ પહેલી; ઈ. સ. ૧૮૫૧

'આકપેઈ'— 'શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ઇતિહાસ' ભાગ–૧ : લે૦ રતિલાલ દીપચંદ દેસાઈ; પ્રકા૦ શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ; આવૃત્તિ પ્રથમ; ઈ. સ. ૧૯૮૩

'ઐગૂકાસં' — 'જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય–સંચય' : સંગ્રા૦ અને સંપા૦ શ્રીમાન્ જિનવિજયજી; પ્રકા૦ શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર; આવૃત્તિ પહેલી; ઈ. સ. ૧૯૨૬

'ઐરાસં' — 'ઐતિહાસિક રાસસંગ્રહ' ભાગ–૩ : સંશો૦ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિ; પ્રકા૦ શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા; આવૃત્તિ સં. ૧૯૭૮

કલાઅ' — 'જૈન સંઘના ધર્મશીલ અગ્રણી શ્રેષ્ઠિવર્ય શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ' : લે૦ શ્રી રતિલાલ દી. દેસાઈ; પ્રકા૦ કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી; આવૃત્તિ મે ૧૯૭૦

ગૂપાઅ' — 'ગૂજરાતનું પાટનગર અમદાવાદ' : લે૦ શ્રી રત્નમણિરાવ ભીમરાવ; પ્રકા૦ કેશવલાલ હર્ષદરાય ધ્રુવ, પ્રમુખ, ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ; આવૃત્તિ પહેલી; ઈ. સ. ૧૯૨૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'જૈપઈ' — 'જૈન પરંપરાનો ઈતિહાસ' ભાગ-૪ : લે૦ ત્રિપુટી મહારાજ; પ્રકા૦ શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા; આવૃત્તિ પ્રથમ; ઈ. સ. ૧૯૮૩

'જૈરામા' — 'જૈન ઐતિહાસિક રાસમાળા' ભાગ-૧ (શેઠ શ્રી શાંતિદાસ તથા મહામુનિઓના રાસ) : સંશો૦ શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ; પ્રયો૦ શ્રીમદ્ બુદ્ધિસાગરજી; પ્રકા૦ 'શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ; આવૃત્તિ પહેલી; વિ. સં. ૧૯૬૯

'જૈસાસંઈ' — 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' : લે૦ મોહનલાલ દલીચંદ દેસાઈ; પ્રકા૦ શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, મુંબઈ; આવૃત્તિ પહેલી; ઈ. સ. ૧૯૩૩

'દીબાઝલે' — 'દીવાન બહાદુર ઝવેરી લેખસંગ્રહ' : લે૦ શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

'પ્રપૂ' — 'પ્રતાપી પૂર્વજો' પુષ્પ બીજું : લે૦ શ્રીયુત ડુંગરશી ધરમશી સંપટ; પ્રકા૦ 'જૈન' ઑફિસ, ભાવનગર; આવૃત્તિ પ્રથમ; ઈ. સ. ૧૯૪૧

'પ્રાતીસં' — 'પ્રાચીન તીર્થમાળા સંગ્રહ' ભાગ-૧ : સં૦ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિ; પ્રકા૦ અમૃતલાલ છગનલાલ, અનોપચંદ નરસિંહદાસ; સં૦ ૧૯૭૮ (તેમાંથી શીલવિજયજી કૃત 'તીર્થમાળા')

'ભવમ' — 'શ્રી ભદ્રેશ્વર-વસઈ મહાતીર્થ' : લે૦ રતિલાલ દીપચંદ દેસાઈ; પ્રકા૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; આવૃત્તિ પહેલી; ઈ. સ. ૧૯૭૭

'મિઅ' — 'મિરાતે અહમદી' મૂળ ફારસી ઉપરથી અનુવાદકર્તા શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, મુંબઈ; ત્રણ ખંડમાં; પ્રથમ આવૃત્તિ ૧૯૩૩-૩૫; પ્રકા૦ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ

'રાર' — 'રાજનગરનાં રત્નો' : પ્રયોજક અને પ્રકા૦ વલ્લભજી સુંદરજી પુંજાભાઈ; આવૃત્તિ પહેલી; ઈ. સ. ૧૯૧૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'સ્મરણિકા' — શ્રી જૈન વીસા ઓસવાલ ક્લબ, અમદાવાદના વિ. સં. ૨૦૨૩ના સુવર્ણજયંતી મહોત્સવ પ્રસંગે બહાર પાડવામાં આવેલ 'સ્મરણિકા'માંથી 'ઓસવાલની ઉત્પત્તિ' નામે લેખ (તેમાં લેખકનું નામ નથી.)

## हिन्दी

'तीसेशा'—'तीर्थरक्षक सेठ शांतिदास' : ले० रिषभदास रांका; प्रका० शंका चेरिटेबल ट्रस्ट, बम्बई–१; आवृत्ति प्रथम; ई. स. १९७८

## English

'HOG'—'A History of Gujarat' Vol. II : By M. S. Commissariat; Pub. Orient Longmans; First published 1957

'IMFG'—'Imperial Mughal Farmans in Gujarat' : By M. S. Commissariat; Reprinted from 'The Journal of the University of Bombay'; Vol. IX, Part–I; July 1940)

'JMTI'—'J. Albert de Mandelslo's Travels into the Indies' : Tran. by J. Devies; London; 1662

'MTWI—'Mandelslo's Travels in Western India' (A. D. 1638–9) : By M. S. Commissariat; Pub. by Humphrey Milford Oxford Uni. Press; 1931

'SHG'—'Studies in the History of Gujarat' : By M. S. Commissariat; Ed. 1935

'TMT'—'Travels of M de Thevenot', Part III : Tran. by Lovell, London; 1687

'GOBP'—'Gazetteer of the Bombay Presidency'ના Vol. IV (A. D. 1879)માંથી P. 285 ઉપરનો James M. Campbell નો લેખ અને Vol. I, Part I (A. D. 1896)માંથી P. 280 ઉપરનો James M. Campbellનો લેખ

'SFSJ'—'The Modern Review' (માસિક) ના July 1930 ના અંકમાંથી 'Some Farmans of Shah Jahan' નામે શ્રી કૃષ્ણલાલ મો. ઝવેરીનો લેખ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અનુક્રમ


| | |
|---|---|
| આવકાર .... .... .... .... .... | ૩ |
| આશાભર્યો પરિતોષ .... .... .... .... | ૬ |
| પ્રારંભિક .... .... .... .... .... | ૮ |
| સંક્ષેપો અને સંદર્ભગ્રંથસૂચિ .... .... .... | ૧૧ |
| અનુક્રમ .... .... .... .... .... | ૧૪ |

**૧. ભૂમિકા** ૩–૬

જૈનધર્મમાં આત્મશુદ્ધિના માર્ગો ( ૩ ); સ્થાવર તીર્થોનું મહત્ત્વ ( ૩ ); પ્રતાપી પુરુષોની અગત્ય ( ૪ ); જૈન મહાજનોની ઉજ્જવળ પરંપરા ( ૫ ).

**૨. કુટુંબ, વંશ અને પૂર્વજો** ૭–૧૮

ક્ષત્રિય રાજવંશ અને જૈનો ( ૭ ); શેઠ શ્રી શાંતિદાસનો વંશ ( ૮ ); 'ઓસવાળ' જ્ઞાતિનો ઇતિહાસ ( ૮ ); 'ઓસવાલ ભૂપાલ' ( ૯ ); શેઠ શ્રી શાંતિદાસના પૂર્વજો (૧૦); પદ્મે જૈન ધર્મ અંગીકાર કર્યાનો પ્રસંગ (૧૦); પદ્મના વંશજો (૧૨); સહસ્રકિરણ અમદાવાદમાં ( ૧૨ ); શ્રી શાંતિદાસનો જન્મ ક્યારે ? ( ૧૩ ).

**પાદનોંધો**—[૧] શ્રી શાંતિદાસ સીસોદીઆ રજપૂત વંશના હોવાના ઉલ્લેખો (૧૪); [૩] બે શાંતિદાસના ઉલ્લેખો (૧૫); [૯] શિલાલેખ (૧૭); [૧૨] શ્રી શાંતિદાસ ક્યાંના વતની ? (૧૭).

**૩. મોગલ રાજ્યકાળ અને જૈનધર્મ** ૧૯–૨૪

મોગલ બાદશાહ બાબર અને હુમાયુ (૧૯); સુલતાનોનો રાજ્યકાળ (૧૯ ); હુમાયુનો પુનઃપ્રવેશ ( ૨૦ ); અકબરનો સમય ( ૨૦ ); જહાંગીર અને શાહજહાં ( ૨૧ ); ઔરંગઝેબ ( ૨૨ ); જૈનધર્મનો પ્રભાવ વધારનાર વ્યક્તિઓ અને ઘટનાઓ ( ૨૩ ); નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી ( ૨૪ ).

**૪. શાહી ઝવેરી અને નગરશેઠ** ૨૫–૪૮

શાહી ઝવેરી ( ૨૫ ); (અ) હીરાનું મૂલ્ય કેટલું ? ( ૨૬ ); (બ) ઝવેરમાં


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફીડાનો પ્રસંગ (૨૭); (ક) "મારી કિંમત કરો" (૨૮); (ડ) ચાર ગોળાનો પ્રસંગ (૩૦); શાહી ઝવેરી શ્રી શાંતિદાસ શેઠ (૩૦).

નગરશેઠપદ (૩૧); (અ) બેગમ રિસાયા-ઝવેરી મમ્મા-અકબર બાદશાહે નગરશેઠપદ આપ્યું (૩૨); (બ) બેગમોના માનીતા ભાઈ-વિદાય-વેળાએ નગરશેઠાઈ માગે છે (૩૩); (ક) દીકરીનો સાસરવાસો પૂર્યો – બેગમની આગતાસ્વાગતા કરી-જહાંગીરે નગરશેઠપદ આપ્યું (૩૪); (ડ) ઔરંગઝેબે નગરશેઠાઈ આપ્યાનો મત (૩૪); નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી (૩૫); કયા બાદશાહે નગરશેઠપદ આપ્યું? (૩૫); બાદશાહ નગરશેઠપદ આપે છે કે શ્રી શાંતિદાસ શેઠ આ પદ માગે છે? (૩૭); કયા પ્રસંગથી નગરશેઠપદ મળ્યું? (૩૭); તારણ (૩૮).

**વિદ્વાનોનાં મંતવ્યો**—[૧] પૂ. તિલકસાગરજી કૃત 'શ્રી રાજસાગરસૂરિ-નિર્વાણ-રાસ' (૩૯); [૨] શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી (૩૯); [૩] શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ (૩૯); [૪] શ્રી ડુંગરશીભાઈ સંપટ (૪૦); [૫] શ્રી રત્નમણિરાવ ભીમરાવ (૪૦); [૬] શ્રી એમ. એસ. કોમિસેરિયેટ, (૪૧).

**પાદનોંધો**—[૭] શાહી ઝવેરીને લગતાં પ્રસંગોના વિગતભેદો (૪૩); [૧૫] અમદાવાદના નગરશેઠોની યાદી (૪૬).

## ૫. સંઘપતિ શ્રી શાંતિદાસ ૪૯-૫૯

શેઠ શ્રી શાંતિદાસની ધંધાકીય કારકિર્દી (૪૯); વેપારી તરીકે ઉચ્ચ સ્થાન (૫૦); ધર્મપરાયણ વેપારી (૫૧); રાજા અને પ્રજા સાથેના તેમના સંબંધો (૫૧); ભાવિક શ્રાવક શ્રી શાંતિદાસ ઝવેરી (૫૨); પ્રથમ ધાર્મિક પ્રસંગ (૫૨); શ્રી સિદ્ધાચલજીનો સંઘ (૫૩); આ પ્રસંગને શ્રી કોમિસેરિયેટનું સમર્થન (૫૪); અન્ય સત્કાર્યો (૫૫).

**પાદનોંધો**—[૧૩] પાલીતાણામાં શ્રી આદીશ્વરજી ભગવાનની મૂર્તિના પરિકરમાંના શિલાલેખો (૫૮).

## ગુરુને આચાર્યપદવી ૬૦-૭૦

શ્રી મુક્તિસાગરસૂરિ પ્રત્યેનો આદરભાવ (૬૦); મોગલ સમયમાં જૈનધર્મના ઉદ્યોતને લગતો પ્રસંગ (૬૦); 'શ્રી રાજસાગરસૂરિ-નિર્વાણ-રાસ' (૬૧); શ્રી રાજસાગરસૂરિના જીવનની અગત્યની ઘટનાઓ (૬૧); અમદાવાદમાં પ્રવેશ (૬૧); આચાર્યપદવી આપવાની ઇચ્છા અને તેમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવેલ વિઘ્નો (૬૧); આચાર્યપદ (૬૨); બંને વચ્ચેનો ઘનિષ્ઠ સંબંધ (૬૩); સાગરગચ્છની સ્થાપના (૬૪); શ્રી કૉમિસેરિયેટનું મંતવ્ય (૬૫); પૂ. આચાર્ય શ્રી રાજસાગરસૂરિના છેલ્લા ધર્મલાભ (૬૫); તેમના પુત્રોની કામગીરી (૬૬); અમદાવાદમાં જૈનોનું જોર (૬૭); શ્રાવક અને આચાર્યની યાદગાર બેલડી (૬૭).

**પાદનોંધો**—[૨] 'શ્રી રાજસાગરસૂરિ-નિર્વાણ-રાસ' (૬૭); [૪] આચાર્ય-પદવી આપવામાં આવેલ એક વિઘ્ન (૬૮).

## ૭. આદર્શ મહાજન ૭૧-૭૮

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના વ્યક્તિત્વનું અનોખું પાસું–મહાજનપદ (૭૧); મહાજન કોણ? (૭૨); તેમનાં વ્યક્તિત્વનાં વિવિધ પાસાં (૭૨); મહાજનના અગ્રેસર (૭૩); કુનેહબાજ અને દાનવીર શ્રેષ્ઠી શ્રી શાંતિદાસ ઝવેરી (૭૩); રાજ-દરબારમાં મહાજન તરીકે અગ્રિમ સ્થાનને લગતો એક પ્રસંગ (૭૪); રાજદરબારમાં આદરભર્યું સ્થાન (૭૪); મહાજન અને નગરશેઠ (૭૫); સંદેશવાહક દૂત (૭૫); પ્રજાને સંદેશો પહોંચાડવા અંગેનું ફરમાન (૭૬); રાજા અને પ્રજા – બંનેના હિતેચ્છુ (૭૭).

## ૮. શ્રી ચિંતામણિ-પાર્શ્વનાથનું દેરાસર ૭૯-૧૧૬

શ્રી ચિંતામણિ-મંત્રની કથા (૭૯); (अ) એક શાંતિદાસના બદલે બીજા શાંતિદાસની મંત્રસાધના (૭૯); (ब) ગૃહસ્થ શાંતિદાસના બદલે ચાકર શાંતિ-દાસને ફળપ્રાપ્તિ (૮૦); (क) કોઈ મુનિએ ચિંતામણિમંત્ર આપ્યાનો મત (૮૧); આ કથાઓના વિગતભેદો અને સામ્ય (૮૨); શ્રી ચિંતામણિનું દેરાસર (૮૨); પોતાની સંપત્તિનો ધાર્મિક ઉપયોગ (૮૨); દેરાસર બાંધવાની ઇચ્છા (૮૩); દેરાસરનું નિર્માણ (૮૩); 'શ્રી ચિંતામણિપ્રશસ્તિ' (૮૪); દેરાસરની પ્રતિષ્ઠા (૮૫); દેરાસરનું વર્ણન (૮૫); 'શ્રી ચિંતામણિપ્રશસ્તિ'નો એક શ્લોક (૮૬); 'શ્રી ચિંતામણિપ્રશસ્તિ'ની ઐતિહાસિકતાનો પુરાવો (૮૬); જર્મન પ્રવાસી મેન્ડેલસ્લો દેરાસરની મુલાકાતે (૮૭); હઠીસિંહના દેરાસર જેવી ભવ્યતા (૮૯); આ દેરાસરનું એક તીર્થ તરીકે વર્ણન (૮૯); દેરાસર અંગેની દુઃખદાયક હકીકત (૯૦); બાદ-શાહ ઔરંગઝેબે દેરાસરમાં કરાવેલ ગાયનો વધ (૯૦); દેરાસરને મસ્જિદમાં ફેરવવાનો પ્રયત્ન (૯૧); દેરાસરમાં ભોંયરું અને મૂર્તિઓની રક્ષા (૯૨); શ્રી શાંતિદાસ શેઠની ધીરજ અને દીર્ઘદૃષ્ટિ (૯૩); દેરાસરને થયેલું નુકસાન અને તે અંગે પ્રાપ્ત થયેલ શાહી ફરમાન (૯૪); આ ફરમાનનું મહત્ત્વ અને ઇમારતનાં દુર્ભાગ્ય (૯૬); આ ઇમારત સદાને માટે નામશેષ થઈ ગઈ (૯૭); ફ્રેંચ મુસાફર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થેવેનો આ ઇમારતની મુલાકાતે (૯૮); થેવેનોના વર્ણનની શ્રી કેમ્પબેલે કરેલ ટીકા (૯૯); ફ્રેંચ પ્રવાસી ટેવરનીયરની મુલાકાત (૧૦૦); લુપ્ત થયેલ બેનમૂન ઇમારત (૧૦૦); દેરાસરના બનાવોની તવારીખ (૧૦૧).

**પાદનોંધો**—[૭] 'શ્રી ચિંતામણિપ્રશસ્તિ'ની હસ્તપ્રતની માહિતી (૧૦૨); [૧૩] જર્મન પ્રવાસી મેન્ડેલસ્લો અંગે માહિતી (૧૦૪); [૨૧] ઔરંગઝેબે દેરાસરમાં ગાયની કતલ કરાવી તેના આધારો (૧૦૭); [૨૨] ઔરંગઝેબના કાર્યની ટીકા (૧૦૮); [૨૩] દેરાસરને મસ્જિદમાં ફેરવવાનો પ્રયત્ન (૧૦૯); [૨૪] દેરાસરમાં ભોંયરા હોવાનો ઉલ્લેખ (૧૧૦); [૨૫] ગૂજરાતમાં થયેલ તોફાનો (૧૧૧); [૩૧] ફ્રેંચ પ્રવાસી થેવેનો (૧૧૪).

## ૯. નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને પ્રાપ્ત થયેલ ફરમાનો ૧૧૭–૧૬૩

મોગલ બાદશાહો સાથેનો નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીનો ઘનિષ્ઠ સંબંધ (૧૧૭); ફરમાન એટલે શું ? (૧૧૭); શ્રી કોમિસેરિયેટનો સ્તુત્ય પ્રયત્ન (૧૧૮); ફરમાનોની ચર્ચા બે વિભાગમાં (૧૧૮).

**વિભાગ-અ : તીર્થરક્ષાને લગતાં ફરમાનો**—તીર્થરક્ષા અને તેને લગતાં ફરમાનોનું મહત્ત્વ (૧૧૯); ફરમાન નં. ૧ : જૈન તીર્થો અને સંસ્થાઓની રક્ષાને લગતું (૧૨૧); ફરમાન નં. ૨ અને ૩ : શંખેશ્વર તીર્થના ઇજારાને લગતાં (૧૨૧); ઇ. સ. ૧૬૫૬–૫૮ના પલટાતા જતા રાજકીય તખ્તાનો પરિચય (૧૨૩); પાલીતાણા અંગેના ચાર ફરમાનો (૧૨૭); ફરમાન નં. ૪ : પાલીતાણા ગામ ઇનામ આપવા અંગે (૧૨૭); આ ફરમાનની જરૂરિયાત (૧૨૮); ફરમાન નં. ૫ : પાલીતાણા અંગે બીજું ફરમાન (૧૨૯); તીર્થરક્ષા માટે પોતાના ધનનો ઉપયોગ (૧૩૦); ફરમાન નં. ૬ : પાલીતાણા અંગે ત્રીજું ફરમાન (૧૩૦); ફરમાન નં. ૭ : પાલીતાણા અંગે ચોથું ફરમાન (૧૩૧); શેઠ શ્રી શાંતિદાસ મોગલ બાદશાહોના સતત સંપર્કમાં (૧૩૨); ફરમાન નં. ૮ : પાલીતાણા, ગિરનાર અને આબુ અંગે (૧૩૩); આ ફરમાનનું મહત્ત્વ (૧૩૪).

**વિભાગ-બ : અન્ય ફરમાનો**—ફરમાન નં. ૯ : મિલકત અંગે (૧૩૫); ફરમાન નં. ૧૦ અને ૧૧ : ઝવેરાતના ધંધા અને મિલકત અંગે (૧૩૫); ગુજરાતનાં બંદરોનો વેપાર અને ઝવેરી શાંતિદાસનો મોભો (૧૩૬); ફરમાન નં. ૧૨ : ઝવેરી તરીકેના ઉન્નત વ્યક્તિત્વ અંગે (૧૩૬); આ ફરમાનનું મહત્ત્વ (૧૩૭); ફરમાન નં. ૧૩ : મિલકત અંગે (૧૩૮); ફરમાન નં. ૧૪ : ઝવેરી તરીકે મળેલ ફરમાન (૧૩૮); ઝવેરી તરીકે મોગલ બાદશાહ સાથેના શેઠ શ્રી શાંતિદાસના સંબંધો (૧૩૯); ફરમાન નં. ૧૫ : ઝવેરી તરીકે મળેલ ફરમાન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૪૦); ફરમાન નં. ૧૬ : ઝવેરી તરીકે રાજદરબારમાં હાજર થવા અંગે (૧૪૦); આ ફરમાનોનું મહત્ત્વ (૧૪૦); ફરમાન નં. ૧૭ : ઝવેરી શાંતિદાસને અસફખાનના રક્ષણ નીચે મૂકવા અંગે (૧૪૧); ફરમાન નં. ૧૮ : લોંકા જાતિ અંગે (૧૪૧); સમાજના પ્રશ્નો અંગે શાહી નીતિ (૧૪૨); રૂપિયા પચાસ લાખ અંગેના છેલ્લાં ચાર ફરમાનો (૧૪૨); ફરમાન નં. ૧૯ અને ૨૦ : રૂપિયા સાડા પાંચ લાખ અંગે (૧૪૪); શ્રી શાંતિદાસ શેઠની અગમચેતી (૧૪૬); ફરમાન નં. ૨૧ : રૂપિયા સાડા પાંચ લાખ અંગે (૧૪૬); ફરમાન નં. ૨૨ : અમદાવાદ પાછા જઈને પ્રજાને સંદેશો આપવા અંગે (૧૪૭); ઔરંગઝેબની ઈશ્વરપરાયણતા (૧૪૯); વિચક્ષણ ધર્મનિષ્ઠ શ્રાવક શ્રી શાંતિદાસ શેઠ (૧૫૦); પાલીતાણા રાજ્ય સાથે થયેલ રખોપાનો પહેલો કરાર (૧૫૧); નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીએ બનાવરાવેલ પટ (૧૫૩).

**પાદનોંધો**—[૧૦] ફરમાન નં. ૪ના સમય અંગે (૧૫૬); [૨૨] ઝવેરી શ્રી શાંતિદાસે શાહજહાં બાદશાહને અલભ્ય રત્નો મેળવી આપ્યા અંગે (૧૬૦); [૨૩] ફરમાન નં. ૧૭ના સમય અંગે (૧૬૦).

## ૧૦. શ્રી શાંતિદાસનો પરિવાર અને સ્વર્ગવાસ ૧૬૪–૧૭૪

નગરશેઠ શ્રી શાંતિદાસના કુટુંબની માહિતીનો અભાવ (૧૬૪); તેમના રહેઠાણનું વર્ણન (૧૬૪); અંગત જીવન (૧૬૫); ચાર પત્નીઓ અને પાંચ પુત્રો (૧૬૬); તેમના સ્વર્ગવાસનો સમય (૧૬૭); આ સંવત સ્વીકારવામાં આવતી મુશ્કેલી (૧૬૮); તેમનું આયુષ્ય કેટલા વર્ષનું ? (૧૭૦).

## ૧૧. ઉપસંહાર ૧૭૫–૧૮૨

ત્રિવિધ વ્યક્તિત્વ (૧૭૫); ત્રણ ગુણોનો ત્રિવેણીસંગમ (૧૭૫); તેમના વ્યક્તિત્વનું રાજકીય પાસુ (૧૭૬); તેમના વ્યક્તિત્વમાં જોવા મળતું સામાજિક પાસુ (૧૭૮); તેમના વ્યક્તિત્વમાં થયેલો ધાર્મિક પાસાનો વિકાસ (૧૭૯); તેમના જીવનની એક નોંધપાત્ર ઘટના (૧૭૯); સુવિકસિત વ્યક્તિત્વ (૧૮૧); નોંધપાત્ર વારસદારો (૧૮૧).

## પરિશિષ્ટ ૧૮૩–૨૧૦

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના ઉજ્જ્વલ વારસદારો (૧૮૩); નગરશેઠ શ્રી લક્ષ્મીચંદ (૧૮૪); ખમીરવંત નગરશેઠ શ્રી ખુશાલચંદ (૧૮૫); બંધુબેલડી : નગરશેઠ શ્રી નથુશા અને નગરશેઠ શ્રી વખતચંદ (૧૯૦); નગરશેઠ શ્રી વખત-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચંદના વંશજો (૧૯૫); બાહોશ નગરશેઠ શ્રી હેમાભાઈ (૧૯૬); દાનવીર નગર-શેઠ શ્રી પ્રેમાભાઈ (૨૦૦); સેવાભાવી નગરશેઠ શ્રી મણિભાઈ (૨૦૩); નગરશેઠ શ્રી ચીમનભાઈ લાલભાઈ અને નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈ (૨૦૪); ઉપસંહાર (૨૦૫)

**પૂરવણી** … પૃ. ૨૧૧–૨૧૫

'શ્રી ચિંતામણિ–પ્રશસ્તિ'ની હસ્તપ્રત અંગે (૨૧૧); 'શ્રી ચિંતામણિ–પ્રશસ્તિ'ની હસ્તપ્રતનાં ઉકેલી શકાયેલા પાઠાંશો : (૨૧૧); હસ્તલિખિત પ્રતો અને જૈન જ્ઞાનભંડારો વગેરેની સાચવણી અંગે નગરશેઠ શાંતિદાસ ઝવેરીનું પ્રદાન (૨૧૨); શ્રી શાંતિદાસ શેઠે બનાવરાવેલ પટ સંબંધી વિશેષ માહિતી (૨૧૩); નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના ફોટાઓ અંગે (૨૧૩); ફરમાનોના ફોટાઓ અંગે (૨૧૫).

**શુદ્ધિપત્રક** … … … … ૨૧૬–૨૧૯

પુસ્તકના પાછળના ભાગમાં આપવામાં આવેલ શુદ્ધિપત્રક પ્રમાણે ભૂલો સુધારીને આ પુસ્તકનો ઉપયોગ કરવા વાચકોને ખાસ વિનંતિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# નગરશેઠ શાંતિદાસ ઝવેરી

□

માલતી શાહ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૧
# ભૂમિકા

## જૈનધર્મમાં આત્મશુદ્ધિના માર્ગો

જૈનધર્મ એ આત્મશુદ્ધિનો ધર્મ છે તે સુવિદિત છે. આ આત્મશુદ્ધિ હાસલ કરવા માટે આત્મસાધક મહાપુરુષોએ તેમ જ ધર્મશાસ્ત્રોએ આંતરિક અને બાહ્ય એવા અનેક માર્ગો કે ઉપાયો બતાવ્યા છે. આત્મશુદ્ધિના આંતરિક માર્ગમાં સમતા, અહિંસા જેવાં વ્રતો, સંયમ, તપ, ત્યાગ, વૈરાગ્ય વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે આત્મશુદ્ધિનાં બાહ્ય સાધનોમાં જિનપ્રતિમા, જિનમંદિર, તીર્થસ્થાનો, જ્ઞાનભંડારો, પૌષધશાળાઓ, ઉપાશ્રયો વગેરે ધર્મનું પ્રવર્તન કરવા માટેનાં સ્થાનોની ગણના કરવામાં આવે છે.

આત્મશુદ્ધિના આ આંતરિક સાધનોનો ઉપયોગ કરવાની અને બાહ્ય સાધનોની સાચવણી અને વૃદ્ધિ કરવાની ધર્માભિમુખી જવાબદારી જંગમ તીર્થરૂપ ગણાતા ચતુર્વિધ શ્રીસંઘને સોંપવામાં આવેલી છે. આ વ્યવસ્થાને આધારે જૈન શાસનની પ્રભાવના અને વૃદ્ધિ છેક પ્રાચીન કાળથી થતી રહી છે અને ભવિષ્યમાં પણ થતી રહેવાની છે.

## સ્થાવર તીર્થોનું મહત્ત્વ

જિનમંદિરો, તીર્થસ્થાનો, ધર્મકાર્યોનાં આશ્રયસ્થાનો અને જ્ઞાનભંડારો — આ બધાં સ્થાવર તીર્થ ગણાય છે. તીર્થંકર ભગવાનના અભાવ અને ગેરહાજરીમાં જંગમ તીર્થરૂપ ચતુર્વિધ શ્રીસંઘની ધર્મશ્રદ્ધાને ટકાવી રાખવાનું અને તેમને ધર્માભિમુખ કરવાનું પાયાનું કામ આ સ્થાવર તીર્થો કરે છે. બીજી બાજુ જંગમ તીર્થરૂપ ચતુર્વિધ સંઘમાંથી શ્રમણસંઘ અને શ્રમણીસંઘરૂપ ત્યાગી વર્ગ નાનાં-મોટાં સ્થાવર તીર્થોની સ્થાપના કરવાની શ્રાવકસંઘ તથા શ્રાવિકાસંઘ રૂપ ગૃહસ્થવર્ગને પ્રેરણા આપતાં રહે છે. આ પ્રેરણાને ઝીલીને આ ગૃહસ્થ વર્ગ આવા સ્થાવર તીર્થોની સ્થાપના કરતો રહે છે. આવાં સ્થાવર તીર્થો દરેક પ્રદેશમાં અને દરેક સમયમાં નવાંનવાં સ્થપાતાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ રહે છે અને શ્રીસંઘની ધર્મભાવનાને ટકાવી રાખવાની સાથે સાથે આવાં તીર્થો ધર્મની પ્રભાવના પણ કરતાં રહે છે. આમ, તીર્થંકર ભગવાનના અભાવમાં સ્થાવર તીર્થો અને જંગમ તીર્થો એકબીજાનાં પૂરક બનીને તીર્થંકરે ઉદ્બોધેલા ધર્મમાર્ગને સતત વહેતો રાખવાનું સત્કાર્ય કરતાં જ રહે છે.

જૈન શાસનની આવી ઉત્તમ પ્રણાલિકા અને પરંપરાને કારણે કેવળ સૈકેસૈકે જ નહીં પણ, દરેક દસકેદસકે, તેમ જ જૈનોની વસતીવાળા દૂરના અને નજીકના પ્રદેશમાં નવાંનવાં જિનાલયો, નાનાં-મોટાં તીર્થસ્થાનો તેમ જ ઉપાશ્રયો સ્થપાતાં જ રહે છે. જૈન સંઘ અને એ સંઘમાંના ધર્મભાવનાશીલ અને સંપત્તિશાળી અગ્રણીઓ આ રીતે પોતાના જીવનને અને ધનને કૃતાર્થ કરતા જ રહ્યા છે. વળી આની સાથે સાથે જ, જિનવાણીનો પણ શ્રીસંઘની ધર્મભાવનાને ટકાવી રાખવામાં જિનપ્રતિમા જેટલો જ ઉપકાર હોવાથી તેનાં રક્ષણ અને પ્રસાર માટે પણ જૈન સંઘ હંમેશા પ્રયત્નશીલ રહ્યો છે. આ વાતની સાક્ષી ઠેરઠેર સ્થપાયેલા અને હજારોની સંખ્યામાં હસ્તપ્રતો ધરાવતા જ્ઞાનભંડારો પૂરી રહ્યા છે. જિનમંદિરની સ્થાપના, તીર્થની સ્થાપના, ઉપાશ્રયની સ્થાપના અને પુસ્તક પ્રકાશિત કરવાની પ્રવૃત્તિને આટલા માટે જ ધર્મકૃત્ય તરીકે લેખવામાં આવે છે અને આને લીધે જ જૈન સંઘને મળેલો શિલ્પ-સ્થાપત્ય, સાહિત્ય, કળા વગેરેનો સાંસ્કૃતિક વારસો જેમ ખૂબ વિપુલ છે તેમ ખૂબ સમૃદ્ધ અને અમૂલ્ય કહી શકાય એવો પણ છે.

## પ્રતાપી પુરુષોની અગત્ય

આ દૃષ્ટિએ જોઈએ તો, ધર્મનાં અને જ્ઞાનનાં સ્થાનોની સ્થાપના કરનાર ઉદાર મહાનુભાવોની શ્રીસંઘને જેમ જરૂર પડતી રહી છે તેમ, રાજકીય અશાંતિ, સમયની પ્રતિકૂળતા કે એવી જ કોઈક પ્રકારની આપત્તિના સમયે એ બધાનું શાંતિ, કુનેહ, હિંમત અને બહાદુરીપૂર્વક રક્ષણ કરી શકે એવા વગદાર, પ્રતાપી પુરુષોની પણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમયેસમયે જરૂર પડતી જ રહી છે. જૈન શાસનનો ઇતિહાસ તપાસતાં એ વાત જાણીને આનંદ થાય છે કે જિનશાસનને સમયે-સમયે આવાં પ્રતાપી મહાપુરુષો મળતા જ રહ્યા છે.

આવા મહાપુરુષોમાંના મોટા ભાગના મહાપુરુષો સંઘમાન્ય મોવડીઓ હોવાની સાથેસાથે જ, શાસનકર્તાવર્ગ અને પ્રજાવર્ગનો સમાન આદર અને વિશ્વાસ મેળવી શક્યા હતા અને સામાન્ય જન-સમૂહથી લઈને તે ઉચ્ચ કોટિના ગણાતા પ્રજાવર્ગના તેમ જ વેપારી આલમના પણ તેઓ સદાય સુખદુઃખના સાથી બની રહેતા હતા અને કુદરતી, રાજકીય કે એવી જ કોઈક આફતના સમયે તેઓ પોતાના પ્રદેશ માટે ભારે સહાય અને આશ્વાસનરૂપ બની રહેતા હતા. જેમને આદર્શ અને શ્રેષ્ઠ કહી શકાય એવા મહાજન તરીકેની પ્રતિષ્ઠા તેઓ ધરાવતા હતા.

### જૈન મહાજનોની ઉજ્જવળ પરંપરા

આ દૃષ્ટિએ વિચારીએ તો, જૈન મહાજનોની પરંપરામાં શ્રેષ્ઠી જાવડશા, દંડનાયક વિમળ, મહામંત્રી ઉદયન, આમ્રભટ્ટ, બાહડ મંત્રી, મહામંત્રી વસ્તુપાળ તથા મંત્રી તેજપાળની બાંધવબેલડી, હડાળાના ખેમાશા (ખેમો હડાળિયો), શ્રેષ્ઠી જગડુશા, શ્રેષ્ઠી સમરાશા, શ્રેષ્ઠી કર્માશા, શ્રેષ્ઠી વર્ધમાનશા-પદ્મસિંહશા વગેરે અનેક પુણ્યશ્લોક અને સ્વનામધન્ય અગ્રણીઓની ઉજ્જવળ કારકિર્દી જૈન ઇતિહાસના પાને સોનેરી અક્ષરે નોંધાયેલી પડી છે. જૈન અગ્રણીઓની આવી જ પ્રતાપી પરંપરામાં નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીનું નામ અને કામ મોખરે શોભી ઊઠે એવું છે.

એમનો સમય – ખાસ કરીને એમની કારકિર્દીનો પાછલો વખત – ઉત્તરોત્તર વધતી જતી રાજકીય અસ્થિરતાથી વધુ ને વધુ ઘેરાતો જતો હતો અને એની માઠી અસર જૈન શાસનનાં તીર્થસ્થાનો, જિનમંદિરો અને હિતો ઉપર થવાનો ભય હતો. આવા અરાજકતાના – અથવા તો કટોકટીના – સમયમાં જૈન શાસનની પ્રભાવના થતી રહે અને એની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તીર્થસ્થાનો વગેરે અમૂલ્ય સાંસ્કૃતિક સંપત્તિનું બરાબર રક્ષણ થાય એ માટે એક બાહોશ, કુનેહબાજ, નીડર, કર્તવ્યનિષ્ઠ અને સૌથી વધુ તો ધર્મપરાયણ મોવડીની જરૂર હતી. એ જરૂર શ્રેષ્ઠિવર્ય શ્રી શાંતિદાસ ઝવેરીએ ખૂબ સફળતાપૂર્વક પૂરી પાડી હતી એ વાતની ઇતિહાસ સાક્ષી પૂરે છે અને ગૌરવપૂર્વક નોંધ લે છે.

આવા આ પુણ્યશ્લોક મહાપુરુષનાં જીવન અને કાર્યોની વિગતોથી માહિતગાર થવા પ્રયત્ન કરીએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨

# કુટુંબ, વંશ અને પૂર્વજો

કોઈ પણ વ્યક્તિના ચરિત્ર વિષે આપણે માહિતી મેળવીએ તે પહેલાં તે વ્યક્તિનાં કુળ, જાતિ, ધર્મ, તે વખતની રાજકીય અને સામાજિક પરિસ્થિતિ વગેરેને લગતો સામાન્ય ખ્યાલ હોવો આવશ્યક છે. વ્યક્તિ એ વ્યક્તિ હોવાની સાથે સાથે જ અમુક સમાજ, ધર્મ, જ્ઞાતિ, કુટુંબની સભ્ય પણ છે જ. કોઈ પણ વ્યક્તિના વ્યક્તિત્વનું મૂલ્યાંકન કે ચિત્રણ આ બધાં વિવિધ પાસાંઓનાં સંકલિત જ્ઞાનના અભાવમાં કરી શકાય નહીં. જો એ પાસાંઓના આલેખન વગર વ્યક્તિત્વનું ચિત્રણ કરીએ તો તે ઊણું અને અધૂરું લેખાય. તો આવો, આપણે અહીંયાં શ્રેષ્ઠિવર્ય શ્રી શાંતિદાસ ઝવેરીના વ્યક્તિત્વની આસપાસ ગૂંથાયેલી આવી સામાન્ય બાબતોનો અછડતો પરિચય મેળવી લઈએ.

**ક્ષત્રિય રાજવંશ અને જૈનો**

જૈનધર્મની સ્થાપના કરનાર પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવથી માંડીને, સમયે સમયે જૈનધર્મનો ઉદ્યોત કરનાર બીજા ત્રેવીસે તીર્થંકરો મૂળ ક્ષત્રિય રાજવંશમાંથી આવ્યા હતા. વર્ણવ્યવસ્થાનો જો વિચાર કરીએ તો, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર — આ ચાર વર્ણોમાં ક્ષત્રિયોને લોકોની રક્ષા કરવાનું અગત્યનું કામ સોંપવામાં આવ્યું હતું. ક્ષત્રિયો પોતાના બળથી લોકોનું, પ્રજાનું રક્ષણ કરવાનું કાર્ય કરતા. આ ક્ષત્રિય રાજવંશમાંથી જ કેટલાક લોકોને – રાજકુમારોને – પ્રજાનું કેવળ ભૌતિક દૃષ્ટિએ રક્ષણ કરવાને બદલે, પોતાના આત્માનાં અનાદિકાળના બંધનો દૂર થાય અને જીવમાત્રને એ માર્ગે લઈ જઈ શકાય એવો માર્ગ વધુ પસંદ પડ્યો અને તેઓ રાજપાટ, મોજ–વૈભવ છોડીને આત્મોત્થાનના માર્ગે ચાલી નીકળ્યા. આમ મૂળ ક્ષત્રિય રાજવંશમાંથી જ જૈનધર્મનો પાયો નાખનાર અને તેને વિશાળ વટવૃક્ષ રૂપે ફેલાવનાર અનેક વ્યક્તિઓ – ખાસ કરીને ચોવીસેય તીર્થંકરો –

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બહાર આવ્યા.

ક્ષત્રિય રાજવંશમાંથી જૈનધર્મનો યોગ્ય રીતે ફેલાવો કરનાર અનેક વ્યક્તિઓ યુગેયુગે મળી આવી છે. જૈન પરંપરા પ્રમાણે બધા તીર્થંકરોના સમયમાં અનેક ક્ષત્રિય રાજાઓ જૈનધર્મ પાળતા હતા. અને ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીરના ધર્મશાસનમાં અનેક ક્ષત્રિય રાજવીરો સામેલ થયા હતા, એ વાત તો ઇતિહાસકારોએ પણ માન્ય રાખી છે. વળી આ ક્ષત્રિયોમાંથી જેઓ વ્યાપાર કરવા લાગ્યા તે વૈશ્ય, વણિક કે વાણિયા તરીકે ઓળખાયા.

શ્રેષ્ઠી શ્રી શાંતિદાસના પૂર્વજો પણ ક્ષત્રિય રાજવંશના હતા. સમય જતાં તેમણે જૈનધર્મ પાળ્યો અને વ્યાપાર વગેરેથી પોતાની જાહોજલાલી સાધી અને આજીવિકા ચલાવી એટલે તેઓ વણિક કહેવાયા.

## શેઠશ્રી શાંતિદાસનો વંશ

શેઠ શ્રી શાંતિદાસ મારવાડના શુદ્ધ ક્ષત્રિય ગણાતા સીસોદીઆ રજપૂતના વંશના હતા.[1] આ સીસોદીઆ વંશના રજપૂતોનો ઇતિહાસ ખૂબ જ્વલંત હતો. કેટલાક સીસોદીઆ રજપૂતોએ જૈનધર્મનો સ્વીકાર કર્યો હતો એ હકીકત 'ટૉડ રાજસ્થાન', 'મેવાડની જાહોજલાલી', 'ભારત રાજ્યમંડળ', 'મહાજનમંડળ' વગેરે પુસ્તકોના આધારે પ્રમાણિત થયેલી ગણી શકાય તેવી છે.[2]

શ્રી શાંતિદાસ અને તેમના વંશજો ઓસવાળ વણિક તરીકે ઓળખાય છે.[3] મૂળ ક્ષત્રિય રાજવંશમાંથી આવ્યા હોવાને કારણે તેમનામાં થોડેઘણે અંશે ક્ષાત્રતેજ જોવા મળે છે. સાથેસાથે તેઓ ઓસવાળ વણિક હોવાને કારણે તેમનામાં ઓસવાળ જ્ઞાતિનાં લક્ષણો પણ જોવા મળે જ છે.

## 'ઓસવાળ' જ્ઞાતિનો ઇતિહાસ[4]

'ઓસવાળ' શબ્દનો અર્થ જોઈએ તો 'ઓસ' એટલે રણનો ટાપુ અને 'વાળ' એટલે રખેવાળ. આમ ઓસવાળ (કે ઓસવાલ)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એટલે રણ–ટાપુના રહેવાસી રક્ષકો.

ઐતિહાસિક રીતે જોઈએ તો, પ્રાચીન સમયમાં કચ્છ, ઉત્તર ગુજરાત વગેરે પ્રદેશોમાં જૈનોની ખૂબ જાહોજલાલી હતી. કાળના સકંજામાં અમુક સમયે રાજ્યશાસન શિથિલ થતાં જૈન પ્રજા આસપાસના પ્રદેશમાં વીખરાઈ ગઈ. સિંધની સરહદ તરફથી આવતા કેટલાક શ્રાવકોએ કચ્છના રણમાં જ્યાં જ્યાં લીલોતરી જોવા મળી ત્યાં ત્યાં વસવાટ શરૂ કર્યો. અને આ રીતે રણના ટાપુઓમાં વસતી *જૈન પ્રજા ઓસવાળ તરીકે ઓળખાઈ.*

બીજી એક કથા મુજબ ભગવાન મહાવીરસ્વામી પછી થોડાક સમય બાદ જ થઈ ગયેલ રાજા ઉપળદેવને શ્રી રત્નપ્રભસૂરિના શિષ્યે જૈનધર્મ ઉદ્‌બોધ્યો અને રાજાની સાથેસાથે નગરના ત્રણ લાખ ચોરાશી હજાર રજપૂતોએ પણ આ ધર્મ સ્વીકાર્યો. આ સમયે ઓસવંશની સ્થાપના થઈ. ચામુંડાદેવીને સમ્યક્‌ત્વી બનાવી ઓસવંશની કુળદેવી તરીકે સ્થાપવામાં આવી, અને ત્યારથી તે 'ઓસીયાદેવી' કે 'સચીઆઈજી દેવી'ના નામે ઓળખાય છે.

## 'ઓસવાલ ભૂપાલ'

'ઓસવાળ' શબ્દની ઉત્પત્તિની આ કથાઓ અને હકીકતોને બાજુએ રાખીને એક કોમ તરીકે તેમનું નિરીક્ષણ કરીશું તો તેમની રહેણીકરણી અને આવડતમાં રાજકીયપણું રહેલું જોવા મળે છે. 'ઓસવાલ ભૂપાલ' એ સામાન્ય ઉક્તિ પણ તેમની નસોમાં વહેતા આ રાજતેજને ચરિતાર્થ કરે છે. અને આ રાજકીયતાને કારણે તેમનામાં જે આવડત પેદા થઈ છે તેનો ઉપયોગ કરીને તેઓ લગભગ દરેક યુગમાં આદર્શ મહાજનનું સ્થાન ભોગવતા આવ્યા છે. સાથે સાથે સામ, દામ, ભેદ અને દંડની રીતિ સફળતાપૂર્વક અખત્યાર કરીને તેઓ સમાજમાં પણ મોભાભર્યું સ્થાન જાળવી શક્યા છે.

ક્ષત્રિય રાજવંશમાંથી ઊતરી આવ્યા હોવાને કારણે ક્ષાત્રતેજ, ઓસવાળ હોવાને કારણે રાજતેજ અને મહાજનપણું તેમ જ વણિક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોવાને કારણે વેપાર-વણજની આવડત – આ ત્રણ બાબતોનો ત્રિવેણી-સંગમ આપણને શ્રેષ્ઠિવર્ય શ્રી શાંતિદાસ ઝવેરીમાં જોવા મળે છે.

**શેઠશ્રી શાંતિદાસના પૂર્વજો**

તેમના પૂર્વજો વિષે માહિતી મેળવીએ. શ્રી શાંતિદાસના પૂર્વજો સામંત સંગ્રામસિંહ અને કુમારપાળ સીસોદીઆ વંશના હતા; તે વંશની શાખા કાકોલા[૫] હતી અને તેઓ મેવાડના રાજાના નજીકના સગા થતા હતા.

શ્રી શાંતિદાસ શ્રેષ્ઠીને પદ્મના વંશજ તરીકે ઓળખવામાં આવે છે. પદ્મે પોતાના જીવનમાં અહિંસાપ્રધાન જૈનધર્મનો સ્વીકાર કેવી રીતે કર્યો એ દર્શાવતો પ્રસંગ જોઈએ.[૬]

**પદ્મે જૈનધર્મ અંગીકાર કર્યાનો પ્રસંગ**

એક વખત પદ્મ મેવાડના ડુંગરો વટાવીને પોતાના ઘોડાને સપાટ ભૂમિમાં દોડાવ્યે જતા હતા. એક ખેતરમાં દૂરથી હરણોનું ટોળું આવતું જોઈને એમણે, હરણાંના શિકાર કરવા માટે, અવાજ ન થાય તે રીતે, પોતાના ઘોડાને એક બાજુ બાંધી દીધો અને ચૂપકીદીથી તેઓ હરણાંની પાસે જવા લાગ્યા. લાગ મળતાં એમણે તીર છોડયું અને હરણોના ટોળામાંથી એક નાનું હરણ ઘાયલ થઈને ચીસ પાડીને નીચે ઢળી પડયું. આ અવાજથી એ હરણ-બચ્ચાની માતા સિવાયનાં બધાં જ હરણાં નાસી ગયાં.

પદ્મ હરણના ઘાયલ બચ્ચાને પોતાની સાથે લઈને ઘોડા ઉપર ત્યાંથી નાસી છૂટયા. નાસતાં નાસતાં પાછળ નજર કરી તો હરણાની માતાને, આંખમાં આંસુ સાથે, દયાર્દ્ર નજરથી પોતાના ઘાયલ બચ્ચાને જોતી જોતી, કયાંય સુધી પોતાની પાછળ પાછળ આવતી એમણે જોઈ. જો કે, થોડી વારમાં જ એમનો અશ્વ તે માતા હરિણીને કયાંય પાછળ પાડી દઈને આગળ વધી ગયો. અનેક પ્રાણીઓનો શિકાર કરીને રીઢા બની ચૂકેલા કાબેલ શિકારી પદ્મે, કોઈ દિવસ કોઈ પણ પ્રાણીના શિકાર વખતે જે નબળાઈનો અનુભવ નહોતો કર્યો તે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નબળાઈ એમના અંતરને જાણે આજે ડંખી રહી અને પેલા હરણ-બચ્ચાની માતા હરિણીનો દયાર્દ્ર ચહેરો એમના મનશ્ચક્ષુ સમક્ષ ક્યાંય સુધી છવાઈ રહ્યો. એક તરફથી એમનું મન કહેતું હતું કે, 'મૃગયા એ તો રજપૂતોનો ધર્મ, અધિકાર અને ખેલ છે, એટલે તેમાં મેં કશું જ ખોટું કર્યું નથી.' બીજી તરફથી એમનો અંતરાત્મા કહેતો હતો કે, 'તે નિર્દોષ મૂંગી બિચારી હરિણીના જીવને મેં આજે ખૂબ દુઃખ પહોંચાડયું છે.'

વિચારની આવી તંદ્રાભરી અવસ્થામાં એમણે કેટલોક પંથ કાપી નાંખ્યો. પણ સવારના ઘેરથી નીકળેલા એમને, બપોરના ધૂમ તડકામાં, પાણીની તૃષા લાગી. એવામાં વૃક્ષનો શીળો છાંયો જોતાં ત્યાં વૃક્ષ તળે ઊભા રહીને એમણે ચારે બાજુ નજર કરી, તો નજીકમાં જ એક સાધુને, પોતાના શિષ્યવૃંદ સાથે બેઠેલા જોયા. પાણી મળવાની આશાએ તેઓ સાધુ પાસે ગયા અને પાણી પીને પોતાની તૃષા છિપાવી. સાધુ-પુરુષે સ્વાભાવિક પૂછપરછ કરતાં એમણે જણાવ્યું કે, પોતે મૃગયા ખેલવા નીકળ્યા હતા હતા અને આજે પોતાને આ એક જ હરણનું બચ્ચું મળ્યું હતું.

ત્યારે સાધુપુરુષે, સાવ સહજ ભાવે, પ્રાણીઓના રક્ષણ કરવાના ક્ષત્રિયના ધર્મની યાદ અપાવીને એમને કોઈ પણ જીવને નહીં દુભ-વવાનો ઉપદેશ આપ્યો અને પોતાના હૃદયને જે સાચો, યોગ્ય માર્ગ જણાય તે પ્રમાણે વર્તવાનું કહ્યું. હજી ઘડીવાર પહેલાં જ પોતાના દિલમાં જે મનોમંથન પદ્મે અનુભવ્યું હતું તેને લીધે આ ઉપદેશની તરત જ એમને અસર થઈ, અને સાધુપુરુષનો, જીવમાત્રનું રક્ષણ કરવાનો ઉપદેશ એમની રગેરગમાં વ્યાપી ગયો. ત્યાર પછી તો એ સાધુપુરુષનું પદ્મે ખૂબ સન્માન કર્યું અને તેમની પાસેથી અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ — એ પાંચ વ્રતવાળા જૈન શાસનનો સ્વીકાર કર્યો. ત્યાર પછી પદ્મના વંશજો પણ આ અહિંસા-ધર્મને વળગી રહ્યા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### પદ્મના વંશજો

પદ્મ પછી તેના વંશજોની નામાવલી શ્રીયુત્ ડુંગરશીભાઈ સંપટ 'પ્રતાપી પૂર્વજો' પુસ્તકના પૃ. ૬ ઉપર આ પ્રમાણે આપે છે —

- પદ્મ–પદ્માદેવી
  - ક્ષમાધર–જીવની
    - સાહુલવા–પાટી
      - [૭]હરપતિ–પુનાઈ
        - [૮]વાછા–સાગરદેવી
          - સહસ્રકિરણ (સહસો) (બે પત્ની)
            - (અ) કુમારી
              - [૯]વર્ધમાન
            - (બ) સૌભાગ્યદેવી
              - [૧૦]વિરમદેવી
              - શાંતિદાસ
              - રૂપમ
              - પંજિકા
              - દેવકી

### સહસ્રકિરણ અમદાવાદમાં

શેઠ શાંતિદાસના પિતા સહસ્રકિરણના સમયમાં મેવાડમાં મુસલમાનેના આક્રમણથી ઘણી ઊથલપાથલ થઈ હતી. ગામ–ગરાસ વગેરે લૂંટાઈ જવાથી સહસ્રકિરણ સાધન–સંપત્તિ વગર, પંદર–સત્તર વર્ષની ઉંમરે સપરિવાર ભાગ્ય અજમાવવા અમદાવાદ આવી પહોંચ્યા. અમદાવાદમાં આવીને એક મારવાડી ઝવેરીની દુકાને પહોંચીને નોકરીની માગણી કરી. ઝવેરીએ એ જુવાન છોકરાનું હીર નાણી જોવા તેને નાનાં–મોટાં કામો સોંપવા માંડયાં અને ક્રમેક્રમે છોકરાનું હીર પ્રગટ થવા લાગ્યું. પાંચ–છ વરસમાં તો તે મારવાડીએ સહસ્રકિરણને – કે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેને બધા 'સહસો' કહીને બોલાવતા – હીરા, મોતી, માણેક એમ બધા પ્રકારનું ઝવેરાત પારખતાં શીખવાડી દીધું. આ મારવાડી ઝવેરી પોતે વૃદ્ધ થયા હતા અને તેને સંતાનમાં માત્ર એક જ પુત્રી હતી. પોતાની આ કુમારી નામની એકની એક પુત્રીનાં લગ્ન તેણે સહસ્રકિરણ સાથે કર્યાં અને પોતાની દુકાન પણ તેને સોંપી દીધી.[૧૧] સહસ્રકિરણને કુમારીથી વર્ધમાન નામે પુત્ર થયો, કે જેણે આગળ ઉપર શ્રી શાંતિદાસને જીવનભર સારો સહકાર આપ્યો. સહસ્રકિરણે, તે સમયના રિવાજ મુજબ, સૌભાગ્યદેવી નામે બીજી પત્ની કરી અને તેનાથી એમને જે સંતાનો – વિરમદેવી, શાંતિદાસ, રૂપમ, પંજિકા અને દેવકી – થયા તેમાં શાંતિદાસ ખૂબ તેજસ્વી અને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા હતા.

આમ મૂળ મેવાડના વતની એવા સહસ્રકિરણ અમદાવાદમાં આવીને વસ્યા. ત્યાર પછી તેમનાં સંતાનો અને વંશજો અમદાવાદમાં જ રહ્યા અને અમદાવાદને જ પોતાનું માદરેવતન માનીને[૧૨] તેનાં સુખ-દુઃખના ભાગીદાર બન્યા. તેથી શાંતિદાસને અમદાવાદના વતની ગણવા એ જ યોગ્ય છે. એમની જેમ એમના મોટા ભાગના વંશજોએ પણ અમદાવાદને જ પોતાનું વતન માન્યું છે; અને એમ કરતાં એમની બાર પેઢીઓનો વંશ–વિસ્તાર અમદાવાદમાં થયો છે. આ વંશની થોડીક વ્યક્તિઓ સૂરત અને વડોદરામાં જઈને પણ વસી હતી.[૧૩]

### શ્રી શાંતિદાસનો જન્મ ક્યારે?

પિતા સહસ્રકિરણ, માતા સૌભાગ્યદેવી, મોટા ભાઈ વર્ધમાન, વતન અમદાવાદ : શ્રી શાંતિદાસના વંશ અને વતન અંગે આ માહિતી આપણને મળે છે. પરંતુ તેમનો જન્મ ક્યારે થયો? એ ચોક્કસ સમય દર્શાવતી સાલ કે સંવતનો ઉલ્લેખ ક્યાંય, કોઈ પણ પુસ્તકમાં અત્યાર સુધી આપણને ઉપલબ્ધ થતો નથી. એટલે તેમના જન્મસમય વિષે, તેમના જીવનને લગતી કેટલીક હકીકતોના આધારે, કેટલીક અટકળો જ આપણે કરી શકીએ તેમ છીએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક હકીકતની નોંધ તો આપણને અનેક જગ્યાએ જોવા મળે છે કે શેઠશ્રી શાંતિદાસ બાદશાહ અકબરના રાજદરબારમાં ઝવેરી તરીકે ઉપસ્થિત થયા હતા.[૧૪] મોગલ બાદશાહ અકબર ઈ. સ. ૧૬૦૫-માં મૃત્યુ પામ્યા. અકબરના રાજદરબારમાં હાજર થઈને એક ઝવેરી તરીકેની નામના મેળવનાર શાંતિદાસની ઉંમર સહેજે પંદરેક વર્ષ, કે તેથી વધારે હોય – એમ આપણે કલ્પના કરીએ તો પણ, અકબર-ના મૃત્યુ પહેલા ૧૫થી ૨૦ વર્ષે, એટલે કે ઈ. સ. ૧૫૮૫–૯૦ની આસપાસ, શાંતિદાસનો જન્મ થયો હશે, એમ આપણે સાધારણ રીતે કહી શકીએ.

આ સમય એટલે જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિજી અને સમ્રાટ અકબર વચ્ચે ધર્મસ્નેહ બંધાયો એ સમય. અને શ્રી હીરવિજય-સૂરિજીનો સ્વર્ગવાસ વિ. સં. ૧૬૫૨( ઈ. સ. ૧૫૯૬ )માં થયો હતો. એટલે એમની હયાતી દરમ્યાન શાંતિદાસ પાંચ–સાત વર્ષની બાલ્યા-વસ્થામાં જ હશે, તેથી જગદ્‌ગુરુના જીવનપ્રસંગો સાથે શ્રી શાંતિદાસનું નામ જોડાયું હોય એવો કોઈ ઉલ્લેખ મળતો નથી.

## બીજા પ્રકરણની પાદનોંધ

૧. (i) 'જૈરામા', સમાલોચના પૃ. ૧ અને પૃ. ૪૯ ઉપર જણાવ્યું છે કે, "તેઓ મારવાડના શુદ્ધ ક્ષત્રિયબીજ સિસોદીઆ રજપૂતના વંશજ હતા."

(ii) 'પ્રપૂ'. પૃ. ૪ ઉપરની કથામાં જણાવાયું છે, "અમારું કુળ સિસોદિયા રજપૂતનું છે"

(iii) 'ગૂપાઅ' પૃ. ૭૩૪ ઉપર જણાવાયું છે કે, "શાંતિદાસ નાતે ઓસ-વાળ હતા, પણ અસલ એમના વડવા મેવાડના શુદ્ધ સીસોદીઆ રજપૂતમાંથી ઊતરી આવેલા છે એમ મનાય છે."

(iv) 'SHG' પુસ્તકમાં પૃ. ૫૩ ઉપર જણાવાયું છે કે —

"According to tradition, the ancestors of Shantidas were descended from the royal Rajput house of the

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Sisodias of Udaipur, it being not uncommon to find Rajputs adopting the Jain religion."

(અર્થાત્—"પરંપરા અનુસાર, શાંતિદાસના પૂર્વજો ઉદેપુરના સિસોદિયા વંશના શાહી રજપૂતોમાંથી ઊતરી આવ્યા છે, રજપૂતો જૈનધર્મ સ્વીકારે એ અસામાન્ય ન હતું.")

(v) 'અન્વેષણા'માં પૃ. ૨૦૪ ઉપર શ્રી ભોગીલાલ સાંડેસરા જણાવે છે કે, "તેઓ (શાંતિદાસ) ઓસવાળ વણિક હતા. એમના વડવા મેવાડના સિસોદિયા રજપૂતના કુળમાંથી ઊતરી આવ્યાનું મનાય છે."

(vi) 'જૈપઈ'માં પૃ. ૧૧૬ ઉપર જણાવાયું છે કે, "શેઠ શાંતિદાસ અમદાવાદના નગરશેઠ બન્યા, જે સિસોદિયા ગોત્રના વીશા ઓસવાલ જૈન હતા."

૨. જુઓ 'જૈરામા', સમાલોચના પૃ. ૧.

૩. જૈન પરંપરામાં બે શાંતિદાસનો ઉલ્લેખ થયેલો છે. આ બંને શાંતિદાસ એકબીજાથી જુદા છે, છતાં ક્યારેક તેમને એક માની લેવાની ભૂલ થયેલી છે.

(i) 'પ્રાતીસં'માં શ્રી શીલવિજયજી વિરચિત 'તીર્થમાળા'માં પૃ. ૧૨૪–૧૨૫ ઉપર આ બંને શાંતિદાસનો ઉલ્લેખ જુદી જુદી કડીમાં આ રીતે કરવામાં આવ્યો છે—

"શ્રી શ્રીવંશિં ચડતિં વાનિં દોસી મનીઓ પુન્યપ્રધાન;
ધર્મક્ષેત્રિ ધન વાવ્યું બહુ ત્રિણે લાખ તે પોતિ સહુ. (૧૪૫)
તસ સુત દોસી શાંતિદાસ પૂરણ પુન્યતણો તે વાસ;
દાની જ્ઞાની ભોજસમાન તાતતણિ પરિ વાધ્યો વાન. (૧૪૯)
ઓસવંશે શાંતિદાસ શ્રી ચિંતામણિ પૂજ્યા પાસ;
પ્રભુ સેવાઇ ગજસંપદા દિલ્લીસરિ બહુ માન્યો સદા. (૧૫૧)"

આ ઉપરથી જાણી શકાય છે કે, મનીઆ દોસીના પુત્ર શાંતિદાસ શ્રીમાલી વંશના હતા અને શાહી સન્માન મેળવનાર શાંતિદાસ ઓસવાલ વંશના હતા. એટલે એ બે જુદી વ્યક્તિ હતા. આમ છતાં અમુક સમયે એ બંને વિદ્યમાન હતા એ પણ અહીં સૂચિત થાય છે.

(ii) 'SHG' પુસ્તકના પૃ. ૫૩ ની પાદનોંધમાં પણ, 'ઐરાસ' ૩ ના પૃ. ૫૪ ના આધારે, જણાવવામાં આવ્યું છે કે,

The famous jeweller Shantidas the son of sahasra-kiran, whose career is *reviewed here should be distingui*shed from a contemyorary of the same name, Shantidas,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

the son of Mania.

(અર્થાત્–"મણિયાના પુત્ર શાંતિદાસ એ, આપણે જેનો ઉલ્લેખ કરીએ છીએ તે સહસકિરણના પુત્ર ઝવેરી શાંતિદાસથી જુદી જ વ્યક્તિ છે.")

(iii) 'જેરમા'માં સમાલોચનાના પૃ. ૧૦ ઉપર જણાવવામાં આવ્યું છે કે, "શ્રી માનવિજય ઉપાધ્યાયે પોતાનો અપૂર્વ ગ્રંથ નામે 'ધર્મસંગ્રહ' શ્રીશાંતિદાસ શેઠના આગ્રહથી કરેલ છે તેવું તેની પ્રશસ્તિ પરથી જણાય છે."

પરંતુ અહીંયાં 'જૈરામા'ના સમાલોચક મણિયાના પુત્ર શાંતિદાસને ભૂલથી સહસ્રકિરણના પુત્ર શાંતિદાસ ઝવેરી માની લે છે, કારણ કે સહસ્રકિરણના પુત્ર શાંતિદાસ ઝવેરી સં. ૧૭૧૫ (ઈ. સ. ૧૬૫૯–૬૦)માં મૃત્યુ પામ્યા હતા. જ્યારે પૂ. શ્રી માનવિજયજી ઉપાધ્યાયે વિ. સં. ૧૭૩૧ (ઈ. સ. ૧૬૭૪)માં 'ધર્મસંગ્રહ' ગ્રંથની રચના કરી હતી. તેમાં મદદ કરનાર જે શાંતિદાસનો ઉલ્લેખ છે તે શાંતિદાસ તે મણિયાના પુત્ર શાંતિદાસ જ હોઈ શકે. (આ માટે જુઓ 'ઐરાસં' પૃ ૫૪.)

૪. શ્રી જૈન વીસા ઓસવાલ ક્લબ, અમદાવાદના વિ. સં. ૨૦૨૩ ના સુવર્ણજયંતી મહોત્સવ પ્રસંગે બહાર પાડવામાં આવેલ 'સ્મરણિકા'માં 'ઓસવાલની ઉત્પત્તિ' નામે (પૃ. ૯ થી ૧૧ માં) રજૂ થયેલ લેખને આધારે આ વિગતો અહીં આપવામાં આવી છે.

૫. જુઓ : 'જૈરામા', સમાલોચના પૃ. ૧.

'SHG'માં પૃ. ૫૫ ઉપર દર્શાવ્યા મુજબ, "શાંતિદાસ ઉકેશ કુટુંબના વંશજ છે એમ 'ચિંતામણિ–પ્રશસ્તિ'માં જણાવ્યું છે."

The poem (Chintamni-Prashasti) gives very full deiails of the ancestry of Shantidas, who is mentioned as belonging to the Ukesh family)...

જો કે, ઉકેશવંશ એટલે જ ઓસવાળ વંશ એવું અર્થઘટન કરવામાં આવે છે.

'જૈપઈ' માં પૃ. ૧૧૯ ઉપર જણાવવામાં આવ્યું છે કે, "અમદાવાદના નગરશેઠના વંશજોનું કંકુમરોલા ગોત્ર હતું. કોઈ કોઈ સ્થાને તેની કાકોલા શાખા બતાવી છે. આ ગોત્ર અને શાખામાં નહીંવત્ ભેદ છે."

૬. 'પ્રપૂ' પૃ. ૧ થી ૫ ના આધારે આ પ્રસંગ અહીં રજૂ કર્યો છે.

'તીસેશા' પુસ્તકમાં પણ પૃ. ૧ થી ૩ ઉપર આ જ પ્રસંગ આપવામાં આવેલ છે.

૭. 'જૈરામા'માં સમાલોચનાના પૃ. ૧, ૨ તથા ૪૯ ઉપર હરપતિના બદલે પદમશાહ નામ આપવામાં આવ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૮. વાછાને વત્સાશેઠ તરીકે પણ ઓળખવામાં આવે છે.

૯. શ્રી શાંતિદાસ શેઠ અને તેમના કુટુંબીઓનો ઉલ્લેખ પાલીતાણામાં આવેલ મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન (દાદા)ના પરિકરમાંની મૂર્તિઓના શિલાલેખમાં જોવા મળે છે; કારણ કે આ પરિકર શ્રી શાંતિદાસ શેઠે ભરાવેલ હતું.

'આકપેઈ'માં પૃ. ૮૬ ઉપર આ શિલાલેખનો ઉતારો છે, જે આ પ્રમાણે છે —

"(૧) સં. ૧૬૭૦ વર્ષે શ્રી अहम्मदावादवास्तव्य श्री उ(ओ)सवालज्ञातीय वृद्धशाखीय साह (२) वछा भार्या बाई गेरमदे सुत सा (०) सहस्रकरण भार्या सोभागदे सुतेन साह वर्धमान लघुभ्राता (३) सांतिदास नाम्ना भार्या सुरमदे सुत सा० पनजी प्रमुख कुटुंबयुतेन स्वमातुल सा. श्रीपाल प्रेरितेन (४) श्री आदिनाथ-परिकरः प्रतिमाचतुष्कसहितः कारितः प्रतिष्ठितश्च श्री तपागच्छे भट्टारक श्री हेम [विमलसूरि]."

આ શિલાલેખમાં વર્ધમાનનો ઉલ્લેખ સોભાગદે(સૌભાગ્યદેવી)ના પુત્ર તરીકે થયો છે. અને વાછાનાં પત્નીનું નામ ગોરમદે અપાયું છે.

આ ઉપરાંત 'ઐરાસં'ના પૃ. ૫૩ ઉપર સહસ્રકિરણના પુત્રો સંબંધી નીચેની નોંધ કરવામાં આવી છે:

"સહસ્રકિરણને કેટલા પુત્રો હતા, એ સંબંધી તપાસ કરતાં જણાય છે કે, ત્હેમને બે પુત્રો હતા: વર્ધમાન અને શાંતિદાસ. લીંબડીના ભંડારમાં 'अंगचूलियान पयन्ना'ની એક પ્રતિ છે, તેના અંતમાં આ પ્રમાણે લખેલું છે —

"'सांह श्रीवच्छा सुत साह सहस्रकिरणेन स्वभंडारे गृहीत्वा सुतवर्धमान-शांतिदासपरिपालनार्थं ॥'

"ભાવનગરના પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી મહારાજના ભંડારમાં पुष्पमालावृत्ति નામની એક પ્રતિની અંતમાં પણ ઉપર પ્રમાણેના જ શબ્દો છે."

૧૦. 'SHG'માં પૃ. ૬૧ ઉપર શાંતિદાસના પૂર્વજોનો જે કોઠો આપવામાં આવ્યો છે તેમાં વિરમદેવીને સૌભાગ્યદેવીની નહીં, પણ કુમારીની દીકરી તરીકે દર્શાવવામાં આવી છે.

૧૧. જુઓ: 'પ્રપુ' પૃ. ૬–૯.

૧૨. 'ગૂપાઅ'માં પૃ. ૭૩૩ ઉપર શ્રી શાંતિદાસ મૂળ અમદાવાદના, સૂરતના કે દિલ્હીના – ક્યાંના વતની તે બાબતને શંકાસ્પદ ગણીને તેમને અમદાવાદના વતની ગણવા વધુ યોગ્ય માન્યા છે. તેમાં દર્શાવ્યા મુજબ રા. મગનલાલ વખતચંદના

૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મતમુજબ શાંતિદાસ દિલ્હીના વતની છે, પણ આ બાબતને બીજે કયાંયથી સમર્થન મળતું નથી. તેઓ વધુમાં જણાવે છે કે શાંતિદાસ શેઠને મંત્રસિદ્ધિ સુરતમાં થઈ હતી એમ કહેવાય છે, પરંતુ એમના શેઠ શાંતિદાસ મણિયા નામના પુરુષ સુરતના હતા એટલે નોકરીના અંગે પણ શાંતિદાસ સુરતમાં રહેતા હોય. સાથે સાથે ફૂટનોટમાં તેઓ લખે છે કે 'મિઅ'માં જણાવ્યા પ્રમાણે સુરત એ સમયનું મોટુ બંદર હોવાથી ત્યાં ઝવેરી શાંતિદાસની પેઢી કદાચ હોય તે શકય છે. પરંતુ 'ચિંતામણિપ્રશસ્તિ' અને 'શ્રી શાંતિદાસ શેઠજીનો રાસ' ('જૈરામા') વગેરેમાં પણ શાંતિદાસને અમદાવાદના વતની જ જણાવ્યા છે.

૧૩. 'જૈરામા' પુસ્તકમાં સમાલોચનાના પૃ. ૪૯ થી ૬૪ માં 'શ્રેષ્ઠીવર્ય શાન્તિદાસજીનો વંશવૃક્ષ' શીર્ષક નીચે તેમના વંશની શાખાઓ વિસ્તૃત રીતે આપવામાં આવી છે.

૧૪. (i) 'ગૂપાઅ', પૃ. ૭૩૪ ઉપર ઉલ્લેખ છે તે મુજબ અકબરની બેગમ સાથે શાંતિદાસને ભાઈ જેવો સંબંધ હોવાને કારણે જહાંગીર તેમને 'મામા' કહેતા હતા.

(ii) 'પ્રપૂ'માં પૃ. ૯ થી ૧૭માં શ્રી શાંતિદાસ અકબરની બેગમના ભાઈ કેવી રીતે બન્યા તે પ્રસંગ રોચક શૈલીમાં રજૂ થયો છે. (નોંધ: આ પુસ્તકના પ્રકરણ ચાર 'શાહી ઝવેરી અને નગરશેઠ'માં આ પ્રસંગ લેવામાં આવ્યો છે.)

(iii) 'જૈરામા'માં પણ ઠેર ઠેર અકબરના દરબારમાં શાંતિદાસની હાજરી સૂચવવામાં આવી છે; જેમ કે સમાલોચનમાં પૃ. ૨ ઉપર, નિવેદનમાં પૃ. ૯ ઉપર, 'શાંતિદાસ શેઠજીનો રાસ'માં પૃ. ૫ ઉપર.

(iv) '*SHG*'માં પૃ. ૫૨ માં શ્રી કોમિસેરિયેટ જણાવે છે કે —

"Shantidas was probably born during the last decade or two of the reign of Akbar."

(અર્થાત્ – "શાંતિદાસનો જન્મ અકબરના રાજ્યકાળના છેલ્લા એક કે બે દસકામાં થયો હશે.")

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩

# મોગલ રાજ્યકાળ અને જૈનધર્મ

શ્રેષ્ઠી શ્રી શાંતિદાસ સહસકિરણ ઝવેરીના જીવનને લગતી ઘટનાઓ વિષે માહિતી મેળવીએ તે પૂર્વે, જે યુગમાં તેઓ થઈ ગયા તે યુગના ભારતના ઇતિહાસમાં જરા ડોકિયું કરી લઈએ. આ ઐતિહાસિક પરિસ્થિતિના પ્રકાશમાં જ શ્રી શાંતિદાસ ઝવેરીનાં જીવન અને કાર્યોને આપણે યોગ્ય રીતે સમજીને મૂલવી શકીએ. શ્રી શાંતિદાસના જીવનકાળ દરમ્યાન ભારતમાં મોગલોનું સામ્રાજ્ય હતું, એટલે ભારતમાં મોગલ સામ્રાજ્યનો ઇતિહાસ આપણે જોવો પડશે.

**મોગલ બાદશાહ બાબર અને હુમાયુ**

ઈસવીસનની સોળમી સદીના ત્રીજા દસકામાં – સને ૧૫૨૬માં – પ્રથમ મોગલ બાદશાહ બાબરે, સુલતાનોને હરાવીને, હિંદમાં પ્રવેશ કર્યો અને ઈ. સ. ૧૫૨૬થી ૧૫૩૦ સુધી, પાંચ વર્ષ રાજ્ય કર્યું. બાબર ઉર્ફે ઝહીરૂદ્દીન મહમદ પરાક્રમી રાજવી હતો, કુદરતનો પ્રેમી અને કવિ હોવાની સાથે સાથે તેને રખડપટ્ટી કરીને જુદા જુદા પ્રદેશો સર કરવાનો શોખ હતો.

બાબરનો પુત્ર હુમાયુ આરામપ્રિય, અફીણી અને નબળી ઇચ્છાશક્તિ ધરાવનાર રાજવી હતો. તેણે ઈ. સ. ૧૫૩૦થી ૧૫૪૦ સુધી દસ વર્ષ ભારતમાં રાજ્ય કર્યું અને ઈ. સ. ૧૫૪૦માં સુલતાનોએ ભારતની રાજગાદી હુમાયુ પાસેથી છીનવી લીધી.

**સુલતાનોનો રાજ્યકાળ**

મોગલો પહેલાં ભારત પર રાજ્ય કરનાર આ મુસલમાન સુલતાનો ચુસ્ત ઇસ્લામધર્મી હતા અને પોતાના ઇસ્લામધર્મને જ મહાન માનતા. તેમના રાજ્યકાળમાં ભારતની વિશાળ હિંદુ પ્રજાને ઓશિયાળું જીવન વિતાવવું પડતું, અન્યાયી કરવેરા ભરવા પડતા, રાજદરબારમાં એમને ક્યાંય સ્થાન ન મળતું. સુલતાન રાજવીઓ હિંદુધર્મ તથા હિંદુપ્રજા સાથે ન એકરૂપ થઈ શક્યા, ન તો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હળીમળીને રહી શક્યા. એક પરદેશી તરીકે જ સુલતાનો ભારતમાં રહ્યા. અન્ય ધર્મો પરત્વે તેઓ સહિષ્ણુતા કેળવી ન શક્યા.

આથી વિરુદ્ધ, મોગલો ભારતમાં પરદેશી તરીકે રહેવા માગતા ન હતા. પોતાના ઇસ્લામધર્મ માટે તેમને આદર અને માન હોવાની સાથે સાથે જ તેઓ અન્ય ધર્મો પરત્વે ઉદાર અને સહિષ્ણુ પણ હતા. તેમનો પ્રયત્ન ભારતની પ્રજા સાથે ભળી જઈને, હિંદુ–મુસલમાન સંપથી રહે તે પ્રકારનો હતો.

### હુમાયુનો પુનઃપ્રવેશ

સુલતાનોની હિંદુઓ સાથેની આવી ઓરમાયી નીતિ હોવાને કારણે, તેમની આંતરિક નબળાઈને કારણે અને મોગલોની હિંદુઓ સાથે ભળી જવાની નીતિને કારણે, કે બીજા ગમે તે કારણે, હુમાયુએ ૧૪–૧૫ વર્ષ બાદ, ઈ. સ. ૧૫૫૫માં ભારતમાં ફરી વખત પ્રવેશ મેળવીને શાસન કરવા માંડયું. પરંતુ હુમાયુનું આ શાસન બહુ જ ટૂંકો વખત ચાલ્યું અને ઈ. સ. ૧૫૫૬માં, ફક્ત એક જ વર્ષ રાજ્ય કર્યા બાદ, સીડી પરથી પડવાને કારણે એનું મૃત્યુ થયું અને અકબરે રાજગાદી પર સ્થાન મેળવ્યું.

### અકબરનો સમય

ઈ. સ. ૧૫૪૨ના ઓકટોબરની પંદરમી તારીખે જન્મેલ અકબર રાજગાદી પર આવ્યો ત્યારે એની ઉંમર માંડ ચૌદેક વર્ષની હતી. આગળ ઉપર એક લોકકલ્યાણકારી, સર્વધર્મસમભાવી, કુશળ રાજ્ય-વહીવટ કરનાર પાદશાહ તરીકે નામના મેળવનાર બાદશાહ અકબરે પોતાનો બાલ્યકાળ ઇરાનમાં વીતાવ્યો હતો, તેથી ઇરાનના લોકોની સંસ્કારિતા–સભ્યતા તેનામાં પૂરેપૂરી ઊતરી હતી, જે તેના સમગ્ર જીવનમાં જોવા મળે છે.

મુગલાઈના આ ત્રીજા પાદશાહ વિશે જેટલું લખીએ તેટલું ઓછું છે. તેણે રાજ્યની લગામ હાથમાં લેતાં જ ભારતની હિંદુ પ્રજા સાથે સુલતાનોએ જે અન્યાયી અને ઓરમાયો વર્તાવ કર્યો હતો, તે દૂર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરીને, તેમની સાથે હળીમળીને રહેવા માટેના પ્રયત્નો શરૂ કરીને, હિંદુ પ્રજાનાં દિલ જીતી લીધાં હતાં. તેની આવી વિશાળ રાજનીતિના પરિણામ રૂપે જ મોગલ રાજવીઓ ભારતમાં સ્થિર થઈને દોઢ સદી જેટલા લાંબા સમય સુધી સારી રીતે રાજ્ય કરી શક્યા હતા.

અકબરે પોતાના રાજ્યના વિકાસ માટે હિંદુ પ્રજામાંથી પણ શાણા, તેજસ્વી, કુશળ, શક્તિશાળી માણસો શોધી કાઢીને તેમને પોતાના રાજદરબારમાં સ્થાન આપ્યું હતું અને એ રીતે એણે મોગલો પહેલાં ભારત પર રાજ્ય કરનાર મુસલમાન સુલતાનોએ હિંદુઓ સામે શંકા અને અસહિષ્ણુતાની જે દીવાલ ઊભી કરી હતી તે દીવાલને તોડી નાંખવા માંડી હતી. તદુપરાંત, હિંદુઓ પર લાદવામાં આવેલ યાત્રાળુવેરો, જજિયાવેરો જેવા અન્યાયી કરવેરાઓ તેણે દૂર કર્યા હતા. અને પોતે અંબર પ્રદેશના હિંદુ રાજવી બિહારીમલની કુંવરી જોધાબાઈ સાથે લગ્ન પણ કર્યાં હતાં. ટૂંકમાં, અકબરે હિંદુ પ્રજા સાથે હળીમળી જવા માટે પોતાનાથી બનતા બધા જ પ્રયત્નો કર્યા હતા.

વળી અકબરે હિંદુ, બૌદ્ધ, જૈન, ઇસ્લામ, શીખ, ઈસાઈ વગેરે ધર્મોના વડાઓ તથા વિદ્વાનો સાથે અવારનવાર, લગભગ દર અઠવાડિયે, ધર્મચર્ચા કરવાનો શિરસ્તો શરૂ કર્યો હતો અને એમ કરીને દરેક ધર્મનું પોતાનું આગવું ગૌરવ જળવાય અને સાથેસાથે દરેક ધર્મ બીજા ધર્મ પ્રત્યે સહિષ્ણુ બને તે પ્રકારનું વાતાવરણ પોતાના રાજ્યમાં સર્જવાનો અનુકરણીય પ્રયત્ન કર્યો હતો. આની સાથે જ એણે પોતાના રાજ્યમાં કળાકારો, કારીગરો, વેપારીઓ, સાહિત્યકારો વગેરેને પણ ખૂબ પ્રોત્સાહન આપ્યું હતું.

### જહાંગીર અને શાહજહાં

અકબરની આવી વિશાળ રાજનીતિ અને કુશળતાભર્યા વહીવટનાં સારાં ફળ, વિશેષ કરીને અકબર પછીના બે મોગલ રાજવીઓ જહાંગીર અને શાહજહાંએ સારી રીતે ભોગવ્યાં હતાં. દક્ષિણ ભારતના અમુક પ્રદેશને બાદ કરીને, અકબરે સારી રીતે વિસ્તારેલ સમગ્ર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભારતના રાજ્યનો વહીવટ જહાંગીર અને શાહજહાંએ સારી રીતે કર્યો હતો. આ ઉપરથી ઇતિહાસકારો અકબર, જહાંગીર અને શાહજહાંના સમયને ભારતની આબાદી અને જાહોજલાલીના સુવર્ણયુગ તરીકે ઓળખાવે છે.

ઈ. સ. ૧૬૦૫માં અકબરનું મૃત્યુ થયા બાદ જહાંગીર રાજ્ય-ગાદીએ આવ્યો. જહાંગીરની ખૂબસૂરત બેગમ નૂરજહાંએ જોકે, જહાંગીરના પુત્રો અને સરદારોને અંદરોઅંદર લડાવવાના પ્રયત્નો કરેલા, છતાં એકંદરે જહાંગીરનો બાવીસ વર્ષનો રાજ્યકાળ ભારત માટે સુખ, સલામતી અને સમૃદ્ધિથી ભરેલો હતો.

જહાંગીરનું મૃત્યુ થતાં ઈ. સ. ૧૬૨૭–૨૮માં ગાદીવારસાનું યુદ્ધ લડીને શાહજહાં રાજગાદી પર આવ્યો હતો અને એણે અકબર અને જહાંગીરની રાજનીતિને ચાલુ રાખીને, રાજ્યપ્રદેશમાં વધારો કર્યા વગર કુશળતાપૂર્વક ત્રણ દાયકા સુધી રાજ્ય કર્યું હતું. આમ છતાં શાહજહાંમાં ક્યારેક ધાર્મિક અસહિષ્ણુતા આવી ગયાના પ્રસંગો પણ જોવા મળે છે, પણ તે બહુ ઓછા.

### ઔરંગઝેબ

ભારત પર રાજ્ય કરનાર મોગલ રાજવી ઔરંગઝેબ રાજ્ય-પ્રાપ્તિની અતિશય લાલસાને કારણે પોતાના ત્રણ ભાઈઓ – દારા, શુજા અને મુરાદબક્ષ – ને હરાવીને, અને તેમાંના એક ભાઈ મુરાદબક્ષની હત્યા કરીને તેમ જ બીમાર પિતા શાહજહાંને કેદ કરીને લોહીથી ખરડાયેલા હાથે ઈ. સ. ૧૬૫૮માં રાજગાદી પર આવ્યો હતો. ઔરંગઝેબ પોતે એક નેક, ચુસ્ત, ઇસ્લામપરસ્ત રાજવી હતો. પોતાના પૂર્વજોની વિશાળ રાજનીતિને ભૂલી જઈને એણે, સુલ-તાન બાદશાહોની જેમ, ભારતની પ્રજા સાથે, ખાસ કરીને હિંદુઓ સાથે, અન્યાયી અને ભેદભાવભરી રાજનીતિ ફરી વાર શરૂ કરી અને પોતાના હાથે જ મુગલાઈના પાયા હચમચાવી નાખ્યા. રાજ્યનો વિસ્તાર કરવાની અતિશય લાલસામાં ભાન ભૂલીને તેણે, લોકોનાં દિલ જીતવાની દરકાર કરવાના બદલે લોકોનાં દિલ તોડીને, કેટલાક પ્રદેશો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીતવા માંડયા. તેનાં આવાં ઉતાવળિયા પગલાંનાં કોઈ સારાં પરિણામ તો ખાસ ન આવ્યાં, પણ ધીમે ધીમે ઔરંગઝેબની સત્તા ઓસરતી ગઈ અને ઈ. સ. ૧૭૦૭માં, ઔરંગઝેબના મૃત્યુ પછી, ભારતમાં મોગલ સત્તા લગભગ અસ્ત થઈ ગઈ.

આ રીતે જોઈએ તો ભારતમાં મોગલ સત્તાનો અસરકારક સમય ઈ. સ. ૧૫૫૬થી ઈ. સ. ૧૭૦૭નો ગણી શકાય. તેમાં પણ ઔરંગઝેબના સમયને બાદ કરતાં અકબર, જહાંગીર અને શાહજહાં આ ત્રણ રાજવીઓનો ઈ. સ. ૧૫૫૬થી ઈ. સ. ૧૬૫૮ સુધીનો સમય ભારતની પ્રજા માટે સુખ, સમૃદ્ધિ, જાહોજલાલી અને આબાદીનો સમય બની રહ્યો હતો.

## જૈનધર્મનો પ્રભાવ વધારનાર વ્યક્તિઓ અને ઘટનાઓ

મોગલોના સમયમાં, વિશેષ કરીને અકબર, જહાંગીર અને શાહજહાંના સમયમાં, જૈનધર્મ અને જૈન સંઘની પ્રભાવના થાય અને તેના મહિમામાં વધારો થાય તેવાં સત્કાર્યો કરનાર અનેક શાસનપ્રભાવક આચાર્યો અને શ્રાવકો થઈ ગયા. જૈનધર્મનો વિકાસ થાય એવી અનેક ઘટનાઓ એ સમયમાં બની.

જુદા જુદા ગચ્છના તે સમયના વિદ્વાન આચાર્યોની નામાવલી જોઈએ તો જણાશે કે ખરતરગચ્છમાં આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિ અને શ્રી જિનસિંહસૂરિ; અંચળગચ્છમાં આચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરિ; તપગચ્છમાં જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિજી અને એમના પટ્ટધર આચાર્ય શ્રી વિજયસેનસૂરિ, ઉપાધ્યાય શ્રી શાંતિચંદ્ર, ઉપાધ્યાય શ્રી ભાનુચંદ્ર, મુનિ સિદ્ધિચંદ્ર; સાગરગચ્છના આચાર્ય શ્રી રાજસાગરસૂરિ — વગેરેએ આ સમય દરમ્યાન જૈન શાસનનો વિકાસ થાય તેવાં અનેક કાર્યો કર્યાં હતાં.

તે સમયના આગેવાન શ્રેષ્ઠી–શ્રાવકો જોઈએ તો આગરાના કુંરપાળ-સોનપાલની બાંધવબેલડી, બિકાનેરના મંત્રી શ્રી કર્મચંદ બચ્છાવત, જેસલમેરના પીરૂશાહ વગેરેનાં નામો આગળ તરી આવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ અરસામાં બનેલી જૈનધર્મ, તેના તીર્થસ્થાનો,જૈન શાસન અને શ્રીસંઘનો ઉદ્યોત કરનાર અનેક ઘટનાઓમાંથી કેટલીક મુખ્ય ઘટનાઓનો ઉલ્લેખ કરીએ તો, શ્રી શત્રુંજય, ગિરનાર વગેરે તીર્થોના માલિકી–હક્કોનાં અનેક ફરમાનો; જજિયાવેરો, યાત્રાળુવેરો વગેરેની નાબૂદી; અહિંસાપ્રવર્તનના સરકારી આદેશો; શત્રુંજયમાં સવાસોમાની ઊંચામાં ઊંચી ટૂંકની સ્થાપના; ભદ્રેશ્વર અને બીજાં અનેક તીર્થોના જીર્ણોદ્ધાર; અનેક રાજાઓને પ્રતિબોધ વગેરે ઘટનાઓ આપણું વિશેષ ધ્યાન ખેંચે છે.

## નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી

મોગલ રાજસત્તા દરમ્યાનની ભારતની સ્થિતિ અને તે સમયના જૈનધર્મ, જૈનધર્મના વિવિધ આચાર્યો અને શ્રાવકો વગેરે અંગે આટલી માહિતી પૂર્વભૂમિકા રૂપે મેળવ્યા બાદ, અમદાવાદના નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીની યશસ્વી અને ઉજ્જ્વળ કામગીરી અંગે આપણે વિચારીએ તે પહેલાં એ હકીકત ધ્યાનમાં લઈએ કે એમનો જન્મ મોગલ બાદશાહ અકબરના રાજ્યકાળના છેલ્લા એક કે બે દસકામાં થયો હતો, જહાંગીર અને શાહજહાંના સમૃદ્ધિના કાળમાં તેઓ ખૂબ સક્રિય રહ્યા અને છેલ્લા મોગલ રાજવી ઔરંગઝેબના રાજ્યકાળના પહેલા કે બીજા વર્ષમાં તેમનું મૃત્યુ થયું હતું. આ ઉપરથી આપણને એ વાસ્તવિકતાનો તરત જ ખ્યાલ આવી જશે કે, મોગલોના રાજ્ય-શાસનના સુવર્ણયુગ સમા જહાંગીર અને શાહજહાંના સમયમાં — જ્યારે જૈન શાસનનો ઉદ્યોત કરનાર અનેક ગુરુમહારાજો તથા શ્રાવક શ્રેષ્ઠીઓ થઈ ગયા — નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી ખૂબ સક્રિય અને યશસ્વી જીવન જીવી ગયા હતા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શાહી ઝવેરી અને નગરશેઠ

ત્રણ–ચાર મોગલ બાદશાહો સાથે જેમને ઘનિષ્ઠ સંબંધ હતો તેવા શ્રી શાંતિદાસ શેઠને રાજદરબારમાં શાહી ઝવેરી તરીકેનું સ્થાન કેવી રીતે પ્રાપ્ત થયું તે અંગે જુદાં જુદાં પુસ્તકોમાંથી થોડા થોડા ફેરફારોવાળી ઘટનાઓ પ્રાપ્ત થાય છે. આ ઘટનાઓમાં નાની નાની વિગતોમાં તફાવત જોવા મળે છે, પણ તે બધી ઘટનાઓ શ્રી શાંતિદાસ શેઠને રાજદરબારમાં કેવી રીતે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત થયું તેનું સૂચન કરી જાય છે. એટલે આ બધી ઘટનાઓની મદદ વડે શ્રી શાંતિદાસ શેઠને મળેલ શાહી ઝવેરી તરીકેના દરજ્જાનો વિચાર અત્રે કરીશું.

સાથે સાથે શ્રી શાંતિદાસ શેઠને રાજનગર – તે સમયે અમદાવાદને 'રાજનગર' તરીકે પણ ઓળખવામાં આવતું – નું નગરશેઠપદ કેવી રીતે પ્રાપ્ત થયું તે અંગે પણ નાના નાના વિગતભેદોવાળી ઘટનાઓનો અત્રે વિચાર કરીશું અને આ રીતે શ્રી શાંતિદાસ શેઠના રાજદ્વારી વ્યક્તિત્વનો ખ્યાલ અહીં મેળવીશું.

અલબત્ત, શ્રી શાંતિદાસ શેઠના શાહી ઝવેરી તરીકેના વ્યક્તિત્વનો ખ્યાલ આપતી ઘટનાઓ અને તેમને પ્રાપ્ત થયેલ નગરશેઠપદ અંગેની ઘટનાઓ વચ્ચે પણ સંબંધ છે. શાહી ઝવેરી તરીકે સ્થાપિત થયેલા શ્રી શાંતિદાસ શેઠને પોતાની રાજકીય સૂઝ અને રાજદ્વારી વ્યક્તિઓનો વિશ્વાસ સંપાદન કરવાની આવડતના કારણે રાજનગરનું નગરશેઠપદ પ્રાપ્ત થયું હતું એટલે આ બે બાબતો એકબીજા સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલી છે તે અત્રે નોંધવું ઘટે.

## શાહી ઝવેરી

શ્રી શાંતિદાસને રાજદરબારમાં શાહી ઝવેરીનું સ્થાન કેવી રીતે મળ્યું તે અંગે વિવિધ પ્રસંગો નીચે પ્રમાણે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (અ) હીરાનું મૂલ્ય કેટલું ?

શ્રીયુત્ ડુંગરશી ધરમશી સંપટ શ્રી શાંતિદાસ શેઠના રાજદરબાર સાથેના સંબંધની શરૂઆત કેવી રીતે થઈ તે અંગે જે પ્રસંગ નોંધે છે તે જોઈએ.[૧]

અકબરનો રાજદરબાર આગરાના દિવાને આમમાં ભરાયો છે. અવારનવાર અવનવી ચર્ચાઓ અને કોયડાઓ રજૂ કરીને પ્રજાજનોના હીરને તપાસીને યોગ્ય, પ્રભાવશાળી, બુદ્ધિશાળી, વ્યક્તિઓની કદર કરવાના શોખીન બાદશાહ અકબરે આજે, પોતાના ઝવેરીઓ વિમાસણમાં પડી જાય એવો પ્રશ્ન સભા સમક્ષ રજૂ કર્યો છે. બાદશાહે પોતાની પાસે રહેલો એક અમૂલ્ય હીરો સભામાં એકઠા થયેલા હિંદના મશહૂર ઝવેરીઓ સમક્ષ રજૂ કરીને તે હીરાનું ચોક્કસ મૂલ્ય આંકવાનો અને એમ કરીને ઝવેરી તરીકેની પોતપોતાની કાબેલિયત પુરવાર કરવાનો પડકાર ફેંક્યો છે. જેને ઝવેરાત પારખવાનાં શાસ્ત્રોનું પૂરું જ્ઞાન હોય તે જ વ્યક્તિ રાજાને અપેક્ષિત, ચોક્કસ અને યોગ્ય જવાબ આપી શકે.

રાજાનો પ્રશ્ન સાંભળીને ઝવેરીઓ વિચારમાં પડી ગયા. આ હીરાનું ચોક્કસ મૂલ્ય કેટલું ?— એ પ્રશ્ન હીરા પારખવાનું કામ કરનાર ઝવેરીની પોતાની જ પરખ કરે તેવો પ્રશ્ન છે. વળી આજે જોવામાં આવ્યો એવો પાણીદાર હીરો તો આ પહેલાં કોઈ દિવસ ઝવેરીઓના જોવામાં આવ્યો જ ન હતો.

રાજદરબારમાં ભેગા થયેલા બધા ઝવેરીઓ રાજાને શું જવાબ આપવો એ વિમાસણમાં પડી ગયા, તે સમયે એક યુવાન વેપારી આગળ આવ્યો. તેણે શહેરના નામાંકિત ઝવેરીઓ પાસેથી તે હીરો જોવા માગ્યો. હીરાને બરાબર જોઈને એણે તેની જુદી જુદી રીતે પરીક્ષા કરી. કાટલા કાઢીને તેને જોખી જોયો, સૂર્યના તડકામાં અને છાયામાં તેને તપાસી જોયો, ઉપર કાચ મૂકીને તેનું નિરીક્ષણ કર્યું, તેનાં પાસાં જોયાં, ઊંચાઈ–પહોળાઈ માપી જોઈ, એમાં કોઈ એબ કે ખોડખાંપણ તો નથી ને ?– એ પણ તપાસી જોયું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ રીતે હીરાની પૂરેપૂરી ચકાસણી કર્યા બાદ એણે તેની ચોક્કસ કિંમત મનમાં નક્કી કરી લીધી અને હીરાની કિંમત કહેવા માટે શહેનશાહની રજા માગી, અને અનુમતિ મળતાં ઊછરતી ઉંમરના એ ઝવેરીએ એની કિંમત કહી બતાવી. તેનો જવાબ સાંભળીને સમ્રાટ અકબરે આ જવાબ તેણે શાના આધારે આપ્યો તે અંગે પૂછપરછ કરી. જુવાન તે અંગે પણ સ્વયં સ્પષ્ટ જ હતો. તેણે તરત જ પોતાની પાસેથી, રત્નની પરીક્ષા કરવા અંગે અપભ્રંશ ભાષામાં રચાયેલ 'રત્નપરીક્ષામીમાંસા' નામે ગ્રંથ બાદશાહ સમક્ષ ધરી દીધો.

યુવાનની હોશિયારી, રત્નની પરીક્ષાનાં શાસ્ત્રોનું જ્ઞાન, વાત કરવાની ઢબ વગેરેથી બાદશાહ અકબર ખૂબ ખુશ થયો. તેણે પોતાની રાજસભાના ઝવેરીઓને આ નવા, અજાણ્યા, યુવાન ઝવેરી અંગે પૂછપરછ કરતાં તેને જાણવા મળ્યું કે તે અમદાવાદનો વતની છે અને એનું નામ શાંતિદાસ છે. બાદશાહ અકબરે પ્રસન્ન થઈને મહામૂલી કાશ્મીરી શાલ પોતાના હાથે આ યુવાન શાંતિદાસને ઓઢાડી. આમ અકબર બાદશાહની મહેરબાનીથી જ શાંતિદાસને 'પાદશાહી ઝવેરી' તરીકેનું બિરુદ મળ્યું.

આ પ્રસંગ પછી શ્રી શાંતિદાસ ઝવેરીના રાજકુટુંબ સાથેના સંબંધો કેવા વધતા ગયા અને તેમાંથી તેમને નગરશેઠપદ કેવી રીતે પ્રાપ્ત થયું તેની વિગતો આ જ પ્રકરણમાં આપણે આગળ નોંધીશું.

## (બ) ઝવેરમાં કીડાનો પ્રસંગ

રત્નપરીક્ષાનો આવો જ એક પ્રસંગ, આનાથી જરા જુદી રીતે શ્રી મગનલાલ વખતચંદ રજૂ કરે છે[૨] તેઓના જણાવ્યા પ્રમાણે એક વાર દિલ્હીમાં બાદશાહે (અકબર કે જહાંગીર એવું સ્પષ્ટ નામ રજૂ કર્યું નથી) પોતાના દિલ્હીના રાજદરબારના ઝવેરીને બોલાવીને કહ્યું : "અમારી પાસે એક ઝવેર છે તેનું પારખું કરી આપો, અને જો પારખું બરાબર નહીં કરો તો તમારો જીવ લઈશું." તે વખતે તે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઝવેરીને થયું કે હવે આપણું આવી બન્યું. તેમાંથી છૂટવા માટે તેણે રાજાને એવો જવાબ આપ્યો : "અમારા ઝવેરી–મહાજનમાં એક શેઠિયાને ઝવેરનું પારખું કરતાં સારું આવડે છે, એટલે કાલે તેને લઈને આવીશું." આમ કહીને તે ઝવેરી એક દિવસ પૂરતો તો બચી ગયો. ઘેર જઈને તે આવા કોઈ માણુસની શોધમાં ફરે છે ત્યારે તેને આ શાંતિદાસ મળે છે. ઝવેરીએ શાંતિદાસને પૂછયું : "તમે કયા ગામના છો અને શો ધંધો કરો છો ?" ત્યારે શાંતિદાસે ગપ મારી : "અમે ઝવેરીનો ધંધો કરીએ છીએ." આ સાંભળીને ઝવેરીએ શાંતિદાસને રાજા પાસે આવવાની વિનંતી કરતાં શાંતિદાસે હા પાડી. અને ઝવેરી બીજે દિવસે શાંતિદાસને સારાં કપડાં પહેરાવીને રાજદરબારમાં લઈ ગયા. એણે શાંતિદાસને પોતાના ખાસ માણુસ તરીકે ઓળખાવ્યા. બાદશાહે આપેલ ઝવેરને સારી પેઠે તપાસીને શાંતિદાસે જણાવ્યું : "એ ઝવેરમાં તો કીડો છે." અને તે ઝવેરને ભાંગી જોતાં તેમાંથી ખરેખર કીડા જેવો કટકો નીકળ્યો પણ ખરો. બાદશાહે સોનાના કડા ને પાલખી વગેરેનો સરપાવ પણ શાંતિદાસ શેઠને આપ્યો, અને તે પછી શાંતિદાસ બાદશાહના દરબારમાં જતા–આવતા થયા.

આ પ્રસંગ પછી શાંતિદાસ શેઠની વગ રાજદરબારમાં કેવી રીતે વધતી ગઈ અને તેમને અમદાવાદની નગરશેઠાઈ કેવી રીતે મળી તે વાત નોંધતા પહેલાં તેમણે રાજદરબારમાં ઝવેરી તરીકે મેળવેલ સ્થાન માટે પ્રચલિત વધુ એક પ્રસંગની નોંધ લઈએ :

## (ક) "મારી કિંમત કરો"

શ્રી શાંતિદાસ ઝવેરીને રાજદરબારમાં સ્થાન કેવી રીતે મળ્યું તે પ્રસંગ નોંધતાં[3] શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ બાદશાહ તરીકે અકબર નહીં પણ જહાંગીરનો ઉલ્લેખ કરે છે તે ખાસ નોંધપાત્ર છે.

બાદશાહ અકબરના મૃત્યુ બાદ જહાંગીર બાદશાહ ગાદીનશીન થયા પછી શ્રી શાંતિદાસ યુવાન વયમાં દિલ્હી ગયા હતા અને એક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઝવેરીને ત્યાં પોતે ઊતર્યા હતા તે વખતનો આ પ્રસંગ છે. બાદશાહ જહાંગીરે એક વખત પોતાની રાજસભામાં પ્રશ્ન કર્યો : "મારી કિંમત કરો." આવો વિચિત્ર પ્રશ્ન સાંભળીને સભા દંગ થઈ ગઈ. આ સવાલનો તત્કાલ કોઈ જવાબ ન જડવાથી સભામાંથી કોઈકે કહ્યું : "આપ તો એક કીમતી જવાહિર છો અને જવાહિરની કિંમત તો ઝવેરી જ કરી શકે." તેથી ઝવેરીઓને બોલાવીને તેમની સમક્ષ પણ આ જ પ્રશ્ન મૂકવામાં આવ્યો. બાદશાહની કિંમત ઝવેરાતના કયા શાસ્ત્ર અને કયા નિયમોના આધારે કરવી તેની સૂઝ ઝવેરીઓને ન પડવાથી એમણે એક અઠવાડિયાની મહેતલ માંગી. દરમ્યાનમાં યુવાન શાંતિદાસ દિલ્હીમાં જે ઝવેરીને ત્યાં ઊતર્યા હતા તેની પાસેથી આ વાત જાણીને રાજાને જવાબ આપવાની જવાબદારી શાંતિદાસે પોતાને શિરે લઈ લીધી. મુદત પૂરી થતાં ઝવેરીઓ શાંતિદાસને સારાં કપડાં પહેરાવીને રાજસભામાં લઈ ગયા અને બાદશાહના પ્રશ્નના જવાબરૂપે જણાવ્યું : "તમારી કિંમત તો આ નાનો છોકરો પણ (શાંતિદાસ તરફ આંગળી કરીને) દર્શાવી શકે."

પછી શાંતિદાસે રાજાને પૂછયું : "આપની કિંમત સભામાં કરું કે ખાનગીમાં?" રાજાએ સભામાં પોતાની કિંમત કરવાનું કહેતાં શાંતિદાસે ઝવેરાત જોખવાનો કાંટો કાઢીને તેના એક પલ્લામાં એક રતિ મૂકી અને બીજા પલ્લામાં પણ એક રતિ મૂકી. ત્રાજવાનાં બંને પલ્લાં સરખાં થયાં. વળી એક બાજુના પલ્લામાં બીજી એક રતિ મૂકતાં તે બાજુનું પલ્લું નમી ગયું. આ ત્રાજવાને દર્શાવીને શાંતિદાસે બાદશાહને જણાવ્યું : "આપનું મૂલ્ય થઈ ચૂક્યું." બાદશાહને કંઈ સમજ ન પડવાથી જવાબમાં શાંતિદાસે બાદશાહને જણાવ્યું : "આપનું મૂલ્ય રતિ છે, માત્ર રતિ! ત્રાજવામાં બંને પલ્લામાં પહેલાં એક એક રતિ હતી, તે રીતે બાદશાહ અને પ્રજા બધાં મનુષ્યો જ છે, બધાંને એક જ સરખી ઇન્દ્રિયો અને શક્તિઓ છે. પરંતુ, તેમ છતાં, બીજાં બધાં રૈયત છે અને આપ તેમના પર રાજ્ય કરનાર રાજા છો, તો આ અંતર આપનામાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક રતિ વધારે હોવાને કારણે છે. આ એક વધારાની રતિ એટલે ભાગ્ય. બાદશાહ જવાની રતિ – ભાગ્ય – આપનામાં છે અને અમારામાં તે નથી." આ જવાબ સાંભળીને બાદશાહ જહાંગીર ખૂબ પ્રભાવિત થઈ ગયા હતા.

**(ડ) ચાર ગોળાનો પ્રસંગ**

બાદશાહે આ પછી પણ શાંતિદાસની પરીક્ષા કર્યાનો એક અનોખો પ્રસંગ શ્રીયુત્ મોહનલાલ દલીચંદ દેશાઈ આની સાથે જ[૪] નોંધતાં જણાવે છે કે બાદશાહે ચાર ગોળા એવી રીતે બનાવ્યા કે જેથી તે ચારે ય ઉપરથી એકસરખા જ લાગે, પણ વજનમાં એક-બીજાથી ચડે. આ ચાર ગોળા અનુક્રમે જવાહિર, સોનું, ત્રાંબું અને લોઢું – એમ ચાર વસ્તુના બનાવેલા હતા. "આ ચારે ગોળામાં મૂલ્ય-માં ભારે કોણ?" એ પ્રશ્ન પૂછતાં શ્રી શાંતિદાસ શેઠે ચિંતામણિ-મંત્રના પ્રભાવે[૫] જવાહિરનો ગોળો બતાવી આપ્યો. આ જવાબથી પણ બાદશાહ અત્યંત ખુશ થયો.[૬]

**શાહી ઝવેરી શ્રી શાંતિદાસ શેઠ**

શ્રી શાંતિદાસે મોગલ બાદશાહના દરબારમાં શાહી ઝવેરી તરીકેનું સ્થાન કઈ રીતે પ્રાપ્ત કર્યું? તે દર્શાવતા (અ) હીરાનું મૂલ્ય કેટલું? (બ) ઝવેરમાં કીડાનો પ્રસંગ (ક) "મારી કિંમત કરો" અને (ડ) ચાર ગોળાનો પ્રસંગ — આ ચારે ય પ્રસંગોમાં વિગતભેદો ઘણા છે.[૭] આવા પ્રસંગોના વર્ણનમાં કદાચ અતિશયોક્તિ હોય, કલ્પનાના રંગો ભળ્યા હોય તે શક્ય છે, છતાં શાંતિદાસે મોગલ રાજદરબારમાં શાહી ઝવેરી તરીકે મેળવેલ સ્થાનનો નિર્દેશ કરતા આ પ્રસંગોનો અનેક પુસ્તકોમાં જે રીતે ઉલ્લેખ છે તે જોતાં, આવા પ્રસંગો સાવ આધાર વગર, નવલકથાના પ્રસંગોની જેમ, કેવળ કલ્પનાથી જ લખવામાં આવ્યા હોય એમ માનવું વધુ પડતું ગણાય.

શ્રી શાંતિદાસને ક્યા પ્રસંગથી શાહી ઝવેરીનું સન્માન મળ્યું એ વિવાદનો પ્રશ્ન ગણી શકાય અને આ વિવાદનો ઉકેલ મેળવવા માટે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હજુ વધારે ઐતિહાસિક આધારો જરૂરી ગણાય. એટલે એ વિવાદને બાજુએ રાખીએ તો આ બધા પ્રસંગો ઉપરથી, વધુ નહીં તો એટલું તો અવશ્ય સૂચિત થાય છે કે, પોતાની નાની ઉંમરમાં જ શ્રી શાંતિદાસે મોગલ રાજદરબારમાં ઝવેરી તરીકે સારી કુશળતા અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. વળી પોતાનાં વાણી અને વ્યવહાર વડે સામી વ્યક્તિને મુગ્ધ કરવાની આવડતને લીધે અને ઝવેરી તરીકેની હોશિયારીને લીધે તેમણે બાદશાહ અકબરના રાજદરબારમાં નાની ઉંમરથી સ્વપ્રયત્ને જ મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શ્રી શાંતિદાસ શેઠના આવા ઉન્નત વ્યક્તિત્વ માટે શ્રીયુત ડુંગરશીભાઈ સંપટ ઠીક જ લખે છે કે, "એની પ્રસન્ન મુખમુદ્રા, શાંત સ્વભાવ, મીઠી આકર્ષક વાત કરવાની ઢબ અને સજ્જન વ્યવહાર સહુને મુગ્ધ કરતાં હતાં."[૮]

નગરશેઠપદ

જેમ શ્રી શાંતિદાસ શેઠને રાજદરબારમાં ઝવેરી તરીકે સ્થાન મળવા અંગે વિવિધ પ્રસંગો પ્રાપ્ત થાય છે તેમ શ્રી શાંતિદાસ શેઠને અમદાવાદનું નગરશેઠપદ કેવી રીતે મળ્યું તે અંગે પણ એકથી વધુ પ્રસંગો પ્રાપ્ત થાય છે. રાજકુટુંબમાં એક ઝવેરી તરીકે પ્રવેશીને રાજકુટુંબ સાથે ખૂબ ઘનિષ્ઠ સંબંધ બાંધવામાં શ્રી શાંતિદાસ ઝવેરી જે સફળતા પ્રાપ્ત કરે છે તેનું સૂચન આ પ્રસંગો દ્વારા થાય જ છે.

(અ) બેગમ રિસાયા–ઝવેરીમમ્મા–અકબર બાદશાહે નગરશેઠપદ આપ્યું.

'હીરાનું મૂલ્ય કેટલું ?' એ પ્રસંગ નોંધ્યા પછી યુવાન શ્રી શાંતિદાસ ઝવેરી રાજદરબારમાં કેવી રીતે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે છે અને શાહી કુટુંબ સાથે ઘરોબો કેળવીને નગરશેઠપદ કેવી રીતે પ્રાપ્ત કરે છે તે અંગે શ્રીયુત ડુંગરશીભાઈ સંપટ નીચેનો પ્રસંગ નોંધે છે:"

અકબર બાદશાહના રાજદરબારમાં હીરાનું ચોક્કસ મૂલ્ય દર્શાવીને બાદશાહી ઝવેરીનું સ્થાન મેળવ્યા પછી શ્રી શાંતિદાસ ઝવેરી બાદશાહને અવારનવાર ઝવેરાત પૂરું પાડતા. તેમ કરતાં કરતાં તેઓએ, બાદશાહ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અકબરના જનાનખાનામાં, બેગમોના વિશ્વાસુ ઝવેરી તરીકે સારી ચાહના પ્રાપ્ત કરી.

એક વખતની વાત છે. અકબર બાદશાહનાં બેગમ રિસાઈને દિલ્હી છોડીને અમદાવાદ આવ્યાં હતાં. તેઓ બાદશાહને ખબર કર્યા વગર અને બાદશાહની અનુમતિ લીધા વગર જ અમદાવાદ આવ્યાં હતાં, એટલે સૂબા, અમલદાર કે કોઈ રાજદ્વારી વ્યક્તિથી તો તેમની ખાતરબરદાસ્ત કરી શકાય એમ હતું નહીં. શ્રી શાંતિદાસ ઝવેરી આ વખતે અમદાવાદમાં હતા, આથી બેગમસાહેબાની આગતા-સ્વાગતાની જવાબદારી શાંતિદાસ ઝવેરીને સોંપવામાં આવી. સમયસપારખુ શ્રી શાંતિદાસે બેગમસાહેબા માટે પોતાની હવેલી ખાલી કરી આપી અને તેમની તહેનાતમાં અનેક માણસો રોકીને તેમને ખૂબ સુખચેન-પૂર્વક રાખવાની વ્યવસ્થા કરી આપી. આ આગતાસ્વાગતાથી ખુશ થઈને બેગમે શાંતિદાસ ઝવેરીને પોતાના ભાઈ બનાવ્યા અને ભાઈએ પણ ખુશ થઈને બહેન માનેલાં બેગમસાહેબાને ખૂબ જ મૂલ્યવાન એવાં રત્નજડિત કંકણો વીરપસલીમાં ભેટ આપ્યાં.

બેએક માસ પછી દિલ્હીથી અકબર બાદશાહે બેગમસાહેબાને તેડવા માટે પોતાના શાહજાદા સલીમ(જહાંગીર)ને મોકલ્યો. બેગમ અને બાદશાહ વચ્ચે સલીમના ઉચ્છૃંખલ વર્તન બદલ જ ઝઘડો થયો હતો. બેગમની બાદશાહ સામે ફરિયાદ એ હતી કે તેઓ સલીમને સુધારવા માટે વધુ સખ્ત પગલાં લેતાં હતાં. એમાંથી બન્ને વચ્ચે મનદુઃખ ઊભું થયું હતું. પણ છેવટે એનું સમાધાન થતાં સલીમ બેગમને (પોતાની માતાને) તેડવા માટે અમદાવાદ આવ્યો ત્યારે બેગમસાહેબાએ ખૂબ માન અને આદરની લાગણી સાથે શ્રી શાંતિદાસ ઝવેરીની ઓળખાણ સલીમને તેના મામા તરીકે કરાવી. ત્યારથી દિલ્હીના બાદશાહી કુટુંબમાં શ્રી શાંતિદાસ શેઠ 'ઝવેરીમમ્મા' તરીકે ઓળખવા લાગ્યા.

બેગમે દિલ્હી પહોંચ્યા પછી અકબર બાદશાહને શાંતિદાસે પોતાની જે ભવ્ય ખાતરબરદાસ્ત કરેલી તે અંગે વાત કરતાં અકબરે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખુશ થઈને પોતાના દરબારના પ્રથમ પંક્તિના અમીર તરીકે શ્રી શાંતિદાસની નિમણૂક કરી અને પોશાક તથા પાઘડી ભેટ મોકલ્યાં. સાથે સાથે બાદશાહે તે સમયના અમદાવાદના સૂબા આજમખાનને શ્રી શાંતિદાસને અમદાવાદના નગરશેઠ તરીકે સ્થાપવાની આજ્ઞા કરી.

આમ શ્રીયુત ડુંગરશીભાઈ સંપટના જણાવ્યા મુજબ શ્રી શાંતિદાસ ઝવેરીના ઔદાર્ય અને અતિથિસત્કારથી ખુશ થવાને કારણે તેમને અકબર બાદશાહ તરફથી આ શાહી માન પ્રાપ્ત થાય છે.

## (બ) બેગમોના માનીતા ભાઈ—વિદાયવેળાએ નગરશેઠાઈ માગે છે

ઝવેરમાં કીડો દર્શાવનાર શ્રી શાંતિદાસને બાદશાહ સોનાનાં કડાં ને પાલખી વગેરે સરપાવ આપે છે તેમ જણાવ્યા પછી શ્રી મગનલાલ વખતચંદ તેમને નગરશેઠપદ કેવી રીતે પ્રાપ્ત થયું તે વાત રજૂ કરે છે. તેમના જણાવ્યા પ્રમાણે આ પ્રસંગ પછી શ્રી શાંતિદાસ રાજદરબારમાં જતા–આવતા થયા ને બાદશાહના માનીતા થયા. ધીમે ધીમે તેઓ બાદશાહના જનાનખાનામાં પણ પ્રવેશવા માંડયા અને એટલો વિશ્વાસ સંપાદન કર્યો કે બેગમોએ તેમને ભાઈ માન્યા. ઘણા દિવસો ત્યાં રહ્યા પછી શ્રી શાંતિદાસે દિલ્હીમાંથી વિદાય થવાની ઇચ્છા વ્યક્ત કરી ત્યારે પોતાના ભાઈને ઠાલે હાથે જવા ન દેવાના ખ્યાલથી બેગમોએ બાદશાહને શ્રી શાંતિદાસને કંઈક આપવા જણાવ્યું. બાદશાહે તેમની રીતરસમ મુજબ કોઈક ગામ ભેટ આપવાનો વિચાર દર્શાવ્યો, પણ તેને બદલે શાંતિદાસે અમદાવાદની નગરશેઠાઈ માગી કે જેથી અમદાવાદ જેવા મોટા શહેરમાં પોતાનો પ્રભાવ પડી શકે તેવું પદ મળે અને પોતાને પોતાના વતનમાં જવાનો લાભ પણ મળે. વળી આ પદ પોતાના પૂરતું મર્યાદિત ન રહેતાં પોતાનાં સંતાનો અને ભાવી પેઢીઓને પણ વારસામાં મળ્યા કરે તેમ દીર્ઘદૃષ્ટિથી વિચારીને તેમણે કોઈ ગામ ભેટ લેવાને બદલે અમદાવાદની નગરશેઠાઈ માગી. આ ઉપરાંત બાદશાહે તેમને વર્ષે દા'ડે અમુક રૂપિયા બાંધી આપ્યા.[10]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(ક) દીકરીનો સાસરવાસો પૂર્યો-બેગમની આગતાસ્વાગતા કરી-જહાંગીરે નગરશેઠપદ આપ્યું

આ જ પ્રસંગની કેટલીક હકીકતો આપણને મુનિ શ્રી ક્ષેમવર્ધનગણિરચિત 'શ્રી શાંતિદાસ શેઠજીનો રાસ'માંથી પણ પ્રાપ્ત થાય છે. આ રાસમાં જણાવ્યા મુજબ દિલ્હીપતિ અકબરને ત્યાં તેમની બેટી પરણતી હતી. તે વખતે ઝવેરીખાનું પૂરું કરવાનો હુકમ મળતાં શ્રી શાંતિદાસ શેઠે ઉચ્ચ ઝવેરાત ભેટ તરીકે મોકલ્યું. તેનું મૂલ્ય પૂછતાં તેને શાહજાદીનો સાસરવાસો ગણવા શેઠે કહ્યું, આથી બાદશાહ ખૂબ ખુશ થયો. આ વખતમાં બાદશાહની બેગમ કોઈક કારણસર પોતાના જ્યેષ્ઠ શાહજાદા (સલીમ — જહાંગીર)ને લઈને અમદાવાદ ચાલી આવી અને પાતશાહની વાડીમાં ઊતરી. તેની ખાતર-બરદાસ્ત શાંતિદાસે ખૂબ સારી રીતે કરી એટલામાં અકબર બાદશાહ મૃત્યુ પામતાં બેગમ તરત જ શાહજાદાને લઈને દિલ્હી પાછી ગઈ અને શાહજાદો સલીમ 'જહાંગીર' નામ ધારણ કરીને ગાદી પર આવ્યો. શાંતિદાસને તેણે મામા કહ્યા અને એમને રાજનગર(અમદાવાદ)ની સૂબાગીરી સોંપી તથા અમદાવાદના નગરશેઠની પદવી પણ આપી.[૧૧]

આ રાસ જે પુસ્તકમાં પ્રસિદ્ધ થયો છે તે પુસ્તક 'જૈન ઐતિહાસિક રાસમાળા'ની સમાલોચનામાં આ પુસ્તકના સંશોધક શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ જણાવે છે: "શાંતિદાસ શેઠે ઝવેરાતના વ્યાપારી તરીકે જબરી ખ્યાતિ મેળવી છે, તેની સાથે અકબર બાદશાહની બેગમને સહાય કરી જહાંગીર બાદશાહના મામાનું બિરૂદ મેળવ્યું છે. જહાંગીર બાદશાહે 'નગરશેઠ'ની પદવી પણ આપેલ છે."[૧૨]

(ડ) ઔરંગઝેબે નગરશેઠાઈ આપ્યાનો મત

શ્રી શાંતિદાસ ઝવેરીને નગરશેઠપદ અકબર, જહાંગીર કે શાહજહાંએ નહીં પણ મોગલ બાદશાહ ઔરંગઝેબે આપ્યું એવો પણ એક મત પ્રવર્તમાન છે. 'જૈન ઐતિહાસિક રાસમાળા'માં જહાંગીરે શ્રી શાંતિદાસ શેઠને નગરશેઠપદ આપ્યું એવો જે મત ઉપર રજૂ કર્યો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે તેની ટીકા કરતાં 'ગૂજરાતનું પાટનગર અમદાવાદ' પુસ્તકના લેખક શ્રી રત્નમણિરાવ ભીમરાવ જણાવે છે :

"અકબર બાદશાહની બેગમ સાથે એમને એવો ભાઈ જેવો સંબંધ હતો કે જહાંગીર એમને મામા કહેતો અને જહાંગીરે એમને નગરશેઠની પદવી આપેલી એમ જૈન રાસમાલાની સમાલોચનામાં લખ્યું છે. આ વાતને આધાર નથી. શાંતિદાસ શેઠને ઔરંગઝેબના સમયમાં નગરશેઠાઈ મળી હોય એમ લાગે છે"[૧૩]

વળી આ જ પુસ્તકમાં અન્યત્ર પણ તેઓ લખે છે : "અત્યારના નગરશેઠના કુટુંબને શાહજહાં બાદશાહના અંતના સમયથી શેઠાઈ મળેલી છે. એમના મૂળ પુરુષ શેઠ શાંતિદાસ ઔરંગઝેબના રાજ્યની શરૂઆત વખતે નગરશેઠ કહેવાયા."[૧૪]

આમ શ્રી રત્નમણિરાવના મત મુજબ શાહજહાંના અંત સમય અને ઔરંગઝેબના શરૂઆતના સમયમાં, એટલે કે લગભગ ઈ. સ. ૧૬૫૫–૫૭ના અરસામાં, શ્રી શાંતિદાસ શેઠને નગરશેઠપદ પ્રાપ્ત થયું.

## નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી

શ્રી શાંતિદાસ ઝવેરીને નગરશેઠપદ કયા કારણથી, કયા બાદશાહ દ્વારા મળ્યું તેનું સૂચન કરતા આ પ્રસંગોમાં વિગતોના ઘણા ભેદો છે, છતાં એક સમાન સત્ય બધા ય પ્રસંગોમાં છે અને તે એ કે મોગલ રાજદરબારમાં એક ઝવેરી તરીકે પ્રવેશ મેળવનાર શ્રી શાંતિદાસ ઝવેરી, 'ઓસવાલ ભૂપાલ' એ ઉક્તિને સાર્થક કરે તે રીતે, રાજકુટુંબના ખૂબ નિકટના સભ્ય બની જાય છે. અને તેના કારણે, મોગલ બાદશાહની ઉદારતાને કારણે તથા પોતાની વિશિષ્ટ આવડતના કારણે નગરશેઠપદ પ્રાપ્ત કરે છે. આ પદ માત્ર તેમના પૂરતું જ મર્યાદિત ન રહેતાં પેઢી દર પેઢી તેમના વારસદારોને પણ મળે છે.[૧૫]

## કયા બાદશાહે નગરશેઠપદ આપ્યું ?

શ્રી શાંતિદાસ ઝવેરીના નગરશેઠપદ અંગેના આ ચારે ય પ્રસંગોમાં એક વિવાદ એ છે કે કયા મોગલ બાદશાહે તેમને નગરશેઠપદ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપ્યું ? એ પ્રશ્નનો જવાબ ચારે ય પ્રસંગોમાં જુદો જુદો પ્રાપ્ત થાય છે. શ્રીયુત ડુંગરશીભાઈના મત પ્રમાણે ('અ' પ્રસંગ) મોગલ બાદશાહ અકબર દ્વારા તેમને આ પદ પ્રાપ્ત થાય છે. શ્રી મગનલાલ વખતચંદ ('બ' પ્રસંગની) પોતાની રજૂઆતમાં ક્યાં ય મોગલ બાદશાહનું નામ આપતા નથી. 'શ્રી શાંતિદાસ શેઠજીનો રાસ.' ('ક' પ્રસંગ)માં મુનિ *શ્રી ક્ષેમવર્ધનગણિ અકબરની બેગમ શ્રી શાંતિદાસ ઝવેરીને પોતાના* ભાઈ ગણે છે તેથી જહાંગીર તેમને મામા કહે છે તેમ જણાવે છે. અને અકબરનું મૃત્યુ થતાં જહાંગીર તેમને આ પદ આપે છે તેમ જણાવે છે. જ્યારે શ્રી રત્નમણિરાવ ભીમરાવના મત પ્રમાણે ('ડ' પ્રસંગ) છેલ્લા મોગલ બાદશાહ શ્રી ઔરંગઝેબ તેમને નગરશેઠાઈ આપે છે.

આ ચારે ય મતમાં બાદશાહ ઔરંગઝેબના સમયમાં કે શાહજહાંના અંત સમયમાં શ્રી શાંતિદાસ શેઠને નગરશેઠાઈ મળે છે તે મત સાવ વજૂદ વિનાનો છે. વાસ્તવિક હકીકત તો એ છે કે ઈ. સ. ૧૬૫૮ના રાજકીય અંધાધૂંધીના સમયમાં ગૂજરાતની પ્રજાને શાંતિથી રહેવાનો સંદેશો પોતે ગાદીનશીન થયાના થોડાક સમય બાદ જ ઔરંગઝેબ શ્રી શાંતિદાસ ઝવેરી દ્વારા મોકલે છે. વળી શાહજહાં બાદશાહ દ્વારા પણ શ્રી શાંતિદાસ ઝવેરીને મોટી સંખ્યામાં શાહી ફરમાનો પ્રાપ્ત થયાં હતાં.[૧૬] આ હકીકતો એમ દર્શાવે છે કે શાહજહાંના સમયમાં કે તે પહેલાં જ શ્રી શાંતિદાસ ઝવેરી અમદાવાદના નગરશેઠ તરીકે સ્થપાઈ ચૂકયા હશે.

શ્રી મગનલાલ વખતચંદ કોઈ બાદશાહનું નામ આપતા નથી તેથી તેમનો મત સ્પષ્ટ નથી. જ્યારે શ્રી ડુંગરશીભાઈના મત પ્રમાણે અકબર બાદશાહ દ્વારા તેમને આ પદ મળે છે. અને 'શ્રી શાંતિદાસ શેઠજીના રાસ' પ્રમાણે બાદશાહ અકબરનું મૃત્યુ થવાથી પોતાના મામાને જહાંગીર આ પદ આપે છે. આ બંને મત સાચા હોવાની શકયતા એટલા માટે વધુ છે કે આ બંને મતમાં સમયના ગાળાનો કોઈ મોટો વિવાદ નથી. બાદશાહ અકબરના સમયમાં તેમને આ પદ મળ્યું હોય તો પણ તેમના રાજકીય કારકિર્દીના અંત સમયમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ મળ્યું હોય અને મુનિ શ્રી ક્ષેમવર્ધનગણિ જણાવે છે તે પ્રમાણે શ્રી શાંતિદાસ શેઠ બાદશાહ અકબરના માનીતા બન્યા હોય, પરંતુ તેઓ તેમને આ પદ આપે તે પહેલાં જ તેઓ મૃત્યુ પામ્યા હોય, તેથી જહાંગીર પોતાના પ્રિય અને કુશળ એવા 'ઝવેરી મમ્મા'ને આ બિરુદ આપે તે મત પણ સાચો હોવાની શક્યતા છે.

**બાદશાહ નગરશેઠપદ આપે છે કે શ્રી શાંતિદાસ શેઠ આ પદ માગે છે?**

વળી મોગલ બાદશાહ આ બિરુદ શ્રી શાંતિદાસ શેઠને પોતાની રાજીખુશીથી આપે છે કે પછી શ્રી શાંતિદાસ શેઠ આ પદ માગે છે? આ પ્રશ્નના જવાબરૂપે શ્રી મગનલાલ વખતચંદનો મત બીજા ત્રણે ય પ્રસંગો કરતાં જુદો પડે છે. બીજા ત્રણે ય પ્રસંગો તો એક યા બીજા મોગલ બાદશાહે શ્રી શાંતિદાસ શેઠને આ પદ આપ્યાનું જણાવે છે, જ્યારે શ્રી મગનલાલ વખતચંદના મતે બેગમો બાદશાહને પોતાના ભાઈને કાંઈક આપવા વિનંતી કરે છે, ત્યારે બાદશાહ ગામ ભેટ આપવાની વાત કરે છે. તેનો ઇન્કાર કરીને શ્રી શાંતિદાસ શેઠ પોતે અમદાવાદની નગરશેઠાઈ માગે છે. આ મત સાચો હોય તો પણ તેને સાચો માનવાને પૂરતા આધારો આપણને મળતા નથી. પોતાની રજૂઆતમાં મોગલ બાદશાહનું નામ પણ રજૂ કર્યા વગર જે રીતે આ પ્રસંગ શ્રીયુત મગનલાલભાઈ રજૂ કરે છે તે રીતે જોતાં શ્રી શાંતિદાસ શેઠે પોતે નગરશેઠાઈ માગી એ મત સ્વીકાર્ય જણાતો નથી.

**કયા પ્રસંગથી નગરશેઠપદ મળ્યું?**

આ બાબતમાં પણ ચારે ય પ્રસંગોમાં તફાવત છે. રિસાયેલાં બેગમની સારી ખાતરબરદાસ્ત કરનાર શ્રી શાંતિદાસ ઝવેરી જહાંગીરના મામા બને છે અને તેમને અકબર બાદશાહ આ પદ આપે છે એવો મત શ્રીયુત ડુંગરશીભાઈ (અ પ્રસંગમાં) આપે છે. મુનિ શ્રી ક્ષેમવર્ધનગણિ પણ બેગમ રિસાવાના પ્રસંગનો ઉલ્લેખ કરે છે. પરંતુ તે પહેલાં અકબરની બેટીનું ઝવેરખાનું પૂરું કર્યાની વાત પણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેઓ (क પ્રસંગમાં) કરે છે અને સાથે સાથે જણાવે છે કે અકબરનું મૃત્યુ થતાં જહાંગીર તેમને આ પદ આપે છે. બેગમ રિસાયાના બનાવનો આ બંને પ્રસંગોમાં ઉલ્લેખ છે એટલે બંનેની રજૂઆતમાં થોડીક વિગતેનો ભેદ હોવા છતાં (જેમ કે अ પ્રસંગમાં અકબરની દીકરી પરણાવવાનો ઉલ્લેખ નથી તો क પ્રસંગમાં બેગમને રત્નજડિત કંકણ આપ્યાનો ઉલ્લેખ નથી), આ બનાવને આધારભૂત માનવાને કંઈક કારણ મળે છે.

જ્યારે શ્રી મગનલાલ વખતચંદ પણ જનાનખાનામાં જતા-આવતા થયેલા શ્રી શાંતિદાસ શેઠ બેગમોના માનીતા ભાઈ બન્યાની વાતનો ઉલ્લેખ (ब પ્રસંગમાં) કરીને વધુમાં જણાવે છે કે ભાઈને 'ઠાલોમાલો જવા ન દેવાય' તેમ વિચારીને બેગમો બાદશાહ દ્વારા ગામ ભેટ અપાવે છે, પણ શાંતિદાસ શેઠ પોતે અમદાવાદની નગરશેઠાઈ માગે છે. બેગમોની વિશ્વાસુ વ્યક્તિ તરીકે શ્રી શાંતિદાસ ઝવેરીનું અહીં સૂચન થાય છે તેટલું સત્ય આ પ્રસંગમાં છે.

શ્રીયુત રત્નમણિરાવ ભીમરાવ આવા કોઈ પ્રસંગનો ઉલ્લેખ કર્યા વગર ઔરંગઝેબે તેમને નગરશેઠાઈ આપ્યાનો મત (ड પ્રસંગમાં) રજૂ કરે છે તે બિનપાયાદાર જણાય છે.

### તારણ

આ બધા વિવાદોથી પર થઈને એટલું તો અવશ્ય કહી શકાય તેમ છે કે મોગલ બાદશાહ અકબર અને જહાંગીરના સમયમાં જ શ્રી શાંતિદાસ ઝવેરી બાદશાહ અને બેગમોના માનીતા બને છે અને પોતાની આવડત, કુશળતા અને વિશ્વાસ સંપાદન કરવાની શક્તિને પ્રતાપે જ તેમને મોગલ બાદશાહ અકબર કે જહાંગીર તરફથી અમદાવાદના નગરશેઠનું પદ મળે છે.

### વિદ્વાનોનાં મંતવ્યો

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના અતુલનીય રાજકીય વ્યક્તિત્વનો નિર્દેશ કેટલાક અન્ય ગ્રંથોમાં અનેક વિદ્વાનો દ્વારા પણ વિવિધ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રીતે થયો છે. તેનો નિર્દેશ કરીને આ પ્રકરણ સમાપ્ત કરીશું.

## (૧) પૂ. તિલકસાગરજીકૃત 'શ્રી રાજસાગરસૂરિ-નિર્વાણ-રાસ'

જેમ મુનિ શ્રી ક્ષેમવર્ધનગણિએ 'શ્રી શાંતિદાસ શેઠજીને રાસ'ની રચના શ્રી શાંતિદાસ શેઠ અને તેમનાં કુટુંબીજનોની પ્રશસ્તિ માટે કરી છે તેમ શ્રી શાંતિદાસ શેઠ જેમને પોતાના ગુરુ માનતા તેવા શ્રી રાજસાગરસૂરિના નિર્વાણપ્રસંગ નિમિત્તે 'શ્રી રાજસાગરસૂરિ-નિર્વાણરાસ'ની રચના થઈ છે.[૧૭] આ રાસમાં નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના રાજદ્વારી વ્યક્તિત્વનો ખ્યાલ આવે તેવી નીચેની પંક્તિઓ રજૂ થઈ છે :

"દિલ્લીપતિ દરબારિં વારંવાર, જેણિ જગિ જસ લીધો રે;
પાતશાહ ખુશાલ થઈનિં, જેહનિ સિરપા દીધા રે.
હાંરે ભાઈ ગજરથ ઘોડા દીધા રે. દિ૦ ૧૬
સાહ જિહાંગીર પાતશાહ પૂરો, પ્રબલ પ્રતાપિં સૂર રે;
ખૂશાલ થઈનિં જેહનિં પોતિં, દીધું પોતાનું નૂર રે. દિ૦૧૭
—શ્રી રાજસાગરસૂરિ–નિર્વાણ–રાસ, ઢાળ પાંચમી [૧૮]

અર્થાત્ શ્રી શાંતિદાસ શેઠને દિલ્લીપતિએ (અકબરે) ખુશ થઈને સિરપાવ આપ્યો હતો. હાથી, રથ, ઘોડા બક્ષીસ આપ્યા હતા. જહાંગીર બાદશાહે તેમનો ઘણો સત્કાર કર્યો હતો.

## (૨) શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

તેઓ શેઠ શ્રી શાંતિદાસના ઉન્નત વ્યક્તિત્વનો ખ્યાલ આપતાં જણાવે છે : "તે (શ્રી શાંતિદાસ) વેપારી, ઝવેરી અને રાજદરબારના શુભચિંતક હતા."[૧૯]

## (૩) શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના પ્રભાવશાળી રાજદ્વારી વ્યક્તિત્વનો ખ્યાલ આપતાં તેઓ જણાવે છે : "વિક્રમની સત્તરમી સદીના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્તરાર્ધના પહેલા દસકા આસપાસથી અમદાવાદના નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીનો પ્રભાવ દિલ્હી અને ગુજરાતના શાસકો ઉપર, જૈન સંઘમાં તેમ જ પ્રજામાં ધીમે ધીમે વિસ્તરવા લાગ્યો હતો, અને એમની ધર્મ માટેની ધગશ, કાર્યકુશળતા, બાહોશી અને રાજદ્વારી કુનેહને લીધે તેઓ ભારતના જૈન સંઘોના મુખ્ય અગ્રણી બન્યા હતા, અને મુગલ રાજશાસકો પાસે પણ એમનું ઘણું ચલણ હતું."[૨૦]

## (૪) શ્રી ડુંગરશીભાઈ સંપટ

અમદાવાદના પ્રથમ કોટિના વેપારી નાગરિકોમાં શ્રી શાંતિદાસ ઝવેરી પોતે મેળવેલા નગરશેઠપદને કેવી રીતે સાર્થક કરતા અને કેવી કુશળતાપૂર્વક તેઓ કાર્ય કરતા તેનો ખ્યાલ આપતાં શ્રીયુત ડુંગરશીભાઈ સંપટ જણાવે છે : "મહાજનના અગ્રેસર અને નગરશેઠ તરીકેની ફરજો બજાવવામાં એમનો ઘણો સમય જતો. વેપારીઓના પરસ્પરના ઝઘડામાં ઘણું કરી એઓ પંચ તરીકે નીમાતા હતા. વેપારનું ઊંડું જ્ઞાન, સારી સમજાવટ, ન્યાય કરવાની સાદી સમજ અને સ્નેહથી તેઓ અનેક વાંધા, તકરારોનો સંતોષકારક નિવેડો લાવતા હતા. પોતે હજી યુવાન હતા તથાપિ એમનામાં વૃદ્ધો જેવી ગંભીરતા હતી. ધીરજ અને શાંતિથી વિચારપૂર્વક કાર્ય કરતા હતા. અમદાવાદની પાંજરાપોળનો વહીવટ પણ તેઓ જ સંભાળાતા અને નિખાલસભાવે કામ કરતા હતા."[૨૧]

## (૫) શ્રી રત્નમણિરાવ ભીમરાવ

અમદાવાદમા વેપારીઓમાં શ્રી શાંતિદાસ ઝવેરીના અગ્રીમ સ્થાનને બિરદાવતાં પ્રસિદ્ધ વિદ્વાન શ્રી રત્નમણિરાવ પણ જણાવે છે : "અમદાવાદના ઇતિહાસમાં સંતો અને સુલતાનોનું જેવું સ્થાન છે એવું જ ઊંચું સ્થાન અમદાવાદને આબાદ રાખનાર શાહુ-વેપારીઓનું છે. અનેક મોટા મોટા વેપારીઓ આ અમદાવાદ શહેરમાં થઈ ગયા છે........અનેક મોટા વેપારીઓ વિષે આપણે કાંઈ પણ જાણતા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નથી........કેટલાકની થોડીઘણી વિગતો મળે છે. આવા વેપારીઓમાં શેઠ શાંતિદાસ મુખ્ય ગણાય છે. મોગલ સમયમાં એમણે વેપાર, રાજદ્વાર અને જૈન કોમમાં ઘણી કીર્તિ મેળવી છે. સ્વતંત્ર બાદશાહીના સમયના વેપારીઓ માટે કાંઈ હકીકત મળી શકતી નથી. શાંતિદાસ મોગલ સમયના મોટામાં મોટા વેપારી હતા. આ ઉપરાંત એમને મળેલી અમદાવાદની નગરશેઠાઈ અને એ આજ સુધી એમના વંશમાં ચાલી આવે છે એ જોતાં અમદાવાદના ઇતિહાસમાં નગરશેઠ-કુટુંબનું સ્થાન ઘણું ઊંચું છે."[૨૨]

(૬) શ્રી એમ. એસ. કોમિસેરિએટ

તેઓ પોતાનાં પુસ્તકોમાં નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના રાજકીય વ્યક્તિત્વનો ખ્યાલ આપે તેવાં જે ઉચ્ચારણો કરે છે તે ઐતિહાસિક દૃષ્ટિએ ખૂબ મૂલ્યવાન છે.

ગુજરાતના મોગલ સમયના ઇતિહાસનું સવિસ્તર બયાન કરતાં પોતાના પુસ્તક History of Gujaratના બીજા ભાગમાં તેઓ, શ્રી શાંતિદાસ ઝવેરી મોગલ બાદશાહ અકબરના સંપર્કમાં આવેલા તેનો નિર્દેશ કરતાં જણાવે છે: "પરંપરા પ્રમાણે, શાંતિદાસ પોતાની પ્રારંભિક ધંધાકીય કારકિર્દી દરમ્યાન અકબરના સંપર્કમાં આવેલા. જો આ સાચું હોય, અને આ પરંપરાને ખોટું માનવાનું કોઈ કારણ નથી, તો તેમણે એક પછી એક થઈ ગયેલા ચાર બાદશાહોના રાજ-દરબારમાં વિશેષાધિકારવાળું સ્થાન ભોગવ્યું."[૨૩]

આ જ પુસ્તકમાં તેઓ શ્રી શાંતિદાસ ઝવેરીને મળેલ નગરશેઠ-પદનું મહત્ત્વ દર્શાવતાં જણાવે છે: "શાંતિદાસની કારકિર્દી પણ એ હકીકતને કારણે રસપ્રદ છે કે તેઓ લોકઅવાજથી અમદાવાદના પહેલા નગરશેઠ હતા. અને આ પદ તેની સાથે સંકળાયેલ મોભા અને પરંપરાગત કાર્યો સહિત અત્યારના સમય સુધી તેમના કુટુંબમાં ચાલ્યું આવે છે.[૨૪]

પોતાના બીજા પુસ્તક 'Studies in the History of

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Gujarat'માં નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના અતુલનીય વ્યક્તિત્વનો ઉલ્લેખ તેઓ આ રીતે કરે છે: "જૈનદર્શને ગુજરાતમાં સદીઓ દરમ્યાન અનેક ધાર્મિક માર્ગદર્શકો અને ઉપદેશકો પેદા કર્યાં છે કે જેમનાં નામ જૈન જ્ઞાતિ દ્વારા ગૌરવપૂર્વક લેવામાં આવે છે. પરંતુ તેના ગૃહસ્થવર્ગની વ્યક્તિઓમાં એવું એક પણ નામ નથી કે જે શાંતિદાસ ઝવેરીની બરાબરી કરી શકે. જૂની ઐતિહાસિક પરંપરા પ્રમાણે તેમને અમદાવાદના 'નગરશેઠ' કે 'લોર્ડ મેયર'નું પદ ૧૭મી સદીના શરૂઆતનાં વર્ષોમાં મળ્યું હતું એમ માનવામાં આવે છે. મોગલ સામ્રાજ્યના અધિકારી ઉમરાવો સાથે કોઈ પણ જાતનો સંબંધ ન હોવા છતાં, શાંતિદાસ પોતાના વ્યાપારી સંબંધો અને પોતાની વિશાળ સંપત્તિના કારણે, જહાંગીરથી લઈને ઔરંગઝેબ સુધીના એક પછી એક મોગલ બાદશાહોના દરબારમાં પોતાનો પ્રભાવ પાડી શક્યા હતા, કે જેની સામ્રાજ્યમાં ઊંચો દરજ્જો ધરાવતા ઘણા અમીરો અથવા મનસબદારોને અદેખાઈ આવી હોવી જોઈએ."[૨૫]

## પ્રકરણ ચારની પાદનોંધો

૧. જુઓ : (i) 'પ્રપૂ', પૃ. ૯ થી ૧૨, (ii) 'तीसेशा', પૃ. ૬ થી ૭.

૨. જુઓ : 'અઈ', પૃ. ૨૭૨–૨૭૫.

૩. જુઓ : 'જૈરામા', સમાલોચના, પૃ. ૫–૬.

'જૈરામા' પુસ્તકમાં મુનિ શ્રી ક્ષેમવર્ધનગણિવિરચિત 'શ્રી શાંતિદાસ શેઠજીનો રાસ' (મૂળ રાસ અને રાસસાર સાથે) આપવામાં આવેલ છે. આ પુસ્તકની સમાલોચનામાં તેના સંશોધક શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ આ પ્રસંગ નોંધે છે.

અહીં એ પણ નોંધવું ઉપયોગી થશે કે શ્રી મગનલાલ વખતચંદ 'અઈ'માં ઝવેરમાં કીડાને લગતો જે પ્રસંગ નોંધે છે તેની ટીકા શ્રી મોહનલાલ દેસાઈ કરે છે અને કારણ આપતાં જણાવે છે : "બાકી ઝવેરાતની કિંમત કરી કે ઝવેરાતમાં કીડો છે તે જણાવ્યું તે વાત મૂળ રાસમાંથી સુસ્પષ્ટ પ્રાપ્ત થતી ન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોવાથી, તે વિષે વધુ જણાવી હમો મૂળ રાસથી વેગળા જવું યોગ્ય ધારતા નથી." ('જૈનરામા', સમાલોચના, પૃ. ૭)

**નોંધ** – 'જૈરામા'ના આધારે 'ગૂપાઅ'માં પૃ. ૭૩૫ ઉપર શ્રી રત્નમણિરાવ ભીમરાવ પણ આ જ પ્રસંગ નોંધે છે.

૪. જુઓ : 'જૈરામા', સમાલોચના, પૃ. ૬.

'ગૂપાઅ'માં પૃ. ૭૩૫ ઉપર 'જૈરામા'ના આધારે આ પ્રસંગ નોંધવામાં આવ્યો છે.

૫. શ્રી શાંતિદાસ શેઠને ચિંતામણિમંત્રનો પ્રભાવ કઈ રીતે પ્રાપ્ત થયો તે પ્રસંગ આ જ પુસ્તકના 'શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર' નામે આઠમા પ્રકરણમાં નોંધવામાં આવ્યો છે.

૬. 'જૈપર્ઇ'માં પૃ. ૧૨૭ ઉપર આવો જ એક પ્રસંગ નોંધતાં જણાવવામાં આવ્યું છે : "શેઠ શાંતિદાસ ઝવેરી... આગરા ગયા ત્યારે બાદશાહ અકબરે પોતાના રાજદરબારમાં સૌ ઝવેરીઓને બોલાવ્યા હતા. તેમણે ત્યાં મોતીની સાચી પરીક્ષા કરી બતાવી અને તેની વાજબી કિંમત પણ જણાવી મોટી નામના પ્રાપ્ત કરી. તેમને મોગલ દરબારમાં મોટાં માન–સન્માન મળ્યાં અને બાદશાહ અકબરે તેમને પણ ઝવેરીની પદવીથી નવાજ્યા."

આમાં દર્શાવેલ મોતીની પરીક્ષા કર્યાની વાતને બીજે ક્યાંયથી સમર્થન મળતું નથી. તેમ જ કેવા રીતે મોતીના પરીક્ષા કરી તેનો પણ સ્પષ્ટ નિર્દેશ થયો નથી. છતાં અકબર બાદશાહના દરબારમાં તેમને આવા પ્રસંગથી ઝવેરીની પદવી પ્રાપ્ત થઈ તેનું સૂચન મળે છે.

૭. આ વિગતભેદો નીચે પ્રમાણે દર્શાવી શકાય :

(i) શ્રી શાંતિદાસને ઝવેરી તરીકેનું સ્થાન કેવી રીતે મળ્યું તે અંગે ચારે ય પ્રસંગોમાં ત્રિવિધ માહિતી મળે છે. અ પ્રસંગ પ્રમાણે રાજા ઝવેરીઓ સમક્ષ અમૂલ્ય હીરો રજૂ કરીને તેનું મૂલ્ય કરવાનું જણાવે છે, જેમાં યુવાન શ્રી શાંતિદાસ સફળ થાય છે અને ઝવેરી તરીકેનું સ્થાન મેળવે છે. શ્રી મગનલાલ વખતચંદે રજૂ કરેલા ब પ્રસંગ પ્રમાણે રાજા જે ઝવેર રજૂ કરે છે તેમાં કીડો હોવાની વાત શ્રી શાંતિદાસ કરે છે અને ઝવેરી તરીકે ઉચ્ચ સરપાવ મેળવે છે. જ્યારે क પ્રસંગ પ્રમાણે રાજાના વિચિત્ર પ્રશ્ન "મારી કિંમત કરો"નો જવાબ આપવામાં વિચક્ષણ શાંતિદાસ સફળ થાય છે અને બાદશાહ તેનાથી ખુશ થાય છે. ड પ્રસંગ પ્રમાણે એકસરખા જણાતા ચાર ગોળામાંથી શ્રી શાંતિદાસ સૌથી મૂલ્યવાન ગોળો શોધી શકે છે અને બાદશાહની પ્રશંસા પ્રાપ્ત કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(ii) રાજસભાના અટપટા પ્રશ્નનો જવાબ આપનાર શ્રી શાંતિદાસ ક્યાં હતા એ પ્રશ્નનો જવાબ अ પ્રસંગ પ્રમાણે જોઈએ તો યુવાન ઝવેરી તરીકે શ્રી શાંતિદાસ 'આ હીરાનું મૂલ્ય કેટલું ?' એ પ્રશ્ન પુછાયો ત્યારે રાજસભામાં જ હાજર હતા. ब પ્રસંગ પ્રમાણે ઝવેરનું પારખું કરવાનો પ્રશ્ન રાજાએ રાજદરબારના ઝવેરીને કર્યો ત્યારે તેમને તેનો જવાબ ન જડવાથી અને અચાનક શ્રી શાંતિદાસ સાથે મેળાપ થવાથી તેમને આ પ્રશ્નનો જવાબ આપવા આગળ કરે છે. જ્યારે क પ્રસંગ પ્રમાણે શ્રી શાંતિદાસ કોઈ ઝવેરીને ત્યાં ઊતરે છે અને ઝવેરી રાજાની કિંમત કરવાના પ્રશ્નથી મૂંઝાય છે ત્યારે પોતાની વિચક્ષણ બુદ્ધિથી તેમની વહારે જાય છે. ड પ્રસંગમાં શ્રી શાંતિદાસ પોતે રાજદરબારમાં હતા કે કોઈ ઝવેરીને ત્યાં હતા તેનો ઉલ્લેખ નથી.

(iii) શ્રી શાંતિદાસ ઝવેરીને કયા મોગલ રાજાના દરબારમાં શાહી ઝવેરીનું સ્થાન પ્રાપ્ત થયું એ પ્રશ્નના જવાબમાં પણ મતભેદ છે. अ પ્રસંગ પ્રમાણે શ્રીયુત ડુંગરશીભાઈ સંપટ અકબર બાદશાહનું નામ આપે છે. ब પ્રસંગ રજૂ કરતાં શ્રી મગનલાલ વખતચંદ કોઈ પણ રાજાનું નામ આપતા નથી. क અને ड પ્રસંગમાં શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ જહાંગીરનો ઉલ્લેખ કરે છે.

આમાં જહાંગીરના રાજદરબારમાં શ્રી શાંતિદાસને ઝવેરી તરીકેનું માન પ્રાપ્ત થાય છે તે મતના બદલે બાદશાહ અકબરના રાજદરબારમાં યુવાન વયે શ્રી શાંતિદાસ ઝવેરી તરીકેનું સ્થાન પ્રાપ્ત કરે છે તે મત સાચો જણાય છે. [ જુઓ : (i) 'પ્રપૂ', પૃ. ૯; (ii) 'જૈપઈ', પૃ. ૧૨૭.]

૮. 'પ્રપૂ', પૃ. ૯

૯. જુઓ : (i) 'પ્રપૂ', પૃ. ૧૩ થી ૧૭; (ii) 'તીસેશા' પૃ. ૭ થી ૯. (તેમાં બેગમનું નામ જોધાબાઈ આપવામાં આવ્યું છે.)

૧૦. 'અઈ' પુસ્તકમાં પૃ. ૨૭૪–૨૭૫ ઉપર આ પ્રસંગ રજૂ થયો છે. તે સમયની ગુજરાતી ભાષાના નમૂના તરીકે આ લખાણ રસપ્રદ બની શકે તેવું હોવાથી તેનો ઉતારો અહીં આપ્યો છે :

"પછી સાંતીદાસ બાદશાના દરબારમાં આવતા જતા થઆ ને બાદશાના માંનીતા થઆને રેહેતાં રેહેતાં તેમના જનાનખાનાંમાં જવા લાગા ને રાંણીઓને બેહેન કહીને બોલાવી. પછી દાહાડે દાહાડે હેત વધતું ગયું. રાણીઓએ પોતાના સગા ભાઈ કરતાં સાંતીદાસને વાલે ગણવા માંડયા. સાંતીદાસ તાંહાં ઘણા દાહાડા રહ્યા પછી રાંણીઓને કહીઉં કે એ બહેનો હવે હું તો અહીંઆંથી જઈશ. તારે

બેહેનોએ કહીઉં કે અહીઆંથી જવાએ નહીં. તમારે તો અહીઆં જ રેહેવું. એ પ્રમાણે ઘણું ઘણું કહીઉં, પણ સાંતીદાસ તો હઠ લેઈને બેઠો કે માહારે તો જવું ને જવું. તાહારે રાંણીઓએ કહીઉં કે તું માહારો ભાઈ કેહેવાઓ તેથી તહને ઠાલેમાલો જવા દઈએ એ તો કાંઈ ઠીક નહીં. માટે તમે થોડા દાહાડા સબુર ખમોને અમને બાદશાને કેહેવા દો. પછી તેઓ બાદશાંને કહીઉં કે અરે ભાઈ સાંતીદાસ જાએ છ તેમને કાંઈ વીદાયગરી આપવી નેં એવી આપવી કે તે વંશ પરમપુરા ચાલે તારે બાદશા બોલો કે કંઈ ગામ આપો. સાંતીદાસને ગાંમ આપવા માંડાં તે લીધાં નહીં. ને કહીઉં કે સાહેબ અમારે ગાંમ ના જોઈએ. અમે વાંણીઆ ભાઈ. બાદશા બોલા તારે તે તમારે શું જોઈએ. સાંતીદાસે વીચારુ કે અમદાવાદ શેહેર જેવું બીજું શેહેર કોઈ નથી માટે એ શેહેરની નગરશેઠાઈ લેઉ તો ઠીક. નેં વળી આપણા વતનમાં પણ આવીશું એવું ધારીને અમદાવાદની નગરશેઠાઈ માગી તારે બાદશાએ નગરશેઠાઈ આપીને વરશે દાહાડે રૂપૈઆ બાંધી આપી તે શીવાએ બીજું આપવું હશે તે આપી વદાએ કીધા. સાંતીદાસ પછી અમદાવાદ આવીનેં વશા.”

‘અમદાવાદનો ઇતિહાસ’ નામે ઈ. સ. ૧૮૫૧માં લીથો પ્રેસમાં છપાયેલ આ પુસ્તકનું મહત્ત્વ, આજે તેના પ્રકાશનને સવાસો કરતાં ય વધુ વર્ષ થવા છતાં બિલકુલ ઘટ્યું નથી તેની પ્રતીતિ આપણને ઈ. સ. ૧૯૭૭માં ગુજરાત વિદ્યાસભાએ પ્રકાશિત કરેલ તેની બીજી આવૃત્તિ જોતાં થાય છે.

ઈ. સ. ૧૮૫૦માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (અત્યારની ગુજરાત વિદ્યાસભા)એ એક ઠરાવ કરીને ‘અમદાવાદનો ઇતિહાસ’ લખવા માટે ૫૦ રૂ.નું ઇનામ બહાર પાડ્યું. આ ઇનામ પ્રસ્તુત પુસ્તકના લેખક અને તે સમયની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના સહાયક મંત્રી શ્રી મગનલાલ વખતચંદ શેઠને ફાળે ગયું અને આ ઇતિહાસનું પ્રકાશન ઈ. સ. ૧૮૫૧માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ કર્યું.

આ પુસ્તકના લેખક શ્રી મગનલાલ વખતચંદ સાચા અર્થમાં સંશોધક હતા. તેમણે આ પુસ્તકમાં અમદાવાદના હુન્નર–ઉદ્યોગો, શિલ્પ–સ્થાપત્ય, અમદાવાદની નાની–મોટી પોળો, તેમાં રહેતા લોકો અને તેમની જ્ઞાતિ તથા ધંધા વગેરેની ઘણી માહિતી આપી છે.

૧૦. જુઓ : ‘જૈરામા’, નિવેદન, પૃ૦ ૯.

આ જ પુસ્તકમાં ‘શ્રી શાંતિદાસ શેઠજીનો રાસ’માં બીજી ઢાળમાં આ પ્રસંગો આ રીતે રજૂ થયા છે —

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"દિલ્હીની પાદશાહસુતા, હું. પરણાવે ધરી પ્યાર રે; હું.
(હું વારી લાલ)
જવેરીખાનું પૂરૂં નહિ, હું. હુકમ કર્યો તેણી વાર રે. હું. ત્રેપનમે. ૨૦
પણ ન મળે તે શું કરે, હું. અહવે લઈ સામાન રે; હું.
શાંતિદાસ તીહાં જઈ, હું. મુકી ભેટ પ્રધાન રે. હું. ત્રે. ૨૧
વસ્તુ અમુલખ દેખીને, હું. ખુશી થઈ કહે તેહ રે; હું.
રયું લેશ્યો તુમે દાખવો, હું. સાસરવાસો એહ રે. હું. ત્રે. ૨૨
અકબ્બર બેગમ પુત્ર લેઈને, હું. નાઠિ કોઈ પ્રકાર રે; હું.
પાતશાહ વાડીમાં ઉતરી, હું. કોઈ ન લીધી સાર રે; હું. ત્રે. ૨૩
સહસકરણ સુત ચાકરી, હું. ખબર અંતર રાખી ઘણી હું;
તસ ભાગ્યે થયું ભવ્ય રે, હું. ત્રે. ૨૪
અકબ્બર મરણની વારતા, હું. સાંભળી દેશવિદેશ રે; હું.
રાજા લેઈ સુત શું તિહાં, હું. બેગસ ગઈ તેણે દિશ રે. હું. ત્રે. ૨૫
પદવી પાદશાહની લઈ, હું. જહાંગિર શલીમ શાહ રે; હું.
તિણે મામુએ શેઠજી, હું. કહ્યા ધરી ઉત્સાહ રે; હું. ત્રે. ૨૬
પૂરવે એ પિણ વારના, હું. કારણ દોય ચાર રે; હું.
અંતર ગણે નહિ શેઠથી, હું. તુમ ઉપગારે સુખધાર રે; હું. ત્રે. ૨૭
માંમુએ કુમરી તણા, હું. તુંમે આજથી એહ રે; હું.
રાજનગર સુઆગરી, હું. સોંપિ તુમગુણ ગેહ રે; હું. ત્રે. ૨૮
રાજા રાજ પ્રજા સુખી, હું. નગરશેઠપદ દીધ રે; હું.
ચતુરંગી સેના વળી, હું. રાજ સમોવડ કીધ રે; હું. ત્રે. ૨૯

—'જૈરામા', શ્રી શાંતિદાસ શેઠજીનો રાસ, પૃ. ૫–૬

૧૨. 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૨

૧૩. 'ગૂપાઅ', પૃ૦ ૭૩૪

૧૪. 'ગૂપાઅ', પૃ૦ ૫૬૨

૧૫. શ્રી શાંતિદાસ ઝવેરીને અમદાવાદનું નગરશેઠપદ મળ્યા પછી તેમના જ કુટુંબના તેમના વારસદારો નીચેના ક્રમમાં અમદાવાદના નગરશેઠપદના અધિકારી બને છે :

નગરશેઠ શ્રી લક્ષ્મીચંદ
નગરશેઠ શ્રી ખુશાલચંદ
નગરશેઠ શ્રી નથુશા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નગરશેઠ શ્રી વખતચંદ
નગરશેઠ શ્રી હેમાભાઈ
નગરશેઠ શ્રી પ્રેમાભાઈ
નગરશેઠ શ્રી મણિભાઈ પ્રેમાભાઈ
નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈ
નગરશેઠ શ્રી ચમનલાલ લાલભાઈ
નગરશેઠ શ્રી વિમળભાઈ મયાભાઈ

૧૬. આ માટે જુઓ આ જ પુસ્તકનું 'નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને પ્રાપ્ત થયેલ ફરમાનો' નામે પ્રકરણ નંબર નવ.

૧૭. શ્રી રાજસાગરસૂરિ અને શ્રી શાંતિદાસ શેઠના ઘનિષ્ઠ સંબંધો અને અન્ય વિગતો માટે જુઓ આ જ પુસ્તકનું 'પોતાના ગુરુને આચાર્યપદવી' નામે પ્રકરણ નંબર ૭.

'શ્રી રાજસાગરસૂરિ–નિર્વાણરાસ'ની રચના શ્રી શાંતિદાસ શેઠના મૃત્યુ પછી તરતના સમયમાં જ, લગભગ પાંચ-સાત વર્ષની અંદર જ, થઈ છે એટલે તેમાં રજૂ થયેલી વિગતો વધુ આધારભૂત માની શકાય તેમ છે.

આ રાસ અને તેનો સાર 'ઐગૂકાસં' પુસ્તકમાં રજૂ થયા છે.

૧૮. 'ઐગૂકાસં', પૃ૦ ૫૧–૫૨

૧૯. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે—

"He was 'a merchant and a jeweller and a well-wisher of the court'." ('SFSJ', The Modern Review, July 1930, p. 29)

૨૦. 'આકપેઇ', પૃ૦ ૫૫

૨૧. 'પ્રપુ.', પૃ૦ ૧૮

૨૨. 'ગૂપાઅ', પૃ૦ ૭૩૩

૨૩. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે —

"According to tradition Shantidas's early professional career had brought him into contact with Akbar. If this is true, and there is no reason to discredit the tradition, he enjoyed a privileged position at the court of four successive Emperors." ('HOG', Vol. II, p. 148)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૪. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે —

"The career of Shantidas is also interesting for the fact that he was the first Nagarsheth of Ahmedabad by popular voice, and that this title, with its attached status and conventional functions was handed down in his family." ('HOG', Vol. II, p. 140)

૨૫. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે —

"Jainism has produced in Gujarat in the course of centuries many distinguished religious guides and teachers whose names are held in high reverence by the community. But among its temporal magnates there is no name which can equal that of Shantidas Jawahari, who is said to have received, according to an old historical tradition, the title of Nagarsheth or 'Lord Mayor' of Ahmedabad in the early years of the seventeenth century. Without any connection with the official nobility of the Mughal Empire, Shantidas was able to exercise, by virtue of his business connections and his vast riches, an influence at the court of successive Mughal Emperors from the time of Jahangir to the accession of Aurangzeb which must have been envied by many an exalted amir or mansabdar of the Empire." ('SHG', p. 53)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૫

# સંઘપતિ શ્રી શાંતિદાસ

પિતા સહસ્રકિરણ ખાલી હાથે, નજીવી મૂડી લઈને કપરા કાળમાં મેવાડ છોડીને, અમદાવાદમાં આવ્યા ને પોતાની આવડત અને નસીબની યારીના જોરે ટૂંક સમયમાં જ ઝવેરી તરીકે ખૂબ કામિયાબ નીવડ્યા. તેમની પહેલી પત્ની કુમારીથી થયેલ વર્ધમાન અને બીજી પત્ની સૌભાગ્યદેવીથી થયેલ શાંતિદાસ—આ બંને સંતાનોએ પોતાના પિતાના ધંધા–રોજગારને વિકસાવવાનું કાર્ય નાની ઉંમરમાં જ ઉપાડી લીધું હતું.

**શેઠશ્રી શાંતિદાસની ધંધાકીય કારકિર્દી**

શેઠશ્રી શાંતિદાસે પોતાની આવડત અને આકર્ષક વ્યક્તિત્વના આધારે રાજદરબારમાં જે માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું, અમદાવાદના નગરશેઠ તરીકેનું જે પદ પ્રાપ્ત કર્યું હતું તે તો આપણે જોયું જ. પરંતુ રાજદરબારમાં ઝવેરી તરીકે સારી નામના મેળવવા માત્રમાં જ તેમના ઝવેરાતના ધંધાની સિદ્ધિ સમાઈ જતી નથી. તેમણે તો પોતાનો ઝવેરાતનો ધંધો ભારતનાં મોટાં મોટાં શહેરો ઉપરાંત પરદેશમાં પણ વિકસાવવા માંડ્યો હતો. અને આ કાર્યમાં વર્ધમાન અને શાંતિદાસ બંને ભાઈઓ સંપીને કાર્ય કરતા હોવાથી આ ધંધો થોડા સમયમાં ખૂબ ફૂલ્યોફાલ્યો હતો.

અનેક સ્થળોએ વિકાસ પામેલા આ ધંધા અંગે માહિતી આપતાં 'શ્રી રાજસાગરસૂરિ-નિર્વાણરાસ'માં જણાવાયું છે કે —

"રાજનગર અનિં બર્હાનપુર, વીજાપુર લગઈ ભાઈ રે;
દિલ્હી આગરા સીંધલ સિમાણા, તાં લગઈ સૂર સવાઈ રે." (૨૩)

ઢાળ ૫, કડી ૨૩

અર્થાત્ અમદાવાદ, બુર્હાનપુર, વીજાપુર, દિલ્હી, આગરા અને સિંધ વગેરેના રાજદરબારોમાં તેની ઘણી ખ્યાતિ ફેલાયેલી હતી.[1]

૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી રત્નમણિરાવ શેઠશ્રી શાંતિદાસ ઝવેરીના બહોળા વેપારની નોંધ લેતાં જણાવે છે: "—એ (શાંતિદાસ) મોટા સાહસિક વેપારી પણ હતા. ઝવેરાતનો વેપાર એમનો મુખ્ય ધંધો હતો, પણ પાછળથી બધામાં વેપાર કરતા એમ જણાય છે. અમદાવાદના શરાફોના એ શિરોમણિ હતા....વેપારમાં અમદાવાદ ઉપરાંત સુરત, બુરહાનપુર, બીજાપુર, દિલ્હી, આગરા, સિંધલ અને સિમાણા વગેરેમાં એમની પેઢીઓ અગર આડતો હતી."[૨]

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીએ પોતાના ભાઈ વર્ધમાન સાથે સંપીને કાર્ય કરવા માટે વ્યવસ્થા એ પ્રકારની ગોઠવી હતી કે શ્રી શાંતિદાસ પોતાના ધંધારોજગારને લગતાં બહારનાં કાર્યો સંભાળતા હતા, જ્યારે વર્ધમાન શેઠ પેઢીનો વહીવટ સંભાળવાનું કાર્ય કરતા હતા. ધંધાર્થે ગામ-પરગામ ફરવું, રાજકારણનાં અને જાહેર હિતોને લગતાં કામો કરવાં એ શ્રી શાંતિદાસનો નિત્યક્રમ હતો.[૩]

## વેપારી તરીકે ઉચ્ચ સ્થાન

વેપારી તરીકે તેમણે જે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું હતું તેની નોંધ લેતાં શ્રી એમ. એસ. કોમિસેરિયેટ યોગ્ય શબ્દોમાં જ જણાવે છે: "જહાંગીર અને શાહજહાંના સમયમાં સક્રિય જીવન જીવી જનાર, અમદાવાદના જૈન સિતારા શાંતિદાસ ઝવેરીને તેમની નાણાં ધીરનાર તરીકેની અને ધંધાની દૃષ્ટિએ ઝવેરી તરીકેની મહાન આવડતે તેમને દિલ્હીના રાજદરબારમાં નોંધપાત્ર ગૌરવ અને લાગવગ મેળવવા માટે શક્તિમાન બનાવ્યા હતા. તેમણે જે ઉચ્ચ સામાજિક દરજ્જો પ્રાપ્ત કર્યો હતો તેનાથી એ સાબિત થતું હતું કે ૧૭મી સદીના, ખાસ કરીને ગુજરાત પ્રદેશનાં મુખ્ય શહેરોના હિંદુ વેપારીઓ અને નાણાં ધીરનારાઓ તેમના વેપાર અને વાણિજ્યમાં રોજિંદા કાર્યો કરવા માટે સર્વથા મુક્ત હતા, અને ઉચ્ચ રાજકીય અને વહીવટી પ્રવૃત્તિથી અળગા રખાયા હોય તો પણ તેઓ ખૂબ ધન તો એકઠું કરી જ શકતા."[૪]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ધર્મપરાયણ વેપારી

શ્રી શાંતિદાસ ઝવેરીના એક વેપારી તરીકેના આ વર્ણન પરથી કોઈ રખે એમ માની લે, કે તેઓ માત્ર ધન કમાનાર અને પોતાનું જ હિત જોનાર વ્યક્તિ હતા. ઊલટું, તેમણે રાજદરબારમાં જે સત્તા મેળવી હતી તે સત્તાનો ઉપયોગ પોતાના ધર્મના તથા પ્રજાના વિકાસમાં કેવી રીતે થઈ શકે તેનો વિચાર તેઓ સતત કર્યા કરતા. અને આ વિચારના પરિણામરૂપે તેઓ પ્રજાના હિતને સાધવા માટે નક્કર કાર્યો પણ કરતા હતા. ઓસવાલ વંશના વંશજ હોવાના નાતે આ પ્રકારનાં વિચારો અને કાર્યો તેમના માટે સહજ અને સ્વાભાવિક હતા એમ પણ કહી શકાય. શ્રી કોમિસેરિયેટના શબ્દોમાં કહીએ તો, "શાંતિદાસ ખૂબ ધર્મપરાયણ જૈન હતા અને પોતાની શ્રદ્ધા સાથે સંકળાયેલા હેતુઓ માટે પોતાનાં વિશાળ સાધનોનો તેમણે છૂટથી ઉપયોગ કર્યો હતો."[૫]

અન્યત્ર પણ શ્રી કોમિસેરિયેટ વેપારીઓમાં અગ્રેસર એવા શેઠશ્રી શાંતિદાસના ધાર્મિક પાસાનો પરિચય આપતાં જણાવે છે: "પોતાની સુદીર્ઘ અને સક્રિય કારકિર્દી દરમ્યાન શાંતિદાસે ભારતભરમાં, ધાર્મિક અને ઔદ્યોગિક – બંને હેતુઓ માટે, ખૂબ પ્રવાસ ખેડયો જણાય છે; કારણ કે તેઓ તેમના સમયના આગળ પડતા ઝવેરીઓ અને નાણાં ધીરનારાઓમાંના જ એક ન હતા, પરંતુ એક ચુસ્ત જૈન નેતા તરીકે જૈનધર્મનાં પવિત્ર તીર્થોની વારંવાર યાત્રા કરવી તેને તેઓ પોતાની ફરજ સમજતા હતા."[૬]

## રાજા અને પ્રજા સાથેના તેમના સંબંધો

શ્રેષ્ઠિશ્રી શાંતિદાસ રાજા તેમ જ પ્રજા બંને સાથે જે પ્રકારના સંબંધો રાખતા, તે અંગે વિશેષ માહિતી આપણને શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઈ આ રીતે આપે છે: "....શાંતિદાસને પ્રજા સાથે ઘણો ઉદાર અને વિશાલ સંબંધ હતો, તેમજ રાજાઓનો અને ઠેઠ બાદશાહનો આશ્રય ઘણો હતો. જેની પાછળ સમગ્ર પ્રજા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે, અને જે પ્રજાનું જ કલ્યાણ, રક્ષણ કરવા સર્વદા તન, મન, ધનથી તત્પર રહે છે, તેમને પછી રાજ્ય–અમલદારો, તેમ જ રાજ્યાધીશ પૂર્ણ માન આપે જ એમાં કંઈ આશ્ચર્ય નથી. પ્રજાના હિતની સાથે જે રાજ્યનું પણ ભલું ચાહે છે, તે રાજ્ય અને પ્રજા બંને તરફથી માન–મરતબો મેળવે છે. અને આવી રીતે બન્નેનું ભલું ચાહનાર જગતમાં કોઈ વિરલા જ હોય છે."[૭]

શ્રી કૃષ્ણલાલ મો. ઝવેરી પણ તેમના વ્યક્તિત્વના આ પાસા પર પ્રકાશ ફેંકતાં જણાવે છે : "તેઓ રાજા અને પ્રજા બંને દ્વારા એકસરખું માન પામ્યા હતા."[૮]

## ભાવિક શ્રાવક શ્રી શાંતિદાસ ઝવેરી

શેઠશ્રી શાંતિદાસ ઝવેરી પોતે એક શ્રાવક હતા. અને શ્રાવક હોવાના નાતે તેઓ શ્રાવકના ધર્મો યોગ્ય રીતે પાળતા હતા, તેનો ખ્યાલ શ્રીયુત ડુંગરશીભાઈ સંપટ આપણને આ શબ્દોમાં આપે છે : "એક ભાવિક શ્રાવક તરીકે એઓ નિયમિત ઉપાશ્રયે જઈ ગુરુનો ઉપદેશ સાંભળતા હતા. વ્રતો, પચ્ચખાણો કરતા અને ગુરુભક્તિમાં અતિ ઉત્સાહથી ભાગ લેતા....શાંતિદાસ શેઠે અમદાવાદ, રાધનપુર, ખંભાત, સુરતમાં ખરતરગચ્છના ઉપાશ્રયો બંધાવેલા અને પદવીપ્રદાન-મહોત્સવમાં પુષ્કળ દ્રવ્ય ખર્ચેલ હતું."[૯]

આના પરથી આપણને ખ્યાલ આવે છે કે એક સફળ વેપારી, ઝવેરી, શરાફ, રાજકારણી હોવા છતાં તેઓ અગ્રણી જૈન શ્રાવક પણ હતા. પોતાને મળેલા ધનનો જૈન ધર્મના વિકાસ માટે ઉદારતા-પૂર્વક સદ્વ્યય કરવાનું તેઓ ચૂકતા ન હતા.

## પ્રથમ ધાર્મિક પ્રસંગ

શેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના જીવનના સૌ પ્રથમ ધાર્મિક પ્રસંગનો ઉલ્લેખ કરતાં પ્રસિદ્ધ ઇતિહાસકાર શ્રી કોમિસેરિયેટ જણાવે છે : "'શ્રી ચિંતામણિ પ્રશસ્તિ'[૧૦]માં નોંધવામાં આવ્યું છે તે મુજબ સંવત ૧૬૬૯ (ઈ. સ. ૧૬૧૨–૧૩)માં શ્રી શાંતિદાસે શત્રું-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જયમાં મહુસનાથ(?)ની મૂર્તિની પ્રતિષ્ઠા કરી હતી."[૧૧]

આમાં ઉલ્લેખ છે તે પ્રમાણે સંવત ૧૬૬૯ (ઈ. સ. ૧૬૧૨–૧૩)ની શત્રુંજયની પોતાની યાત્રા દરમ્યાન શત્રુંજય પર્વત પર જીર્ણ થઈ ગયેલાં દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવવાની વ્યવસ્થા તેઓ કરતા આવેલા. ઈ. સ. ૧૬૧૮માં આ કામ પૂરું થઈ ગયાની ખબર પડતાં તેમણે પોતાના ગુરુ શ્રી મુક્તિસાગરજીને આ અંગે વાત કરતાં, પૂ. શ્રી મુક્તિસાગરજીએ સંઘ સાથે પાલીતાણા જઈને પ્રતિષ્ઠા કરવાનો આદેશ આપ્યો, એટલે શ્રી શાંતિદાસ શેઠે પોતાના ભાઈ વર્ધમાન શેઠની સંમતિ મેળવીને શ્રી સિદ્ધાચલજીનો સંઘ કાઢવાનો નિર્ણય કર્યો. આ પ્રસંગની વિગતોથી માહિતગાર થઈએ.[૧૨]

## શ્રી સિદ્ધાચલજીનો સંઘ

તે જમાનામાં સંઘ કાઢવો એ આજના જેટલું સરળ કામ ન હતું. આજના જેટલાં સગવડનાં સાધનો ત્યારે ન હતાં, પાકા રસ્તા ન હતા, માર્ગમાં ચોર, લૂંટારા, ડાકુઓનો ભય હતો. તેવે વખતે અમદાવાદથી છ 'રી' પાળતો સંઘ કાઢીને શ્રી શત્રુંજય પહોંચવું એ ખૂબ વ્યવસ્થાશક્તિ માગી લે એવું કામ હતું. રાજદરબારમાં બાદશાહ સાથે પોતાના જે ગૌરવભર્યા સંબંધો હતા તેનો ઉપયોગ કરીને આ કામને તેમણે કંઈક અંશે આસાન બનાવી દીધું હતું.

તેમણે તે વખતના બાદશાહ જહાંગીર પાસેથી, માર્ગમાં આવતા જુદા જુદા પ્રદેશોના સૂબાઓને આ સંઘને મદદ કરવા માટેની આજ્ઞા આપતા આજ્ઞાપત્રો મેળવ્યા હતા. અમદાવાદના તે વખતના સૂબા આજમખાને શ્રી શાંતિદાસ શેઠને સંઘ માટેની વ્યવસ્થાનો બંદોબસ્ત કરી આપવાનું જણાવ્યું હતું. અને તે મુજબ રક્ષણ માટે પાંચસો માણસોનું સૈન્ય આપ્યું હતું.

સંઘની સાથે સેંકડો તંબૂઓ રાખવામાં આવ્યા હતા, કે જેથી એક જગાએ મુકામ હોય તે વખતે તેની આગળના મુકામે તૈયારી થઈ શકે. શ્રી શાંતિદાસ શેઠે લગભગ ત્રણેક હજાર જેટલાં ગાડાંઓ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તૈયાર કરાવ્યાં હતાં. આશરે પંદરેક હજાર માણુસો માટે ઉતારો, રસોઈ વગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી. વળી પોતાની સાથે સાધુ–સાધ્વીઓનો જે મોટો સમુદાય હતો તેને દેવદર્શન–પૂજનનો લાભ મળે એટલા માટે એક જિનાલયની પણ, સંઘ સાથે, સગવડ રાખવામાં આવી હતી.

આટલા લાંબા સમયની મુસાફરીમાં માર્ગમાં કોઈ સાજા–માંદા થાય તે બનવાજોગ છે એમ વિચારીને, માર્ગમાં સારવાર માટે વૈદ્યો સાથે રાખ્યા હતા. માર્ગમાં ગાડાં પસાર થઈ શકે એવા રસ્તાઓ જ્યાં ન હતા, ત્યાં નવા રસ્તાઓ પણ બાંધવામાં આવ્યા હતા. વળી આટલા બધા લોકો, આટલો બધો સમય એક સાથે રહે ત્યારે અંદરોઅંદર નાની મોટી તકરારો થાય ત્યારે શ્રી શાંતિદાસ શેઠ તેમનો કુશળતાપૂર્વક નિકાલ કરી દેતા. તેમની સાથે રાજ્યે મોકલેલ સૈન્ય હોવાથી માર્ગમાં લૂંટફાટ જેવા બનાવો બન્યા ન હતા, અને એકંદરે શાંતિપૂર્વક છ'રી' પાળતો આ સંઘ પાલીતાણા પહોંચ્યો હતો. આ પ્રસંગે સ્વામિવાત્સલ્ય અને સંઘભક્તિમાં શ્રી શાંતિદાસે છૂટે હાથે ધન વાપર્યું હતું.

પાલીતાણા પહોંચ્યા બાદ તળેટીમાં તંબૂ નાખીને પડાવ કરવામાં આવ્યો હતો. જે દેરાસરોનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો ત્યાં મહોત્સવ કરવામાં આવ્યો હતો. શ્રી આદીશ્વરજી ભગવાનના મુખ્ય દેરાસરમાં આદીશ્વરજીની મૂર્તિની બંને બાજુમાં જે ગોખ બંધાવેલા તેમાં શુભ મુહૂર્ત જોઈને નવાં બિંબોની પ્રતિષ્ઠા પણ આ સમયમાં આવી હતી. શ્રી શાંતિદાસ શેઠે પ્રતિષ્ઠિત કરેલ આ બંને ગોખ આજે પણ વિદ્યમાન છે.[૧૩]

## આ પ્રસંગને શ્રી કોમિસેરિયેટનું સમર્થન

'શ્રી ચિંતામણિ પ્રશસ્તિ' ને આધારે આ પ્રસંગની નોંધ લેતાં ઇતિહાસવિદ્ શ્રી કોમિસેરિયેટ જણાવે છે : "ઈ. સ. ૧૬૧૮માં તેઓ સંઘપતિ બન્યા અને ખૂબ મોટી સંખ્યામાં સાધુઓના સહ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાસમાં, સિદ્ધગિરિનો જૈન યાત્રાસંઘ કાઢ્યો, જ્યાં તેમણે દાનમાં ખૂબ છૂટથી ધન વાપર્યું."[૧૪]

**અન્ય સત્કાર્યો**

શ્રી શાંતિદાસ પોતાની સુદીર્ઘ કારકિર્દી દરમ્યાન ધન કમાતા ગયા અને સારાં કાર્યોમાં, ધર્મનાં કાર્યોમાં તેનો ઉપયોગ પણ કરતા ગયા. ઉપર વર્ણવેલ પ્રસંગો સિવાય તેમણે બીજાં પણ અનેક સત્કાર્યો કરેલ. તેઓ ગરીબ–ગુરબાંને ગુપ્ત મદદ કરતા. દુષ્કાળમાં અન્નક્ષેત્રો ખોલતા. તેઓએ અનેક પૌષધશાળાઓ, જિનાલયો બંધાવ્યાં હતાં. તેમના ઘેર હંમેશા મહેમાન–પરોણાં રહેતાં. અનેક તીર્થોને લગતા તેમના કુશળ વહીવટની નોંધ લેતાં શ્રી ડુંગરશીભાઈ સંપટ જણાવે છે : "અમદાવાદમાં આવેલાં ભવ્ય જિનમંદિરોનો વહીવટ શાંતિદાસ શેઠ સંભાળતા. એટલું જ નહિ પણ સોરઠમાં આવેલ સિદ્ધાચલજી તીર્થ, પાટણ પાસે આવેલ શંખેશ્વરજીનું તીર્થ, મેવાડમાં આવેલ શ્રી કેશરિયાજી તીર્થ વગેરે દૂર દૂરનાં તીર્થસ્થાનોની વ્યવસ્થા-વહીવટ શાંતિદાસ શેઠ કરતા. મુગલાઈ સત્તા ગુજરાતમાં જામવા છતાં શેઠની લાગવગ અને પ્રતિભાને લીધે જૈન તીર્થો તેમની દેખરેખ નીચે સુરક્ષિત હતા."[૧૫]

આ હકીકતોની સાબિતીરૂપ કેટલાંક બાદશાહી ફરમાનો પણ, જુદા જુદા મોગલ બાદશાહો તરફથી, શેઠશ્રી શાંતિદાસ ઝવેરીને મળ્યાં હતાં. આ ફરમાનોની વિગતોથી આપણે આ જ પુસ્તકના 'નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને પ્રાપ્ત થયેલ ફરમાનો' નામે નવમા પ્રકરણમાં માહિતગાર થઈશું.

અહીંયાં આપણને એ ખ્યાલમાં રહે, કે આપણે અનુમાન કર્યા મુજબ, જો તેમનો જન્મ ઈ. સ. ૧૫૮૫–૯૦ આસપાસ થયો હોય – અને તેનાથી પાછળ તો એ સમય લઈ જઈ શકાય તેમ છે જ નહીં – તો ઈ. સ. ૧૬૧૮માં પાલીતાણાના સંઘ કાઢવાના પ્રસંગે તેમની ઉંમર ૨૫–૩૦ વર્ષથી વધુ તો ન જ હોય. ત્રીસેક વર્ષની યુવાન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વચ્ચે સંઘનાં હિતનાં આવાં કાર્યો, ધનસંપત્તિની સગવડ હોય તો પણ કોઈક જ કરી શકે. ધર્મ, સંઘ તથા પ્રજાના કલ્યાણને લગતાં કાર્યો કરવાની ભાવના હોય તો જ આ કાર્યો થઈ શકે. પોતાના મૂળ ક્ષાત્રતેજ અને ઓસવાલ વંશના ગુણોને સાર્થક કરે તેવાં આ કાર્યો તેમના જીવનને યશસ્વી બનાવે છે.

## પ્રકરણ પાંચની પાદનોંધો

૧. 'એંગૂકાસં', પૃ૦ ૫૨ અને 'રાસસાર', પૃ૦ ૨૩

૨. 'ગૂપાઅ', પૃ૦ ૭૩૬

૩. જુઓ : 'પ્રપૂ', પૃ૦ ૧૮ અને 'तीसेशा', પૃ૦ ૧૦

૪. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે —

"...the Jain magnate Shantidas Jawahari of Ahmedabad, who flourished during the reigns of Jahangir and Shah Jahan, and whose great resources as a financier and business connections as a jeweller, enabled him to enjoy considerable favour and influence at the imperial court at Delhi. The high social position he attained also helps to prove that the Hindu merchants and financiers of Gujarat during the 17th century, especially in the major towns of the province, enjoyed complete freedom to pursue their normal activities in trade and commerce, and to amass great wealth, even if they were debarred from the exercise of higher political and administrative functions."

– 'HOG', Vol II, p. 140

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૫. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે —

"Shantidas was a very devout Jain and spent his great resources freely on purposes enjoined by his faith."
–'HOG', Vol. II, p. 140.

૬. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે —

"During a long and eventful career, Shantidas appears to have travelled extensively in India both for religious and for professional purposes, for he was not only one of the foremost jewellers and financiers of his day but as a devout Jain leader he considered it his duty to make frequent pilgrimages to the holy centres of Jainism." –'SHG', p. 54

૭. 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૯

૮. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે —

"He was honoured alike by the people and the emperor."

–'SFSJ', The Modern Review, July 1930, p. 28

૯. 'પ્રપૂ', પૃ૦ ૧૮

૧૦. 'શ્રી ચિંતામણિ પ્રશસ્તિ' મુનિ શ્રી જિનવિજયજી દ્વારા શોધવામાં આવેલ એક અમુદ્રિત કૃતિ છે, જેની સવિશેષ વિગતો આ જ પુસ્તકના 'શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર' નામે પ્રકરણ નંબર આઠમાં આપવામાં આવી છે.

૧૧. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે —

"The earliest event referred to in the Chintamani poem is dated Samvat 1669 (A. D. 1612-13) when Shantidas consecrated an image of Mahasnath at the holy centre of Shatrunjaya." – 'SHG', p. 54

૧૨. શ્રી શાંતિદાસ શેઠે કાઢેલ પાલીતાણા–સિદ્ધાચલજીના સંઘની વિગત અહીંયાં 'પ્રપૂ' માં પૃ૦ ૧૯–૨૦માં રજૂ કરવામાં આવેલ માહિતીને આધારે આપવામાં આવી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'तीसेशा' પુસ્તકમાં પણ પૃ૦ ૧૧ ૫૨ આ જ વિગતો આપવામાં આવી છે.

૧૩. આમાં જે ગોખની વાત છે તે ગોખ મૂળનાયક શ્રી આદીશ્વરજી ભગવાનની (દાદાની) મૂર્તિની આસપાસ રહેલ પરિકરમાં આવેલ છે. આ પરિકરના ગોખની મૂર્તિઓમાં જે શિલાલેખો કોતરેલા છે તેની વિગતો 'આકપેઈ' માં પૃ૦ ૮૫–૮૬ ઉપર આ પ્રમાણે આપવામાં આવી છે —

"પણ અત્યારે મૂળનાયક ભગવાનની આસપાસ જે સુંદર શિલ્પવાળું પરિકર મૂકવામાં આવેલ છે તે, આ (કર્માશાએ કરાવેલ) પ્રતિષ્ઠા પછી ૮૩ વર્ષે એટલે કે વિ. સં. ૧૬૭૦માં, નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી તથા એમના મોટા ભાઈ શ્રી વર્ધમાન શેઠે બનાવરાવ્યું હતું, જે વાત આ પરિકર ઉપર કોતરવામાં આવેલ શિલાલેખો ઉપરથી જાણી શકાય છે. એ શિલાલેખો આ પ્રમાણે છે —

"મૂળનાયકના પરિકરમાંની પદ્માસનસ્થ શ્રી શાંતિનાથજી તથા શ્રી નેમિનાથજીની મૂર્તિના મસ્તક પરનો સળંગ લેખ —

"॥ ई० ॥ संवत १६७[०] श्री अहम्मदावाद वास्तव्य साधु सहसकरण सुत सा. शांतिदास नाम्ना श्री आदिनाथ परिकरः कारितः प्रतिष्ठितश्च तपागच्छे ॥ [શ્રી શાંતિનાથજીની મૂર્તિ ઉપરનો લેખ]

"पातसाहि श्री अकब्बरभूपालदत्त षण्मासि अभयदान श्री हीरविजयसूरि पट्टभृत् पातसाह श्री अकब्बर [प्र] दत्त लब्धजयभट्टारक श्री विजयसेनसूरिभिः ॥ [શ્રી નેમિનાથજીની મૂર્તિ ઉપરનો લેખ]

"મૂળનાયકના પરિકર પૈકીના ઉપરોક્ત શાંતિનાથજીની પદ્માસનસ્થ મૂર્તિની નીચેનો લેખ —

"॥ ई० ॥ सा० शांतिदास नाम्ना श्री शांतिबिंबं कारितं प्रतिष्ठितं च तपागच्छाधिराज भट्टारकपुरंदर श्री विजयसेनसूरिभिः ॥ श्री ॥

"મૂળનાયકના પરિકર પૈકીના ઉપરોક્ત શ્રી નેમિનાથજીની પદ્માસનસ્થ મૂર્તિની નીચેનો લેખ —

"॥ ई० ॥ सा० शांतिदास नाम्ना श्री नेमिनाथबिंबं कारितः प्रतिष्ठितं च तपागच्छाधिराज भट्टारकचक्रवर्ति भट्टारक श्री विजयसेनसूरिभिः ॥

"મૂળનાયકની જમણી બાજુના પરિકરમાંની કાયોત્સર્ગસ્થ મૂર્તિની બાજુનો લેખ —

"श्री पार्श्वनाथबिंबं का० प्र० ।

"મૂળનાયકની ડાબી બાજુના પરિકરમાંની કાયોત્સર્ગસ્થ મૂર્તિની બાજુનો લેખ —

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

" श्री महावीरबिंबं का० प्र० ।

" મૂળનાયકની જમણી બાજુના પરિકરમાંની કાયોત્સર્ગસ્થ મૂર્તિની નીચેનો લેખ —

" (1) सं० १६७० वर्षे श्री अहम्मदावादवास्तव्य श्री उ(ओ)सवालज्ञातीय वृद्धशाखीय साह (2) वछा भार्या बाई गोरदे सुत सा [०] सहसकरण भार्या सोभागदे सुतेन साह वर्द्धमान लघुभ्राता (3) सांतिदास नाम्ना भार्या सुरमदे सुत सा० पनजी प्रमुख कुटुंबयुतेन स्वमातुल सा० श्रीपाल प्रेरितेन (4) श्री आदिनाथपरिकरः प्रतिमाचतुष्कसहितः कारितः प्रतिष्ठितश्च श्री तपागच्छे भट्टारक श्री हेम [विमलसूरि].

" મૂળનાયકની ડાબી બાજુના પરિકરમાંના કાયોત્સર્ગસ્થ મૂર્તિની નીચેનો લેખ —

" (1) पट्टालंकारवृत् साधुक्रियोद्धार भट्टारकराज [श्री श्री] (2) श्री आनंदविमलसूरिपट्टकैरवाकर कलाधरोपमान (3) भ० श्री विजयदानसूरिपट्टकर्णिकायमाणसुरत्राणदत्त (4)......षण्मासिक जंतुजयनाभयदान जीजिया श्री शत्रुंजयादि तीर्थंकर मोचनस्फुरमान भट्टारक (5) [हीरविज]यसूरि पट्ट पूर्वाचलसहस्रकिरणानुकारैः पातसाहपर्षत् प्राप्तजयवादैः श्री विजयदेवसूरि[भिः] (6)......श्री विजयसेनसूरिभिः यावत्तीर्थं तावन्नंदतात् परिकरः पंडित जयसकलगणिसमये ॥ "

૧૪. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે —

"...in (A. D.) 1618, he became a Sanghpati and, in the company of a large number of sadhus, led a Jain pilgrimage to Siddhagiri where he spent large sums of money in charity." —' SHG ', p. 54

૧૫. ' પ્રપૂ ', પૃ૦ ૧૭–૧૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૯

# ગુરુને આચાર્યપદવી

સંઘપતિ શ્રી શાંતિદાસ ઝવેરી સંઘના હિતને લગતાં કાર્યો કરવામાં પોતાનું મન સદા પ્રવૃત્ત રાખતા તેના ઉદાહરણરૂપ એક વધુ પ્રસંગનો ઉલ્લેખ આ પ્રકરણમાં કરીશું.

### શ્રી મુક્તિસાગરસૂરિ પ્રત્યેનો આદરભાવ

શ્રી મુક્તિસાગરસૂરિ પ્રત્યે ઝવેરી શાંતિદાસને નાનપણથી જ સારો ભાવ હતો. આમ જોઈએ તો જે મંત્રના પ્રતાપે શ્રી શાંતિદાસ શેઠ પોતાના જીવનમાં રિદ્ધિ–સિદ્ધિ પામ્યા તે ચિંતામણિ મંત્રની પ્રાપ્તિ તેમને, એક દંતકથા પ્રમાણે[૧], જૈન મુનિ શ્રી મુક્તિસાગર પાસેથી થઈ હતી. આ દંતકથામાં સત્યાંશ કેટલો છે તે નક્કી કરવાનું કામ મુશ્કેલ છે. પરંતુ મુનિ શ્રી મુક્તિસાગરજી — કે જેઓને આચાર્યપદ આપવાના પ્રસંગમાં શ્રી શાંતિદાસ શેઠનો અકલ્પ્ય ફાળો હતો અને આચાર્યપદ મળ્યા પછી જેઓ 'રાજસાગરસૂરિ' નામે પ્રખ્યાત થયા અને સાગરગચ્છની સ્થાપના કરી — તેઓને શ્રી શાંતિદાસ શેઠ પોતાના ગુરુ માનતા હતા, એ વાત નિશ્ચિત છે.

### મોગલ સમયમાં જૈનધર્મના ઉદ્યોતને લગતો પ્રસંગ

અકબર બાદશાહની સર્વધર્મ પ્રત્યેની સમભાવી અને સમન્વયલક્ષી નીતિના ફળરૂપે અકબર, જહાંગીર અને શાહજહાંના સમયમાં અન્ય ધર્મોની જેમ જૈનધર્મને પણ વિકસવા માટેનું સારું રાજકીય પીઠબળ મળી રહ્યું હતું. વળી જૈનધર્મનો ઉદ્યોત કરનાર અનેક આચાર્યો પણ આ સમય દરમ્યાન સક્રિય અને શાસનપ્રભાવક જીવન જીવી ગયા હતા. વળી જૈનધર્મ, સંઘ અને ગુરુમહારાજોના હિતની ચિંતા સેવે એવા અનેક શ્રાવકો પણ આ સમય દરમ્યાન થઈ ગયા. આ બધાનાં સુફળરૂપ અનેક પ્રસંગોમાંના એક પ્રસંગ તરીકે શ્રીમુક્તિસાગરસૂરિને આચાર્યપદ મળ્યું તે પ્રસંગ ગણાવી શકાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## 'શ્રી રાજસાગરસૂરિ-નિર્વાણ-રાસ'

સાગરગચ્છની સ્થાપના કરનાર આચાર્ય શ્રી રાજસાગરસૂરિ ઉર્ફે શ્રી મુક્તિસાગરસૂરિના જીવનની માહિતી આપણને તેમના નિર્વાણ બાદ ટૂંક સમયમાં જ રચાયેલ 'શ્રી રાજસાગરસૂરિ–નિર્વાણ–રાસ'[2] દ્વારા પ્રાપ્ત થાય છે. આ રાસમાં શ્રી રાજસાગરસૂરિના જીવનની અગત્યની ઘટનાઓની માહિતી આપ્યા પછી તેમને આચાર્યપદ અપાયું તે પ્રસંગ રજૂ થયો છે. તેની વિગતોથી માહિતગાર થઈએ.

## શ્રી રાજસાગરસૂરિના જીવનની અગત્યની ઘટનાઓ

તેમનો જન્મ સં૦ ૧૬૩૭માં ઓસવાલ જ્ઞાતિમાં ગુર્જરદેશમાં સિંહપુર નામના ગામમાં થયો હતો. પોતાની માતા અને પોતાના ભાઈ સાથે તેમણે પણ, યુવાન વયે, દીક્ષા ગ્રહણ કરી. તેઓએ પોતાના આયુષ્યના ૨૮મા વર્ષે સં૦ ૧૬૬૫માં પંડિતપદ, ૪૨મા વર્ષે સં૦ ૧૬૭૯માં ઉપાધ્યાયપદ અને ૪૯મા વર્ષે સં૦ ૧૬૮૬માં આચાર્ય-પદ પ્રાપ્ત કર્યું હતું અને ૮૪મા વર્ષે સં૦ ૧૭૨૧માં તેઓ કાળધર્મ પામ્યા હતા.

મુનિ શ્રી મુક્તિસાગરજી સંવત્ ૧૬૭૬માં મારવાડમાં નડુલાઈ (નાડલાઈ)માં ચોમાસું હતા ત્યારે અમદાવાદથી તપગચ્છાધિપતિ શ્રી વિજયદેવસૂરિએ શ્રી શાંતિદાસ શેઠની પ્રેરણાથી શ્રી મુક્તિસાગરજીને ઉપાધ્યાયપદ સમર્પણ કરવા માટે શાહ અમર સાથે વાસક્ષેપ મોકલ્યો હતો.[3]

## અમદાવાદમાં પ્રવેશ

ત્યાર પછી ભિન્નમાલ, રાધનપુર, શંખેશ્વર, વિરમગામ વગેરે ગામોમાં ચોમાસા કર્યા બાદ તેઓ અમદાવાદમાં આવ્યા. તે સમયે અમદાવાદમાં તેમના નગરપ્રવેશ કરાવવામાં સંઘનાયક શ્રી શાંતિદાસ ઝવેરીએ આગળ પડતો ભાગ લીધો હતો તે હકીકત નોંધપાત્ર છે.

## આચાર્યપદવી આપવાની ઇચ્છા અને તેમાં આવેલ વિઘ્નો

રાજનગર–અમદાવાદમાં પોતાના ગુરુવર્ય શ્રી મુક્તિસાગર ચોમાસું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પધાર્યા હોઈ શ્રી શાંતિદાસને હૈયે ઘણો ઉમંગ હતો અને ઉપાધ્યાય શ્રી મુક્તિસાગરજીને આચાર્યપદવી આપવાની પોતાની લાંબા સમયની ઇચ્છાને તેઓ સંતોષવા માગતા હતા, એટલે શેઠ શ્રી શાંતિદાસે ઉપાધ્યાય શ્રી મુક્તિસાગરજીને આચાર્યપદવી આપવા માટેનાં ચક્રો ગતિમાન કર્યાં. પરંતુ 'સારાં કામમાં સો વિઘ્ન' એ ન્યાયે આ ધ્યેય પાર પાડવાની આડે પણ કેટલાંક વિઘ્ન આવ્યાં એમ 'શ્રી રાજસાગરસૂરિ–નિર્વાણ–રાસ'ના કર્તા મુનિ શ્રી તિલકસાગર જણાવે છે.[૪]

અમદાવાદમાં તે સમયે બિરાજમાન આચાર્ય શ્રી વિજયદેવસૂરિના સહચરોએ મુક્તિસાગરજીને આચાર્યપદવી ન મળે તે દિશામાં પેરવી કરવા માંડી હતી, તેથી સમયજ્ઞ શેઠ શ્રી શાંતિદાસ મુક્તિસાગરજીને સાહ મૂલાના ઉપાશ્રયમાં લઈ ગયા. મુનિ શ્રી તિલકસાગરજી આ પ્રસંગે આવેલ બીજાં વિઘ્નો કે ઊભા કરવામાં આવેલ અવરોધો અંગે મૌન સેવવાનું પસંદ કરીને જણાવે છે :

"ઇહા તો વાત અનંત છિં, કહિતાં નાવઇ પાર;
આચારિજ પદ પામિઆ, તે સાંભલો વિચાર."[૫]

આ પ્રસંગે થયેલ બધી ખટપટો જાણવાની અને તેની ચર્ચામાં ઊતરવાની જરૂર પણ નથી. અહીંયાં એ હકીકત અગત્યની છે કે, આટલી ખટપટો થઈ હોવા છતાં શ્રી મુક્તિસાગરજીને આચાર્યપદ આપી શકાયું તેની પાછળ સંઘહિતકર્તા અને પોતાના ગુરુ માટે માનની લાગણી ધરાવનાર શ્રી શાંતિદાસ ઝવેરીના અસાધારણ પ્રયત્નો રહેલા છે. વિઘ્નો આવવા છતાં પણ તેમણે અડગ રહીને પોતાના ગુરુના બહુમાનનો પ્રસંગ, ગમે તે રીતે, શક્ય બનાવ્યો. આ બીના શ્રી શાંતિદાસ ઝવેરીના મનની અડગતા અને પોતાના ગુરુ પ્રત્યેની ભક્તિને અભિવ્યક્ત કરે છે.

### આચાર્યપદ

ઉપાધ્યાય શ્રી મુક્તિસાગરજીને આચાર્યપદ અપાયું તે પ્રસંગનું રોચક બયાન 'શ્રી રાજસાગરસૂરિ–નિર્વાણ–રાસ'માં પાંચમી ઢાળમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચુમ્માલીસ કડીઓમાં કરવામાં આવ્યું છે. તે મુજબ સં. ૧૬૮૬ના જેઠ માસમાં અમદાવાદના સુપ્રસિદ્ધ શ્રી મહાવીરસ્વામીના દેરાસરમાં શ્રી વિજયદેવસૂરિના હાથે[૬] શ્રી મુક્તિસાગરજીને આચાર્યપદ આપવામાં આવ્યું અને તેમને 'રાજસાગરસૂરિ' નામ અપાયું, કે જે નામથીજ પછી તેઓ ઓળખાવા લાગ્યા. રાસકાર જણાવે છે કે—

"સંવત સોલ છયાસીઆ વરષે, હરખેં જેઠહ માસેં રે;
પરશે શનિ અનુરાધા યોગઇ, સરખે સૂર પ્રકાસઈ. દિ૦ ૪
દેવવિજયસૂરીસર મોટા, મોટું કીધું કાંમ રે;
આચાર જ પદ દેઈ વાચકનિં, રાજસાગરસૂરી દીધું નાંમ રે. દિ૦ ૭."[૭]

આ પ્રસંગ ઉપર હાજર રહેલા અન્ય સાધુઓમાંથી કેટલાકનાં નામો પણ રાસકાર જણાવે છે. વળી શ્રી શાંતિદાસના ભાઈ વર્ધમાનના પુત્ર વસ્તુપાલે આ પ્રસંગે ખૂબ છૂટથી દ્રવ્ય ખર્ચ્યું એ હકીકત પણ આ રાસમાં આ રીતે જણાવાઈ છે—

"વસ્તુપાલ વધમાન તણો સુત, લિઇ લખમીનો લાહો રે.
હાં રે ભાઈ મનમાં ઘણો ઉમાહો. દિ૦ ૩"[૮]

બંને વચ્ચેનો ઘનિષ્ઠ સંબંધ

આ પ્રસંગમાં જેમનો મોટો અને મુખ્ય સાથ હતો એવા શ્રી શાંતિદાસની ઓળખાણુ આપતાં અહીં જણાવાયું છે કે શ્રી શાંતિદાસને દિલ્લીપતિએ ખુશ થઈને શિરપાવ આપ્યો હતો, હાથી-ઘોડા ભેટ આપ્યા હતા. જહાંગીરે તેનો સત્કાર કરેલો. વળી લાખો રૂપિયાના ખર્ચે તેમણે ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર બંધાવેલું, અને પોતાના દ્રવ્યથી જૈન અને અન્ય ગરીબ પ્રજાનો તેમણે ઉદ્ધાર કરેલો. ઉમરાવો તેમને માન આપતા. રાજસાગરસૂરિના જીવનમાં શ્રી શાંતિદાસ ઝવેરીનું સ્થાન કેવા પ્રકારનું હતું તેનું વર્ણન કરતાં રાસકાર અનેક સુપ્રસિદ્ધ દૃષ્ટાંતો આપતાં આ જ ઢાળમાં જણાવે છે કે—

"સિદ્ધસેનનિં વિક્રમરાજા, હેમનિં કુમરનરિંદા રે;
તિમ શ્રી રાજસાગરસૂરીનિ, સાહ સહસકિરણના નંદા રે. દિ૦ ૨૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિમ શ્રી મહાવીરનિં શ્રેણિક, રૂષભનિં ભરતનરિંદા રે;
તિમ શ્રી રાજસાગરસૂરીનિ, સાહ સહસકિરણના નંદા રે. દિ૦ ૨૫
સુહસ્તિસૂરિનિં સંપ્રતિરાજા, અકબ્બર હીરસૂરિનિં રે;
ધરમઘોષનિં વિમલમંત્રીશા, તિમ શાંતી રાજસૂરિનિં રે. દિ૦ ૨૬
નેમિનાથનિં કૃષ્ણનરેશ, શ્રી બપભટ્ટિનિં આમ રે;
તિમ શ્રી રાજસાગરસૂરીનિં, સાહ શાંતીદાસ સુખ ઠામ રે. દિ૦ ૨૭
શાંતીદાસ અનિં સૂરીની, કીરતિ બેઈ ભેલી રે;
ઠામિ ઠામિ ચમકંતી ચાલઈ, જિમિ બે સુગુણ સહેરી રે. દિ૦" ૨૮[૯]

આ બધી સરખામણીઓ[૧૦] જ આચાર્ય શ્રી રાજસાગરસૂરિના શ્રી શાંતિદાસ શેઠ સાથેના ઘનિષ્ઠ ધર્મસંબંધનું સૂચન કરવા પૂરતી છે અને શ્રી શાંતિદાસ શેઠ પણ આ ઘનિષ્ઠ ધર્મસંબંધને જાળવી રાખવા માટે સંઘના હિતને લગતાં અને પોતાના ગુરુને ગમતાં કાર્યો કરવામાં સદા પ્રવૃત્ત રહેતા.

### સાગરગચ્છની સ્થાપના

આચાર્યપદ પ્રાપ્ત થયા પછી રાજસાગરસૂરિજીએ જે સાગરગચ્છની સ્થાપના કરી હતી તેમાં પણ શ્રી શાંતિદાસ શેઠે અગ્રિમ ફાળો આપેલો. આ સાગરગચ્છની સ્થાપના થયા પછી તેનો વિકાસ થાય તે માટે તેમણે શ્રાવકોને આ ગચ્છમાં આકર્ષવા માટે સોનાના વેઢ, વીંટીઓ, પાઘડીઓ, શેલાં વગેરેની છૂટથી પ્રભાવના કરી હતી અને તેના પરિણામે લાખો લોકો તેમાં જોડાયા હતા. તદુપરાંત અમદાવાદ, ખંભાત, પાટણ, સૂરત, વડોદરા, ડભોઈ, ભાવનગર, સાણંદ, મહેસાણા, રાંદેર વગેરે અનેક સ્થળોએ સાગરગચ્છના ઉપાશ્રયો પણ બંધાવ્યા હતા.[૧૧]

શ્રી શાંતિદાસ શેઠના આચાર્ય શ્રી રાજસાગરસૂરિ સાથેના ઘનિષ્ઠ સંબંધની નોંધ શ્રી રત્નમણિરાવ ભીમરાવ આ રીતે લે છે: "શાંતિદાસ શેઠના ગુરુ શ્રી રાજસાગરસૂરિ હતા. એ ઉપરથી શાંતિદાસ શેઠે સાગરગચ્છ નામનો એક ગચ્છ કાઢયો હતો. શેઠનાં ધાર્મિક કાર્યોનાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વર્ણન રાસોમાં ઘણાં કરેલાં છે. શાંતિદાસ અને રાજસાગરસૂરિની કીર્તિ એક જ હતી એમ રાજસાગરસૂરિના રાસમાં લખ્યું છે."૧૨

**શ્રી કોમિસેરિયેટનું મંતવ્ય**

સુપ્રસિદ્ધ વિદ્વાન શ્રી કોમિસેરિયેટ પણ શ્રી શાંતિદાસ શેઠ, આચાર્ય શ્રી રાજસાગરસૂરિ અને સાગરગચ્છની સ્થાપના આ બધા વિષે, 'ચિંતામણિપ્રશસ્તિ'ના આધારે નોંધ કરે છે : "શાંતિદાસની કારકિર્દીનો બીજો એક ધાર્મિક બનાવ કે જેની 'ચિંતામણિ પ્રશસ્તિ'માં નોંધ લેવામાં આવી છે તે એ છે કે, આ સિતારાએ (શાંતિદાસે) પોતાના ધાર્મિક ગુરુ મુક્તિસાગરને પૂ. શ્રી વિજયદેવસૂરિના હાથે આચાર્યપદ અપાવવા માટે ઈ. સ. ૧૬૩૦ (સં. ૧૬૮૬)-માં પોતાની વિશાળ સત્તા–લાગવગનો ઉપયોગ કર્યો હતો. આ ઉત્સવ અમદાવાદમાં મહાવીરસ્વામીના દેરાસરમાં ઊજવાયો હતો અને આ પ્રસંગે મુક્તિસાગરે રાજસાગરસૂરિનું નવું નામ ધારણ કર્યું હતું, કે જે નામે તેઓ ૧૭મી સદીના જૈન સંઘના ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. રાજસાગરસૂરિ ગુજરાતમાં જૈનોના વિશિષ્ટ ગચ્છ સાગરગચ્છના સ્થાપક બન્યા, જેના ખાસ અનુયાયીઓમાં શાંતિદાસની ગણના કરવામાં આવે છે. શાંતિદાસના ભત્રીજા વસ્તુપાલે – વર્ધમાનના પુત્રે – અમદાવાદમાં મુક્તિસાગરને સૂરિપદ અપાયાના પ્રસંગે ખૂબ દ્રવ્ય વાપર્યું હતું એમ પણ આપણને જાણવા મળે છે." ૧૩

આ બધાં અવતરણો અને ઉલ્લેખો ઉપરથી આપણને જાણવા મળે છે કે શ્રી રાજસાગરસૂરિ અને શ્રી શાંતિદાસ શેઠ — આ બે નામો એકબીજાં સાથે અવિભાજ્યપણે સંકળાયેલાં હતાં. એક નામ યાદ કરતાં બીજું નામ અવશ્ય યાદ આવી જ જતું હતું.

**પૂ. આચાર્ય શ્રી રાજસાગરસૂરિના છેલ્લા ધર્મલાભ**

પૂ. રાજસાગરસૂરિ પોતે પણ મરણપર્યંત શ્રી શાંતિદાસ અને તેમનાં કાર્યોની સુવાસને ભૂલી શક્યા ન હતા. તેથી તો મૃત્યુ નજીક



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવતું જાણીને અણુસણુ ઉચ્ચારતી વખતે તેઓ જણાવે છે કે—

"સંવત સતરસિ વરસ પનરોત્તરિ, અહ્મારઇ પ્રાણ આધાર;
સાહ શાંતિદાસ રે સુરલોકિં ગયો, તિહાં અહ્મો જાવું નિરધાર. સુ૦ ૯

તિણિ કારણિ રે ભાદ્રવ ઊજલી, છઠ્ઠિં નિશિ નિરવાણુ;
શાંતિદાસ રે સહોદર ધર્મીંના, મિલવા કરસ્યું પ્રયાણ. સુ૦ ૧૦

એમ કહી નઈરે અણુસણુ ઊચરી, શરણા ચ્યારનારે કીધ;
હાથ ઊંચો કરી તવ શ્રી પૂજ્યજી, સંઘનિં ધરમલાભ દીધ. સુ૦ ૧૧

અર્થાત્ "સંવત્ ૧૭૧૫માં અમારા પરમભક્ત અને પ્રાણ જેવા પ્રિય શાંતિદાસ સ્વર્ગે ગયા. અમારે પણ પોતાના એ સ્વધર્મીને મળવા માટે જવાનો અવસર આવી ચૂકયો હોવાથી અમે પણ હવે પ્રયાણ કરીશું. તમે જે પ્રમાણે ધર્મારાધન કરો છો તે પ્રમાણે કરજો અને અમારો આ છેલ્લો ધર્મલાભ માનજો" એમ કહી સૂરિજીએ પોતાનો હાથ ઊંચો કરીને તે જ વખતે ચારે આહારનો ત્યાગ કરી અણુસણુ ઊચર્યું.

## તેમના પુત્રોની કામગીરી

આ ઉપરથી જોઈ શકાય છે કે આચાર્ય શ્રી રાજસાગરસૂરિ પોતાના અંગત માણુસ તરીકે શ્રી શાંતિદાસ શેઠની ગણુના કરતા હતા. અને શ્રી શાંતિદાસ શેઠે પણ પોતાનાં સંતાનોમાં જે સંસ્કાર રેડયા હતા તેને લીધે જ, શાંતિદાસના મૃત્યુ પછી જ્યારે શ્રી રાજસાગરસૂરિ પોતાની કારકિર્દીના છેલ્લા ચોમાસા દરમ્યાન અમદાવાદમાં હતા ત્યારે, શેઠ શ્રી શાંતિદાસના પુત્રોએ, તે સમયના બીજા આગેવાન જૈન ગૃહસ્થો સાથે મળીને, શ્રી રાજસાગરસૂરિજી અમદાવાદનાં પરાંમાં બિરાજમાન હતા ત્યાં ચોમાસામાં કીચડ ખૂંદીને જવું લોકોને ન ફાવે એમ વિચારીને અને પૂ૦ આચાર્ય શ્રી રાજસાગરસૂરિની યોગ્ય સેવાચાકરી શકય બને એ માટે તેમને મૂલા સાહના ઉપાશ્રયમાં આણ્યા હતા.[૧૫]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### અમદાવાદમાં જૈનોનું જોર

પૂ. આચાર્ય શ્રી રાજસાગરસૂરિ નિર્વાણ પામ્યા ત્યારે શ્રી શાંતિદાસ શેઠના સંબંધોની કેવી અસર થઈ તે નોંધતાં શ્રી રત્નમણિરાવ ભીમરાવ જણાવે છે: "ઔરંગઝેબ બાદશાહના સમયમાં ખાસ કરીને અમદાવાદમાં જૈનોનું સારું જોર હતું. શાંતિદાસ શેઠને લીધે સરકારી માણસો જૈનોનું માન જાળવતા. એ સમયમાં શાંતિદાસ શેઠના ગુરુ શ્રી રાજસાગરસૂરિ અમદાવાદમાં નિર્વાણ પામ્યા ત્યારે એમને ઘણી ધામધૂમથી ઝવેરીવાડામાંથી લઈ ગયા હતા. બજારમાંથી લઈ જતી વખતે શહેરનો કોટવાલ બંદોબસ્ત માટે સાથે હતો."[૧૬]

### શ્રાવક અને આચાર્યની યાદગાર બેલડી

શેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના વગદાર અને પ્રભાવશાળી વ્યક્તિત્વને આધારે અમદાવાદમાં જૈનોનું કેવું આદરભર્યું સ્થાન હતું તેનો ખ્યાલ આ ઉપરથી આવે છે, અને પોતાના ગુરુ માટે, સંઘહિતનાં કાર્યો માટે પોતાની ઓળખાણો, સંબંધો અને શક્તિનો ઉપયોગ કરવામાં તેઓ પાછી પાની કરતા ન હતા તે પણ જાણી શકાય છે. આવા સંઘહિતચિંતક, વગદાર, નિષ્ઠાવાન શ્રાવક અને પરોપકારી, ધર્મનો ઉદ્યોત કરનાર આચાર્ય – આ બેલડીને જૈનધર્મ સદીઓ સુધી યાદ કરશે.

## પ્રકરણ છની પાદનોંધો

૧. આ દંતકથા આ જ પુસ્તકના 'શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર' નામે આઠમા પ્રકરણમાં આપવામાં આવી છે.

૨. 'શ્રી રાજસાગરસૂરિ-નિર્વાણ-રાસ'ની રચના શ્રી કૃપાસાગરના શિષ્ય શ્રી તિલકસાગરે કરી છે. આ રાસ અને તેનો સાર મુનિ શ્રી જિનવિજયજી સંપાદિત 'ઐતિહાસિક' માં રજૂ થયા છે. આ રાસ રચ્યાની સાલ રાસમાં ક્યાંય અપાઈ નથી. પરંતુ જે પ્રત ઉપરથી આ રાસ મુદ્રિત થયો છે તે પ્રત સં. ૧૭૨૨ના શ્રાવણ સુદ ત્રીજના દિવસે, એટલે કે શ્રી રાજસાગરસૂરિના નિર્વાણ પછી ચાર-છ મહિનામાં જ, મૂળ લખાણની નકલરૂપે, લખાયેલી છે એટલે આ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિમાં રજૂ થયેલી હકીકતો ઐતિહાસિક દૃષ્ટિએ અસ્વીકાર્ય હોવાને કોઈ કારણ નથી.

અહીં એ નોંધપાત્ર છે કે પ્રસિદ્ધ ઇતિહાસકાર શ્રી કૉમિસેરિયેટે પણ પોતાના પુસ્તક 'History of Gujarat', Vol. II માં પૃ. ૧૪૯–૧૫૦ ઉપર આ રાસનો ટૂંકસાર અને પરિચય આપ્યો છે.

૩. મૂળ રાસમાં આ પ્રસંગનો ઉલ્લેખ આ પ્રમાણે છે —

"શ્રી વિજયદેવસૂરિંદ સુંદર, આણી મનિ ઉલ્લાસ રે;
અહિમ્મદાવાદ થકી મોકલિઓ, ઉપાધ્યાય પદ-વાસ રે. જૂઓ૦ ૨
સાહ શાંતિદાસ સમ્મત, સાહા અમર સુજાણ રે;
ધનધાન્ય ભરિઆ બુદ્ધિવરિઆ, મોકલ્યા મંડાણ રે. જૂઓ૦ ૩

—શ્રી રાજસાગરસૂરિ-નિર્વાણ-રાસ', ઢાળ–૩, કડી ૨–૩
(જુઓ : 'ઐતૂરાસં', પૃ. ૪૭)

૪. આવા એક વિઘ્નનો ઉલ્લેખ 'જૈરામા' પુસ્તકના નિવેદનમાં, 'શ્રી શાંતિદાસ શેઠજીનો રાસ'ના સાર રૂપે લખાયેલ, નીચેના પ્રસંગમાં જોવા મળે છે:

"કેટલાંક વર્ષ પછી ખંભાતના નગરશેઠ અમદાવાદ આવ્યા, અને તેમને શ્રી શાંતિદાસ શેઠે પોતાને ત્યાં રોકી રાખ્યા અને 'જ્યાં સુધી પટ્ટધરસૂરિ (શ્રી વિજયસેનસૂરિ) કે જે હમણાં ખંભાતમાં છે, તેમના તરફથી કોઈ પણ રીતે રાજસાગરગુરુને સૂરિપદ આપવાની સંમતિ ન મંગાવો ત્યા સુધી તમો અહીંથી ખંભાત નહિ જઈ શકો' એવું શાંતિદાસ શેઠે ખંભાતના શેઠને કહ્યું. (આ વખતે શાંતિદાસ શેઠનો એટલો બધો આજ્ઞાપ્રભાવ અમદાવાદમાં – બાદશાહની સાથેના સંબંધથી – ચાલતો હતો કે તે ગમે તે કરી શકે.) ખંભાતના શેઠે આ વાત પત્રથી ખંભાત જણાવી, અને પત્રમાં જણાવ્યું : 'જો સૂરિશ્રીનો વાસક્ષેપ આવશે તો જ છૂટી શકાશે, નહિ તો બંધીમાં રહેવું પડશે.' ખંભાતમાં તે શેઠની વહુ – શેઠાણી, સૂરિશ્રી પાસે ચુંદડી પહેરી ગઈ અને ગુરુસ્તુતિ (ગહુંલી) કરી એટલે સૂરિશ્રીએ વાસક્ષેપનું ચુંદડીપર ક્ષેપન કર્યું અને સૌભાગ્ય ઇચ્છયું. ત્યારે શેઠાણીએ અમદાવાદ શેઠને રોક્યા છે તે વાત અને તેનું કારણ જણાવ્યું, અને કહ્યું કે 'જો આપશ્રી વાસક્ષેપ અને સૂરિમંત્ર રાજસાગર ગુરુને સૂરિપદ આપવાની સંમતિદર્શક ચિહ્ન તરીકે મોકલાવશો તો શેઠ ઘેર આવશે અને મારી લાજ – મારું સૌભાગ્ય રહેશે.' સૂરિશ્રી(વિજયદેવસૂરિ)એ વાસક્ષેપ સાથે સૂરિમંત્ર સિવાય ગમ: લખી મોકલ્યો. 'અને શેઠાણીને સભા સમક્ષ 'તમારું સૌભાગ્ય અવિચલ રહો, અને જાઓ સુખેથી શેઠને તેડાવો' એવાં વચન કહી ચુંદડી ઓઢાડી. આ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રીતે શ્રી રાજસાગર સૂરિપદે સ્થપાયા (સંવત્ ૧૬૮૬ના જ્યેષ્ઠ માસ ને શનિવારે) અને સાગરગચ્છની સ્થાપના થઈ."

—'જૈરામા', નિવેદન, પૃ૦ ૧૦

(**નોંધ :** મૂળ રાસમાં આ વિગતો ઢાળ બીજી અને ત્રીજીમાં રજૂ થઈ છે.)

૫. શ્રી રાજસાગરસૂરિ-નિર્વાણ-રાસ, ઢાળ-૪, કડી ૭

('ઐગૂકાસં', પૃ૦ ૫૦)

૬. 'જૈરામા'માં નિવેદનમાં પૃ૦ ૧૦ પર જણાવ્યા પ્રમાણે (જેનો ઉતારો પાદનોંધ નંબર ચારમાં રજૂ થયો છે) તેમને આચાર્યપદ શ્રી વિજયદેવસૂરિના હાથે નહીં, પરંતુ શ્રી વિજયદેવસૂરિએ ખંભાતથી મોકલેલ વાસક્ષેપ અને સૂરિમંત્રનો ઉપયોગ કરીને અપાયું હતું.

૭. 'ઐગૂકાસં', પૃ. ૫૦

૮. 'ઐ ગૂકાસં', પૃ. ૫૦

૯. 'ઐગૂકાસં', પૃ. ૫૨

૧૦. આ જ પ્રકારની સરખામણીઓ આપણને શ્રી ક્ષેમવર્ધનગણિરચિત 'શ્રી શાંતિદાસશેઠજીનો રાસ'માં ચોથી ઢાળમાં પણ પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે છે —

"જીહો શ્રેણીક રાજારીરને, લાલ ઋષભ ને ભરત નરેંદ;
જીહો રાજસાગર સૂરીશને, લાલ સહસકિરણના નંદ. સુ૦ ૮
જીહો સંપ્રતિ સુહસ્તિ સૂરીને, લાલ અકબર હિર સૂરીશ;
જીહો કૃષ્ણનરેશને નેમને, લાલ વાત ઘણી મધુરીશ. સુ૦ ૯
જીહો વિક્રમ સિદ્ધસેનવલી. લાલ કુમારપાળ હેમ સૂરીશ;
જીહો રાજસાગર શાંતિદાસને, લાલ જોડી વિશ્વાવિસ. સુ૦ ૧૦
જીહો ધર્મઘોષ વિમળતણો, લાલ શ્રી બપ્પભટ્ટ આમ;
જીહો તેમ રાજસાગર સૂરીને, લાલ શાંતિદાસ સુજાણમ." સુ૦ ૧૧

—'જૈરામા', પૃ૦ ૮-૯

૧૧. 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૩-૪ ના આધારે.

૧૨. 'ગૂપાઅ', પૃ૦ ૭૩૬

૧૩. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે —

"Another event in Shantidas's career, which is mentioned in the Chintamani-prasasti, and which is

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

also of a religious character, is that, in 1630 (s. 1686), this magnate used his great influence to secure for his religious guru, Muktisagar, the dignity of an acharya at the hands of the great pontiff Vijayadevasuri, the successor of the more famous Vijayasensuri. The ceremony took place at Ahmedabad in the temple of Mahavir Swami, and on this occassion Muktisagar assumed the new name of Rajsagarsuri, under which he is known in the history of the Jain church in the 17th century. Rajsagarsuri also became the founder of a special gaccha or Jain sect in Gujarat which came to be known as the Sagargaccha, and which counted Shantidas among its foremost followers. We are told that the latter's nephew, Vastupal, the son of Vardhaman, spent a large amount in celebration of the accession of of Muktisagar to the suripad at Ahmedabad."

— 'HOG', Vol.-II, p. 143; 'SHG', p. 54–55

૧૪. શ્રી રાજસાગરસૂરિ–નિર્વાણ–રાસ ', ઢાળ–૯; કડી ૯–૧૧ ("ઐગૂકાસ", પૃ૦ ૫૮)

૧૫. મૂળ રાસમાં આ વિગતો નીચેની કડીઓમાં રજૂ થઈ છે —

" શ્રી સુત શાંતિદાસને, વરધમાનને સાર;
વલી વિશેષં વાધજી તણે, સહૂ મિલિ કીઓ વિચાર. ૧
ભગવનજીનઈ ભગતિરયું, પધરાવા જઈ અત્ર;
ચઉમાસામાં ચીખલઈ, નિત કિમ જઈઈ તત્ર. ૨
પ્રભ સમઝીનિં સંચરયું, પધરાવ્યા ભગવન્ન;
મૂલાસેઠ ઉપાસરિં, મહોચ્છવ કરઈ મહાજન્ન." ૩

૧૬. 'ગૂપાઅ', પૃ૦ ૪૦૦–૪૦૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

७

# આદર્શ મહાજન

**નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના વ્યક્તિત્વનું અનોખું પાસું – મહાજનપદ**

મૂળ ક્ષત્રિય રાજબીજ ધરાવતા, ઓસવાળ વંશના નરરત્ન શ્રી શાંતિદાસ શેઠની નસોમાં પોતાના પૂર્વજોની શૂરવીરતા, આવડત અને કુશળતાનું લોહી વહેતું હતું. 'ઓસવાલ ભૂપાલ' એ ઉક્તિને સાર્થક કરે એ રીતે તેમના પૂર્વજો અને વંશજો પણ સમાજમાં અગ્રેસર સ્થાન ભોગવતા હતા. મોગલ બાદશાહોના રાજદરબારમાં તેઓ મોભાભર્યું સ્થાન ધરાવતા હતા તે તો આપણે ('શાહી ઝવેરી અને નગરશેઠપદ' નામે ચોથા પ્રકરણમાં) જોઈ જ ગયા. સાથે સાથે, પોતે જે સમાજમાં રહેતા હતા તે સમાજનાં, ખાસ કરીને પોતાના શ્રાવકસંઘના હિતને લગતાં કાર્યો કરવામાં તેઓ હંમેશાં પ્રવૃત્ત અને અગ્રેસર રહેતા એ પણ આપણે ('સંઘપતિ શ્રી શાંતિદાસ' અને 'ગુરુને આચાર્યપદવી' નામે પાંચમા અને છઠ્ઠા પ્રકરણમાં) જોયું.

રાજા અને પ્રજા બંને વચ્ચે કડીરૂપ બની રહે એવું પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા શ્રી શાંતિદાસ ઝવેરી આદર્શ મહાજન પણ હતા. તેઓ સમાજમાં એક વેપારી તરીકે, ઝવેરી તરીકે, નાણાં ધીરનાર શરાફ તરીકે તથા રાજદરબારમાં અગ્રેસર નાગરિક તરીકેનું મોભાભર્યું સ્થાન ધરાવતા હતા તેના ઉલ્લેખો આપણે અનેક જગ્યાએ જોઈ ગયા છીએ. તેઓ એક ઉત્તમ મહાજન તરીકે પણ સમાજમાં પ્રતિષ્ઠિત હતા એ બાબત નોંધતી વખતે આપણે કેટલીક હકીકતોની ફરી વાર પણ કદાચ નોંધ લેવી પડશે. પરંતુ અહીંયા તો, તેઓ મહાજન તરીકે સમાજમાં કેવી કુશળતાથી વર્તતા હતા તે બાબતને, તેમના વ્યક્તિત્વના એ ઉજ્જવલ પાસાને જ, રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### મહાજન કોણ ?

મહાજન કોને કહેવાય ? તેનો જવાબ એ છે કે, જે વ્યક્તિમાં સારાસારનો વિવેક કરવાની શક્તિ હોય, ન્યાયપૂર્વક વિચારવાની દૃષ્ટિ હોય, સમાજના ઝઘડાઓ ઉકેલવાની આવડત હોય, તે માટે સામ, દાન, દંડ અને ભેદની નીતિ વાપરવાની સૂઝ હોય અને અંતે તો તે બધા પ્રયત્નોના પાયામાં સમાજનું, પ્રજાનું હિત કરવાની ભાવના હોય તે વ્યક્તિને મહાજન કહી શકાય. વળી 'महाजनो येन गतः स पन्थाः।' (અર્થાત્ 'મહાજનો જે પંથે જાય તે પંથે સામાન્ય પ્રજા પણ જાય છે') એ ઉક્તિમાં મહાજનના વર્તનની ગંભીરતા અને જવાબદારી ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો છે. એટલે જે વ્યક્તિ મહાજન હોય તેણે એવો માર્ગ, એવી જીવનરીતિ પસંદ કરવી જોઈએ કે જે માર્ગે સામાન્ય પ્રજા જઈ શકે અને તે માર્ગે તેનું કલ્યાણ પણ થાય. વળી, મોટે ભાગે રાજસત્તા સાથે સુમેળ રાખવો, અને વખત આવ્યે, રાજ્યના અન્યાય, અત્યાચાર કે અધર્મને વશ થવાને બદલે, એની સામે પડવાની તાકાત તથા નિર્ભયતા દાખવવાની તૈયારી પણ મહાજનોમાં હોવી જરૂરી છે.

### તેમના વ્યક્તિત્વનાં વિવિધ પાસાં

શ્રી શાંતિદાસ ઝવેરીનો પરિચય આપતાં, ટૂંકમાં જ તેમનાં વિવિધ પાસાંનો પરિચય મળે એ રીતે શ્રી ભોગીલાલ સાંડેસરા જણાવે છે : "શાન્તિદાસ એક ધાર્મિક પુરુષ, સજ્જન અને ભક્ત હતા તથા સાહસિક વેપારી હતા. ઝવેરાતનો વેપાર એમનો મુખ્ય ધંધો હતો, પણ અમદાવાદના શરાફોના તેઓ શિરોમણિ હતા."[૧]

શ્રી શાંતિદાસ શેઠને અમદાવાદના નગરશેઠનું પદ આપવામાં આવ્યું તે પ્રસંગ જ તેમને આદર્શ મહાજન તરીકે સાબિત કરવા માટે પૂરતો છે. છતાં મહાજન તરીકેનાં કાર્યો તેઓ કેવી કુશળતાપૂર્વક કરતા તેના થોડાક ઉલ્લેખો આપણે જોઈએ.

### મહાજનના અગ્રેસર

શ્રીયુત ડુંગરશીભાઈ સંપટના શબ્દોમાં જોઈએ તો, "મહાજનના અગ્રેસર અને નગરશેઠ તરીકેની ફરજો બજાવવામાં એમનો ઘણો સમય જતો. વેપારીઓના પરસ્પરના ઝઘડામાં ઘણું કરી એઓ પંચ તરીકે નીમાતા હતા. વેપારનું ઊંડું જ્ઞાન, સારી સમજાવટ, ન્યાય કરવાની સાદી સમજ અને સ્નેહથી તેઓ અનેક વાંધા, તકરારોનો સંતોષકારક નિવેડો લાવતા હતા. પોતે હજી યુવાન હતા તથાપિ એમનામાં વૃદ્ધો જેવી ગંભીરતા હતી. ધીરજ અને શાંતિથી વિચારપૂર્વક કાર્ય કરતા હતા. અમદાવાદની પાંજરાપોળનો વહીવટ પણ તેઓ જ સંભાળતા અને નિખાલસ ભાવે કામ કરતા હતા."[૨]

### કુનેહબાજ અને દાનવીર શ્રેષ્ઠી શ્રી શાંતિદાસ ઝવેરી

શ્રી શાંતિદાસ શેઠે જે પાલીતાણાનો સંઘ કાઢયો હતો તેનું વર્ણન કરતાં શ્રી ડુંગરશીભાઈ જણાવે છે : "સંઘમાં ઘણા દેશના અને વિધવિધ સ્વભાવના માણસો ભેગાં થયાં હતાં. એમનામાં કોઈ વખત તકરારો, ઝઘડાઓ થતા કે ચોરી-ચપાટીના પ્રસંગો જણાતા ત્યારે સંઘપતિ શાંતિદાસની કુનેહ અને સમજાવટથી સંતોષકારક શાંતિ જળવાઈ રહેતી."[૩]

અન્યત્ર પણ તેઓ જણાવે છે : "એમની (શાંતિદાસની) દોલત હવે કરોડોની ગણાતી હતી. એમણે પોતાના હાથે ખૂબ દાન કર્યું, મંદિરો બંધાવ્યાં, સંઘો કાઢયા હતા અને સાધુઓની સેવા કરી હતી. એટલું જ નહિ પણ દુકાળીઆઓને નિભાવ્યાં હતાં. પાંજરાપોળ સ્થાપી હતી. મહાજનમાં તેઓ અગ્રપદે હતા."[૪]

સમાજના ઝઘડાઓનો નિવેડો લાવવો, પાંજરાપોળનો વહીવટ કરવો, સાધુઓને મદદ કરવી — આ બધાં કાર્યો તેઓ સહજભાવે કરતા હતા તેનો ખ્યાલ આપણને આ અવતરણો ઉપરથી આવી શકે છે.

તેઓ એક વેપારી હોવાના નાતે તથા વેપારની તેમની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુશળતાને કારણે પોતે તો સારું ધન મેળવી જ શક્યા હતા, પરંતુ સાથોસાથ સમાજમાં તેમણે જે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું હતું તે હકીકત એ બાબતનું સૂચન કરે છે કે ૧૭મી સદી દરમ્યાન ગુજરાતના હિંદુ વેપારીઓ અને નાણાં ધીરનારાઓ મુક્ત રીતે વેપાર-વણજ ખેડી શકતા હતા અને પોતાના ઉદ્યોગોને વિકસાવી શકતા હતા; જેની નોંધ શ્રી કોમિસેરિયેટ જેવા વિદ્વાન પણ લે છે.[૫]

## રાજદરબારમાં મહાજન તરીકે અગ્રિમ સ્થાનને લગતો એક પ્રસંગ

તે સમયે જૈનધર્મના લોંકાગચ્છ નામે પ્રસિદ્ધ એક ગચ્છના લોકોએ જ્યારે શાંતિદાસ શેઠ અને તેના મહાજન વિરુદ્ધ બાદશાહને ફરિયાદ કરી કે, "શ્રી શાંતિદાસ અને તેમનું મહાજન અમારી સાથે લગ્નસંબંધ બાંધતા નથી કે જમતા નથી" ત્યારે બાદશાહે એક ફરમાન દ્વારા ચુકાદો આપ્યો : "લગ્નસંબંધ બાંધવો કે સાથે જમવું એ બંને પક્ષની ઇચ્છા ઉપર આધાર રાખે છે, તેથી કોઈને તે અંગે બળજબરી કરી શકાય નહીં." આ ખુલાસો પણ શ્રી શાંતિદાસ શ્રેષ્ઠીના રાજદરબારમાંના મહાજન તરીકેના અગ્રસ્થાનને સૂચવે છે.[૬]

## રાજદરબારમાં આદરભર્યું સ્થાન

'શ્રી ચિંતામણિપ્રશસ્તિ'ના આધારે શ્રી શાંતિદાસ ઝવેરીનું એક શબ્દચિત્ર આપતાં શ્રી કોમિસેરિયેટ જણાવે છે : "....અનેક તેજીલા ઘોડા અને લડાયક હાથીઓની ભેટને કારણે દેખાઈ આવતી શાહી કૃપાને કારણે રાજદરબારમાં સુખ્યાત અને અમદાવાદના નરરત્ન (એવા શ્રી શાંતિદાસ)...."[૭]

શ્રી શાંતિદાસ ઝવેરીએ પોતાના પ્રભાવશાળી વ્યક્તિત્વને આધારે રાજ્યના સરકારી માણસોમાં જૈનો માટે આદરભર્યું સ્થાન ઊભું કરેલું તેની નોંધ *શ્રી* રત્નમણિરાવ આ શબ્દોમાં લે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"ઔરંગઝેબ બાદશાહના સમયમાં ખાસ કરીને અમદાવાદમાં જૈનોનું સારું જોર હતું. શાંતિદાસ શેઠને લીધે સરકારી માણસો જૈનોનું માન જાળવતા."૮

## મહાજન અને નગરશેઠ

મહાજનની અવગણના રાજસત્તા કરી ન શકે અને મહાજનની વિશિષ્ટ ફરજો કેવી હોઈ શકે તેનો ખ્યાલ આપ્યા પછી અમદાવાદના મહાજનોનો પરિચય શ્રી રત્નમણિરાવ ભીમરાવે આ રીતે આપ્યો છે : "આખા શહેર તરફથી આગળ થવાના પ્રસંગ પહેલાં નગરશેઠને ઘણી વાર આવતા. ....શહેર તરફથી સરકારમાં કાંઈ અરજ કરવાની હોય તો લોકો નગરશેઠને મોખરે કરતા. આવા પ્રસંગ આગળ બહુ આવતા પણ હાલ નગરશેઠની કાંઈ ખાસ સત્તા નથી."૯

અહીંયાં એક હકીકતનો નિર્દેશ મળે છે કે ગુજરાતમાં, ખાસ કરીને અમદાવાદમાં, જે નગરશેઠ હોય તેને જ લોકો મહાજન કે મહાજનોના મોવડી તરીકે ગણતા અને પોતાને રાજમાં કંઈ ફરિયાદો નોંધાવવી હોય તો સીધા રાજમાં જવાને બદલે મહાજન એવા નગરશેઠ પાસે પોતાની વાત રજૂ કરતા અને નગરશેઠ તે વાત રાજા–મહારાજા સુધી પહોંચાડીને એનો નિકાલ પણ કરાવી આપતા.

## સંદેશવાહક દૂત

રાજા અને પ્રજા વચ્ચેના સંદેશવાહક દૂત તરીકેની જવાબદારી જાણ્યે–અજાણ્યે નગરશેઠ કે મહાજનના માથે આવી જ જતી. એટલે જેવી રીતે પ્રજા પોતાની વાત રાજાના કાને પહોંચાડવા માટે મહાજનનો ઉપયોગ કરતી તેવી જ રીતે રાજા પણ પોતાની વાત લોકો સુધી પહોંચાડવા માટે મહાજન હોય તેવી વ્યક્તિનો જ ઉપયોગ કરતા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પ્રજાને સંદેશો પહોંચાડવા અંગેનું ફરમાન**

બાદશાહનો સંદેશો લોકો સુધી પહોંચાડવાના નક્કર ઉદાહરણ રૂપે આપણે શ્રી શાંતિદાસ ઝવેરીને ઔરંગઝેબ બાદશાહ દ્વારા પ્રાપ્ત થયેલ ફરમાનને નિર્દેશ શકીએ. શાહજહાં બાદશાહની માંદગીના સમાચાર સાંભળીને, તેમના વૃદ્ધાવસ્થાના છેલ્લાં બેએક વર્ષમાં જે રાજકીય અવ્યવસ્થા[10] ફેલાઈ હતી તે સમયે લડાઈઓના અંતે રાજગાદી મેળવનાર ઔરંગઝેબે ગુજરાતની પ્રજાજોગ પોતાનો શાંતિસંદેશ એક ફરમાનના રૂપમાં શ્રી શાંતિદાસ ઝવેરી મારફત જ મોકલ્યો હતો.[11]

રાજકીય અવ્યવસ્થાના ઈ. સ. ૧૬૫૭–૫૮ના સમય દરમ્યાન શ્રી શાંતિદાસ શેઠ મુરાદબક્ષ, ઔરંગઝેબ વગેરે રાજકુમારોના સતત સંપર્કમાં રહેતા હતા. એટલે લાંબા સમયથી પોતાની સાથે રહેલા શ્રી શાંતિદાસ ઝવેરીને પોતાના માદરેવતન અમદાવાદ પાછા જવાની રજા આપીને ગુજરાતની પ્રજાજોગ પોતાનો કલ્યાણસંદેશો મોકલતાં, તા. ૧૦મી ઑગસ્ટ ૧૬૫૮ના દિવસે અપાયેલ ફરમાનમાં બાદશાહ ઔરંગઝેબ જણાવે છે : "શ્રી શાંતિદાસ શેઠે અમદાવાદ પહોંચ્યા પછી ત્યાંના સર્વ વેપારીઓ, મહાજનો અને પ્રજાને પોતપોતાના રોજિંદાં કામ, વેપાર–ધંધો શાંતિપૂર્વક અને સ્વસ્થ ચિત્તે કરવા માટેનો પોતાનો સંદેશો પહોંચાડવો. અને રાજ્યના સરકારી માણસોને સૂચના આપવામાં આવે છે કે તેમણે શ્રી શાંતિદાસ ઝવેરી કે જે રાજદરબારના જૂના સેવક છે તેના પ્રત્યે સારો વર્તાવ રાખવો."

શ્રી રત્નમણિરાવ ભીમરાવ, જાહેરનામા સમાન આ ફરમાન અંગે જણાવે છે : "ઔરંગઝેબે શાંતિદાસ શેઠ સાથે જે જાહેરનામું અમદાવાદના લોક ઉપર મોકલ્યું હતું....તે ઉપરથી દરબારમાં શેઠની લાગવગ કેટલી હશે તે સમજાય છે."[12]

સમાજના અગ્રેસર અને મહાજન હોય તેવી જવાબદાર વ્યક્તિ દ્વારા જ આવો કલ્યાણસંદેશો બાદશાહ પ્રજાને મોકલી શકે. એટલે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઔરંગઝેબ પોતાનો શાંતિસંદેશ શ્રી શાંતિદાસ શેઠ દ્વારા અમદાવાદની પ્રજાને મોકલે તે હકીકત જ એક મહાજન અને નગરશેઠ તરીકેના શ્રી શાંતિદાસ શ્રેષ્ઠીના ઉચ્ચ સામાજિક દરજ્જાને સાબિત કરવા પૂરતી છે.

## રાજા અને પ્રજા – બંનેના હિતૈષી

આમ શ્રી શાંતિદાસ ઝવેરી રાજા અને પ્રજા વચ્ચેની યોગ્ય કડીરૂપ બનીને બંને સાથે ઉચ્ચ સંબંધો જાળવીને એક આદર્શ મહાજન તરીકેની પોતાની ફરજોને યોગ્ય રીતે પાર પાડી શક્યા હતા એમ આપણે કહી શકીએ. તેથી તો તેમના જેવા પુરુષો માટે ઉચિત જ કહેવાયું છે કે —

"नरपतिहितकर्ता द्वेष्यतां याति लोके
जनपदहितकर्ता त्यज्यते पार्थिवेन ।
इति महति विरोधे विद्यमाने समाजे
नृपतिर्जनपदानां दुर्लभः कार्यकर्ता ॥"

અર્થાત્ "(એકલા) રાજાનું હિત કરનાર લોકમાં દ્વેષને પામે છે – નિંદાય છે, (એકલા) લોકોનું હિત કરનાર રાજાથી તજાય છે, આવી રીતે એકબીજામાં આટલો બધો વિરોધ હોવાથી રાજા અને પ્રજા (લોક) બન્નેનું કાર્ય (હિત) સાધનાર ખરેખર દુર્લભ છે."[૧૩]

## સાતમા પ્રકરણની પાદનોંધો

૧. 'અન્વેષણા', પૃ૦ ૨૦૪

૨. 'પ્રપૂ', પૃ૦ ૧૮

૩. 'પ્રપૂ', પૃ૦ ૧૯, ૨૦

૪. 'પ્રપૂ', પૃ૦ ૩૯

૫. આ માટે જુઓ આ જ પુસ્તકના પાંચમા પ્રકરણની પાદનોંધ નંબર ચાર.

૬. આ પ્રસંગને લગતા ફરમાનની વિશેષ ચર્ચા આ પુસ્તકના જ 'નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને પ્રાપ્ત થયેલ ફરમાનો' નામે નવમા પ્રકરણમાં કરવામાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવી છે. વધુ માહિતી માટે જુઓ — (i) 'IMFG', p. 18 and 36; (ii) 'HOG', p. 148

૭. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે —

"...well-known at the court, with the royal favour indicated by the gift of many swift horses and fiery elephants, and an ornament to the city of Ahmedabad."

— 'SHG', p. 76

૮. 'ગૂપાઅ', પૃ૦ ૪૦૦–૪૦૧

૯. ગૂપાઅ', પૃ૦ ૫૬૧–૫૬૨. એ પુસ્તકનું 'મહાજન' નામે આડત્રીસમું પ્રકરણ (પૃ૦ ૫૪૫થી ૫૬૨) મહાજન અંગે ઘણી માહિતી આપે છે.

૧૦. આ રાજકીય અવ્યવસ્થાના વર્ણન માટે જુઓ આ જ પુસ્તકનું 'નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને પ્રાપ્ત થયેલ ફરમાનો' એ નામે નવમું પ્રકરણ.

૧૧. આ ફરમાનની સવિશેષ ચર્ચા આ જ પુસ્તકના ઉપર્યુક્ત નવમા પ્રકરણમાં કરવામાં આવી છે. તે સિવાય જુઓ : (i) 'HOG', p. 160. (ii) 'IMFG', p. 17, 51–53

૧૨. 'ગૂપાઅ', પૃ૦ ૭૩૬

૧૩. 'જૈરામા,' સમાલોચના, પૃ૦ ૯ ઉપરથી સાભાર ઉદ્ધૃત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી ચિંતામણિ-પાર્શ્વનાથનું દેરાસર

**શ્રી ચિંતામણિ-મંત્રની કથા**

શ્રી શાંતિદાસ ઝવેરી પોતે હજુ કુશળ ઝવેરી તરીકે બહાર નહોતા આવ્યા, નગરશેઠ કે સંઘપતિ નહોતા બન્યા, તેમના પ્રભાવી વ્યક્તિત્વનો ઉદય થવો હજી બાકી હતો તે સમયની એક દંતકથા, જે અનેક પુસ્તકોમાં સહેજસાજ ફેરફાર સાથે રજૂ થયેલી જોવા મળે છે, તે જોઈએ :

**(અ) એક શાંતિદાસના બદલે બીજા શાંતિદાસની મંત્રસાધના[1]**

સૂરતમાં શ્રી નેમસાગર અને શ્રી મુક્તિસાગર ચોમાસુ હતા ત્યારે સૂરતના શેઠ શાંતિદાસને પોતાને પુત્ર ન હોવાથી આ સંબંધે તેમણે ગુરુને પૂછપરછ કરતાં ગુરુએ જણાવ્યું કે આ માટે ચિંતામણિ નામનો મંત્ર છે અને તેની સાધના, તે મંત્ર પ્રમાણે, છ માસ સુધી કરવી જોઈએ. એક વખત બાર હજાર અને બીજી વખત છત્રીસ હજાર એમ ઉત્તરોત્તર પાંચ વખત તેનો જાપ જપવો જોઈએ. તેમાં ધૂપ, દીપક કરી બાકુલા વગેરેની છ માસ સુધી આહુતિ આપવી જોઈએ. આ રીતે કરવાથી ધરણરાય-પદ્માવતી મનની આશા પૂરે. શેઠે આ માટે હા કહી અને તે માટે મોદીખાનાને કામ ભળાવી દીધું અને ગુરુએ આ મંત્રની છ માસની આરાધના શરૂ કરી.[2]

આ આરાધના પૂરી થઈ તે દિવસે અમદાવાદના શ્રી શાંતિદાસ ઝવેરી સૂરતમાં હતા. તે પ્રભુદર્શન કરવા ગયા. દર્શન કરીને જ્યાં ગુરુ મંત્ર સાધતા હતા ત્યાં વંદન કરવા ગયા. આ જ વખતે સાધનાનું ફળ આપવાનું મુહૂર્ત હતું. વંદન કરવા આવેલા અમદાવાદના શાંતિદાસને ગુરુએ નામ પૂછતાં તેમણે 'હું શાંતિદાસ નામનો વેપારી છું' એમ જણાવ્યું. વિધિએ 'વહેલો તે પહેલો' એવો લેખ લખ્યો હશે તેથી ગુરુએ 'શાંતિદાસ' નામ સાંભળીને સૂરતના શાંતિદાસને બદલે અમદાવાદના શાંતિદાસને મંત્ર સાધવા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બેસાડયા. મંત્ર પૂરો થતાં તેના અધિષ્ઠાયક શ્રી ધરણેંદ્ર નાગના રૂપે આવીને ફણા ચડાવી, માથે ચડી, જીભનો લલકારો કરવા લાગ્યા. ગુરુએ જીભ ભેગી કરવાનું કહ્યું ત્યારે શાંતિદાસ શેઠને મરણની શંકા ઊપજવાથી ભય લાગ્યો એટલે ધરણેંદ્ર ત્યાંથી અદૃશ્ય થયા. આ પ્રમાણે બનાવ બનવાથી ગુરુએ જણાવ્યું : "જો શંકા વગર જીભ ભેગી કરી હોત તો આ મંત્રના પ્રભાવથી રાજા થવાત. પરંતુ જીભ ભેગી થઈ ન હોવાથી એ ફળ થોડુંક ઓછું મળશે, એટલે રાજા થવાને બદલે અઢળક લક્ષ્મી મળશે." આમ કહીને ગુરુએ આશીર્વાદ આપતાં જણાવ્યું : "ખાઓ, ખર્ચો અને સુપાત્રે વાપરો."

આ રીતે સૂરતના શ્રી શાંતિદાસને આ મંત્રનું ફળ મળવાને બદલે અમદાવાદના, મંત્રની સાધનામાં બેઠેલા શ્રી શાંતિદાસને આ મંત્રનું ફળ મળ્યું અને તે પ્રમાણે તે અઢળક લક્ષ્મીના સ્વામી થયા. પોતે પ્રાપ્ત કરેલ લક્ષ્મીને તેઓએ ધર્મકાર્યમાં અને સુપાત્રે ઉદારતાથી વાપરી.

(ख) ગૃહસ્થ શાંતિદાસના બદલે ચાકર શાંતિદાસને ફળપ્રાપ્તિ

શ્રી મગનલાલ વખતચંદ આ જ કથા કંઈક ફેરફાર સાથે આ રીતે રજૂ કરે છે[3] :

દિલ્હી પરગણામાં એક ગામમાં શાંતિદાસ કરીને એક ગૃહસ્થને ત્યાં બીજો શાંતિદાસ નામે ચાકર હતો. એ ગૃહસ્થ શેઠ ઘણા દિવસોથી જોગીશ્વરની સેવા કરતા હતા. તેની આવી સેવા જોઈને જોગીશ્વરે તે શાંતિદાસનો કંઈક ઉપકાર કરવાનો વિચાર કર્યો. ગૃહસ્થ શાંતિદાસે સામે ચાલીને જોગીશ્વરને પોતાના માટે કંઈ ઉપકાર કરવાનું જણાવ્યા વગર જ, જોગીશ્વર પોતાના મનથી શાંતિદાસની સેવાના બદલા તરીકે કંઈક આપવા માટે, જંત્રની સાધના કરવા તૈયાર થાય છે. આ જંત્ર છ મહિના ભોંયરામાં રહીને સાધવાનો હતો અને તે ભોંયરામાં બારિયામાંથી રોજ પાંચ શેર દૂધ અને શેર સાકર શાંતિદાસે જોગી-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્વરને પહોંચાડવાના હતા. આ પ્રમાણે રોજ ગૃહસ્થ શાંતિદાસ જાળિયા વાટે પાંચ શેર સાકર જોગીશ્વરને પહોંચાડતા હતા.

એક દિવસ શેઠે વિચાર્યું : "આજે છ મહિના થઈ ગયા એટલે હું પોતે સાકર અને દૂધ આપવા જઉં." તેઓ નાહીને જોગીશ્વરને સાકર તથા દૂધ આપવા જાય છે. એ જંત્ર થયો કે કેમ તે અંગે જોગીશ્વરને પૂછતાં જોગીશ્વર જણાવે છે કે એ જંત્ર કાલે થશે. એ દિવસે શેઠ પાછા જાય છે. બીજે દિવસે શેઠને થયું કે કાલની જેમ એ જંત્ર હજી નહીં થયો હોય. એટલે શેઠ માણસને દૂધ-સાકર લઈને મોકલે છે અને માણસને એ જંત્ર થયો છે કે નહીં તે પૂછી લાવવા જણાવે છે. આમ શેઠે શાંતિદાસ નામના પોતાના નોકરને જ ત્યાં મોકલ્યો. એ નોકર શાંતિદાસે જોગીશ્વરને પૂછ્યું : "જંત્ર તૈયાર થયો છે કે કેમ ?" જોગીશ્વરે સામું પૂછ્યું : "કોણ એ ?" ત્યારે ચાકરે જણાવ્યું : "એ તો હું શાંતિદાસ." ત્યારે જોગીશ્વરે એ ચાકર શાંતિદાસને, અંધારામાં મોં ન દેખાવાથી, શેઠ શાંતિદાસ માની લીધો અને તેને તૈયાર થયેલો જંત્ર આપીને કહ્યું : "તું તથા તારી પેઢીમાં કોઈ નાગો-ભૂખ્યો નહીં રહે." રસ્તામાં આ ચાકર શાંતિદાસે વિચાર્યું કે, : "મારો શેઠ તાલેવંત થાય તેના કરતાં હું જ તાલેવંત ન થઉં ?" એમ વિચારીને ચાકર શાંતિદાસે એ જંત્ર શેઠને ન આપ્યો, પણ શેઠની ઘોડારમાંથી ઘોડો લઈને તે દિલ્હી તરફ ભાગી છૂટયો.

### (क) કોઈ મુનિએ ચિંતામણિ-મંત્ર આપ્યાનો મત[૪]

શ્રી રત્નમણિરાવ આ મંત્રસાધના અંગે જણાવે છે : "એમ કહેવાય છે કે શાંતિદાસ શેઠને કોઈ મુનિએ ચિંતામણિ-મંત્ર આપ્યો હતો અને એ એમણે સિદ્ધ કર્યો હતો. એ જગ્યા હાલ પણ સુરતમાં ભોંયરામાં છે એમ મનાય છે."

૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## આ કથાઓના વિગતભેદો અને સામ્ય

શ્રી શાંતિદાસને ચિંતામણિ–મંત્રની પ્રાપ્તિને લગતી જુદાં જુદાં પુસ્તકોમાં રજૂ થયેલી આ કથામાં થોડોઘણો ફેરફાર જોવા મળે છે; જેમ કે શ્રી શાંતિદાસ જે બીજા શાંતિદાસને ઘેર ગયા હતા તે સૂરતમાં રહેતા હતા કે દિલ્હીમાં, આ મંત્રની સાધના જૈન મુનિએ કરાવી કે જોગીશ્વરે, આ મંત્રની સાધના શાંતિદાસના કહેવાથી કરવામાં આવી કે જોગીશ્વરે સામે ચાલીને શાંતિદાસ ઉપર ઉપકાર કરવા માટે કરી, મંત્રની સાધના વખતે ધૂપ, દીપ, બાકુલા વગેરેની જરૂર પડી કે સાકર અને દૂધની આવી ઝીણી ઝીણી વિગતોના ભેદને બાદ કરીએ તો આ જુદી જુદી કથાઓમાં સમાનપણે જે કહેવામાં આવ્યું છે તે એ છે કે એક શાંતિદાસના માટે સાધવામાં આવેલા ચિંતા-મણિના મંત્રનું ફળ બીજા શાંતિદાસ લઈ જાય છે, અને આ મંત્રના ફળના પ્રતાપે અમદાવાદના વતની શ્રી શાંતિદાસ ઝવેરી ધનસમૃદ્ધિ પ્રાપ્ત કરે છે.

## શ્રી ચિંતામણિનું દેરાસર

આ દંતકથામાં જો કંઈ સત્ય હોય તે ખરું, પણ શ્રી શાંતિ-દાસ ઝવેરીને શ્રી ચિંતામણિ–પાર્શ્વનાથનું દેરાસર બંધાવવાની અદમ્ય ઇચ્છા હતી એ તો એક ઐતિહાસિક હકીકત છે જ. આ ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર ક્યારે બંધાવ્યું, ક્યાં બંધાવ્યું, તે દેરાસર લુપ્ત કેવી રીતે થયું – વગેરે બાબતોને લગતાં જુદા જુદા પ્રવાસીઓનાં વર્ણનો અને અન્ય આધારો ઉપલબ્ધ છે.

## પોતાની સંપત્તિનો ધાર્મિક ઉપયોગ

શ્રી શાંતિદાસ ઝવેરીએ ચિંતામણિમંત્રના પ્રતાપે, કે ઝવે-રાતના ધંધાની પોતાની આવડતના પ્રતાપે કે ભાગ્યની બલિહારીને કારણે કે ઘનિષ્ઠ રાજદરબારી સંબંધોને લીધે — આમાંથી કોઈ એક કારણે કે બધાં કારણોને લઈને જે સંપત્તિ મેળવી (અને જે સંપત્તિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેમના વારસદારો પણ પેઢી દર પેઢી મેળવતા રહ્યા) તે સંપત્તિનો ધર્મના કામમાં વ્યય કરવાનું વલણ શ્રી શાંતિદાસ નાનપણથી જ ધરાવતા હતા. પાલીતાણાનો જે સંઘ તેમણે પોતાની યુવાનવયે ઈ. સ. ૧૬૧૮માં કાઢ્યો હતો તે આ બાબતની સાક્ષી પૂરે જ છે.[૫]

## દેરાસર બાંધવાની ઇચ્છા

શેઠ શ્રી શાંતિદાસને પોતાના વતન અમદાવાદમાં ભવ્ય દેરાસર બંધાવવાનો વિચાર આવ્યો. આ વિચાર તેમણે પોતાના મોટા ભાઈ વર્ધમાનને જણાવ્યો અને વર્ધમાને તે વિચારમાં સંમતિ દર્શાવી. ત્યાર બાદ તેમણે પોતાના ગુરુ શ્રી મુક્તિસાગરજી મહારાજ કે જેમના પ્રત્યે તેમને ખૂબ આદર અને ભક્તિ હતાં, જેમનો ઉલ્લેખ ચિંતામણિ-મંત્રની સાધના અંગેની કથામાં કરવામાં આવ્યો છે અને જેમને સૂરિપદ અપાવવામાં તેમણે આગળ પડતો ભાગ ભજવેલો તેમને પોતાનો આ વિચાર દર્શાવ્યો. અને પૂ. શ્રી મુક્તિસાગરજી મહારાજે તેમને આ કામ કરવાની આજ્ઞા આપી.

## દેરાસરનું નિર્માણ

ત્યારબાદ આ દેરાસર માટેની જમીન મેળવવા માટે શ્રી શાંતિદાસ શેઠે તે વખતના મોગલ બાદશાહ જહાંગીરનો સંપર્ક સાધ્યો. જહાંગીર બાદશાહ આમે ય 'ઝવેરી મમ્મા' તરીકે શાંતિદાસ શેઠ પ્રત્યે આદરભાવ ધરાવતા જ હતા, અને વળી દરેક ધર્મ પ્રત્યે પોતાના પિતા અકબર જેવી ઉદાર નીતિ પણ ધરાવતા હતા. એટલે આવા ધર્મના કાર્યમાં જહાંગીરે આનાકાની વગર હા પાડીને જમીનને લગતા પરવાના શ્રી શાંતિદાસને આપ્યા.

અમદાવાદમાં આવેલ સરસપુર તે સમયે 'બીબીપુર' (બીબીપુરા) તરીકે પ્રખ્યાત હતું. સૈયદ ખુન્દમીરનાં મા બીબીજીના નામ ઉપરથી આ પરાનું નામ 'બીબીપુર' પડ્યું હતું એવી કથા છે. આ બીબીપુરામાં દેરાસર માટે વિશાળ જમીન બાદશાહ પાસેથી મેળવ્યા બાદ ઝવેરી શાંતિદાસે તે જમીનમાં સંવત્ ૧૬૭૮ (ઈ. સ. ૧૬૨૧)માં દેરાસર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બંધાવવાનું કાર્ય શરૂ કર્યું.

આ દેરાસર ખૂબ ભવ્ય બનાવવાનો તેમનો વિચાર હતો. લાખો રૂપિયા ખર્ચીને પણ એક નમૂનેદાર દેરાસર બનાવવા માટે તેમણે શક્ય એટલાં ઉત્તમ સાધન–સામગ્રી, કારીગરો વગેરે મેળવવા માટે પ્રયાસ શરૂ કર્યા. જયપુરથી ઊંચી કિંમત આપીને મકરાનનો આરસપહાણ ખરીદ્યો. આગ્રા અને દિલ્હી જઈને તે આરસપહાણું પર સરસ કોતરકામ કરનાર શિલ્પીઓને અમદાવાદ મોકલ્યા. ખંભાતમાંથી જાતજાતના અકીકના પથ્થરો ખરીદ્યા. સોમપુરા સલાટોએ શિલ્પશાસ્ત્રના નિયમો મુજબ દેરાસરના નકશા તૈયાર કર્યા. અનુભવી અને બહુશ્રુત વિદ્વાન શ્રી મુક્તિસાગરજીએ ધાર્મિક નિયમો સમજાવીને દેરાસરમાં ભોંયરા અને ફરતાં બાવન જિનાલય કેવી રીતે બંધાવવાં તે સમજાવ્યું.[૬]

શ્રી શાંતિદાસ શેઠ પણ પોતાના સમયનો મોટો ભાગ આ દેરાસરની તૈયારી પાછળ ગાળવા માંડચા. ટૂંકમાં, આ દેરાસર ઉત્તમ પ્રકારનું નમૂનેદાર દેરાસર બને એ માટે પોતાનાથી બનતા બધા જ પ્રયત્નો શ્રી શાંતિદાસે કરવા માંડચા અને એ માટે તેમણે પોતાનાં દ્રવ્ય, સમય, શક્તિ એ બધાંનો છૂટે હાથે ઉપયોગ કરવામાં કશી મણા ન રાખી.

'શ્રી ચિંતામણિપ્રશસ્તિ'

આ ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસર વિષે — જેનો કેટલાક લેખકો ચિંતામણ પાર્શ્વનાથના દેરાસર તરીકે પણ ઉલ્લેખ કરે છે — આપણે વધુ વિચાર કરીએ તે પૂર્વે એક હકીકત ધ્યાનમાં રાખીએ કે 'શ્રી ચિંતામણિ–પ્રશસ્તિ' નામે કૃતિની રચના શેઠ શ્રી શાંતિદાસે બંધાવેલ આ ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરની પ્રશસ્તિરૂપે જ કરવામાં આવી છે.

'શ્રી ચિંતામણિ–પ્રશસ્તિ'ની રચના પૂજ્ય મુનિ શ્રી સત્યસૌભાગ્યના શિષ્ય પૂજ્ય મુનિ શ્રી વિદ્યાસૌભાગ્ય દ્વારા સંવત્ ૧૬૯૭ના પોષ સુદ બીજને શુક્રવારના દિવસે (ચોથી ડિસેમ્બર ૧૬૪૦ના રોજ)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરવામાં આવી છે એમ આપણને તેની પુષ્પિકા ( colophon ) ઉપરથી જાણવા મળે છે.[૭]

આ કૃતિમાં આ દેરાસરને લગતી અને શ્રી શાંતિદાસ શેઠના સંવત્ ૧૬૯૭ (ઈ. સ. ૧૬૪૦) સુધીના જીવનને લગતી જે હકીકતો આપવામાં આવી છે તેની ઐતિહાસિકતાનો પૂરતો પુરાવો આપણને અન્યત્ર મળી રહે છે. આ કૃતિમાં અને તેને આધારે અન્ય પુસ્તકોમાં આ દેરાસર અંગે વિગતવાર મળી આવતી માહિતી જોઈએ :

## દેરાસરની પ્રતિષ્ઠા

શ્રી ચિંતામણિ-પાર્શ્વનાથનું આ દેરાસર સંવત્ ૧૬૭૮(ઈ. સ. ૧૬૨૧ )માં શેઠ શ્રી શાંતિદાસે પોતાના ભાઈ વર્ધમાન સાથે મળીને બંધાવવું શરૂ કર્યું હતું. ત્યાર બાદ સં. ૧૬૮૧ ( ઈ. સ. ૧૬૨૫ )માં આ દેરાસરનું કામ પૂરું થતાં વાચકેન્દ્ર નામના વિદ્વાન સાધુના નેતૃત્વ નીચે મૂળનાયક શ્રી ચિંતામણિ-પાર્શ્વનાથની પ્રતિમાની તેમાં પ્રતિષ્ઠા કરવામાં આવી અને આ દેરાસરનું નામ ‘ મેરુતુંગ ’ રાખવામાં આવ્યું.[૮]

## દેરાસરનું વર્ણન

‘ શ્રી ચિંતામણિપ્રશસ્તિ ’માં શ્લોક ૪૫ થી ૫૪ માં આ દેરાસરનું જે સંસ્કૃત વર્ણન આપવામાં આવ્યું છે તેનું અંગ્રેજી ભાષાંતર શ્રી કોમિસેરિયેટે આપ્યું છે. તેમાં જણાવ્યા પ્રમાણે —

“ સંવત્ ૧૬૭૮ ( ઈ. સ. ૧૬૨૧ )માં, વર્ધમાન અને શાંતિદાસ કે જેઓ પોતાના નસીબના સર્વોચ્ચ શિખરે પહોંચ્યા હતા, જેમણે પોતાના કુટુંબના સભ્યો સાથે ધાર્મિક વ્રત લીધેલાં, જેઓ ખૂબ પવિત્ર જીવન જીવતા હતા અને જેમણે એમ સાંભળેલું કે મંદિરો બંધાવવાથી સારું નસીબ પ્રાપ્ત થાય છે, તેમણે બીબીપુરામાં ભવ્ય મંદિર ( દેરાસર ) બાંધ્યું ( શ્લોક ૪૫-૪૯). દેરાસરની કમાનો ઉપર અપ્સરા જેવી સ્ત્રીઓની મૂર્તિઓ હતી, જ્યારે દેરાસરના દ્વારમાં સંરક્ષણ માટે પંચપાત્ર ( કે પંચપત્ર ? ) હતું. દેરાસરનાં વિશાળ, ઉન્નત પગથિયાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભક્તોનાં સ્વર્ગ પ્રત્યેના પ્રયાણનું સૂચન કરતા હતા. દેરાસરના મેઘનાદ, સિંહનાદ, સૂર્યનાદ, રંગરમ, ખેલ અને ગૂઢગોત્ર — આ નામના છ મંડપ હતા. તેને બે મિનારા, ફરતા ચાર ચોરસ દેરાસરો અને ભોંયરામાં જિનની મૂર્તિઓ સાથેની ચાર દેરીઓ હતી (શ્લોક ૫૦–૫૪)."[૯]

## 'શ્રી ચિંતામણિપ્રશસ્તિ'નો એક શ્લોક

'શ્રી ચિંતામણિપ્રશસ્તિ'માંથી તે દેરાસરનું વર્ણન કરતો એક શ્લોક શ્રી રત્નમણિરાવ ભીમરાવ ટાંકે છે, જે નીચે મુજબ છે —

"प्रासादं वर्धमानः सतुजतुरतुलं शान्तिदासश्च शुभ्रम् ।
भास्वद्बीबीपुरे सत्तपगणतरणीपार्श्व चिंतामणेर्यं,
श्रीमद् ज्हांगीरराज्ये युवतिनृपतियुते तस्य कुर्म्मः प्रशस्तिम् ॥ २ ॥"

અર્થાત્ "વર્ધમાનશાહ તથા શાંતિદાસ શેઠે જાજરમાન બીબીપુરમાં, યુવતી જેમાં રાજા છે તેવા જહાંગીરના રાજ્યમાં સારા તપ-સમુદાયરૂપી હોડીવાળા ચિંતામણિ–પાર્શ્વનાથનું જે શુભ્ર અને અતુલ દેરાસર બનાવ્યું તેની આ પ્રશસ્તિ અમે રચીએ છીએ."

આ શ્લોક ટાંકયા પછી વધુમાં શ્રી રત્નમણિરાવ જણાવે છે: "પ્રશસ્તિના છઠ્ઠા શ્લોકમાં અમદાવાદનું વર્ણન કર્યા પછી બીબીપુરનું વર્ણન કરેલું છે. એમાં એને અમદાવાદનું 'શાખાપુર' કહેલું છે. આ ઉલ્લેખથી બીબીપુર જે સૈયદ ખન્દમીરનાં મા બીબીજીએ વસાવેલું.... તેનું સ્થળ નક્કી થાય છે."[૧૦]

## 'શ્રી ચિંતામણિપ્રશસ્તિ'ની ઐતિહાસિકતાનો પુરાવો

'શ્રી ચિંતામણિપ્રશસ્તિ'માં જે બનાવો નોંધવામાં આવ્યા છે તે બનાવો કલ્પનાથી જ રજૂ કરવામાં આવ્યા નથી, પરંતુ તે બનાવો ઐતિહાસિક બનાવો છે એ દર્શાવી શકે એવી એક બાબતની નોંધ લેવી ઉચિત હોવાથી તે બાબત અહીં નોંધીએ.

શ્રી કોમિસેરિયેટે શાહજહાં બાદશાહના રાજ્યકાળના ગાળા (૧૬૨૭–૫૮) દરમ્યાનના ગુજરાતના મોગલ વાઈસરોયની જે યાદી આપી છે[૧૧] તેમાં ઈ. સ. ૧૬૩૬થી ૧૬૪૨ ના સમય દરમ્યાન ગુજરાતના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાઈસરૉય તરીકે આઝમખાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ આઝમખાન એક શક્તિશાળી અને પ્રતાપી વાઈસરૉય હતા અને તેના નામમાત્રથી તેના દુશ્મનો ધ્રૂજતા હતા એમ કહેવાતું. 'શ્રી ચિંતામણિપ્રશસ્તિ'ની રચના ઈ. સ. ૧૬૪૦ માં કરવામાં આવી. તેથી તે સમયે ગુજરાતમાં વાઈસરૉય તરીકે આઝમખાન જ સત્તા પર હતા. 'શ્રી ચિંતામણિપ્રશસ્તિ'ના અંતમાંના કેટલાક શ્લોકોમાંથી એક શ્લોકમાં આઝમખાનનું તે સમયના ગુજરાતના યોગ્ય વડા તરીકે વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે : "જેના નામમાત્રથી દુશ્મનોનાં શરીર ભયથી ધ્રૂજી ઊઠતાં, આંખો ચઢી જતી અને હૃદય બેસી જતાં એવા ગુજરાતના યોગ્ય વડા આઝમખાનનો જય હો."[૧૨]

## જર્મન પ્રવાસી મેન્ડેલસ્લો દેરાસરની મુલાકાતે

આ દેરાસર બંધાયા પછી ૧૨ વર્ષ બાદ, સંવત્ ૧૬૯૪ (ઈ. સ. ૧૬૩૮)માં જર્મન પ્રવાસી આલ્બર્ટ ડી. મેન્ડેલસ્લોએ[૧૩] પોતાના ભારતના પ્રવાસ દરમ્યાન આ દેરાસરની મુલાકાત લીધી હતી. આ દેરાસરનું વર્ણન કરતાં મેન્ડેલસ્લો જણાવે છે —

"આ દેરાસર નિઃશંકપણે અમદાવાદ શહેરનાં જોવાલાયક ઉત્તમ સ્થાપત્યોમાંનું એક હતું. તે સમયે આ દેરાસર નવું જ હતું; કારણ કે તેના સ્થાપક શાંતિદાસ નામે ધનિક વાણિયા મારા સમયમાં જીવતા હતા. ઊંચી પથ્થરની દીવાલથી બંધાયેલા વિશાળ ચોગાનની મધ્યમાં આ દેરાસર આવેલ હતું. તેમાં ફરતી ભમતી હતી કે જેમાં નાની નાની ઓરડીઓમાં સફેદ કે કાળા આરસપહાણની મૂર્તિઓ હતી — જે મૂર્તિઓ તે દેશના (ભારતના) રિવાજ પ્રમાણે પગ વાળીને (પલાંઠી વાળીને) બેઠેલ નગ્ન સ્ત્રીઓની[૧૪] હતી. કેટલીક દેરીઓમાં વચ્ચે મોટી અને આજુબાજુ એક એક નાની મૂર્તિ — એ રીતે ત્રણ મૂર્તિઓ હતી.

"પ્રવેશદ્વારમાં બે કાળા આરસના, સંપૂર્ણ કદના હાથીઓ હતા અને તેમાંના એક ઉપર સ્થાપકની (શાંતિદાસની) મૂર્તિ હતી. આખું દેરાસર છતવાળું હતું અને દીવાલો માણસ અને બીજાં જીવંત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રાણીઓની કેટલીક આકૃતિઓથી શણગારવામાં આવી હતી. આ મસ્જિદ(દેરાસર)માં લાકડાના કઠેરાથી જુદા પાડવામાં આવેલ ત્રણ નાનાં દેરાં (ગભારા) અથવા અંધારાવાળાં (obscure) સ્થાનો સિવાય બીજું કંઈ ન હતું. આની અંદર તીર્થંકરોની આરસપહાણની મૂર્તિઓ હતી અને વચલી દેરીમાં રહેલ મૂર્તિ પાસે ઝળહળતો દીપક હતો.

"અમે ત્યાં તેઓના એક પૂજારીને પણ જોયો કે જે તે સમયે ભક્તિ કરવા આવતા ભક્તોના હાથમાંથી મૂર્તિઓને શણગારવા માટે ફૂલો, કઠેરા પાસે લટકાવેલ દીવાઓ માટે તેલ (ઘી) અને ભોગ (sacrifice) માટે ઘઉં અને મીઠું લેવામાં રોકાયેલો હતો. તેણે ફૂલોને મૂર્તિઓ પાસે ગોઠવ્યાં. તેનાં મોં અને નાક લીનનના ટુકડા વડે ઢાંકેલાં કે જેથી તેના શ્વાસની અશુદ્ધતા ઈશ્વરને અપવિત્ર ન કરે. અને દીવા પાસે આવતાં જ તે કંઈક પ્રાર્થના બોલતો અને તેના હાથ જ્યોતની ઉપર અને નીચે ફેરવતો – જાણે કે તેણે તેને (હાથને) અગ્નિમાં ધોઈ નાખ્યા ન હોય! અને ક્યારેક તેનું મોં પણ તેનાથી ઘસતો."[૧૫]

મેન્ડેલસ્લોના આ વર્ણન ઉપરથી આપણને એ જાણવા મળે છે કે આ દેરાસર નવું નવું બન્યું હતું તે જ વખતે મેન્ડેલસ્લોએ તેની મુલાકાત લીધી હતી. વળી આ દેરાસરના મોટા વિશાળ ચોગાનને ફરતી પથ્થરની દીવાલ હતી. આ ચોગાનની મધ્યમાં નાની નાની દેરીઓ સાથેની ભમતી હતી અને તેની મધ્યમાં મુખ્ય દેરાસર આવેલ હતું. ભમતીની દેરીઓમાં સફેદ કે કાળા આરસપહાણની મૂર્તિઓ હતી. જોકે, અન્ય પરદેશી મુસાફરોની જેમ મેન્ડેલસ્લો પણ તેને ભૂલથી પગ વાળીને બેઠેલ નગ્ન સ્ત્રીઓ માની લે છે; તે વાસ્તવમાં તો તીર્થંકરોની જ મૂર્તિઓ હતી. ભમતીની વચ્ચે વચ્ચે કેટલીક દેરીઓમાં ત્રણ મૂર્તિઓ – વચ્ચે મોટી અને આજુબાજુ એક એક નાની મૂર્તિ એ રીતે – હતી. દેરાસરના પ્રવેશદ્વારમાં જ પૂરા કદના બે કાળા આરસના હાથી કંડારેલા હતા, કે જેમાંના એક હાથી પર આ દેરાસર બંધાવનાર નગરશેઠ શ્રી શાંતિદાસની મૂર્તિ હતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છતવાળા આ દેરાસરની ભીંતો માનવ અને પ્રાણીઓની જીવંત આકૃતિઓના સુંદર શિલ્પથી શણગારવામાં આવી હતી. મુખ્ય દેરાસરથી થોડેક દૂર એકબીજાને લાકડાના કઠેડાથી જુદી પાડતી ત્રણ દેરીઓ હતી.

**હઠીસિંહના દેરાસર જેવી ભવ્યતા**

આ વર્ણનનો કંઈક વધુ ખ્યાલ આપણને એ હકીકત ઉપરથી પણ આવી શકે કે આ દેરાસર અત્યારના અમદાવાદના સુપ્રસિદ્ધ હઠીસિંહના દેરાસરના જેવું જ હતું.

શ્રીયુત્ મગનલાલ વખતચંદ આ દેરાસર વિષે જણાવે છે : "....બાવન જીનાલયનું શીખરબંધ દેહેરું જૈન ધર્મનું છે. તે દેહેરા વિશે એવું કેહેવામાં આવે છે કે નગરશેઠ સાંતીદાસ શેઠે પાંચ સાત લાખ રૂપૈઆ ખરચીનેં કરાવ્યું હતું. એ દેહેરાનો ઘાટ તમામ હઠીશંઘના દેહેરા જેવો છે પણ તફાવત એટલો જ કે હઠીશંઘનું દેહેરું પશ્ચમાભીમુખ છે નેં આ દેહેરૂં ઉત્તરાભીમુખનું છે."[૧૬]

અમદાવાદમાં આવેલ હઠીસિંહના દેરાસરની ભવ્યતા જેણે નજરે જોઈ હોય તે શ્રી શાંતિદાસ ઝવેરીએ બંધાવેલ આ ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરની ભવ્યતાની સહેજે કલ્પના કરી શકે.

**આ દેરાસરનું એક તીર્થ તરીકે વર્ણન**

આ દેરાસરને તીર્થરૂપે લેખવામાં આવતું હતું એવા પણ ઉલ્લેખો આપણને પ્રાપ્ત થાય છે.

શ્રી શીલવિજયજી પોતાની 'તીર્થમાળા'માં આ દેરાસરનું તીર્થ તરીકે વર્ણન આ શબ્દોમાં કરે છે—

"ઓસવંશે શાંતિદાસ, શ્રીચિંતામણિ પૂજ્યા પાસ;
પ્રભુ સેવાઇ ગજસંપદા, દિલ્લીસરિ બહુ માન્યો સદા.."[૧૭] કડી૧૫૧

આ કડીનો ઉલ્લેખ કરીને શ્રી રત્નમણિરાવ ભીમરાવ જણાવે છે : "એમના સમયમાં એ મંદિર જૈન તીર્થ તરીકે ગણાતું. શીલવિજયજીની તીર્થમાળામાં એનો ઉલ્લેખ આવે છે."[૧૮]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિ. સં. ૧૬૯૫ના માહ વદિ ૧૪ ને ગુરુવારે શત્રુંજયની યાત્રા કર્યાનું નોંધતી પં. દેવચન્દ્રવિરચિત 'શત્રુંજયતીર્થ–પરિપાટી'માં શત્રુંજયની યાત્રા પહેલાં અમદાવાદના યાત્રાવર્ણનમાં પહેલી ઢાળની આઠમી કડીમાં જણાવવામાં આવ્યું છે :

"બીબીપુરિ ચિંતામણિ પાસિ વિજયચિંતામણિ પુરિં આસ;
ભાભો અસાઉલ વાસ તુ." જ૦ ૮[૧૯]

## દેરાસર અંગેની દુઃખદાયક હકીકત

જે દેરાસરનો એક તીર્થ તરીકે ઉલ્લેખ કરવામાં આવતો હોય તે દેરાસરની ભવ્યતા ઓછી તો ન જ હોય. આવું ભવ્ય દેરાસર, હવે આપણે જે અઘટિત પ્રસંગનો ઉલ્લેખ કરવાનો છે તે પ્રસંગ જો ન બન્યો હોત તો, કાળબળની સામે ટક્કર ઝીલીને આજે પણ આપણી સમક્ષ એના જાજરમાન રૂપમાં ઊભું હોત.

શ્રી કોમિસેરિયેટના શબ્દોમાં જોઈએ તો, "એ ઓછી દુઃખદાયક હકીકત નથી કે પંદરમી અને સોળમી સદીમાં અમદાવાદમાં બંધાયેલ મુસ્લિમ ઈમારતો હજુ આજે પણ લગભગ સંપૂર્ણ હાલતમાં ખડી છે, ત્યારે ૧૭મી સદીમાં બંધાયેલ આ ભવ્ય જૈન દેરાસર કેટલાંક કારણો, કે જેની ચર્ચા આપણે પછી કરીશું, તેને લીધે સાવ અદૃશ્ય થઈ ગયું છે."[૨૦]

શ્રી ચિંતામણિ–પાર્શ્વનાથના આ દેરાસરને પ્રતિષ્ઠિત થયાને માંડ બે દાયકા થયા ન થયા ત્યાં તો, આપણા કમનસીબે, તેનો નાશ થાય તેવો પ્રસંગ બની ગયો.

## બાદશાહ ઔરંગઝેબે દેરાસરમાં કરાવેલ ગાયનો વધ

મોગલ બાદશાહ શાહજહાંના હાથ નીચે, ઈ. સ. ૧૬૪૫ થી ૧૬૪૬ ના સમય દરમ્યાન, એકેક વર્ષ માટે, ગૂજરાતના મોગલ વાઈસરૉય (સૂબા) તરીકે બાદશાહજાદો ઔરંગઝેબ નિમાયો હતો ત્યારનો આ પ્રસંગ છે. યુવાનીના મદથી ચકચૂર બનેલા ધર્મઝનૂની એવા રાજ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમાર ઔરંગઝેબની નજરે એક દિવસ જૈનોનું આ ભવ્ય દેરાસર આવી ચઢ્યું. આવું ભવ્ય દેરાસર બીજા ધર્મનું હોય એ હકીકત ઇસ્લામના અંધ અનુયાયી અને ધર્મના ખોટા ઝનૂનથી પ્રેરાયેલા ઔરંગઝેબથી સાંખી શકાઈ નહીં. એટલે તેણે આ દેરાસરને મસ્જિદમાં ફેરવવા માટે પોતાના સાથીદારોને સૂચના આપી. તેના સાથીદારોએ આવું અઘટિત કાર્ય ન કરવા માટે ઔરંગઝેબને સમજાવ્યો, અને આ ભવ્ય દેરાસર જૈનોના ઉપયોગ માટે અખંડિત રહેવા દેવાનું જણાવ્યું. પણ ભાન ભૂલેલા રાજકુમાર ઔરંગઝેબે પોતાના સાથીદારોની કોઈ વાતો સાંભળ્યા વગર તેને મસ્જિદમાં ફેરવવાની પોતાની આજ્ઞાનો તરત જ કડક અમલ કરવા ભારપૂર્વક જણાવ્યું.

દેરાસરની આ ભવ્ય ઇમારતને ભારે નુકસાન પહોંચાડવાની સાથે સાથે તેણે આ દેરાસરમાં એક ગાયનો વધ[૨૧] પણ કરાવ્યો કે જેથી પછી જૈનો તેનો ફરી દેરાસર તરીકે ઉપયોગ કરે એવી શક્યતા જ નિર્મૂળ થઈ જાય.

જૈનધર્મની પવિત્ર ઇમારતને, તેની ભવ્યતા સાંખી ન શકવાને કારણે, ઇસ્લામ ધર્મની ઇમારતમાં ફેરવવા માટે ઔરંગઝેબે કંઈ બાકી ન રાખ્યું.[૨૨] તેણે આ ઇમારતમાં કરેલ ગાયના વધનો પ્રસંગ તો આ ઇમારતને જૈનો કોઈ પણ દિવસ, કોઈ પણ રીતે વાપરી જ ન શકે એટલો કરુણ-દારુણ બની રહ્યો.

### દેરાસરને મસ્જિદમાં ફેરવવાનો પ્રયત્ન

આટલું ઓછું હોય તેમ, આ દેરાસરને ઇસ્લામ ધર્મની મસ્જિદમાં ફેરવવા માટે ઔરંગઝેબે જૈન તીર્થંકરોની મૂર્તિઓને નુકસાન પહોંચાડવા માંડ્યું. આ દેરાસરની પૂતળીઓ અને તીર્થંકરોની મૂર્તિઓનાં નાક તોડી નાખવામાં આવ્યાં, અને આ રીતે ઉત્તમ શિલ્પના પ્રતીક રૂપ આ મૂર્તિઓને ખંડિત કરવામાં આવી. વળી આ દેરાસરને મસ્જિદમાં ફેરવી નાખવા માટે એમાં નવી મહેરાબો પણ બનાવવામાં આવી. આ મસ્જિદને તેણે 'કુવ્વત-અલ-ઇસ્લામ (Qu-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

wwat-ul-Islam) અર્થાત્ 'ઇસ્લામની તાકાત' એવું નામ પણ આપ્યું હતું. આ ઉપરાંત મંદિરની મનોહર કારીગરીની પણ સારા પ્રમાણમાં ભાંગફોડ કરવામાં આવી હતી. આ બનાવ ઈ. સ. ૧૬૪૫ (સંવત ૧૭૦૧)માં બન્યો.[૨૪]

## દેરાસરમાં ભોંયરું અને મૂર્તિઓની રક્ષા

આપત્તિના સમયે કે પ્રતિકૂળ વાતાવરણમાં કદાચ ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસર ઉપર કોઈ ભારે વિપત્તિ આવી પડે એ શક્યતાનો અગમચેતીથી ખ્યાલ રાખીને શ્રી શાંતિદાસ શેઠે, આ દેરાસરની રચના થઈ તે સમયે જ, એક વ્યવસ્થા કરી રાખી હતી. કહેવાય છે કે, બીબીપુર–સરસપુરમાં બંધાયેલ આ દેરાસરમાંથી ગાડાંઓ પસાર થઈ શકે એવું એક ભોંયરું બનાવવામાં આવ્યું હતું, જે છેક અમદાવાદ શહેરની મધ્યમાં આવેલ ઝવેરીવાડામાં નીકળતું હતું. વિધર્મી રાજવીઓના અમલ દરમ્યાન ગમે તે કાળે, પોતે ખૂબ કાળજીપૂર્વક તન–મન–ધનથી ઊભી કરેલ પોતાના ધર્મની ભવ્ય ઈમારત ઉપર આક્રમણ થાય એ શક્યતાનો વિચાર કરીને તેવા પ્રસંગે કંઈક માર્ગ કાઢી શકાય એવા હેતુથી આ ભોંયરાની રચના વિચક્ષણ શ્રી શાંતિદાસ ઝવેરીએ કરાવી હશે.

અને આવી શકય માનેલી આપત્તિ પોતાના જીવનકાળ દરમ્યાન અને દેરાસરની રચનાને એક પચીશી પણ પૂરી થઈ ન હતી તે પહેલાં જ આવી પડેલી જોઈને કોને રંજ ન થાય? પોતે ઊભી કરેલ ઇમારતને પોતાના જીવતાં અને પોતાની નજર સામે જ બીજો કોઈ લૂંટી જાય કે જમીનદોસ્ત કરી જાય, એનું દુઃખ કેટલું ઊંડું અને કારમું હોય એની તો એવું દુઃખ અનુભવનારને જ ખબર પડે. આ મહાન આપત્તિવેળાએ દેરાસરને થતું નુકસાન તો શ્રી શાંતિદાસ શેઠ અટકાવી ન શક્યા, પરંતુ દેરાસરની મુખ્ય પાંચ પ્રતિમાઓને આ ભોંયરા વાટે ઝવેરીવાડામાં લાવવામાં આવી. આ પ્રતિમાઓમાંની બે પ્રતિમાઓ ૧૦૦–૧૦૦ મણ વજનની હતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એટલે દેરાસરના પ્રાણરૂપ મૂળનાયક શ્રી ચિંતામણિ-પાર્શ્વનાથની પ્રતિમા અને અન્ય ચાર પ્રતિમાઓને ભોંયરા વાટે ઝવેરીવાડામાં લાવીને મોગલ રાજકુમારને એ વાતની ગંધ સરખી પણ આવવા ન પામે એ રીતે છુપાવીને રાખવામાં આવી. આ જ મૂર્તિઓની પ્રતિષ્ઠા શ્રી શાંતિદાસ શેઠના વંશજોએ આ બનાવ પછી લગભગ એકસો વર્ષ બાદ ઝવેરીવાડામાં જ દેરાસર બંધાવીને ફરી વાર કરી. અને આ દેરાસરો આજે પણ અમદાવાદમાં મોજૂદ છે. એટલે ચિંતામણિ-પાર્શ્વનાથના દેરાસરના નાશના પ્રસંગે તે દેરાસરની મુખ્ય પ્રતિમાઓને બચાવવામાં આવી તે તો એક ઇતિહાસસિદ્ધ હકીકત જ છે. આ મૂર્તિઓ ભોંયરા દ્વારા ઝવેરીવાડામાં લાવવામાં આવી કે બીજા કોઈ માર્ગે તેની સાબિતી કદાચ અત્યારે આપણને ન મળે, પરંતુ દેરાસરને મસ્જિદમાં ફેરવવાના મક્કમ ઇરાદાવાળા રાજકુમાર ઔરંગઝેબ અને તેના સાથીદારોની નજરથી બચાવીને આ મૂર્તિઓને તે જમાનામાં છેક બીબીપુરાથી ઝવેરીવાડામાં લાવવાનું ખુલ્લા રસ્તાઓમાં, દિવસે કે રાત્રે, શક્ય ન બન્યું હોત એમ જો માનીએ તો આ દેરાસરને ઝવેરીવાડા સુધીનું લાંબું, ગાડાં પસાર થઈ શકે એવું ભોંયરું હતું એ બાબત આપણે સ્વીકારવી પડે. ભોંયરું હોય કે ન હોય એ પ્રશ્નને ગૌણ ગણીએ તોપણ એટલું તો અહીં સ્પષ્ટ જ છે કે, ગમે તે રીતે શ્રી શાંતિદાસ શેઠે દેરાસરની મુખ્ય પાંચ મૂર્તિઓને બચાવી લીધી હતી.[૨૪]

## શ્રી શાંતિદાસ શેઠની ધીરજ અને દીર્ઘદૃષ્ટિ

શાહી દરબારમાં વગ ધરાવનાર, પહેલી કોટીના અમીર અને નાગરિક તરીકેનું ઉચ્ચ સ્થાન મેળવનાર અને ઔરંગઝેબના પિતા શાહજહાં પાસે પણ પૂરી ઓળખાણ અને લાગવગ ધરાવનાર શાંતિદાસ ઝવેરી પોતે જ પ્રતિષ્ઠિત કરેલ આવા ભવ્ય અને આલિશાન જિનપ્રાસાદને મસ્જિદમાં ફેરવાયેલ જોઈને હતાશ થઈને નિષ્ક્રિય તો બેસી ન જ રહે. તેઓ તો એક શાણા મહાજનના જેવી ઠરેલ બુદ્ધિ ધરાવતા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હતા એટલે આની સામે પગલું ભરવાની યોગ્ય તકની રાહ જોવાનું નક્કી કરીને તત્કાળ પૂરતું ચૂપ રહેવાનું એમણે મુનાસિબ માન્યું. જુદાં જુદાં પુસ્તકોમાં ઉલ્લેખ મળે છે તે પ્રમાણે, આ પ્રસંગથી તે સમયે ગુજરાતમાં અમદાવાદમાં કોમી હુલ્લડ પણ થયું હતું.[૨૫]

તે સમયની અસ્થિરતાનાં વમળો શાંત પડ્યાં, પોતાના મનને લાગેલો કારી ઘા જરાક રૂઝાયો ત્યારે શ્રી શાંતિદાસ શેઠે રાજદરબારમાં આ અંગે પોતાનાથી બનતા પ્રયત્નો શરૂ કર્યા.[૨૬]

પોતાના જીવનમાં પોતાને કીર્તિ અપાવે એવાં કાર્યોમાં આ ચિંતામણિ–પાર્શ્વનાથના દેરાસરની પ્રતિષ્ઠાનું કાર્ય શિરમોર સમું હતું. એટલે એ દેરાસર મસ્જિદમાં ફેરવાયા બાદ, ફરી વખત જૈનધર્મનું દેરાસર બની જાય અને તેમા શ્રાવકસંઘ સેવા-પૂજા-ભક્તિ-પ્રાર્થના શરૂ કરે એ માટે તેઓ ખૂબ આતુર હતા. એટલે યોગ્ય સમય આવ્યો જણાતાં તેમણે શાહજહાં પાસે આ ઇમારતની આવી દુર્દશા થવા અંગે ફરિયાદ કરી, અને એને પાછી મેળવવાની માંગણી પણ કરી. વળી મુલ્લા અબ્દુલ હકીમે પણ ઇસ્લામના નિયમનો ઉલ્લેખ કરીને શાંતિદાસ શેઠને સાથ આપતાં જણાવ્યું કે કોઈ બીજા માણસની ઇમારતને, ઇસ્લામના અતૂટ કાયદા પ્રમાણે, મસ્જિદ તરીકે વાપરી શકાય નહીં'. બાદશાહ શાહજહાં પણ શ્રેષ્ઠી શાંતિદાસની સેવાઓથી તથા લોકપ્રિયતાથી અનભિજ્ઞ ન હતો. એટલે તેણે શ્રી શાંતિદાસને તેના દેરાસરનો કબજો પાછો મળે એ માટે તા. ૩ જુલાઈ ૧૬૪૮ના દિવસે એક શાહી ફરમાન[૨૭] દ્વારા શાહી હુકમ બહાર પાડ્યો.

## દેરાસરને થયેલું નુકસાન અને તે અંગે પ્રાપ્ત થયેલ શાહી ફરમાન

ઈ. સ. ૧૬૪૫( સંવત્ ૧૭૦૧ )માં આ દેરાસર મસ્જિદમાં ફેરવાયું અને ઈ. સ. ૧૬૪૮( સંતત્ ૧૭૦૪ )માં તે અંગે ફરમાન પ્રાપ્ત થયું તેની વચગાળાના સમય દરમ્યાન આ ઇમારતનો કોઈ ધણીધોરી ન હોવાથી લોકો તેનો મન ફાવે તેમ ઉપયોગ કરવા લાગેલા. ઔરંગઝેબે આ ઇમારતને મસ્જિદનું રૂપ આપવા માટે તેમાં કેટલાક આંતરિક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફેરફારો તથા ભાંગફોડ તો કર્યાં જ હતાં – જેમ કે મૂર્તિઓનાં નાક કાપી નાંખ્યાં, પૂતળીઓ ખંડિત કરાવી, મહેરાબો કરાવી વગેરે. તે ઉપરાંત ફકીરો અને બીજા લોકો પણ તેમાં પોતાનું આશ્રયસ્થાન બનાવીને રહેવા માંડયા હતા. વહોરા અને બીજી કોમના લોકો તેના પથરાઓ અને બીજો સરસામાન ઉપાડી ગયા હતા. આમ તે સુંદર ઇમારતનાં અંગોનો લોકો મનફાવે તે ઉપયોગ કરવા લાગ્યા હતા.

લોકોના આવા વર્તનથી વાકેફ એવા શ્રી શાંતિદાસ શેઠે આ અંગે શાહજહાં બાદશાહને કરેલ ફરિયાદના ઉત્તરરૂપે જે શાહી ફરમાન શાંતિદાસ ઝવેરીને પ્રાપ્ત થયું હતું તે હવે આપણે જોઈએ.

તા. ૩ જુલાઈ ૧૬૪૮ના દિવસે, ગુજરાતના નાયબ વાઈસરૉય ઘૈરતખાન અને બીજા અમલદારોને ઉદ્દેશીને લખાયેલ આ ફરમાન ઉપર મહોર શાહજહાં તથા દારા શુકોહના નામની છે, અને સિક્કો રાજકુમાર દારા શુકોહના નામનો છે. ઘૈરતખાન અને ગુજરાત પ્રદેશના તત્કાલીન અને ભવિષ્યના ગવર્નરો, સૂબેદારો અને મુત્સદ્દીઓને આ ફરમાનથી જણાવવામાં આવ્યું :

"આ સમયના આગેવાન નાગરિક (ઝુબ્બત–અલ–અકરન) શ્રી શાંતિદાસ ઝવેરીના દેરાસરના અનુસંધાનમાં શાઇસ્તખાનને ઉમદા અને પવિત્ર હુકમ આપવામાં આવે છે. એ જગ્યામાં (દેરાસરમાં) પ્રાર્થના માટેની કમાનો કરી છે અને તેને મસ્જિદનું નામ આપ્યું છે. અને તે પછી, મુલ્લા અબ્દુલ હકીમે બાદશાહને જણાવ્યું છે કે, આ ઇમારત બીજા માણસની માલિકીની હોવાથી ઇસ્લામના અતૂટ કાયદા પ્રમાણે તેને મસ્જિદ તરીકે વાપરી શકાય નહીં. તેથી એમ જાહેર કરવામાં આવે છે કે આ ઇમારત શાંતિદાસની માલિકીની છે, અને તે જગ્યાએ પ્રાર્થના માટેની કમાનો પ્રખ્યાત શાહજાદા ઔરંગઝેબે બનાવી છે. ઉપર જણાવેલ વ્યક્તિ(શાંતિદાસ)ને આ અંગે ત્રાસ આપવો નહીં અને કમાનો દૂર કરવી, અને ઉપર નિર્દેશેલ મકાન તેમને પાછું સોંપવું.

"હવે, આ સમયે પ્રસિદ્ધ હુકમ આપવામાં આવે છે કે,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રાર્થના માટેની જે કમાનો ફત્તેહમંદ અને ઉમદા રાજવી દ્વારા બાંધવામાં આવી છે તેને કબજામાં રાખી શકાય અને તેની પાસે દેરાસર અને કમાનની વચ્ચે પડદો બાંધી શકાય. તેથી એ હુકમ આપવામાં આવે છે કે અનુકૂળ વલણ તરીકે ઉમદા બાદશાહ એ દેરાસર શાંતિદાસને આપી દે છે; અને તે તેનો પહેલાંની જેમ માલિક બને છે અને તે પોતાને ગમે તેવી રીતે ત્યાં પ્રાર્થના કરી શકે છે. કોઈએ તેને હેરાન કરવો નહીં. વળી, ત્યાં કેટલાક ફકીરો પોતાનું રહેઠાણ બનાવીને રહે છે તેમને બહાર કાઢી નાખવા અને શાંતિદાસને મુશ્કેલીમાંથી દૂર કરવા અને આ અંગેના ઝઘડાઓથી મુક્ત રાખવા.

"વળી બાદશાહના ધ્યાનમાં એ પણ આવ્યું છે કે કેટલાક વ્હોરાઓ તે દેરાસરના માલસામાનને દૂર કરીને ઉપાડી ગયા છે. તો આ પ્રકારનો બનાવ બન્યો હોય તો તેમની પાસેથી આ માલસામાન પાછો મેળવવો અને ઉપર દર્શાવેલ વ્યક્તિ(શાંતિદાસ)ને તે પાછો સોંપી દેવો. અને જો તે માલસામાન વાપરી નાખવામાં આવ્યો હોય તો શાંતિદાસને તેની કિંમત ચુકવવી.

"આ બાબતમાં, આ હુકમને ખૂબ તાકીદનો ગણીને તેનો તરત અમલ કરવો. હિજરી વર્ષ ૧૦૫૮ માં જમાદિ–ઉસ–સાની માસમાં ૨૧મી તારીખે (જુલાઈ ૩, ૧૬૪૮) લખાયું."[૨૮]

આ ફરમાનમાં જણાવવામાં આવેલ મુખ્ય મુખ્ય બાબતો આ પ્રમાણે તારવી શકાય: (૧) જે ઇમારતને ઔરંગઝેબે મસ્જિદમાં ફેરવી છે તે પાછી તેના મૂળ માલિક શ્રી શાંતિદાસ ઝવેરીને સોંપી દેવી. (૨) ઔરંગઝેબે મસ્જિદ માટે ઊભી કરેલી કમાનો – મહેરાબો – તેમાંથી દૂર કરવી. (૩) ફકીરોને તે સ્થાનમાંથી દૂર કરવા. (૪) વહોરાઓ જે માલસામાન લઈ ગયા છે તે પાછો મેળવવો અથવા તેનું નુકસાન ભરપાઈ કરવું.

## આ ફરમાનનું મહત્ત્વ અને ઇમારતનાં દુર્ભાગ્ય

એ હકીકત વિશેષ નોંધપાત્ર છે કે પોતાના જ શાહજાદા દ્વારા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હિંદુ ધર્મની અનેક ઇમારતોને નુકસાન પહોંચ્યું હોવા છતાં, અપવાદ-રૂપ આ કિસ્સામાં જ ચિંતામણિનું દેરાસર તેના મૂળ માલિકને પાછું સોંપવામાં આવ્યું હતું.[૨૯] આ બાબત પણ શ્રી શાંતિદાસ ઝવેરી દિલ્હી દરબારમાં કેવી શાહી વગ ધરાવતા હતા તે સૂચવે છે. દેરાસર પાછું સોંપવાની સાથે સાથે જ, તે અંગે થયેલ નુકસાન ભરપાઈ કરી આપવાનું ફરમાવતું અને કોઈ તેમાં દખલ ન કરે તે માટે પણ હુકમ આપતું આ ફરમાન, જો આ શ્રેષ્ઠિરત્નનો રાજદરબારમાં પૂરો પ્રભાવ ન હોત તો મળવું શક્ય ન બનત.

આ ભગ્ન અને અપવિત્ર કરવામાં આવેલ શ્રી ચિંતામણિ-પાર્શ્વનાથના જિનાલયને શાહી ફરમાનથી જ પાછું મેળવવાનું શ્રી શાંતિદાસ શેઠનું આ સાહસ તો વાઘના મોંમાં ગયેલા સસલાને જીવતું પાછું લાવવાના સાહસની યાદ આપે એવું અનોખું હતું. અને જો અપવિત્રતાના વધારે પડતા ખ્યાલથી દોરવાઈને આ દેરાસરને ફરી શરૂ કરવાના વિચારને માંડી વાળવામાં આવ્યો ન હોત અને એ દેરાસરની વિશુદ્ધિ કરીને એની પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવી હોત તો, આપણા એક મહાન પ્રતાપી પૂર્વજના હાથે રચાયેલ અસાધારણ કોટિની વિશિષ્ટ કહી શકાય તેવી તેમ જ જૈન સંઘના ગૌરવભર્યા ઇતિહાસની બોલતી કીર્તિગાથા સમી એ અદ્ભુત ઇમારતનાં આજે પણ આપણે દર્શન કરવા ભાગ્યશાળી થાત અને શાસનસેવાની પ્રેરણા લઈ શકત. પણ આપણી ટૂંકી નજર અને સંકુચિત મનોવૃત્તિને કારણે એમ ન થઈ શક્યું અને જૈનસંઘની ગૌરવકથા સંભળાવી શકનાર એ ભવ્ય ઇમારત કાળના અનંત પ્રવાહમાં, સવિશેષ કરીને માનવના હાથે જ, સદાને માટે વિલીન થઈ ગઈ! કેવા દુઃખની આ વાત છે!

### આ ઇમારત સદાને માટે નામશેષ થઈ ગઈ

ફરમાનના રૂપમાં શાહી હુકમથી દેરાસરની આ ઇમારત પાછી મેળવ્યા છતાં આ ઇમારતમાં જૈનો ફરી વખત પૂજા-પ્રાર્થના-ભક્તિ કરે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે શકય ન બન્યું. ઔરંગઝેબે આ સ્થાનમાં એક વાર ગાયનો વધ કર્યો હતો એટલે એક વખત અપવિત્ર થયેલા આ સ્થાનમાં ફરી વાર જિન-મંદિરની પ્રતિષ્ઠા કરી ન શકાય એ માન્યતાને કારણે આ ઇમારતનો જૈનો દેરાસર તરીકે ફરી ઉપયોગ કરી ન શક્યા. પરિસ્થિતિની કરુણતા તો એ થઈ કે, આ સ્થાનમાં ગાયનો વધ થયેલો હોવાથી જૈનો તેને વાપરી શકે તેમ ન હતા, અને સાથે સાથે, શાહજહાં બાદશાહના ફરમાનથી મુસ્લિમો પણ તેને મસ્જિદ તરીકે વાપરી શકે તેમ ન હતા.

પરિણામે ડૉ. શ્રી ભોગીલાલ સાંડેસરાના શબ્દોમાં જોઈએ તો, "....શાહજહાંના દરબારમાં શાંતિદાસનો સારો પ્રભાવ હતો. શાહજહાંએ ઔરંગઝેબને પાછો બોલાવી લીધો અને ચિન્તામણિ પાર્શ્વનાથનું મંદિર ફરી બંધાવી આપવા હુકમ કર્યો. પણ ઉપાસકો એ મંદિર તરફ ફરીથી તો ન જ વળ્યા."[૩૦]

આ સંજોગોમાં આ ઇમારતની ધીમે ધીમે જૈનો અને મુસલમાનો — બંને કોમો તરફથી અવગણના અને ઉપેક્ષા થઈ. તેથી તે કાળે તેના ઘણા પથ્થરો અને માલસામાન લોકો ઉપાડી ગયા. અને સમય જતાં એ બધી સામગ્રી એવી નામશેષ થઈ ગઈ, કે જેથી લાખો રૂપિયાના ખર્ચે બંધાયેલ આ ઇમારત વેરણછેરણ થઈને, અવગણાઈને નાશ પામી, અને આજે તો એ ઇમારતના થોડાસરખા પણ અવશેષો રહ્યા નથી.

## ફ્રેંચ મુસાફર થેવેનો ભગ્ન ઇમારતની મુલાકાતે

ઈ. સ. ૧૬૨૫ (વિ. સં. ૧૬૮૧)માં બંધાયેલ અને ઈ. સ. ૧૬૪૫ (વિ. સં. ૧૭૦૧)માં મસ્જિદમાં ફેરવાઈને ધ્વસ્ત થયેલ આ ઇમારતની મુલાકાત ઈ. સ. ૧૬૬૬ (વિ. સં. ૧૭૨૨)માં પ્રસિદ્ધ ફ્રેંચ મુસાફર થેવેનો[૩૧]એ લીધી ત્યારે હિંદુ-મુસ્લિમ પ્રજા દ્વારા *અવગણાયેલી આ ઇમારત* ભગ્નાવશેષરૂપ બની ગઈ હતી એ હકીકતનો ખ્યાલ *થેવેનોએ કરેલ આ ઇમારતના વર્ણન ઉપરથી* જ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપણને આવશે. થેવેનોએ કરેલ આ વર્ણનની નોંધ 'મિરાતે અહમદી'માં પણ લેવામાં આવી છે. થેવેનો જણાવે છે—

"અમદાવાદમાં મોટી સંખ્યામાં વિધર્મીઓ ( heathens —જેઓ ખ્રિસ્તી ન હોય તેમના માટે પરદેશી મુસાફરો આ શબ્દ વાપરતા) વસે છે એટલે ત્યાં પેગોડા કે દેવસ્થાનો (દેરાસરો) છે. તેમાં શાંતિદાસનું પેગોડા (દેરાસર), ઔરંગઝેબે તેને મસ્જિદમાં ફેરવી નાખ્યું તે પહેલાં મુખ્ય હતું. જ્યારે તેણે (ઔરંગઝેબે) એ પગલું ભર્યું ત્યારે તેણે તે જગ્યાએ ગાયનો વધ કર્યો; કારણ કે તે જાણતો હતો કે આવું કાર્ય કર્યા પછી સુકોમળ પ્રકૃતિના માનવીઓ (જૈનો), તેમના નિયમ પ્રમાણે, ત્યાં ભક્તિ કરી શકશે નહીં. દેરાસરની આજુબાજુ નાની નાની દેરીઓયુક્ત ભમતી છે. તે દેરીઓમાં આરસમાં કોતરેલી, પૌર્વાત્ય મુદ્રામાં હોય તેવી નગ્ન સ્ત્રીઓની મૂર્તિઓ મૂકવામાં આવી છે. મસ્જિદની અંદરની છત ખૂબ સુંદર છે અને દીવાલો માણસ અને પ્રાણીઓની આકૃતિઓથી સુશોભિત છે. પણ ઔરંગઝેબ કે જેણે હંમેશા ધર્મ પ્રત્યે ખૂબ પ્રેમ હોવાનો ઢોંગ કર્યો હતો અને એને લીધે છેવટે બાદશાહ બની શક્યો હતો, તેણે તે મસ્જિદની સુંદરતામાં વધારો કરનાર બધી મૂર્તિઓનાં નાકને ઈજા પહોંચાડી હતી."[૩૨]

## થેવેનોના વર્ણનની શ્રી કેમ્પબેલે કરેલ ટીકા

થેવેનોનું આ વર્ણન આ ઇમારતને હિંદુ દેવસ્થાનને બદલે મસ્જિદ તરીકે વર્ણવે છે. શ્રી કેમ્પબેલ થેવેનોના આ વર્ણનની ટીકા કરતાં જણાવે છે : "થેવેનો આ ઇમારતને મસ્જિદ તરીકે ઓળખાવે છે. પરંતુ એ શંકાસ્પદ છે; કારણ કે ભાંગેલ દેરીઓમાં હજુ જૈન સંતો(તીર્થંકરો)ની મૂર્તિઓ છે અને (મૂર્તિઓનાં) નાક કાપી નાંખવામાં આવેલ હોવા છતાં દીવાલો હજુ માણસ અને પ્રાણીઓની આકૃતિથી ભરેલી છે."[૩૩]

આ ઇમારત દેખાવમાં મસ્જિદ જેવી હોય કે દેરાસર જેવી, પણ એક વાત તો આ વર્ણન પરથી નિશ્ચિત જ છે કે બાદશાહ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાહજહાંના ફરમાન પછી આ ઇમારતને જૈનો કે મુસલમાનો – એ બેમાંથી કોઈ પોતાનાં ધાર્મિક અનુષ્ઠાનો માટે વાપરતા ન હતા અને તેથી તે લોકો દ્વારા અવગણાવા માંડી હતી.

### ફ્રેંચ પ્રવાસી ટેવરનીયરની મુલાકાત

સુપ્રસિદ્ધ ફ્રેંચ પ્રવાસી ટેવરનીયર, કે જે ઝવેરી તરીકે પણ પ્રખ્યાત હતો, તેણે તેના પ્રવાસ દરમ્યાન અમદાવાદની અનેક વાર મુલાકાત લીધી હતી. નીચેના જે શબ્દો તે ટાંકે છે તે સ્પષ્ટ રીતે શેઠ શ્રી શાંતિદાસના દેરાસરને જ લાગુ પડે છે. ટેવરનીયર જણાવે છે —

"આ જગ્યાએ એક પેગોડા (દેરાસર) હતું કે જેને મુસ્લિમોએ પોતાના કબજે લઈને તેને મસ્જિદમાં ફેરવ્યું. તેની અંદર પ્રવેશતાં પહેલાં આરસપહાણથી બનેલ અને ગેલેરી (ભમતી)થી ઘેરાયેલ ત્રણ મેદાનોમાં થઈને તમારે પસાર થવું પડે છે, અને ત્રીજામાં તમે ચંપલ કાઢયા વગર પ્રવેશી શકતા નથી. મંદિરના બહારના ભાગને મોઝેઈક વડે શણગારવામાં આવ્યો છે. તેનો મોટો ભાગ, અહીંથી માત્ર બે દિવસના પ્રવાસ દ્વારા જ જ્યાં પહોંચી શકાય છે, તે ખંભાતના પર્વતોમાંથી મળતા જુદા જુદા રંગના અકીકના પથ્થરનો બનેલો છે."[૩૪]

મૂળ દેરાસર તરીકે બંધાયેલ ઇમારતને મસ્જિદમાં ફેરવવામાં આવી હતી તેનો ખ્યાલ આપણને આ બધા ઉલ્લેખોમાં સચવાઈ રહેલ વર્ણનો ઉપરથી આવે છે.

### લુપ્ત થયેલ બેનમૂન ઇમારત

આ બંને પ્રવાસી – થેવેનો અને ટેવરનીયર – નાં વર્ણનો એટલું તો સ્પષ્ટ કરે જ છે, કે આ ઇમારત ધાર્મિક અનુષ્ઠાનો માટે ખાસ વપરાય એવી રહી ન હતી. ફરમાનદ્વારા ચિંતામણિના દેરાસરની ઇમારતનો કબજો મેળવ્યા છતાં, વાસ્તવિક રીતે તે ઇમારત જૈન સંઘ વાપરી શકે તે શકય ન બન્યું તેનો અફસોસ શ્રી શાંતિદાસ ઝવેરીને જીવનપર્યંત રહ્યો. આવી એક બેનમૂન ઇમારત માનવીના હાથે જ લુપ્ત થઈ ગઈ તે ઘટના પણ ઓછી કમનસીબ તો ન જ ગણાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દેરાસરના બનાવોની તવારીખ

છેલ્લે આપણે, આ પ્રકરણમાં રજૂ કરવામાં આવેલ સાલ-સંવત્‌ને આધારે આ દેરાસરની શરૂઆત, પ્રતિષ્ઠા, મસ્જિદમાં રૂપાંતર વગેરે બનાવોની તવારીખ નોંધીને આ પ્રકરણ સમાપ્ત કરીએ.

આ દેરાસર વિ. સં. ૧૬૭૮(ઈ. સ. ૧૬૨૧)માં બંધાવું શરૂ થયું. સંવત્‌ ૧૬૮૧(ઈ. સ. ૧૬૨૫)માં તેમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની મૂર્તિની પ્રતિષ્ઠા થઈ. સંવત્‌ ૧૬૯૪(ઈ.સ. ૧૬૩૮)માં મેન્ડેલસ્લોએ તેની મુલાકાત લીધી. સંવત્‌ ૧૬૯૭(ઈ.સ. ૧૬૪૦)માં તેની પ્રશસ્તિ રૂપે 'શ્રી ચિંતામણિપ્રશસ્તિ' કાવ્ય રચાયું. સંવત્‌ ૧૭૦૧(ઈ. સ. ૧૬૪૫)માં ઔરંગઝેબે તેને મસ્જિદમાં ફેરવ્યું. સંવત્‌ ૧૭૦૪(ઈ. સ. ૧૬૪૮)માં તે ઇમારત પાછી મેળવવા અંગે શાહજહાં બાદશાહ પાસેથી ફરમાન પ્રાપ્ત થયું. સંવત ૧૭૨૨ (ઈ. સ. ૧૬૮૬)માં ફ્રેંચ મુસાફર થેવેનોએ ભગ્નાવશેષરૂપ થઈ ગયેલ આ ઇમારતની મુલાકાત લીધી અને ત્યાર પછી કાળના પ્રવાહમાં આ ઇમારતના અવશેષો પણ નાબૂદ થઈ ગયા.

## આઠમા પ્રકરણની પાદનોંધો

૧. 'જૈરામા' ભાગ-૧, 'શ્રી શાંતિદાસ શેઠજીનો રાસ'માં બીજી ઢાળમાં કડી ૧ થી ૧૯માં (પૃ૦ ૪-૫) આ પ્રસંગ રજૂ થયો છે અને નિવેદનના પૃ૦ ૮-૯માં આ રાસને આધારે તેનું વર્ણન આપવામાં આવ્યું છે.

૨. 'જૈરામા' ભાગ-૧માં સમાલોચનાના પૃ૦ ૩-૪માં જણાવ્યા મુજબ સુરતના શાંતિદાસ તે શાંતિદાસ મણિયાના નામે પ્રખ્યાત હતા. વળી જે દેરાસરમાં આ સાધના થઈ તે દેરાસર પણ સૂરતમાં હયાત છે એમ ત્યાં જણાવવામાં આવ્યું છે.

૩. જુઓ : 'અઇ', પૃ૦ ૨૭૦-૨૭૨.

૪. જુઓ : 'ગૂપાઅ', પૃ૦ ૭૩૪-૩૫.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૫. જુઓ આ જ પુસ્તકનું 'સંઘપતિ શ્રી શાંતિદાસ' નામે પ્રકરણ પાંચમું.

૬. જુઓ : 'પ્રપૂ', પૃ૦ ૨૩; 'તીસેદાં', પૃ૦ ૧૨–૧૩.

આ દેરાસર નવ લાખ રૂપિયાના ખર્ચે બંધાયું હતું એમ શ્રી જેમ્સ કેમ્પબેલ 'GOBP'ના Vol. IVના p. 285 ઉપર જણાવે છે. ("This is a place of some historic interest. Finished about 1638 at a cost of 90,000 l. (Rs. 9,00,000) by Santidas, a rich vania merchant, it was one of the handsomest buildings in the city."

૭. *'શ્રી ચિંતામણિપ્રશસ્તિ'ના હસ્તપ્રત અંગે 'આકપેઈ'ના ભાગ-૧ માં* પૃ૦ ૯૧–૯૨ ઉપર આ રીતે માહિતી આપવામાં આવી છે :

"દેરાસરની પ્રતિષ્ઠા થયા પછી પંદરેક વર્ષે, વિ. સં. ૧૬૯૭માં, એની લાંબી પ્રશસ્તિ રચવામાં આવી હતી. છએક દાયકા પહેલાં તો આ પ્રશસ્તિની નકલ એક જ્ઞાનભંડારમાંથી, પુરાતત્ત્વાચાર્ય શ્રી જિનવિજયજીને મળી હતી; અને એનો ઉપયોગ શ્રી રત્નમણિરાવ ભીમરાવે એમના 'ગૂજરાતનું પાટનગર અમદાવાદ' નામે પુસ્તકમાં કર્યો હતો. ઉપરાંત શ્રી એમ. એસ. કોમિસેરિયેટે પણ એમના 'સ્ટડીઝ ઇન ધ હિસ્ટરી ઑફ ગુજરાત' અને 'હિસ્ટરી ઑફ ગુજરાત' ભાગ બીજો — એ નામે પુસ્તકોમાં કર્યો હતો. પણ પછીથી ૮૬ શ્લોકની એ પ્રશસ્તિ એવી રીતે ખોવાઈ ગઈ છે કે હજી સુધી એ ઉપલબ્ધ થઈ શકી નથી. આમ છતાં, સદ્ભાગ્યે, 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પૃ૦ ૫૬૯માં કરવામાં આવેલ એક નોંધ ઉપરથી એમ જાણવા મળે છે કે, આ પ્રશસ્તિની એક અશુદ્ધ નકલ રૉયલ એશિયાટિક સોસાયટીની *મુંબઈ શાખામાં સચવાયેલી છે. તેનો નંબર 'વે૦ નં૦ ૧૭૪૬' છે. તેની* નકલ મેળવવાનો પ્રયત્ન ચાલુ છે અને તે મળી જશે એવી આશા છે."

૮. (i) 'પ્રપૂ', પૃ૦ ૨૩ ઉપર જણાવાયું છે : "...એ મહાન મંદિરનું સને ૧૬૨૧માં ખાતમુહૂર્ત કર્યું. ચાર વરસ એને બાંધતાં લાગ્યાં હતાં. એ મંદિરનું નામ મેરુતુંગ રાખવામાં આવ્યું અને વાચકેન્દ્ર નામના વિદ્વાન સાધુના નેતૃત્વ નીચે સને ૧૬૨૫માં તેમાં મૂળનાયક ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરી."

(ii) 'SHG' પુસ્તકના p. 54 ઉપર જણાવાયું છે :

"In 1621, jointly with his elder brother Vardhaman, he built the great temple in the suburb of Bibipur

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

at Ahmedabad, and, four years later, in 1625, he consecrated the image of Parshwanath in this temple with the help of the learned scholar Vachakendra."

આ જ પુસ્તકના પૃ૦ ૫૬ ઉપર આ દેરાસરને 'માનતુંગ' તરીકે ઓળખાવાયું છે.

(iii) 'HOG' Vol.-IIના p. 141 ઉપર જણાવાયું છે:

' According to this valuable record, [ Chintamani-prasasti] the great temple of Chintamani Parsvanath was begun in 1621..... In view of Jahangir's happy relations with Jain leaders, and his tolerance of their religion, the construction of this temple, only three years after his departure from Ahmedabad, will cause no surprise, especially as the builder was the court jeweller... It was evidently completed in 1625..."

(iv) જો કે, 'SFSJ'માં શ્રી કૃષ્ણલાલ ઝવેરી આ દેરાસર ઈ. સ. ૧૬૨૨માં બંધાવ્યું એમ લખે છે તે ભૂલ છે. ઈ. સ. ૧૬૨૧માં – સંવત્ ૧૬૭૮માં – તો તેનું બાંધકામ શરૂ થયું હતું.

(v) તે જ રીતે 'GOBP'માં Vol. VIના p. 285 ઉપર અને Vol. Iના p. 280 ઉપર શ્રી જેમ્સ કેમ્પબેલ આ દેરાસર ઈ. સ. ૧૬૩૮ આસપાસ પૂરું થયાનું લખે છે તે પણ ભૂલ છે.

(vi) 'જૈરામા'માં સમાલોચનામાં પૃ૦ ૮ ઉપર પણ આ દેરાસર સં૦ ૧૬૯૪ એટલે કે ઈ. સ. ૧૬૩૮માં બંધાવ્યાનું લખ્યું છે, તે ખોટું છે.

૯. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે —

"In S. 1678 ( A. D. 1621 ), Vardhaman and Shantidas, who had reached the zenith of their fortune, who had taken the religious vow along with the members of their family, who had been leading a very pure life, and who had heard that building temples led to good luck, built a magnificent temple in the suburb of Bibibur ( verses 45-49 ). On the arches of the temple there were statues of females

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

resembling celestial nymphs, while at the door of the the temple there was the Panchapatra for protection. The lofty steps of the temple indicated the way for the heavenward march of the devotees. There were six halls in the temple called Meghanada, Sinhanada, Suryanada, Rangarama, Khela and Gudhagotra. It had two turrets, four square temples around and four underground shrines with idols of the Jina ( verses 50-54 )." —' SHG ', p. 62

૧૦. જુઓ : 'ગૂપાઅ', પૃ૦ ૭૩૬-૩૭, ફૂટનોટ નં. ૧.

૧૧. આ યાદી માટે જુઓ : ' HOG ', Vol. II, p. 114.

૧૨. આ હકીકતની નોંધ શ્રી કોમિસેરિયેટ પોતાના પુસ્તક ' SHG 'ના p. 55 ઉપર અને ' HOG ', Vol. IIના p. 141 ઉપર લે છે. ' SHG 'ના આધારે તેઓ ' HOG ', Vol. IIના p. 141 ઉપર આ પ્રમાણે જણાવે છે —

"In one of its concluding verses, the poem refers to the famous noble who was viceroy of Gujarat when it was composed : ' Victory to Azamkhan, the righteous lord of Gujarat, at the mention of whose name, the bodies of his enemies tremble with fear, their eyes roll up, and their hearts fail.' We know that this noble was Subahdar of Gujarat from 1636 to 1642, under Shah Jahan, and that he was a great general and a terror to the kolis and the kathis on the frontiers of his province. From this and from internal evidence, we may say that the credibility of the information contained in the poem is beyond any doubt."

૧૩. જર્મન પ્રવાસી મેન્ડેલસ્લો પોતાની યુવાન વયે, ૨૦ વર્ષની ઉંમરે, ઈ. સ. ૧૬૩૫માં, રાજ્યના એલચીઓ સાથે પોતાની ઇચ્છાથી રશિયા અને પ્રશિયાના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રવાસે નીકળ્યો હતો. ત્રણ વર્ષ સાહસપૂર્ણ પ્રવાસમાં સાથે રહ્યા પછી ભારત આવવાની પોતાની તીવ્ર ઇચ્છાને કારણે ઈ. સ. ૧૬૩૮માં તે તેમનાથી છૂટો પડયો. એપ્રિલ ૧૬૩૮માં વહાણમાં સુરત આવી પહોંચેલ મેન્ડેલસ્લો પાંચમી જાન્યુઆરી ૧૬૩૯ના દિવસે ઇંગ્લેન્ડ જવા રવાના થયો. ભારતના આ નવેક માસ જેટલા ગાળામાં તેણે સુરત ઉપરાંત ગુજરાતનાં અન્ય શહેરો — આગ્રા, લાહોર વગેરે — ની પણ મુલાકાત લીધી.

પોતાના આ પ્રવાસની નોંધ તેણે સુરત છોડતા પહેલાં પોતાની સ્મૃતિના આધારે ડાયરીમાં ટપકાવી લીધેલી અને નોંધ લખેલી કે પોતાને કાંઈ થાય કરે અને આ નોંધો પ્રકાશિત કરવી હોય તો પોતાના પ્રિય સુશિક્ષિત મિત્ર ઓલેરિયસની કલમે તે નોંધોને ફરીવાર લખાવીને કરવી.

આનંદની વાત એ છે કે ભારતમાંના પોતાના નવ માસના રહેઠાણની જે નોંધ મેન્ડેલસ્લોએ કરી હતી તે લગભગ તેણે પોતે જ લખેલી હતી. એમાં જે જે સ્થળોનું વર્ણન એણે કર્યું છે ત્યાં ત્યાં તે જાતે ગયેલો, અને જે સ્થાન તેણે જાતે જોયું ન હોય તે અંગે તે એટલું જણાવવાની તસ્દી લે છે કે તેની માહિતી તેને મુસાફરી દરમ્યાન બીજાઓ દ્વારા અપાઈ હતી.

એટલે મેન્ડેલસ્લોએ રજૂ કરેલ ચિંતામણિના દેરાસરનું વર્ણન પણ તેણે જાતે કરેલ અનુભવને આધારે જ રજૂ કર્યું છે એમાં શક નથી.

— 'MTWI'ની Introductionના આધારે

૧૪. કેટલાક પરદેશી પ્રવાસીઓએ જૈન દેરાસરમાં આવેલ તીર્થંકરની મૂર્તિઓને ભૂલથી આ રીતે નગ્ન સ્ત્રીઓ માની લીધેલ છે. તેમાં તેમનો પણ દોષ નથી. તેઓ આ દેશનાં ધર્મો, રૂઢિઓ, માન્યતાઓથી પરિચિત ન હોય તે બાબત શક્ય છે.

૧૫. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે —

" We returned into the city to see the principal mosque (temple) of the Benjans (Banyas), which without dispute is one of the noblest structures that can be seen It was then new, for the Founder, who was a rich Benjan merchant named Santidas, was living in my time. The mosque stands in the middle of a great court which is enclosed with a high wall of freestone, all about which there is a gallery much

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

after the manner of our cloisters in monasteries, having also its seats or cells and in every cell a marble statue, white or black, representing a woman —naked, sitting and having her legs lying cross under her according to the mode of the country. There were some which had three statues, to wit, a great one between two little ones.

"At the entrance into the mosque, there are two elephants of black marble done to the life, and upon one of them the effigy of the founder. The whole mosque is vaulted and the walls adorned with several figures of men and other living creatures. There was not anything within the mosque, save that at the further end of the structure there were three chapels or obscure places, divided one from the other by wooden rails, wherein might be seen statues of marble, like those we had seen in the cells, with this difference only that there was a lighted lamp before that which stood in the middle.

"We saw there also one of their priests who was then busy in receiving, from the hands of such as came thither to do their devotions, flowers wherewith he adorned his images; as also oil for the lamps which hung before the rails, and wheat and salt for the sacrifice, while he set the flowers about the statues. His mouth and nose were covered with a linen cloth, lest the impurity of his breath should *profane the mystery, and coming ever and anon* near the lamp he muttered over certain prayers and rubbed his hands up and down in the flame thereof as if he had washed them in the smoke, and

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

sometimes stroked his face with them."

—'JMTI' p. 30; 'SHG', p. 62-63; 'MTWI', p. 23-25; 'GOBP', Vol. IV, p. 285

૧૬. જુઓ : 'અર્ઇ', પૃ૦ ૧૪૨.

આ હકીકતની નોંધ 'ગૂપાઅ'માં પૃ૦ ૨૯૮ અને પૃ૦ ૬૬૩ ઉપર લેતાં શ્રી રત્નમણિરાવ ભીમરાવ જણાવે છે :

"શા. મગનલાલ વખતચંદ લખે છે કે આ દહેરાનો ઘાટ હઠીસિંહના મંદિર જેવો જ હતો; પણ કારીગીરી ઉત્તમ હતી એમ કહેવાય છે...શાંતિદાસના દહેરાના ઘુમટમાં ઉત્તમ પૂતળીઓ હતી એમ કહેવાય છે."

'અઇ'ના આધારે 'જૈરામા' સમાલોચનામાં પૃ૦ ૮ ઉપર પણ આ હકીકતની નોંધ લેવામાં આવી છે.

૧૭. 'પ્રાતીસ', પૃ૦ ૧૨૫
(શીલવિજયજીવિરચિત 'તીર્થમાલા' — કડી ૧૨૫)

૧૮. 'ગૂપાઅ', પૃ૦ ૯૩૭

૧૯. 'પ્રાતીસ', પૃ૦ ૩૯ અને સંક્ષિપ્ત-સારનું પૃ૦ ૪૧

૨૦. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે —

"It is a matter for no small regret that while the great Muslim monuments of the fifteenth and sixteenth centuries at Ahmedabad still remain in almost perfect condition, this great Jain temple, built in the seventeenth century, has practically disappeared owing to reasons which we shall describe later." — 'SHG', p. 56

૨૧. ઔરંગઝેબે આ દેરાસરમાં ગાયની કતલ કરાવી એ હકીકત જુદાં જુદાં પુસ્તકોમાં નીચે પ્રમાણે નોંધવામાં આવી છે :

(i) 'GOBP'ના Vol. IV ના p. 285 ઉપર શ્રી જેમ્સ કેમ્પબેલ જણાવે છે : "...Aurangzeb defiled the temple by having a cow's throat cut in it..."

(ii) 'GOBP' ના Vol. I ના p. 280 ઉપર પણ શ્રી જેમ્સ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેમ્પબેલ જણાવે છે : " In 1644 a quarrel between Hindus and Musalmans ended in the prince ordering a newly built ( 1638 ) temple of Chintaman near Saraspur, a suburb of Ahmedabad, above a mile and a half east of the city, to be desecrated by slaughtering a cow in it."

(iii) 'મિરાતે અહમદી 'માં ફ્રેંચ પ્રવાસી થેવેનોના વર્ણનને નોંધતાં 'SHG'ના p. 57 ઉપર શ્રી કોમિસેરિયેટ જણાવે છે : " When he performed that ceremony he caused a cow to be killed in the place, knowing very well that, after such an action, the *gentiles, according to their law, could* worship no more therein."

(iv) શ્રી કોમિસેરિયેટ 'HOG' Vol. IIના p. 125 ઉપર આ અંગે નોંધે છે : "A direct reference to the slaughter of a *cow in the temple at the time of its* conversion into a mosque is also made by the French traveller M. de Thevenot who was at Ahmedabad in 1666."

(v) 'IMFG'ના p. 13 ઉપર પણ શ્રી કોમિસેરિયેટ થેવેનોના વર્ણનને ટાંકીને જણાવે છે : "*When he performed that ceremony* he caused a cow to be killed in the place..."

૨૨. ઔરંગઝેબના આ કાર્યની સખ્ત ટીકા કરતાં શ્રી કોમિસેરિયેટ IMFG'માં p. 13 ઉપર જણાવે છે —

"—an aetion which cannot be regarded otherwise than as an early manifestation of the iconoclastic zeal of the future puritan Emperor."

[ અર્થાત્— 'ભવિષ્યના ધર્મચુસ્ત ( puritan ) શહેનશાહના મૂર્તિભંજક ઉત્સાહના પ્રારંભિક આવિર્ભાવ તરીકે જ આ કાર્યને જોઈ શકાય." ]

'HOG' Vol. IIના p. 125 ઉપર પણ આ જ પ્રસંગ અંગે ટીકા કરતાં શ્રી કોમિસેરિયેટ જણાવે છે —

"..and the events which happened at Ahmedabad

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

during his brief viceroyalty are of special interest as *showing how, even at this early age, his character* manifested that religious intolerance and puritanical zeal which subsequently led to events that embittered his life and paved the way for the decline of his Empire."

[અર્થાત્—"પોતાના વાઈસરોય તરીકેના ટૂંકા સમય દરમ્યાન અમદાવાદમાં જે બનાવો બન્યા તે બનાવો, આટલી યુવાન વયે (૨૯મા વર્ષે) તેની કારકિર્દીમાં જે ધાર્મિક અસહિષ્ણુતા અને મૂર્તિભંજક ઉત્સાહ હતાં તે વ્યક્ત કરે છે, કે જે આગળ જતાં તેનાં જીવનને કડવાશભર્યા બનાવો તરફ દોરે છે અને તેના સામ્રાજ્યના નાશનો માર્ગ ખુલ્લો કરે છે."]

૨૩. 'HOG' Vol. IIના p. 125 ઉપર શ્રી કોમિસેરિયેટ જણાવે છે: "Whether the Hindus at this capital gave any cause for offence to the young prince is not known, for the Historian simply states that the latter ordered the temple of Chintamani at Saraspur, a suburb of the city to the east, to be converted into a mosque under the name of 'Quvvat-ul-Islam' (the Might of Islam) (in 1645)."

[અર્થાત્—"આ રાજધાની (અમદાવાદ)ના હિંદુઓએ યુવાન રાજવી છંછેડાય તેવું કોઈ કારણ આપ્યું કે નહિ તે તો ખબર નથી; કારણ કે ઇતિહાસકાર (મિરાતે અહમદીના કર્તા) માત્ર એટલું જ નોંધે છે કે યુવાન રાજવીએ નગરના પૂર્વ ભાગમાં આવેલ સરસપુર નામના પરામાં આવેલ ચિંતામણિના દેરાસરને 'કુવ્વત-અલ-ઇસ્લામ' (ઇસ્લામની તાકાત) નામ આપીને મસ્જિદમાં ફેરવવાનો હુકમ (ઈ. સ. ૧૬૪૫માં) આપ્યો."]
'જૈરામા'માં સમાલોચનાના પૃ૦ ૮ ઉપર ઈ. સ. ૧૬૪૪માં આ મંદિરને મસ્જિદમાં ફેરવવાનો ઉલ્લેખ છે, જે સરતચૂક છે. ઈ. સ. ૧૬૪૫માં આ બનાવ બન્યો હતો.

'અઈ'માં શ્રી મગનલાલ વખતચંદ નોંધે છે: "પછી તે મુસલમાનોએ દેહેરૂ વટાલ્યું. રંગમંડપ વીગરેના ધુમટની મહીલી તરફ ફરતી ઊંચા પથ્થરની પુતલીઓ વીગરે સાંમન છે તેહેને છુંદી નાંખી છે તથા ચુનેથી લીપી દીધી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. તે સીવાએ મુસલમાનોએ ઘણીક ટોલફોડ કરી છે. પણ એ ઉપરથી માલુમ પડી આવે છે કે એ દેહેરાનું કામ સારું હતું." (પૃ૦ ૧૪૩)

૨૪. મગનલાલ વખતચંદ આ અંગે 'અઇ'માં પૃ૦ ૧૪૨–૧૪૩ ઉપર લખે છે —

"આ દેહેરામાં મોહોટાં મોહોટાં ભોંયરા છે તે ભોંયરામાં પુર્વે મોહોટો ચોમખ હતો. એ દેહેરાથી તે અમદાવાદમાં ઝવેરીવાડામાં નગરશેઠની હવેલી સુધી એક ગાડું જાએ એવો મોહોટો સલંગ (સુરંગ) છે એવું લોકોના કેહેવામાં આવે છે. તેં એનું કારણ એવું સંભળાય છે કે મુસલમાંનના વારામાં અમદાવાદના મુસલમાન અમલદારે એક દાહાડા એ દેહેરૂ વટાવી તેમાં નીમાજ પડવાનું ધાર્યું તે વાત નગરશેઠને માલુમ પડી. પણ તે વખતમાં ધરમનો જુલમ ઘણો હતો તેથી સમજીને નગરશેઠે સળંગ (સુરંગ) ખોદાવી રાખ્યો હતો. તે તરત ગાડાં સળંગમાં ઊતારી આ દેહેરાના ચોમખની ચાર પરતમાઓ ગાડામાં બેસારી ઝવેરીવાડામાં લાવ્યા તેહેમાંની ત્રણ મુરતીયો જેને આદીશ્વરનું ભોંયરૂં કહે છે તે ભોંયરામાં બેસારી ને ચોથી મુરતી ઝવેરીવાડામાં નીશાપોળમાં જગવલ્લભના ભોંયરામાં બેસારી તથા મુળ નાયકની મુરતી નાંહાંની સાંમળી ચીંતામણ પાર્શ્વનાથની હતી તે લાવીને ઝવેરીવાડામાં સુરજમલના દેહેરામાં પધરાવી. તે મુરતીઓ હાલ પણ છે."

"જૈરામા'માં સમાલોચનામાં પૃ૦ ૮ ઉપર આ જ લખાણ ફૂટનોટ તરીકે આપવામાં આવ્યું છે.

શ્રી રત્નમણિરાવ 'ગૂપાઅ'માં પૃ૦ ૬૬૩ ઉપર આ દેરાસરના પરિચયમાં લખે છે : "...મુખ્ય પ્રતિમાઓ શેઠ શાંતિદાસે ભોંયરા મારફતે ઝવેરીવાડામાં લઈ જઈ બચાવી હતી......એમ કહેવાય છે કે એ ભોંયરાં ઝવેરીવાડામાં નીકળતાં હતાં...એમાંથી આણેલી મૂર્તિઓમાંથી ત્રણ ઝવેરીવાડામાં આદીશ્વર ભગવાનના મંદિરમાં ભોંયરામાં બેસાડી, અને એક નીશાપોળમાં જગવલ્લભના ભોંયરામાં બેસાડી, તથા મુળનાનાયકની મૂર્તિ સૂરજમલના દેહેરામાં બેસાડી એમ રા૦ મગનલાલ લખે છે."

'મિરાતે અહમદી'ના આધારે શ્રી કોમિસેરિયેટના 'HOG' Vol. IIના p. 142 અને p. 501 ઉપર, 'SHG'ના p. 60 ઉપર, 'MTWI'માં *p. 102 ઉપર અને શ્રી કૃષ્ણલાલ ઝવેરીના 'SFSJ'ના p. 21 ઉપર* જણાવાયું છે કે આ દેરાસરમાંથી સો–સો મણ વજન ધરાવતી મુખ્ય બે પ્રતિમાઓને ગાડું પસાર થઈ શકે તેવા ભોંયરા દ્વારા ઝવેરીવાડમાં લાવવામાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવી હતી, અને કોઈની નજરે ન ચઢે તેમ ગુપ્ત રીતે ભોંયરામાં કે એવી કોઈ જગ્યાએ રાખવામાં આવી હતી. જોકે, શ્રી કૃષ્ણલાલ ઝવેરી ભોંયરા દ્વારા લાવવાની વાત કરતા નથી.

'HOG' માં vol. IIના p. 142 ઉપર આ મૂર્તિ 'દરેક સો-સો મણ વજનની' લખવાને બદલે 'એક મણ વજનની' લખાયું છે તે સરતચૂક છે, કારણ કે 'SHG'ના પૃ૦ ૬૦ ઉપર તો 'દરેક સો-સો મણ વજનની' એમ જ લખ્યું છે.

'GOBP' ના Vol. IV માં p. 285 ઉપર શ્રી જેમ્સ કેમ્પબેલ જણાવે છે : "Shantidas saved the chief image and taking it into the city, built a temple for it in Jawherivada."

શ્રી કોમિસેરિયેટ અને શ્રી કૃષ્ણલાલ ઝવેરી બે જ મૂર્તિઓને બચાવ્યાની અને શ્રી કેમ્પબેલ એક મુખ્ય મૂર્તિને જ બચાવ્યાની વાત કરે છે. પરંતુ બીજા ઉલ્લેખો ઉપરથી જાણવા મળે છે તે પ્રમાણે અને શ્રી મગનલાલ વખતચંદ જણાવે છે તે પ્રમાણે અમદાવાદમાં ઝવેરીવાડાનાં દેરાસરામાં આ ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરમાંથી બચાવેલી પાંચ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવી છે તે એક હકીકત હોવાથી, આ દેરાસરના વિનાશના પ્રસંગે ઓછામાં ઓછી પાંચ મૂર્તિઓ બચાવવામાં આવી હશે એમ માનવું જ યોગ્ય છે.

૨૫. 'જૈસાસંઇ'માં પૃ૦ ૫૬૯-૭૦ ઉપર શ્રી શાંતિદાસ શેઠનો ટૂંકો પરિચય આપતાં જણાવાયું છે : 'શાહજહાંના અમલમાં તેના ધર્માંધ પુત્ર ઔરંગઝેબને અમદાવાદની સૂબાગિરિ અપાતાં તેણે મંદિરમાં મહેરાબ કરી (વટાળ કરી) એના મસજીદ કરી હતી (સં. ૧૭૦૦). વોરા લોકો એનો સામાન લઈ ગયા હતા, આથી આખા ગૂજરાતમાં હિંદુ અને મુસલમાનનું બંડ થયું હતું."

'જૈશમા'માં સમાલોચનામાં પૃ૦ ૮ ઉપર જણાવાયું છે : "ઔરંગઝેબે ઈ. સ. ૧૬૪૪માં તે (દેરાસર) તોડી પાડ્યું અને મસજીદ કરી તેથી ગુજરાતમાં મોટું હિંદુ અને મુસલમાનનું બંડ થયું."

તે સમયે બનેલા હિંસક બનાવોની ટૂંકી નોંધ લેતાં 'SFSJ' ના p. 28 ઉપર શ્રી કૃષ્ણલાલ ઝવેરી જણાવે છે : "...evidently when violent hands were laid on it."

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેમ્સ કેમ્પબેલ 'GOBP'ના Vol IVમાં p. 285 ઉપર જણાવે છે : "A few years later, apparently in the religious riots of 1644-46, Aurangzeb defiled the temple by having a cow's throat cut in it."

'GOBP' ના જ Vol. I માં p. 280 ઉપર તેઓ નોંધે છે : "In 1644 a quarrel between Hindus and Musalmans ended in the prince ordering a newly built temple of Chintaman..."

'HOG' માં Vol. II ના p. 125-27 ઉપર આ પ્રસંગની નોંધ પછી તે જ સમય દરમ્યાન મુસલમાનોના બે પક્ષ વચ્ચે થયેલા ઘર્ષણના પ્રસંગની માહિતી પણ આપવામાં આવી છે.

ઔરંગઝેબનો ગુજરાતના વાઈસરોય તરીકેનો આ સમય, આ દૃષ્ટિએ જોઈએ તો, તેની પોતાની ધર્માંધતાના કારણે કે બીજા કોઈ કારણે કોમી હુલ્લડો અને અવ્યવસ્થાથી ભરેલો હતો. અને આ કારણોને લઈને જ શાહજહાંએ સપ્ટેંબર ૧૬૪૬ માં ગુજરાતના વાઈસરોય તરીકેના સ્થાનેથી ઔરંગઝેબને પાછો બોલાવી લીધો હતો.

૨૬. 'પ્રપૂ'માં પૃ૦ ૨૬થી ૩૦ ઉપર ઔરંગઝેબ આ મંદિરનું કેવી રીતે મસ્જિદમાં રૂપાંતર કરે છે તેનું રોચક વર્ણન આપ્યા પછી પૃ૦ ૩૦થી ૩૨ ઉપર શાન્તિદાસ આ મંદિરને પાછું મેળવવા કેવા પ્રયત્ન કરે છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે; જેમ કે, પૃ૦ ૩૧ ઉપર જણાવ્યુ છે —

"શાંતિદાસ દિલ્હી પહોંચ્યા પછી તરત જ સુલતાન દારા શિકોહને મળ્યા. એ શાહજહાનના મોટા કુમાર હતા. એઓ અકબર પાદશાહ જેવા ઉદાર સંસ્કારવાળા હતા. હિંદુઓના સાધુઓની એમણે સેવા કરી હતી. ઉપનિષદોનું એમણે ભાષાંતર ફારશીમાં કરાવ્યું હતું કાંઈક ઉતાવળા પણ સર્વે ધર્મો તરફ સમદૃષ્ટિ રાખવાવાળા આ રાજકુમારની શાંતિદાસે મુલાકાત લીધી. ઔરંગઝેબ સાથે એને બીલકુલ બનતું નહોતું એટલે એને હલકો પાડવાની તકનો લાભ જવા દે તેમ નહોતું. એણે સહાનુભૂતિથી શાંતિદાસ ઝવેરીની વાત સાંભળી. આશ્વાસન આપી પાદશાહને સમજાવવાની કબુલાત આપી."

૨૭. ફરમાન અંગે વિશેષ માહિતી માટે અને શ્રી શાંતિદાસ ઝવેરીને મળેલાં શાહી ફરમાનો અંગે જુઓ આ જ પુસ્તકનું 'નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને પ્રાપ્ત થયેલાં ફરમાનો' નામે નવમું પ્રકરણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૮. 'IMFG' પુસ્તકમાં આ ફરમાન તેની મૂળ છબી અને એના અંગ્રેજી ભાષાંતર સાથે p. 40-41 ઉપર રજૂ થયું છે. આ સિવાય આ ફરમાન નીચેનાં પુસ્તકોમાં પણ ઉલ્લેખાયું છે :

( i ) 'SHG', p. *58-59*

( ii ) 'HOG', Vol. II, p. 129-30

( iii ) 'પ્રપૂ', પૃ૦ ૩૩-૩૪

( iv ) 'MTWI', p. 101

( v ) 'SFSJ' નામે કૃ૦ મો૦ ઝવેરીના લેખમાં, p. 28

( vi ) 'ગૂપાઅ', પૃ૦ ૭૩૬

( vii ) 'જૈરામા.', પૃ૦ ૮

( viii ) 'GOBP', Vol. IV, p. 285

( ix ) 'तीसेशा', પૃ૦ ૧૯-૨૧

( x ) 'દીઆઝસે', પૃ૦ ૪૩૫થી ૪૩૭

૨૯. 'HOG'ના Vol. II ના p. 130 ઉપર શ્રી કોમિસેરિયેટ જણાવે છે : "..that Shah Jahan, who never showed his father's or Akbar's toleration for Hindu shrines, should thus have so definitely reversed the action of his own son, and made such complete restitution to the Jain magnate, is ample proof of the personal influence of Shantidas with the Emperor and of the honour and respect in which he was held at the royal court."

[અર્થાત્– "...શાહજહાંએ હિંદુ મંદિરો પ્રત્યે પોતાના પિતા કે અકબરની સહિષ્ણુતા ક્યારે ય બતાવી ન હતી તેમ છતાં, પોતાના જ પુત્રના કાર્યને આટલી નિશ્ચિતતાથી ઉથલાવી કાઢયું અને જૈન સિતારા (શ્રી શાંતિદાસ)ને સંપૂર્ણપણે મિલકત પાછી સોંપી દીધી તે હકીકત શાંતિદાસના રાજા સાથેના અંગત સંબંધ અને રાજદરબારમાં તેઓને જે માન અને આદર મળતાં હતાં તેની પૂરતી ખાતરી કરાવે છે.]

આ જ મતલબનું લખાણ તેમના અન્ય પુસ્તક 'IMFG' ના p. 14 ઉપર પણ જોવા મળે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ફરમાનની એક ખાસ વિશિષ્ટતા રજૂ કરતાં 'IMFG'માં p. 6 ઉપર અને 'HOG' Vol. II ના p. 130–131 ઉપર જણાવાયું છે કે આ ફરમાનમાં પહેલી બે લીટી પાસે શાહજહાં બાદશાહના પોતાના હાથે ટૂંકી સંજ્ઞા કરવામાં આવી છે એ ફરમાનમાં ભાગ્યે જ મળી આવતી વિલક્ષણ બાબત છે.

('HOG' Vol. II ના p. 130–131 ઉપર આ અંગેનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે : "One unique feature of this farman is found in the fact that there is a brief endorsement in the body of the document, near the first two lines, which was probably written by the Emperor himself in his own hands.")

૩૦. 'અન્વેષણા', પૃ૦ ૨૦૫

૩૧. ફ્રેંચ પ્રવાસી થેવેનોએ નાની ઉંમરમાં જ ઘણા દેશોનો પ્રવાસ ખેડયો હતો. પ્રવાસી થવા માટે જરૂરી અભ્યાસ પણ તેણે કર્યો હતો. સૂરતમાં ઈ. સ. ૧૬૬૬ ના જાન્યુઆરીની ૧૦મી તારીખે આવેલ થેવેનો ભારતમાં ૧૩ માસ ગાળે છે અને ઈ. સ. ૧૬૩૩ માં જન્મેલ આ પ્રવાસી ઈ. સ. ૧૬૬૭માં — લગભગ ૩૪ વર્ષની ઉંમરે — મૃત્યુ પણ પામે છે. તેણે પોતાની પ્રવાસ-નોંધો ફ્રેંચ ભાષામાં લખી છે, જે 'Travels' એ નામે જાણીતા થયેલ ગ્રંથમાં રજૂ થઈ છે.

તેનાં પ્રવાસવર્ણનોની એક લાક્ષણિકતા એ છે કે અમુક બાબતોના અજ્ઞાનને કારણે થયેલ ભૂલોને બાદ કરતાં તે પ્રવાસવર્ણનોમાં ખૂબ ચોકસાઈ જોવા મળે છે. પોતાની નાની ઉંમરમાં જ પોતાની અભ્યાસશીલતાને કારણે થેવેનોને તુર્કી, અરબી, ફારસી વગેરે ભાષાઓ; ભૂમિતિ, ખગોળ, ગણિત વગેરે શાસ્ત્રો; ડેકાર્ટનું તત્ત્વજ્ઞાન વગેરે વિવિધ વિષયોનું બહોળું જ્ઞાન હતું. વળી ધર્મ પ્રત્યે તેને લાગણી હતી. તેના પ્રવાસ દરમ્યાન તેના સંપર્કમાં આવનાર સર્વે તેની ધાર્મિકતાના વખાણ કરતા.

—'HOG', Vol. II ના p. 359–370ના આધારે

૩૨. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે —

"*Ahmedabad being inhabited by a large number* of heathens, there are Pagods or idol-temples in it.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

That which was called the Pagod of Shantidas was the chief, before Aurangzeb converted it into a mosque. When he performed that ceremony, he caused a cow to be killed in the place, knowing very well, that after such an action, the gentiles, according to their law, could worship no more therein. All round the temple there is a cloister furnished with lovely cells, beautified with figures of marble in relief, representing naked women sitting after the oriental fashion. The inside roof of the mosque is pretty enough, and the walls are full of the figures of men and beast; but Aurangzeb, who hath always made a show of an affected devotion, which at length raised him to the throne, caused the noses of all these figures, which added a great deal of magnificence to that mosque, to be beat off."

—'TMT' p. 10; 'HOG', Vol. II, p. 141-142; 'SHG', p. 57

૩૩. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે :

"In 1666 Thevenot speaks of the building as a mosque. But this seems doubtful, as the cloister shrines had still their Jain Saints' images, and inside though their noses were broken the walls still filled with figures of men and animals."

—'GOBP', Vol. IV, p. 285

૩૪. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે :

"There was a Pagoda in this place which the Muhammadans took possession of in order to turn it into a mosque. Before entering it you traverse three great courts paved with marble, and surrounded

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

by galleries, and you are not allowed to place foot in the third without removing your shoes. The exterior of the mosque is ornamented with mosaic, the greater part of which consists of agates of different colours, obtained from the mountains of Cambay, only two days' journey from thence."

'SHG', p. 57

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને પ્રાપ્ત થયેલ ફરમાનો

## મોગલ બાદશાહો સાથેનો નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીનો ઘનિષ્ઠ સંબંધ

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને એક કુશળ ઝવેરી તરીકે મોગલ રાજદરબારમાં નામના પ્રાપ્ત થઈ અને મોગલ બાદશાહ તરફથી તેમને જે નગરશેઠપદ પ્રાપ્ત થયું તથા તેઓ અમદાવાદના મહાજનના અગ્રેસર ગણાયા તે વિગતો આપણે 'શાહી ઝવેરી અને નગરશેઠ' નામે ચોથા પ્રકરણમાં અને 'આદર્શ મહાજન' નામે સાતમા પ્રકરણમાં જોઈ ગયા.

મોગલ બાદશાહો સાથેના તેમના ઘનિષ્ઠ સંબંધોની આપણને ઐતિહાસિક રીતે પ્રતીતિ થાય તેવા પુરાવાઓ પણ આપણને પ્રાપ્ત થાય છે. એક કરતાં વધારે મોગલ બાદશાહો પાસેથી તીર્થની માલિકીને લગતાં, લોનરૂપે આપેલ પૈસા ભરપાઈ કરવા અંગેનાં, ઝવેરી તરીકેની પોતાની ફરજને લગતાં, પોતાની માલમિલકતના રક્ષણને લગતાં એમ વિવિધ હેતુઓ માટેનાં શાહી ફરમાનો નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને પ્રાપ્ત થાય છે, જે તેમના મોગલ બાદશાહો સાથેના સંબંધના પુરાવારૂપ ગણી શકાય તેમ છે.

## ફરમાન એટલે શું ?

મોગલ રાજ્યકાળ દરમ્યાન બાદશાહના હુકમનો અમલ થાય તે માટે બાદશાહ તરફથી વિશિષ્ટ સીલ (મહોર, છાપ) સાથે ફરમાનો બહાર પાડવામાં આવતાં, કે જેમનો અમલ કરવો એ જે તે રાજ્યના અમલદારોની ફરજ થઈ પડતી. એટલે આ ફરમાનો કે શાહી વટહુકમો રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ ખૂબ મૂલ્યવાન ગણાય છે.

વળી આવાં એક કરતાં વધારે ફરમાનો કોઈ એક વ્યક્તિને મળે તે હકીકત તો વળી વધારે ગૌરવરૂપ ગણાય તે સ્વાભાવિક છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાથે સાથે આનંદની વાત એ છે કે આ ફરમાનો આજપર્યંત તેના અસલ રૂપમાં, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાસે તથા બીજાં કેટલાંક સ્થાનોએ સચવાઈ રહ્યાં છે.

**શ્રી કોમિસેરિયેટનો સ્તુત્ય પ્રયત્ન**

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને મળેલાં ફરમાનોનું વર્ગીકરણ કરીને, તેને તેની ફોટોસ્ટેટ નકલો સાથે એક જ પુસ્તકમાં રજૂ કરવાનો સ્તુત્ય પ્રયત્ન સુપ્રસિદ્ધ ઇતિહાસકાર અને વિદ્વાન શ્રી એમ. એસ. કોમિસેરિયેટે પોતાના પુસ્તક 'Imperial Mughal Farmans in Gujarat'માં કર્યો છે. આ ઉપરાંત તેમનાં જ અન્ય બે પુસ્તકો : 'Studies in the History of Gujarat' અને 'History of Gujarat' ભાગ–૨માં પણ કેટલાંક ફરમાનોની ચર્ચા કરી છે.

આ પ્રકરણમાં રજૂ કરવામાં આવેલ કુલ ૨૨ ફરમાનોમાંથી ફરમાન નંબર ૧, ૪, ૫, ૬ અને ૭ 'Studies in the History of Gujarat' અને 'History of Gujarat' ભાગ ૨માં રજૂ થયા છે, જ્યારે બાકીનાં બધાં ફરમાનો 'Imperial Mughal Farmans in Gujarat' પુસ્તકમાં રજૂ થયાં છે.

( **નોંધ** : આ ૨૨ ફરમાનો ઉપરાંત આ જ પુસ્તકના પ્રકરણ આઠમામાં 'શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ'નું દેરાસર પાછું સોંપવા અંગેના એક ફરમાનની ચર્ચા કરવામાં આવી છે. )

**ફરમાનોની ચર્ચા બે વિભાગમાં**

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને જે કંઈ ફરમાનો પ્રાપ્ત થયાં છે તેને અહીંયાં મુખ્ય બે વિભાગમાં વહેંચીને તેની ચર્ચા કરીશું : અ. તીર્થરક્ષાને લગતાં ફરમાનો અને બ. અન્ય ફરમાનો. રજૂઆતની સરળતા ખાતર આ વર્ગીકરણ કરવામાં આવ્યું છે, પણ ફરમાનોના નંબર સળંગ આપ્યા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## વિભાગ—અ : તીર્થરક્ષાને લગતાં ફરમાનો

જુદાં જુદાં તીર્થોની રક્ષાને લગતાં જે ફરમાનો નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને પ્રાપ્ત થયાં છે તેનું મહત્ત્વ જાણીને તેમને મળેલ એ ફરમાનોથી વિગતે માહિતગાર થઈશું.

**તીર્થરક્ષા અને તેને લગતાં ફરમાનોનું મહત્ત્વ**

દરેક ધર્મમાં તેનાં તીર્થસ્થાનો અને તેની યાત્રાનો સમાવેશ માનવીનાં ધાર્મિક કર્તવ્યોમાં કરવામાં આવેલ છે; જેમ કે મક્કાની હજ વગર મુસલમાનને પોતાનું જીવન એળે ગયું જણાશે; તો અમર-નાથ–બદ્રીનાથ–કેદારનાથની યાત્રા વગર કે કાશીના દર્શન વગર હિંદુ વ્યક્તિને જીવનમાં અસંતોષ રહ્યા કરશે. તે જ રીતે પાલીતાણા, સમેતશિખર જેવાં તીર્થોનાં દર્શન વગર શ્રાવકને જીવનમાં ઊણપ વર્તાયા કરશે. કુદરતના સાન્નિધ્યમાં પવિત્ર વાતાવરણ ઊભું કરીને રચાયેલાં દરેક ધર્મનાં તીર્થો માનવજીવનમાં સાત્ત્વિકતાનું પ્રાગટ્ય કરવામાં કારણભૂત બની રહે છે. જૈનધર્મના વિકાસમાં તીર્થોનો ફાળો પણ નાનોસૂનો નથી.

તીર્થોના મહત્ત્વ કરતાં પણ તીર્થરક્ષાનું કાર્ય વધુ મહત્ત્વનું અને વધુ કઠિન છે. જેમ સમય બદલાય તેમ રાજસત્તા બદલાય, અને બદલાતા જતા રાજકીય તખ્તા પર દરેક રાજવી, દરેક શાસક એકસરખી નિષ્ઠા, એકસરખી બુદ્ધિપ્રતિભા, એકસરખી નીતિવાળા ન જ હોય એ બાબત પણ સ્વાભાવિક છે. એટલે બદલાતા રહેતા રાજકીય તખ્તામાં, ખાસ કરીને જ્યારે પ્રતિકૂળ વિચારોવાળા શાસક રાજ્ય કરતા હોય ત્યારે, આ ધર્મતીર્થોનું રક્ષણ કરવું એ ખૂબ જરૂરી કાર્ય બની રહે છે. અને આ કાર્ય કરવા સમાજના બહુ જ થોડા — ગણ્યાંગાંઠ્યા — લોકો શક્તિમાન હોય છે.

ધર્મના બળે સમયે સમયે દરેક ધર્મને આવા ધર્મરક્ષક નેતા-ઓ મળી રહે છે એ હકીકતનો તો આપણે ધર્મતીર્થોનો ઇતિહાસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જોતાં સ્વીકાર કરવો જ રહ્યો. અનેક સદીઓ પૂર્વે સ્થપાયેલ તીર્થો, કુદરતની અનેક લીલી–સૂકી જોયા પછી આજે પણ વિદ્યમાન છે તે જ તેની સાક્ષી પૂરે છે. પણ વિપરીત સમયમાં, બદલાતા જતા રાજકીય સંઘર્ષમાં પોતાની ધનસંપત્તિ, અંગત જીવન, કુટુંબ વગેરે બાબતોને ગૌણ ગણીને જે વ્યક્તિઓ તીર્થની રક્ષાના કાર્યને પોતાની પવિત્ર ફરજ સમજે છે તેવી વ્યક્તિઓના અભાવમાં આ તીર્થો કદાચ ધ્વસ્ત પણ બની ગયાં હોત. એટલે તીર્થની રક્ષાની જરૂર જોઈને તે રક્ષા કરવાનું કાર્ય પોતાની ફરજ છે એ ભાવથી જે વ્યક્તિઓ એ કાર્ય પોતાનાં સત્તા, ધન, આવડતથી કરે છે તેમનું ઋણ તો આપણે સ્વીકારવું જ રહ્યું.

અકબર, જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબ — આ ચાર મોગલ રાજવીઓના સંપર્કમાં રહેનાર, તેમના રાજદરબારોમાં પ્રથમ પંક્તિનું સ્થાન ભોગવનાર, કુશળ ઝવેરી, અમદાવાદના નગરશેઠ, સંઘના નાયક એવા શ્રી શાંતિદાસ શેઠ પોતે તો જૈન તીર્થોની યાત્રાએ અવારનવાર જતા, ક્યારેક સંઘ કાઢવાનું પુણ્યકાર્ય પણ કરતા, તો જરૂર જણાયે જીર્ણોદ્ધારનું કાર્ય પણ કરાવતા. એ બધાં કરતાં પણ વધુ કપરું કાર્ય પણ તેઓ કરતા — તે તીર્થોના રક્ષણનું કાર્ય. સતત પરિવર્તન પામતી રાજકીય પરિસ્થિતિમાં ક્યારે તીર્થના રક્ષણ માટે કયા પગલાની જરૂર છે એ અંગેની સૂઝ તેઓ ધરાવતા હતા; સાથે સાથે પોતાને સૂઝેલા માર્ગે આગળ વધવા માટેની નિષ્ઠા પણ તેમનામાં હતી. અને તેથી જ તીર્થરક્ષાના કટોકટીના સમયે તેઓ પોતાની ધનસંપત્તિનો ઉપયોગ કરતાં પણ ન અચકાતા.

તીર્થોને રાજ્યના હોદ્દેદારો, શાસકો તરફથી હાનિ ન પહોંચે તે માટેના તેમના પ્રયત્નના નક્કર પરિણામ રૂપે જુદા જુદા સમયે મોગલ બાદશાહો દ્વારા તેમને પ્રાપ્ત થયેલ અનેક જૈન તીર્થોની રક્ષાને લગતાં ફરમાનોને મૂકી શકાય તેમ છે.[૧] આ ફરમાનો નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીની તીર્થરક્ષા અંગેની કુશળ કાર્યવાહીની ઐતિહાસિક સત્યતાના પુરાવારૂપ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ફરમાન નં. ૧ : જૈન તીર્થો અને સંસ્થાઓની રક્ષાને લગતું

જૈન તીર્થો અને જૈન સંઘની માલિકીની અન્ય સંસ્થાઓની રક્ષા કરવા માટેનું સૌ પ્રથમ શાહી મોગલ ફરમાન મોગલ રાજવી શાહજહાં દ્વારા ઈ. સ. ૧૬૨૯–૩૦માં, પોતાના રાજ્યકાળના બીજા વર્ષના સમય દરમ્યાન શ્રેષ્ઠી શ્રી શાંતિદાસને અપાયેલું છે.[૨] ગુજરાતના ગવર્નર અને સૂબાના ઑફિસરોને ઉદ્દેશીને લખાયેલ આ ફરમાનમાં શાહજહાં જણાવે છે : "ચિંતામણિ[૩], શત્રુંજય, શંખેશ્વર અને કેશરીનાથ (ઉદેપુરથી ૩૬ માઈલ દૂર ધૂલેવા ગામમાં આવેલ આદિનાથ કે ઋષભદેવનું તીર્થ)નાં દેરાસરો — કે જે પોતાના (શાહજહાંના) રાજ્યારોહણ પહેલાં પણ અસ્તિત્વ ધરાવતાં હતાં, અને વળી અમદાવાદની ત્રણ, ખંભાતની ચાર, સૂરતની એક અને રાધનપુરની એક એટલી પોશાળો — આ શાંતિદાસ[૪]ની માલિકીનાં છે." શાહજહાંના ધ્યાનમાં આ હકીકત લાવવામાં આવી, તેથી તે ગુજરાતના ગવર્નરો વગેરેને સૂચના આપે છે : "આ દેરાસરો કે સ્થાનો જૈનોને *માટે ફાળવવામાં આવેલ હોવાથી બીજી કોઈ વ્યક્તિએ* તેમાં પ્રવેશવું નહીં, અથવા તો ત્યાં પગપેસારો કરવો નહીં." વળી આ ફરમાનમાં આગળ નોંધવામાં આવ્યું છે : "જૈન સાધુઓએ અંદર અંદર લડાઈ કરવી નહીં, પરંતુ રાજ્યની સમૃદ્ધિ અને શાંતિ માટે પ્રાર્થના કરવામાં તેમનું મન વાળવું."

એક આગેવાન જૈન વ્યક્તિને જ આવું જુદાં જુદાં તીર્થો અને પોશાળોને લગતું ફરમાન મળી શકે. તે ઉપરથી એક હકીકત આસાનીથી પુરવાર થઈ શકે છે, કે છેક ઈ. સ. ૧૬૨૯–૩૦ના સમયમાં શ્રી શાંતિદાસ જૈન સંઘના પ્રભાવશાળી અને વગદાર જૈન અગ્રણી હશે. વળી તેમની માલિકીની અનેક પોશાળો ગુજરાતનાં જુદાં જુદાં શહેરોમાં હતી તે બાબત પણ આથી સ્પષ્ટ બને છે.

## ફરમાન નં. ૨ અને ૩ : શંખેશ્વર તીર્થના ઇજારાને લગતાં

હવે ઈ. સ. ૧૬૫૭ના સમય દરમ્યાન શાહજહાં બાદશાહ દ્વારા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ શાંતિદાસને અપાયેલા શંખેશ્વર તીર્થના ઇજારાને લગતાં બે ફરમાનો જોઈ એ :

શાહજહાં બાદશાહના રાજ્યારોહણના ૩૦મા વર્ષે એટલે કે ઈ. સ. ૧૬૫૬–૫૭માં અપાયેલા ફરમાન ઉપર શાહજહાં ઉપરાંત જગતના રાજા તરીકે રાજકુમાર મુરાદબક્ષનું ઉમદા નિશાન અને સીલ કરવામાં આવ્યાં છે. અહીં જણાવવામાં આવ્યું છે: "મુંજપુર તાલુકામાં આવેલ શંખેશ્વર ગામ, કે જે પહેલા રાજદરબાર દ્વારા સનદ તરીકે ચાલુ હતું, તે શાંતિદાસ સાહુને રૂ. ૧૦૫૦ માં ઇજારા તરીકે આપવામાં આવે છે. શાંતિદાસ જાગીરદારોના નિયમોને અધીન થઈને જરૂરી રકમ ભરપાઈ કરે છે. વર્તમાન અને ભવિષ્યના જાગીર-દારોએ આ ગામ, ઉપર દર્શાવેલ વ્યક્તિના નામે ભૂતકાળની જેમ જેમ ચાલુ રાખવું અને તેમાં કોઈ ફેરફાર ન કરવો. જાગીરદારોને યોગ્ય રકમ ભરપાઈ કરતા હોવાને કારણે શાંતિદાસ સાહુને તે ગામની સમૃદ્ધિ અને લોકોના કલ્યાણ માટે ઉત્સાહથી પ્રયત્નો કરવાની છૂટ આપવામાં આવે છે."

આ જ મતલબનું બીજું ફરમાન બાદશાહ શાહજહાં અને દારા શુકોહ[૫]ના નિશાન અને દારા શુકોહના સીલ સાથે તા. ૨૩મી ડિસેંબર ૧૬૫૭ના દિવસે અપાયેલ છે. આ ફરમાન આગળના ફરમાનની જેમ જ મુંજપુર પરગણાના તત્કાલીન અને ભવિષ્યના જાગીરદારોને સૂચના આપે છે: "રાજદરબાર દ્વારા અને ભૂતકાળના ઑફિસરો દ્વારા શંખેશ્વર ગામ સનદ તરીકે અપાયેલ છે તે અમારા *(બાદશાહના) ધ્યાનમાં આવ્યું છે. અને નોંધપાત્ર સમયથી તે શાંતિદાસ* ઝવેરીને રૂા. ૧૦૫૦માં ઇજારા તરીકે આપવામાં આવેલ છે. શાંતિદાસ સાહુ ઉપર દર્શાવેલ રકમ દ્વારા અને ખાવાલાયક અનાજ જેવી વસ્તુઓ દ્વારા જાગીરદારોને કર ચૂકવે છે, તેથી ઉપર દર્શાવેલ સનદની સાથે તે ગામ શાંતિદાસને ઇજારા તરીકે અપાયેલ ગણવું અને તેમાં કોઈ *ફેરફાર ન કરવો કે તેના નિયમો બદલવા નહીં. ઉપર દર્શાવેલ વ્ય-*ક્તિ શાંતિદાસની તે ફરજ છે કે તેણે તે સ્થાનના લોકોનાં કલ્યાણ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમૃદ્ધિ અને સુખસગવડ માટે પ્રયત્ન કરવા."

આ બંને ફરમાનો દ્વારા આપણને એ હકીકત જાણવા મળે છે કે શંખેશ્વર ગામ પહેલાં રાજદરબાર દ્વારા શાંતિદાસ ઝવેરીને સનદ-રૂપે મળ્યું હશે અને પછી, રૂા. ૧૦૫૦ અને જાગીરદારીના નિયમ મુજબના કર ચુકવવાને કારણે તે ગામ બાદશાહ તરફથી શાંતિદાસ શેઠને ઇજારા તરીકે આપવામાં આવેલ હશે. અને તેથી શાંતિદાસે તે ગામનો વિકાસ અને લોકોનું કલ્યાણ થાય તેવાં કાર્યો પોતાની ફરજ રૂપે કરવાં એવું એમાં જણાવવામાં આવ્યું છે.

## ઈ. સ. ૧૬૫૬-૫૮ના પલટાતા જતા રાજકીય તખ્તાનો પરિચય

હવે આપણે જૈનોના પવિત્ર તીર્થ શત્રુંજયને લગતાં, ઈ. સ. ૧૬૫૬-૫૮ના સમય દરમ્યાન શાંતિદાસ ઝવેરીને મળેલાં, ચાર ફર-માનોનો વિચાર કરીશું. બે-ત્રણ વર્ષના ટૂંકા ગાળા દરમ્યાન, એક જ સ્થાનને લગતાં, આવાં ચાર ફરમાનો શા માટે આપવા પડ્યાં હશે તે હકીકતને સમજવા માટે આપણે તે સમયના પલટાતા જતા રાજકીય તખ્તાનો પરિચય મેળવવો પડશે.[૬]

ઈ. સ. ૧૬૫૭ની સાલમાં સપ્ટેંબર માસમાં મોગલ બાદશાહ શાહજહાં, ત્રણ દાયકા જેટલા સુદીર્ઘ સમય સુધી રાજસત્તા ભોગવ્યા બાદ, ગંભીર માંદગીમાં સપડાયો હતો. તે સમયે રાજકુમાર દારા શુકોહ શાહજહાંના નામે રાજના હુકમો બહાર પાડતો. શાહજહાંની તબિયત સહેજ સારી થતાં તબીબોએ તેને હવાફેર માટે આગરા લઈ જવા જણાવ્યું. જમુના નદી દ્વારા તે આગરા ગયો. તે દરમ્યાનમાં બધા પ્રદેશોમાં તેના મૃત્યુની અફવા ફરી વળી. શાહજહાં પોતે રાજ્ય સંભાળી શકે એટલો તંદુરસ્ત થયો ન હોવાથી તેણે પોતાના સૌથી મોટા પુત્ર દારાનું નામ પોતાના અનુગામી બાદશાહ તરીકે સૂચવ્યું હતું. પરંતુ દારા કાચો રાજનીતિજ્ઞ હતો, એટલે શાહજહાં પછી ગાદીવારસ કોણ એ પ્રશ્નનો શાહજહાંનો કે પ્રજાનો ઉત્તર સાંભળ્યા-વિચાર્યા વગર શાહજહાંના બીજા પુત્રોએ શાહજહાંના અનુગામી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોગલ બાદશાહના સ્થાનને મેળવવાને માટે ગાદીવારસાનું આંતરયુદ્ધ શરૂ કર્યું. તે સમયે રાજકુમાર મુરાદબક્ષ ગુજરાતમાં વાઈસરૉયના સ્થાને હતો. પોતાના પિતાની ગંભીર માંદગીના સમાચાર સાંભળીને, ઉતાવળિયા રાજકુમાર મુરાદબક્ષે ૫મી ડિસેમ્બર ૧૬૫૭ના દિવસે પોતાની જાતને બાદશાહ–ગાઝી તરીકે જાહેર કરી. એટલે આ તારીખથી ગુજરાતમાં શાહજહાંનો અમલ પૂરો થયો અને આ નવા રાજવી મુરાદબક્ષના નામે મસ્જિદોમાં ખુત્બા પણ વંચાવા શરૂ થઈ ગયા, નાણું પણ તેના નામનું પાડવામાં આવ્યું, અને મુરાદબક્ષનું સૈન્ય સૂરત જીતીને ૧૭મી જાન્યુઆરી ૧૬૫૮ના દિવસે અમદાવાદમાં આવ્યું.

પરંતુ ૫મી ડિસેમ્બર ૧૬૫૭ના દિવસે બાદશાહ બનેલા મુરાદબક્ષની સત્તા લાંબો સમય ટકી ન શકી. વળી જેવી રીતે ગુજરાતમાં મુરાદબક્ષે પોતાની જાતને પાદશાહ તરીકે જાહેર કરી હતી તેવી રીતે શાહજહાંનો બીજો પુત્ર શુજા બંગાળમાં પાદશાહ થઈ બેઠો હતો અને દારા ઉત્તર ભારતમાં હકૂમત ચલાવતો હતો. શાહજહાં તો દારાને પોતાનો વારસદાર બનાવવા ઇચ્છતો હતો, પણ તેના ગર્વ અને તોરે એની સામે દરબારમાં અનેક દુશ્મનો ઊભા કર્યા હતા. વળી સ્વભાવથી દારા તેના સક્રિય ભાઈઓ કરતાં રાજકારણના અનુભવમાં નબળો હતો, એટલે દારા શાહજહાંનો અનુગામી બાદશાહ બને એ શક્યતા જ ઓછી હતી. અને આ સમયે ઔરંગઝેબ દક્ષિણ ભારતમાં સર્વોપરી બની ગયો હતો.

ખંધા મુત્સદ્દી ઔરંગઝેબે રાજગાદી મેળવવા માટે દીર્ઘદૃષ્ટિથી એક પછી એક ભાઈઓ અને પિતાને પરાજિત કરીને રાજગાદી મેળવવા માટે સામ–દાન–ભેદ–દંડની કુટિલ નીતિ અપનાવી. દક્ષિણ ભારતમાં સર્વોપરી બન્યા બાદ સૌ પ્રથમ તેણે ગુજરાતમાં રહેલ મુરાદબક્ષ સાથે ઈ. સ. ૧૬૫૭ના ઑક્ટોબરની મધ્યમાં દોસ્તીપૂર્વક હાથ મિલાવ્યા. બંનેએ સાથે મળીને બંગાળમાં અને ઉત્તર ભારતમાં રહેલ પોતાના ભાઈ શુજા અને દારાને હરાવવાનું નક્કી કર્યું હતું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એટલે તેઓ બંને સૈન્ય લઈને ઉત્તર અને પૂર્વ ભારત તરફ ગયા. મુરાદબક્ષે તે સમયે અમદાવાદ–સૂરતના વેપારીઓ પાસેથી લગભગ ૫૦ લાખ રૂપિયા પોતાના લશ્કરના ખર્ચને માટે ઉઘરાવ્યા હતા.

આ બધા બનાવોની ખબર માંદગીના બિછાને પટકાયેલા કમનસીબ બાદશાહ શાહજહાં પાસે પહોંચી. તેથી તેણે મુરાદબક્ષ અને ઔરંગઝેબને પોતાની તરફ આવતા રોકવા માટે જોધપુરના રાજા જસવંતસિંહ અને કાસીમખાનને મોકલ્યા. ઉજ્જૈનથી ૧૪ માઈલ દૂર ધર્મત પાસે ૧૫મી એપ્રિલ ૧૬૫૮ની લડાઈમાં જસવંતસિંહના લશ્કરને હરાવીને ઔરંગઝેબ અને મુરાદબક્ષ આગળ વધ્યા અને ૧૬૫૮ની ૨૯મી મેએ આગરા પાસે આવેલ સમુગઢ( samugarh )-માં ખૂનખાર લડાઈ ખેલીને એમણે દારાને હરાવ્યો. આ લડાઈમાં મુરાદબક્ષે ખૂબ વીરત્વ દાખવ્યું અને ઘવાયો પણ ખરો. દારા આ લડાઈમાં હાર્યા પછી નાસી છૂટ્યો.

કુટિલ રાજનીતિજ્ઞ ઔરંગઝેબ મુરાદબક્ષને વિશ્વાસમાં રાખતો જ રહ્યો અને રાજસત્તા તેને આપવાની આશા આપતો જ રહ્યો. આ વાતના નક્કર પુરાવા તરીકે, જૂન ૧૬૫૮ની ૨૦મી તારીખે અપાયેલ પાલીતાણાનું ફરમાન અને ઈ. સ. ૧૬૫૮ની જ જૂનની ૨૨મી તારીખે સાડા પાંચ લાખ રૂપિયા શાંતિદાસ શેઠના પુત્ર માણેકચંદ અને બીજા વેપારીઓને ભરપાઈ કરી આપવા અંગેનાં બે ફરમાનો: એમ કુલ ત્રણ ફરમાનોને આપણે રજૂ કરી શકીએ.[૭] ૨૦મી જૂને અને ૨૨મી જૂને આ ફરમાનો આપ્યા બાદ, ચાર જ દિવસ પછી, ઔરંગઝેબે પોતાના ભાઈ મુરાદબક્ષને ભોજનસમારંભમાં આમંત્રણ આપીને દારૂ પીવડાવીને બેભાન અવસ્થામાં સોનાની સાંકળો વડે કેદ કરી દીધો. અને રાજ્યના કેદી તરીકે પહેલાં તેને દિલ્હીની જેલમાં અને પછી ગ્વાલિયરના કિલ્લામાં હિરાસતમાં રાખવામાં આવ્યો. અલી નકી[૮] નામના ઑફિસરનું ઑક્ટોબર ૧૬૫૭માં ખૂન કરવા બદલ એને ડિસેમ્બર ૧૬૬૧માં આ કિલ્લામાં જ ફાંસીની સજા આપવામાં આવી !

મુરાદબક્ષને કેદ કરતાં પહેલાં ઔરંગઝેબે આગરાના કિલ્લામાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોતાના દુઃખી પિતા શાહજહાંને પણ નજરકેદ કરી દીધો હતો. પછી તો કેદ કરેલા મુરાદબક્ષનું સૈન્ય પણ ઔરંગઝેબનું થઈ ગયું. પોતાના અને મુરાદબક્ષના ભેગા મળેલા લશ્કરને લઈને ઔરંગઝેબે દારાને હરાવવા માટે દિલ્હી તરફ કૂચ કરી. ઔરંગઝેબે પોતાનો પીછો પકડ્યાના સમાચાર મળતાં જ દારા દિલ્હીમાંથી એકદમ નાસી છૂટયો. આવી પરિસ્થિતિમાં રાજ્ય ચલાવવાનો પ્રશ્ન હવે તાકીદનો બની ગયો હતો; કારણ કે, શાહજહાંના રાજ્યકાળનો અંત આવી ગયો હતો. અને એ માટે બાદશાહ બનેલા ઔરંગઝેબ દ્વારા અમલદારો અને ગવર્નરોની નિમણૂક તરત કરવામાં આવે એ જરૂરી હતું. એટલે ઈ. સ. ૧૬૫૮ના જુલાઈ માસની ૨૧મી તારીખે ઔરંગઝેબે દિલ્હીમાં પોતાની જાતને બાદશાહ તરીકે જાહેર કરવાનો સમારંભ યોજ્યો; અને તે પછી તરત જ એણે ઉત્તર પ્રદેશમાં શુજા સાથે યુદ્ધ કરીને તેને હરાવ્યો. આ પછી દિલ્હીથી નાસી છૂટેલ દારા સાથે માર્ચ ૧૬૫૯માં અજમેર પાસે લડાઈ થઈ, અને એમાં દારા પણ હારી ગયો. આમ દારા, શુજા અને મુરાદબક્ષ – ત્રણેને હરાવીને અને પાછળથી મુરાદબક્ષની હત્યા કરીને તથા પિતા શાહજહાંને નજરકેદ કરીને ઔરંગઝેબે પૂરેપૂરી રાજસત્તા મેળવી લીધી, અને દિલ્હીમાં, ઈ. સ. ૧૬૫૯ની પાંચમી જૂન, પોતાના સત્તાવાર રાજ્યારોહણનો દબદબાભર્યો પ્રસંગ ઊજવ્યો, અને પોતાના રાજ્યકાળની ગણના રાજ્યારોહણના આ બીજા પ્રસંગથી નહીં, પણ પહેલા પ્રસંગથી — ૨૧મી જુલાઈ ૧૬૫૮થી — જ કરવી એવું ફરમાન કર્યું.

ઈ. સ. ૧૬૫૭–૫૯ના સમય દરમ્યાનની રાજગાદી મેળવવા માટેની લડાઈઓ, ખટપટોને કંઈક લંબાણપૂર્વક જોયા બાદ, તે સમયની ગુજરાતના પ્રદેશની પલટાતી રહેતી રાજકીય સત્તાના સંદર્ભમાં, શ્રેષ્ઠિવર્ય શાંતિદાસ ઝવેરીએ મેળવેલાં, એક જ બાબતને લગતાં એક કરતાં વધારે ફરમાનોનો પરિચય આપણે હવે મેળવીએ. ઈ. સ. ૧૬૫૬–૫૮ના સમય દરમ્યાન શ્રી શાંતિદાસ ઝવેરીને પાલીતાણા–શત્રુંજય અંગે જે ચાર ફરમાનો[૯] પ્રાપ્ત થયાં હતાં તે ફરમાનોની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિગતો આ પ્રમાણે છે —

### પાલીતાણા અંગેનાં ચાર ફરમાનો

પાલીતાણા અંગે સંઘપતિ શ્રી શાંતિદાસને જે ચાર ફરમાનો મળ્યાં છે તેને કાળક્રમે જોઈએ તો, તેમાંનું પહેલું ફરમાન ઈ. સ. ૧૬૫૬ના નવેંબરની સાતમી તારીખે બાદશાહ શાહજહાં દ્વારા, બીજું ફરમાન ઈ. સ. ૧૬૫૭ની જૂનની ૨૧મી તારીખે બાદશાહ શાહજહાં દ્વારા, ત્રીજું ફરમાન ઈ. સ. ૧૬૫૮ના જૂનની ૨૦મી તારીખે બાદશાહ મુરાદબક્ષ દ્વારા અને ચોથું ફરમાન ઈ. સ. ૧૬૫૮ના જુલાઈની ૨૯મી તારીખે બાદશાહ ઔરંગઝેબ દ્વારા પ્રાપ્ત થયાં હતાં. બાદશાહ શાહજહાંએ બે ફરમાનો દ્વારા પાલીતાણાનો જે હક્ક શેઠ શાંતિદાસને આપ્યો હતો, તે હક્ક ગુજરાતના ટૂંક સમય માટે — ૫મી ડિસેમ્બર ૧૬૫૭થી ૨૬મી જૂન ૧૬૫૮ સુધી — બાદશાહ બનેલા મુરાદબક્ષ દ્વારા પણ ફરમાનના રૂપમાં લેખિત રીતે આપવામાં આવ્યો હતો. અને મુરાદબક્ષ તરફથી આ ત્રીજું ફરમાન મળ્યા પછી એક અઠવાડિયામાં જ ઔરંગઝેબ મુરાદબક્ષને કેદ કરીને સત્તા ઉપર આવતાં, થોડા સમય બાદ જ તેને લગતું ચોથું ફરમાન બાદશાહ ઔરંગઝેબ દ્વારા આપવામાં આવ્યું હતું. આમ રાજકીય તખ્તા ઉપર સત્તાના ક્રમિક પલટાને લીધે જ એક જ બાબતને લગતાં આ ચાર ફરમાનો મેળવવાં જરૂરી બન્યાં હતાં એમ કહી શકાય. તે સમયના બદલાતા રહેલા રાજકીય પ્રવાહનો પુરાવો આ ફરમાનો પણ આપી શકે તેમ છે, એ બાબત ઇતિહાસનાં સાધનોની દૃષ્ટિએ ઓછી મહત્ત્વની નથી. આ ચારે ફરમાનોમાં રજૂ કરેલી વિગતો હવે જોઈએ.

### ફરમાન નં. ૪ : પાલીતાણા ગામ ઇનામ આપવા અંગે

ઈ. સ. ૧૬૫૬ના નવેંબરની સાતમી તારીખે — શાહજહાંના રાજ્યારોહણના ત્રીસમા વર્ષે[૧૦] — લખાયેલ ફરમાનમાં બાદશાહ શાહજહાં અને રાજકુમાર મુરાદબક્ષના નામના મહોર અને રાજકુમાર મુરાદ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બક્ષના નામનો સિક્કો છે. સોરઠ( કાઠિયાવાડ )ની સરકારના તત્કાલીન અને ભવિષ્યના અમલદારોને ઉદ્દેશીને લખાયેલ આ ફરમાનમાં જણાવવામાં આવ્યું છે : "શાંતિદાસ ઝવેરીએ અમારા દરબારમાં અરજ કરીને જણાવ્યું કે સોરઠ સરકારના તાબાના પરગણામાં પાલીતાણા ગામમાં યાત્રાળુઓ જેની વારંવાર મુલાકાત લે છે તે શત્રુંજય નામે હિંદુઓનું મંદિર આવેલ છે. શાંતિદાસ ઝવેરીને તે ગામ ઈનામ તરીકે ભેટ આપી દેવાયું છે તેવો ઉમદા હુકમ આપવામાં આવે છે. આ જાણ્યા પછી અમલદારોએ તેમના માર્ગમાં કોઈ પણ જાતની દખલ કરવી નહીં. આ ગ્રાંટ દેખીતી રીતે શાંતિદાસના નામે કરવામાં આવે છે તે એટલા માટે, કે આજુબાજુના લોકો હૃદયની શાંતિથી આ તીર્થની મુલાકાત લઈ શકે."[૧૧] આ ફરમાનની પાછલી બાજુએ "નમ્ર સેવક અલી નકી દ્વારા" એવી ટૂંકી નોંધ છે. આ અલી નકીને મુરાદબક્ષે પોતે પીધેલી હાલતમાં મારી નાંખ્યો હતો (જુઓ આ પ્રકરણની પાદનોંધ નં. ૮).

## આ ફરમાનની જરૂરિયાત

પાલીતાણા અંગેના આ ફરમાનની જરૂરિયાત શા માટે ઊભી થઈ એ બાબતનો વિચાર કરતાં આપણને સહેજે ખ્યાલ આવે છે, કે બાદશાહ શાહજહાંના ત્રણ દાયકાના દીર્ઘ અમલ દરમ્યાન આ તીર્થમાં જૈનોના હક્કને કોઈ હાનિ પહોંચી ન હતી. પરંતુ બાદશાહ શાહજહાં ઉંમરલાયક થતાં રાજગાદી અંગે તેના ચારે ય પુત્રોમાં જે તીવ્ર સ્પર્ધા જાગી હતી તેનો અંજામ છેવટે કેવો આવે એનો અંદાજ, દીર્ઘદૃષ્ટિથી વિચારતા અને પેઢી દર પેઢી ગાદી પર આવતા રાજકર્તા મોગલ બાદશાહોના નિકટના સંપર્કમાં રહેતા શ્રેષ્ઠી શાંતિદાસને આવી ગયો હતો. ભારતમાં મોગલ સત્તાના વળતાં પાણી શરૂ થઈ ચૂક્યાં છે એનો અંદાજ તેમને પોતાના ડહાપણ અને દીર્ઘદૃષ્ટિથી આવી ગયો હતો. તેથી આવા રાજકીય ખટપટોના સમયમાં આ પવિત્ર તીર્થને કંઈ હાનિ ન પહોંચે એવી ભાવનાથી પ્રેરાઈને,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને પોતાની રાજદરબારની લાગવગનો ઉપયોગ કરીને, ધર્મ અને સંઘના હિતની ખાતર, તીર્થરક્ષા અંગે ચિંતા સેવનાર શ્રેષ્ઠી શાંતિદાસે શાહજહાં બાદશાહ પાસેથી આ ફરમાન મેળવી લીધું હતું. એટલું જ નહીં, પરંતુ આ ફરમાન મેળવ્યા પછી માત્ર સાત–આઠ માસના ટૂંક સમય બાદ જ, આ તીર્થ અંગે આ જ બાદશાહ પાસેથી બીજું ફરમાન પણ મેળવ્યું. કયા વખતે મોગલ સત્તામાં કયા પ્રકારનું પરિવર્તન આવશે એ અંગેની તે સમયની ડામાડોળ સ્થિતિમાં પોતાના – જૈનોના – પ્રાણરૂપ પવિત્ર તીર્થને રખેને કદાચ પણ હાનિ પહોંચશે તો ? — આ ભય તેમને સતત રહેતો અને એટલા જ માટે જે બાદશાહ સત્તારૂઢ હોય તેની પાસે તે તીર્થની રક્ષાની ખાતરી આપતું ફરમાન મેળવી લેવાનું તેઓ ચૂકતા ન હતા.[૧૨]

## ફરમાન નં. ૫: પાલીતાણા અંગે બીજું ફરમાન

શાહજહાં બાદશાહના રાજ્યકાળના ૩૧ મા વર્ષે, તેની માંદગીની જાહેરાત અને ગાદીવારસાની લડાઈના થોડાક સમય પહેલાં જ, ૨૧મી જૂન ૧૬૫૭ના દિવસે શાહજહાં દ્વારા અપાયેલ બીજા ફરમાનમાં પહેલા ફરમાનમાં આપવામાં આવેલ ગ્રાન્ટને વિસ્તૃત કરવામાં આવી હતી. બાદશાહ શાહજહાંનાં મહોર અને સિક્કો ધરાવતા આ ફરમાનમાં જણાવવામાં આવ્યું છે: “અમદાવાદના સૂબાના હાથ નીચેની સોરઠ સરકારના રાજ્યપ્રદેશમાં આવેલ પાલીતાણા, કે જે શત્રુંજય તરીકે ઓળખાય છે તે પરગણું (ગામ નહીં) રાજકુમાર મુરાદબક્ષને જાગીર તરીકે અપાયેલ છે. આ ફરમાનથી તે પરગણું, પાનખરના પાકની ઋતુ પછી, બે લાખ દામના બદલામાં અલ્તમઘા (બક્ષીસ) રૂપે આપવામાં આવે છે. અમલદારો અને જાગીરદારોએ આ હુકમને ધ્યાનમાં રાખીને એ પરગણું શાંતિદાસ અને તેના પેઢી દર પેઢીના વારસોને મળ્યા કરે એ જોવું અને એ પણ ધ્યાનમાં રાખવું કે આ ફરમાનથી બધા વેરાઓ, ખંડણી વગેરે ભરવામાંથી પણ શાંતિદાસને છૂટકારો મળી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાય છે અને તેમણે દર વર્ષે તે અંગે નવી સનદ માગવી નહીં."[૧૮]

**તીર્થરક્ષા માટે પોતાના ધનનો ઉપયોગ**

આ ફરમાનમાં 'બે લાખ દામના બદલામાં' શબ્દોના આધારે આપણે કહી શકીએ કે રાજકીય અવ્યવસ્થાના તે સમયે તીર્થને હાનિ ન પહોંચે તે માટે પોતાના પૈસાનો વિના વિલંબે ઉપયોગ કરીને પણ તે તીર્થને સાચવી લેવાનું ખૂબ અગત્યનું કાર્ય સંઘહિતચિંતક શ્રેષ્ઠી શાંતિદાસે કર્યું હતું.

**ફરમાન નં. ૬ : પાલીતાણા અંગે ત્રીજું ફરમાન**

ત્રીજું ફરમાન ટૂંક સમય માટે બાદશાહ બનેલા મુરાદબક્ષ દ્વારા તા. ૨૦મી જૂન ૧૬૫૮ના દિવસે અપાયું હતું. ફરમાનમાંના "રાજ્યારોહણના પ્રથમ વર્ષે" શબ્દો મુરાદબક્ષના ૫મી ડિસેમ્બર ૧૬૫૭ ના રોજ થયેલ રાજ્યારોહણની હકીકતને ટેકો આપે છે. ઔરંગઝેબના હાથે કેદ થયાના છ દિવસ પહેલાં જ આ ફરમાન મુરાદબક્ષે આપ્યું હતું. આ ફરમાનનાં મહોર અને સિક્કામાં મુરાદબક્ષનો બાદશાહ તરીકે ઉલ્લેખ છે. આ ફરમાનમાં જણાવવામાં આવ્યું છે : "પાલીતાણા પરગણું, કે જે શત્રુંજય તરીકે પણ ઓળખાય છે, તે જૂની સનદો પ્રમાણે, શાંતિદાસ ઝવેરીની માલિકીનું છે. શાંતિદાસ ઝવેરીએ પોતાને એ અંગે નવું ઉમદા ફરમાન મળે એવી માગણી કરી છે. આ માગણીને સ્વીકારવામાં આવી છે અને તે પરગણાના દીવાનો, વઝીરો અને મુત્સદ્દીઓને સૂચના આપવામાં આવે છે, કે તે પરગણું શાંતિદાસને ઇનામ તરીકે આપવામાં આવેલ છે અને તે અંગે તેના માર્ગમાં કોઈએ પ્રતિબંધ નાખવો નહીં." આ ફરમાનની પાછળ તેને લગતા સ્વીકૃતિપત્રમાં મુરાદબક્ષના પુત્ર ઇઝીકબક્ષનો ઉલ્લેખ છે.

બદલાઈ ગયેલા રાજકીય વાતાવરણમાં, શાહજહાં દ્વારા અપાયેલ પાલીતાણા-શત્રુંજયને લગતું ફરમાન નિષ્ફળ ન બની જાય એ માટે શાંતિદાસ શેઠે પાલીતાણાને લગતા આ ફરમાનની સમયસર માગણી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરી તે જૈનોના આ પવિત્ર તીર્થની રક્ષા માટેની તેમની ચિંતાનું સૂચન કરે છે.

આ ફરમાન અપાયા પછી માત્ર એક અઠવાડિયામાં જ, મુરાદબક્ષ ઔરંગઝેબના હાથે કેદ થઈ ગયો હતો; એટલે ગુજરાતના સત્તાધીશ બનેલા ઔરંગઝેબના શાસનમાં આ ફરમાન નકામું ન બની જાય, તે માટે, મુરાદબક્ષનું ફરમાન મળ્યા પછી માત્ર એક મહિનામાં જ, પાલીતાણાને લગતું છેલ્લું, ચોથું ફરમાન પણ શાંતિદાસે મેળવી લીધું હતું.

## ફરમાન નં. ૭ : પાલીતાણા અંગે ચોથું ફરમાન

ઈ. સ. ૧૬૫૮ ના જુલાઈ માસની ૨૧મી તારીખે ઔરંગઝેબના પહેલી વખતના રાજ્યારોહણનો પ્રસંગ બન્યા બાદ માત્ર આઠ જ દિવસ પછી, તા. ૨૯ મી જુલાઈ ૧૬૫૮ ના દિવસે લખાયેલ આ ફરમાનનાં વિષય અને લખાણ ત્રીજા ફરમાન જેવાં જ છે. અડધી સદી સુધી ભારત પર રાજ્ય કરનાર આ મોગલ બાદશાહ દ્વારા અપાયેલ આ ફરમાન તેના રાજ્ય ગ્રહણ કર્યા પછી તુરતના સમયમાં અપાયેલ ફરમાનોમાંનું એક ફરમાન છે. વળી આ ફરમાનની એક રાજકીય વિશેષતા એ છે, કે તે રાજ્યગ્રહણ કર્યા પછી તરતના સમયમાં આપવામાં આવેલ હોઈ તેમાં ઔરંગઝેબના રાજકુમાર તરીકેના સમયનાં ફરમાનોમાં વપરાતાં મહોર અને સિક્કા જ વાપરવામાં આવ્યા છે; કારણ કે રાજકુમારમાંથી બાદશાહ બનેલા ઔરંગઝેબના નવા સિક્કા અને નવાં રાજકીય વિશેષણો હજુ તૈયાર થયાં ન હતાં. આ ફરમાન ત્રીજા ફરમાનમાં રજૂ થયેલ વિષયને સ્પષ્ટ કરતાં જણાવે છે : "પાલીતાણા કે શત્રુંજય પરગણું બે લાખ દામના બદલામાં અલ્તમધા રૂપે શાંતિદાસને ઇનામમાં આપવામાં આવ્યું છે. શાંતિદાસે સલ્તનતના રાજદરબારમાંથી તેના અંગે શાહી આદેશની માગણી કરી છે. તેથી ઔરંગઝેબ તે પરગણું શાંતિદાસ અને તેના વંશજોને ઇનામ તરીકે જાહેર કરીને અમલદારો તથા મુત્સદ્દીઓને એનું પાલન કરવા અંગેની જરૂરી સૂચના આપે છે કે કર, વેરા,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વજે અને ખરચમાંથી તે મુક્ત છે અને દર વરસે આ અંગે નવી સનદ માગવી નહીં."

પાલીતાણાના પવિત્ર તીર્થ અંગેનાં આ ચારે ફરમાનો સંઘનાયક શ્રી શાંતિદાસ, જૈનસંઘના એક મુખ્ય અગ્રણી તરીકે, સમયે સમયે આ તીર્થની સાચવણી માટે કેવાં જરૂરી પગલાં લેતાં રહ્યાં હતાં તે સ્પષ્ટ રીતે દર્શાવે છે. પરિસ્થિતિને ઓળખીને તે પ્રમાણે કાર્ય કરવાની તેઓની દીર્ઘદૃષ્ટિ, સૂઝ અને ભાવના તેમ જ નિષ્ઠાનો આ ફરમાનો પ્રત્યક્ષ પુરાવો છે.[૧૪]

## શેઠ શ્રી શાંતિદાસ મોગલ બાદશાહોના સતત સંપર્કમાં

વળી આ સમય દરમ્યાન શાંતિદાસ શેઠ મુરાદબક્ષ, ઔરંગઝેબ વગેરેના નિકટના પરિચયમાં અને તેમની સાથે જ રહ્યા હશે તે હકીકત સ્પષ્ટ કરતાં શ્રી કોમિસેરિયેટ જણાવે છે : " આ ફરમાનોની તારીખો અને 'મિરાતે અહમદી'માં પ્રાપ્ત થતા બીજા આનુષંગિક પુરાવાઓ દ્વારા એ સ્પષ્ટ થાય છે કે આ મહાન જૈન અમીર અને નાણાં ધીરનાર (શાંતિદાસ), મુરાદબક્ષ પોતાના ભાઈને મધ્ય ભારતમાં મળવા માટે ગુજરાતમાંથી વિદાય થયો તે સમયથી તે જ્યારે (શાંતિદાસે) પોતે વિજયી ઔરંગઝેબ પાસેથી પોતાને જોઈતું વધારાનું ફરમાન અને પોતાના માદરે વતન પાછા જવાની રજા મેળવી તે સમય સુધી મળતિયા રાજકુમારોના કેંપમાં (શાંતિદાસ) હાજર હતા."[૧૫]

જિંદગીના આરે આવીને ઊભેલા શ્રી શાંતિદાસને તીર્થરક્ષાનું જે છેલ્લું, પણ અનેક દૃષ્ટિએ અગત્યનું ગણી શકાય તેવું ફરમાન પ્રાપ્ત થયું હતું તેનો ઉલ્લેખ કરીને આ વિભાગની ચર્ચા સમાપ્ત કરીએ. મોગલ બાદશાહ ઔરંગઝેબ દ્વારા સંઘપતિ શ્રી શાંતિદાસને, એમની વિશિષ્ટ સેવાઓના બદલામાં પાલીતાણા ઉપરાંત ગિરનાર અને આબુનાં જૈન તીર્થો અંગે જે છેલ્લું ફરમાન અપાયું તેની વિગતો આ પ્રમાણે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ફરમાન નં ૮ : પાલીતાણા, ગિરનાર અને આબુ અંગે

ઈ. સ. ૧૬૬૦ ના માર્ચની ૧૨ મી તારીખે લખાયેલ આ ફરમાનમાં બાદશાહ ઔરંગઝેબનો સિક્કો છે અને તેમાં મહોરમાં લખવામાં આવ્યું છે : "હે વિશ્વાસુ, ઈશ્વરના, પયગંબરના અને તારી સમક્ષ જે અધિકારી હોય તેના કહ્યા મુજબ કર." આ લખાણ ઔરંગઝેબની ઈશ્વર પ્રત્યેની અતૂટ શ્રદ્ધા દર્શાવે છે. આ ફરમાનમાં જણાવવામાં આવ્યું છે —

"સહુસભાઈના પુત્ર (આ એક જ ફરમાન એવું છે કે જેમાં શ્રેષ્ઠી શાંતિદાસના પિતાનું નામ આપવામાં આવ્યું છે), શ્રાવક જ્ઞાતિના શ્રી શાંતિદાસ ઝવેરીએ ખાસ માન અને આશા સાથે માગણી કરી છે અને કૂચ કરતા લશ્કરને પુરવઠાથી મદદ કરેલી છે અને વિશિષ્ટ બદલાથી પોતાને સન્માન આપવામાં આવે એવી આશા રાખી છે. તેથી પાલીતાણા ગામ (deh) કે જે અમદાવાદ મુલ્કમાં આવેલું છે તે અને શત્રુંજા તરીકે પ્રખ્યાત પાલીતાણાનો પર્વત અને તેના પરનું દેરાસર અમે શ્રાવક જ્ઞાતિના શ્રી શાંતિદાસ ઝવેરીને આપીએ છીએ. વળી ત્યાં ઊગતા ઘાસનો ઉપયોગ તે જ્ઞાતિના પ્રાણીઓ અને ઢોરને ચરાવવા માટે થઈ શકશે. અને શત્રુંજાના પર્વત પર મળી આવતું ઇમારતી લાકડું પણ શ્રાવક જ્ઞાતિનું ગણવું, કે જેથી તેઓ તેનો પોતાની ઇચ્છા મુજબ ઉપયોગ કરી શકે. શત્રુંજાના પર્વત અને મંદિરને જે કોઈ સંભાળે તે પાલીતાણાની આવકનો હકદાર થાય અને તેઓએ કાયમી સરકારને ચાલુ રાખવા માટે પ્રાર્થના ચાલુ રાખવી. વર્તમાન અને ભવિષ્યના વહીવટદારો, અમલદારો, જાગીરદારો અને કરોડીઓએ આ લખાણમાં કંઈ સુધારો કે ફેરફાર ચલાવી લેવો નહીં.

"આ ઉપરાંત ગિરનાર નામે જાણીતો જૂનાગઢનો પર્વત અને સીરોહીના મુલકના તાબામાં રહેલ આબુ પર્વત – આ બંને પર્વતો શ્રાવક જ્ઞાતિના શાંતિદાસ ઝવેરીને, તેમને પૂર્ણ સંતોષ થાય એટલા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માટે, ખાસ માન રૂપે આપીએ છે. અમલદારો માટે એ જરૂરી છે કે તેઓ આ પર્વતોમાં બીજા કોઈ ને ઘૂસવા ન દે અને રાજાઓમાંથી કોઈ તેમાં દખલ ન કરે. અને તેમણે તેને (શાંતિદાસને) હંમેશાં મદદ કરવી; એ કાર્ય શાહી આનંદને લાવનારું બનશે. અને તેમણે દરેક વર્ષે (નવી) સનદની માગણી કરવી નહીં અને આ ત્રણ પર્વતો, કે જે શાંતિદાસને આપણે આપી દીધા છે, તે અંગે જો કોઈ દાવો કરશે તો તે વ્યક્તિ પ્રજા અને ઈશ્વર બંનેના ઠપકા અને શાપને પાત્ર બનશે. બીજી જુદી સનદ પણ તેમને આપવામાં આવી છે."

## આ ફરમાનનું મહત્ત્વ

પાલીતાણા અંગે આ પહેલાં જેની માહિતી આપવામાં આવી છે તે ચાર ફરમાનોમાંના આદેશને તો આ ફરમાનમાં સમર્થન આપવામાં આવ્યું જ છે, પણ તે ઉપરાંત પાલીતાણામાં (પહાડ પર) થતા ઘાસ અને લાકડાનો હક્ક પણ શ્રાવક જ્ઞાતિને આપવામાં આવ્યો છે. અને આ ઉપરાંત આબુ અને ગિરનારના પર્વતો પણ શાંતિદાસ ઝવેરીને આપવામાં આવ્યા છે.

જે ઔરંગઝેબે પોતાની સુવાનીના તોરમાં શાંતિદાસ ઝવેરીના દેરાસરનો ઝનૂની રીતે કબજો લીધેલો તે જ ઔરંગઝેબ શ્રેષ્ઠિવર્ય શાંતિદાસ ઝવેરીએ પોતાને તુરતમાં જે વિશિષ્ટ મદદો કરેલી તેને ધ્યાનમાં રાખીને અને શાંતિદાસની પોતાની માગણીને અને પ્રભાવકતાને ધ્યાનમાં રાખીને આ ફરમાન આપે છે. આ ફરમાનમાં મહોરમાં ઈશ્વરનો જે રીતે ઉલ્લેખ છે તે અને આ ફરમાનનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ "પ્રજા અને ઈશ્વર બંનેના ઠપકા અને શાપને પાત્ર બનશે" એમ લખીને ઈશ્વરને રાજા કરતાં જે પ્રાધાન્ય આપ્યું છે તે નોંધપાત્ર છે. ચુસ્ત, ધર્મપરાયણ ઔરંગઝેબની નીતિ આ શબ્દોમાં વ્યક્ત થઈ છે.

જૈનોના પવિત્ર તીર્થોની રક્ષા માટે સતત પ્રયત્નશીલ એવા શ્રેષ્ઠિવર્યનો પરિચય આ ફરમાનો દ્વારા સ્વાભાવિક રીતે જ આપણને થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## વિભાગ–બ : અન્ય ફરમાનો

તીર્થરક્ષા અંગે જે શાહી મોગલ ફરમાનો તેમણે મેળવ્યા હતા, તેનો પરિચય આપણે મેળવ્યો. હવે આ વિભાગમાં આપણે તેમને પ્રાપ્ત થયેલાં બીજાં કેટલાંક એવાં ફરમાનોનો પરિચય મેળવીશું[૧૬] કે જે રાજદરબારમાંના ઝવેરી તરીકેના તેમના ઉન્નત સ્થાનનો નિર્દેશ કરે તેવાં, તેમની મિલકતની સુરક્ષા કરવા અંગેનાં, મોગલ બાદશાહને લોન રૂપે ધીરેલ રકમ પાછી મેળવવા અંગેના છે. જુદા જુદા વિષયને લગતાં આ ફરમાનો રાજદરબારમાંની તેમની ઉન્નત સ્થિતિ અને પ્રથમ કોટિના નાગરિક તરીકેના તેમના સ્થાનનો નિર્દેશ કરે જ છે.

### ફરમાન નં. ૯ : મિલકત અંગે

શેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને તેમની મિલકતના રક્ષણ અંગે જે ફરમાનો પ્રાપ્ત થયા છે તેમાં સૌ પ્રથમ ફરમાન ઈ. સ. ૧૬૩૫–૩૬-માં શાહજહાં બાદશાહનાં મહોર અને સિક્કા સાથેનું અપાયું છે.

આ ફરમાનમાં જણાવ્યા પ્રમાણે, "અમદાવાદમાં શાંતિદાસ ઝવેરી મકાનો, દુકાનો અને બગીચાઓ ધરાવે છે. અમદાવાદના સૂબાના વ્યવસ્થાપકોને આથી સૂચના આપવામાં આવે છે કે શાંતિદાસ રાજદરબારના શાહી ઝવેરી અને વેપારી હોવાથી કોઈ ઑફિસરે ઉપર સૂચવેલ તેની હવેલીનો કબજો લેવો નહીં કે તે દુકાનોનું ભાડું ઉઘરાવે તેમાં દખલ કરવી નહીં કે તેનાં બગીચામાં ગેરકાયદેસર રીતે કોઈને પ્રવેશવા દેવા નહીં. શાંતિદાસ અને તેનાં બાળકો તેમના માદરે વતનમાં શાંતિપૂર્વક રહી શકે તે રીતે વર્તવું."[૧૭]

### ફરમાન નં ૧૦ અને ૧૧ : ઝવેરાતના ધંધા અને મિલકત અંગે

ઝવેરાતના ધંધા અંગેનું અને મિલકતના રક્ષણ અંગેનું આ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પછીનું ફરમાન તા. ૨૭મી ઑગસ્ટ ૧૬૪૨ના દિવસે બાદશાહ શાહજહાંનાં મહોર અને સિક્કા સાથેનું છે. આ ઉપરાંત આ ફરમાન પછી એક જ મહિના બાદ તા. ૨૬મી સપ્ટેમ્બર ૧૬૪૨ના દિવસે આ જ વિષયને અંગે ભવિષ્યના ઑફિસરો, કાર્યકર્તાઓ અને મુત્સદ્દીઓને જણાવવામાં આવે છે : "ઝવેરી શાંતિદાસ હંમેશાં શાહી બંદરો ઉપર પોતાના સેવકોને મોકલીને વારંવાર ઝવેરાત અને બીજી વસ્તુઓ ખરીદે છે. તો ઑફિસરો વગેરેએ તેમની વચ્ચે દખલ કરવી નહીં અને તેમના પ્રત્યે સારો વર્તાવ રાખવો. અમદાવાદના સૂબાની હદની અંદરના સૂબાના ગવર્નરે કે દીવાને કે બક્ષી અથવા તો બીજા કોઈ શાહી નોકરે ઉપર દર્શાવેલ વ્યક્તિ (શાંતિદાસ)ની હવેલી, દુકાનો, સંપત્તિ અને બીબીપુરાનો[18] બગીચો – આ બધાની બાબતમાં વચ્ચે માથું મારવું નહીં અને તેના (શાંતિદાસના) મૃત્યુ પછી તેની સંપત્તિ અને મકાનો તેનાં સંતાનો અને વારસદારોને આપવા અંગે પણ દખલ કરવી નહીં અને આ હુકમથી વિરુદ્ધ વર્તવું નહીં. અને આ (ફરમાન)ને શાંતિદાસ ઉપરનાં અહેસાન તરીકે લેખવું."

## ગુજરાતનાં બંદરોનો વેપાર અને ઝવેરી શાંતિદાસનો મોભો

આ બંને ફરમાનોમાં તે સમયનાં ગુજરાતનાં બંદરોમાં સારો વેપાર ચાલતો હશે[19] અને ત્યાંથી અવારનવાર શાંતિદાસ પોતાના માણસો દ્વારા ઝવેરાતનો માલ ખરીદતા હશે તે વાતનો કંઈક અણસાર મળે છે. વળી ઝવેરી શાંતિદાસ ઉપર બાદશાહની કૃપાના કારણે તેમને (શાંતિદાસને) પોતાની હવેલી, દુકાનો, સંપત્તિ, બીબીપુરાનો બગીચો વગેરેના રક્ષણ અંગે શાહી આજ્ઞા પ્રાપ્ત થઈ તેનો ખ્યાલ પણ આ ફરમાનોથી આવે છે. ઝવેરી શાંતિદાસ રાજદરબારમાં હંમેશા ઊંચું સ્થાન ધરાવતા હશે તેનો આ પ્રત્યક્ષ પુરાવો છે.[20]

## ફરમાન નં. ૧૨ : ઝવેરી તરીકેના ઉન્નત વ્યક્તિત્વ અંગે

ઝવેરી તરીકે શાંતિદાસના મોગલ બાદશાહના રાજદરબારમાંના ઉન્નત વ્યક્તિત્વનો ખ્યાલ આપતાં અન્ય ફરમાનોમાં તા. ૧૭મી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સપ્ટેંબર ૧૬૪૪ના દિવસે અપાયેલ ફરમાન નોંધપાત્ર છે. બાદશાહ શાહજહાંનો જે દિવસે શાહી રાજ્યાભિષેક થયેલો તેની વાર્ષિક તિથિની ઉજવણીનો પ્રસંગ નજીક આવી રહ્યો હોવાથી તે પ્રસંગને ઉચિત ઝવેરાત અમદાવાદના ઝવેરીઓ પાસેથી અને ખાસ કરીને શાંતિદાસ ઝવેરી પાસેથી મેળવી લેવા અંગે અમદાવાદના મુઝ–ઉલ–મુલ્કને આ ફરમાન દ્વારા સૂચના આપવામાં આવે છે. શાહજહાં અને દારા શુકોહના મહોર અને દારા શુકોહના સીલ સાથેના આ ફરમાનમાં વધુમાં જણાવવામાં આવ્યું છે : "તેણે (મુઝ–ઉલ–મુલ્કે) પોર્ટુગીઝો દ્વારા લાવવામાં આવેલ મરચાંનું અથાણું (આચારેમિર્ચ, Pickles of pepper) પણ બાદશાહને મોકલવું. વળી અહીંયાં મુઝ–ઉલ–મુલ્કને એમ પણ જણાવવામાં આવે છે કે સરકારના કબજાની હાજી ઈખલાસ (Haji Ikhlas)ની હવેલી શાંતિદાસને વેચવામાં આવી હતી તેના રૂા. ૬૦૦૦ અને ઉપર કંઈક નજીવી રકમ શાંતિદાસે રાજ્યની તિજોરીમાં ભરી છે. જો આ હવેલીના તેના કરતાં વધુ પૈસા આપનાર કોઈ મળે તો તે હવેલી તે વધુ પૈસા આપનાર વ્યક્તિને આપવી. જો કે, શાંતિદાસ ઝવેરી આપણને સારું ઝવેરાત મોકલી આપે તો આપણે પૈસાની લેવડદેવડ તેના (શાંતિદાસના) ફાયદામાં સમજી લઈશું."

આ ફરમાનને મુઝ–ઉલ–મુલ્કે સ્વીકાર્યાનું સ્વીકારપત્ર આ ફરમાનની પાછલી બાજુ આપવામાં આવ્યું છે. તેમાં જણાવ્યા મુજબ આ ફરમાનમાં સૂચવવામાં આવેલી હવેલીની મુઝ–ઉલ–મુલ્ક મુલાકાત લે છે અને તેને જણાય છે કે અમદાવાદમાં તો એ હવેલીના એનાથી વધુ પૈસા ઊપજે તેમ જ નથી, એટલા ય પૈસા આપવા કોઈ તૈયાર નથી. એટલે તે હવેલી શાંતિદાસના કબજામાં જ રહેવા દેવામાં આવે છે.

### આ ફરમાનનું મહત્ત્વ

પોતાના રાજ્યાભિષેકના પ્રસંગને દર વર્ષે ઉજવવાની મોગલ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાદશાહોની રસમનો આપણને આ ફરમાન દ્વારા ખ્યાલ આવે છે અને તેવા પ્રસંગને અનુરૂપ ઝવેરાત શાંતિદાસ જેવા નામાંકિત ઝવેરી પાસેથી મળી રહેશે એવા બાદશાહના વિશ્વાસનો આપણને આ ફરમાન દ્વારા પરિચય થાય છે.

**ફરમાન નં ૧૩ : મિલકત અંગે**

શ્રેષ્ઠિવર્ય શાંતિદાસની જમીનની માલિકી દર્શાવતા, બાદશાહ શાહજહાંની મહોર સાથેના (સિક્કા વગરના) ૫મી માર્ચ ૧૬૪૭ના દિવસે અપાયેલ ફરમાનમાં જણાવવામાં આવ્યું છે : "અમદાવાદમાં હવેલી પરગણામાં આવેલ અસારવામાં કૂવા સાથેની ૩૦ વીઘાં જમીન બગીચા માટે વર્ધમાન; પંજુ, શાંતિદાસ અને સુંદરદાસ આ ચારેયના કબજામાં હતી. તેમાંથી વર્ધમાન અને પંજુ મૃત્યુ પામ્યા હોવાથી આ જમીન હવે શાંતિદાસ અને બીજા જે જીવતા છે તેના તથા શાંતિદાસના પુત્રો રતનજી અને લક્ષ્મીચંદના કબજામાં પણ છે. આ જમીન આ વ્યક્તિઓના કબજામાં ભેટ તરીકે ચાલુ રાખવા અને તેમાં કોઈ રીતે દખલ નહીં કરવા ઓફિસરો અને મુત્સદીઓને સૂચના આપવામાં આવે છે."

શ્રી શાંતિદાસ શેઠના ભાઈ, પુત્રો, ભાગીદાર વગેરેના નામના ઉલ્લેખને કારણે આ ફરમાન અગત્યનું બની રહે છે.

**ફરમાન નં. ૧૪ : ઝવેરી તરીકે મળેલ ફરમાન**

આ ફરમાન પછી, થોડાક લાંબા અરસા બાદ, ઇ. સ. ૧૬૫૫–૫૬ના સમય દરમ્યાન બાદશાહ શાહજહાં તરફથી ઝવેરી તરીકે શાંતિદાસને ત્રણ ફરમાનો પ્રાપ્ત થયાં હતાં. તેમાં તા. ૧લી સપ્ટેંબર ૧૬૫૫ના દિવસે શાહજહાં અને દારા શુકોહની મહોર અને દારા શુકોહના સિક્કા સાથેના ફરમાનમાં બાદશાહ શાહજહાં કંઈક ફરિયાદ કરતા હોય તેવા સૂરમાં શ્રી શાંતિદાસને જણાવે છે : "શાંતિદાસને અમે જે મદદ કરીએ છીએ, જે ગૌરવ આપીએ છીએ તે જગજાહેર છે. તેથી શાંતિદાસ ઝવેરીએ અમને અવારનવાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અલભ્ય વસ્તુઓ અને ભેટો મોકલવી જોઈએ. નોંધપાત્ર કહી શકાય એવા છેલ્લા ઘણા લાંબા સમયથી શાંતિદાસે અમને કોઈ સારી સેવાઓ આપી નથી, અમારી પસંદગીને અનુરૂપ કોઈ ભેટ મોકલી નથી. અમારા સાંભળવા પ્રમાણે તેમણે સારી ચીજવસ્તુઓ બીજી જગ્યાઓએ મોકલી છે. એ ગમે તેમ હોય, પણ અમારા જાણવામાં ચોક્કસ રીતે આવ્યું છે કે તેમની પાસે ગોળ (chapar) હીરો, ૪૪ સૂર્ખ (Surkhs) વજનવાળો છે. તેમણે તે હીરો અમને મોકલી દેવો જોઈએ, અને ભૂતકાળમાં જે અવગણના કરવામાં આવેલ છે તેનો બદલો, તે હીરો મોકલીને વાળી દેવો જોઈએ. જો તેઓ ઉપર સૂચવેલ હીરો મોકલવામાં ઢીલ કરશે તો રાજાને તેની જાણ કરવામાં આવશે અને તેમને રાજદરબારમાં બોલાવવામાં આવશે. અમે અમારા જાણીતા, વિજયી ભાઈ સુલતાન મુરાદબક્ષને તમને ચેતવણી આપવા લખીશું."

## ઝવેરી તરીકે મોગલ બાદશાહ સાથેના શેઠ શ્રી શાન્તિદાસના સંબંધો

આ ફરમાન ઉપરથી આપણને જાણવા મળે છે કે લગભગ ૧૦–૧૧ વર્ષથી — ઝવેરી તરીકે તેમને આપવામાં આવેલ છેલ્લા ફરમાનના સમય ઈ. સ. ૧૬૪૪થી આ ફરમાનના સમય ઈ. સ. ૧૬૫૫ના વચગાળાનાં વર્ષો દરમ્યાન — ઝવેરી શાંતિદાસે બાદશાહ શાહજહાંને, પહેલાંની જેમ ઝવેરાત કે અલભ્ય ચીજવસ્તુઓની ભેટ આપી નહીં હોય, તે બાદશાહને ગમ્યું નહીં અને ઝવેરી શાંતિદાસ પાસે અમુક પ્રકારનો હીરો આવ્યો છે તે માહિતી બીજે ક્યાંકથી મળી હોવાને લીધે, તેમણે સામે ચાલીને ઝવેરી પાસે તે હીરાની માગણી કરી. બાદશાહની આ માગણી કોઈક રીતે, તે હીરો અથવા તો બીજું કોઈ ઝવેરાત મોકલીને સંતોષવામાં આવી છે એનો ખ્યાલ આપણને આ ફરમાન પછી લગભગ છ મહિના બાદ અપાયેલ નીચેના ફરમાન ઉપરથી આવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### ફરમાન નં. ૧૫ : ઝવેરી તરીકે મળેલ ફરમાન

તા. ૪થી ફેબ્રુઆરી ૧૬૫૬ના દિવસે શાહજહાં અને રાજકુમાર ઔરંગઝેબનાં[૨૧] મહોર અને સિક્કા સાથેના આ ફરમાનમાં જણાવવામાં આવ્યું છે : "ઝવેરી શાંતિદાસે પોતાના ગુમાસ્તા સાથે રત્નોથી ભરેલાં જે પાત્રો બાદશાહને મોકલ્યાં હતાં તે રાજાએ જોયાં છે અને તે રત્નો ઉમદા રાજવી (શાહજહાં) માટે યોગ્ય તો ન હતાં, છતાં તેમાથી અમુક રત્નો ખરીદવામાં આવ્યાં છે અને બાકીનાં રત્નો ખરીદેલાં રત્નોની કિંમતની રકમ સાથે તેમના એજન્ટ મારફત પાછાં મોકલવામાં આવ્યાં છે. ભવિષ્યમાં ઝવેરાત અને અલભ્ય વસ્તુઓ મોકલવાનું સૂચન શ્રી શાંતિદાસને બાદશાહ તરફથી મોકલવામાં આવે છે અને સાથે સાથે શ્રી શાંતિદાસ માટે માન દર્શાવનો ઉમદા પોશાક (Robe of Honour) પણ નોકલવામાં આવે છે"

### ફરમાન નં. ૧૬ : ઝવેરી તરીકે રાજદરબારમાં હાજર થવા અંગે

ત્યાર પછી ૨૪મી જુલાઈ ૧૬૫૬ના દિવસે શાહજહાં અને દારા શુકોહના નામની મહોર અને દારા શુકોહના સિક્કા સાથેનું ફરમાન, મોગલ બાદશાહ શાહજહાં ઝવેરી શાંતિદાસને યાદ કરે છે એમ જણાવે છે. આ ફરમાનમાં આગળ શ્રી શાંતિદાસને જણાવવામાં આવે છે : "ચોમાસાની ઋતુ પૂરી થવા આવી છે. પોતાના માદરેવતનમાં દશેરાનો ઉત્સવ ઉજવીને તેણે (શાંતિદાસે) જરા પણ વિલંબ વગર રાજદરબારમાં હાજર થઈ જવું."

આ બંને ફરમાનો દ્વારા આપણને ખ્યાલ આવે છે કે મોગલ બાદશાહ શાહજહાં અવારનવાર રત્નો, ઝવેરાત અને અલભ્ય વસ્તુઓની ખરીદી માટે ઝવેરી શાંતિદાસને યાદ કરતા રહેતા હતા.[૨૨]

### આ ફરમાનોનું મહત્ત્વ

આ બધાં ફરમાનો મોગલ બાદશાહ શાહજહાં દ્વારા ઝવેરી શ્રી શાંતિદાસને આપવામાં આવેલાં છે. ઊંચી કોટિના ઝવેરી તરીકે શાહજહાં બાદશાહ અવારનવાર તેમની પાસેથી ઝવેરાત ખરીદતા,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અથવા તો ઝવેરાતની જરૂર પડે ત્યારે શ્રી શાંતિદાસ ઝવેરીને અવશ્ય યાદ કરતા તેની પ્રતીતિ આપણને આ ફરમાનો દ્વારા થાય છે. અને રાજદરબારમાંના તેમના આ આગળ પડતા સ્થાનને કારણે જ તેઓ પોતાની જમીનજાગીર જેવી મિલકતો અંગે બાદશાહ તરફથી ફરમાનો મેળવી શકેલા તેનો ખ્યાલ ફરમાન નંબર ૯ અને ૧૩ ઉપરથી આપણને આવે છે.

### ફરમાન નં. ૧૭ : ઝવેરી શાંતિદાસને અસફખાનના રક્ષણ નીચે મૂકવા અંગે

શાહજહાં પહેલાં થઈ ગયેલા મોગલ બાદશાહ જહાંગીર દ્વારા પણ તેમને મળેલ એક ફરમાનનો ઉલ્લેખ કરવો અહીંયાં ઉચિત છે. આ ફરમાન અપૂર્ણ હોવાથી તેનો ચોક્કસ સમય[૨૬] જાણી શકાય તેમ નથી. આ ફરમાનમાં મહોર અને સિક્કો બાદશાહ જહાંગીરના નામના છે. ગુજરાત પ્રદેશના તત્કાલીન અને ભવિષ્યના ગવર્નરો અને ઑફિસરોને ઉદ્દેશીને લખવામાં આવેલ આ ફરમાનમાં જણાવ્યું છે : "આ પ્રદેશના રહેવાસી શાંતિદાસ ઝવેરીને નિઝામુદ્દીન અસફખાનના આશ્રય તળે મૂકયાની જાણ કરવામાં આવેલ છે. તેથી શાંતિદાસે તેની ભેટસોગાદો અને દરેક પ્રકારનું ઝવેરાત તે અસફખાનને આપવાં." આ ફરમાન પૂરેપૂરું પ્રાપ્ત થઈ શકયું નથી એ દુઃખની વાત છે.

અપૂર્ણ એવા આ ફરમાન ઉપરથી પણ એ બાબત સ્પષ્ટ રીતે જણાઈ આવે છે કે જહાંગીર બાદશાહ પણ ઝવેરી શાંતિદાસ પ્રત્યે આદર અને માનની લાગણી ધરાવતા હતા અને શાંતિદાસને કોઈ પણ જાતની હેરાનગતિના ભોગ થવું ન પડે તે માટે ગુજરાત પ્રદેશના રાજકીય વડાના રક્ષણ હેઠળ તેમને મૂકવામાં આવ્યા હતા.

### ફરમાન નં. ૧૮ : લોંકા જાતિ અંગે

ઈ. સ. ૧૬૪૪ના સપ્ટેંબરની ૧૯મી તારીખે શાહજહાં બાદશાહનાં મહોર અને સિક્કાવાળા એક ફરમાનનો પણ અત્રે વિચાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરીએ. અમદાવાદમાં રહેતી જૈનોની લોંકા જાતિના મહાજને બાદશાહને ફરિયાદ કરી, કે શાંતિદાસ, સૂરદાસ અને બીજાંઓનું મહાજન તેમની સાથે સમાન વ્યવહાર કરતું નથી અને તેમની સાથે જમતા નથી, તેમની સાથે લગ્નસંબંધ બાંધતા નથી. આ અંગે ગુજરાતના ઑફિસરોને એ જણાવવા હુકમ આપવામાં આવે છે કે આવા અરસપરસના સામાજિક સંબંધો બંને પક્ષની ઇચ્છા અને તૈયારી ઉપર આધારિત છે. તેથી ઑફિસરોએ નક્કી કરવું કે જો તે લોકો આતુર હોય તો તેઓ લગ્નસંબંધ બાંધી શકે અને એકબીજા સાથે ભોજન લઈ શકે. આ અંગે બીજા કોઈએ દખલ કરવી નહીં અને ઑફિસરોએ આ અંગે અવ્યવસ્થા પેદા થાય તો પવિત્ર ધાર્મિક નિયમો દ્વારા તેનો ઉકેલ આણવો અને આ હુકમનો ભંગ કરવો નહીં."

## સમાજના પ્રશ્નો અંગે શાહી નીતિ

આ ફરમાન દ્વારા સમાજના ઝઘડાને લગતા પ્રશ્નો અંગેની શાહી નીતિનો ખ્યાલ આપણને આવે છે. અહીં શાંતિદાસ, સૂરદાસ અને તેમના મહાજનની જો અનિચ્છા હોય તો કોઈ સરકારી અમલદાર તેમને લોંકા જ્ઞાતિ સાથે સમાન વ્યવહાર રાખવા માટે, કે લગ્નસંબંધ બાંધવા માટે, કે સાથે જમવા માટે ફરજ પાડી શકે નહીં એમ કહેવામાં આવ્યું છે. આ લખાણ ઉપરથી પહેલી નજરે આ નિર્ણય તટસ્થ જણાય છે. પણ તેના ગર્ભિત અર્થને સ્પષ્ટ કરીએ તો આપણને જણાય છે કે આમાં બેમાંથી એકેય પક્ષની અનિચ્છા હોય તો કોઈ અમલદાર બેમાંથી કોઈ પણ પક્ષને દબાણ કરી શકે નહીં તેમ જણાવવામા આવ્યું છે. અને અહીંયાં ફરિયાદ કરવામાં આવી છે તે અનુસાર શાંતિદાસ વગેરે તો લોંકા જ્ઞાતિ સાથે સમાન વ્યવહાર વગેરે અંગે અનિચ્છા ધરાવતા જ હતા. એટલે આમ જોઈએ તો આ ફરમાન શ્રી શાંતિદાસ વગેરેનો પક્ષ લેતું હોય એમ લાગે છે.[૨૪]

## રૂપિયા પચાસ લાખ અંગેનાં છેલ્લાં ચાર ફરમાનો

ફરમાનો અંગેની આ લાંબી ચર્ચા, આપણે બાકીનાં ચાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફરમાનોનો ઉલ્લેખ કરીને પૂરી કરીશું. થોડાંક સમય માટે ગુજરાતના બાદશાહ બની બેઠેલ મુરાદબક્ષે ગુજરાતના વેપારીઓ પાસેથી, પોતાના લશ્કરના ખર્ચ અને વ્યવસ્થાને પહોંચી વળવા માટે, લગભગ રૂ. ૫૦ લાખ ઉઘરાવ્યા હતા. આ પચાસ લાખ રૂપિયાની રકમ સાચી છે કે પછી કલ્પનાથી વધુ કહેવામાં આવી છે તે તો જાણી શકાતું નથી, પણ સાડા દસ લાખ રૂપિયાનો તો, સૂરતના વેપારીઓ અને અમદાવાદના શ્રી માણેકચંદ વગેરેને અપાયેલ ફરમાનોમાં ચોક્કસ ઉલ્લેખ છે.[૨૫]

સૂરતના વેપારીઓ વતી હાજી મહમ્મદ ઝહીદ બેગ અને વીરજી વોરા – એ બે નામાંકિત અગ્રણી વેપારીઓ પાસેથી બળજબરીથી લોનરૂપે મુરાદબક્ષે પાંચ લાખ ઉઘરાવ્યા હતા અને તે ભરપાઈ કરવા અંગેનું ફરમાન પણ મુરાદબક્ષે આ વેપારીઓને આપ્યું હતું. તે જ રીતે મુરાદબક્ષે અમદાવાદના નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના પુત્ર માણેકચંદ અને બીજાઓ પાસેથી સાડા પાંચ લાખ રૂપિયા લોનરૂપે લીધા હતા. તે રકમ ભરપાઈ કરવા અંગે મુરાદબક્ષે જે ફરમાનો આપ્યાં હતાં તે જોઈએ.

પાલીતાણા તીર્થ અંગેનાં ચાર ફરમાનોની (ફરમાન નં. ૪ થી ૭ની) ચર્ચા વખતે નિર્દેશેલ તે સમયના પલટાતા જતા રાજકીય તખ્તાને આપણે સાડા પાંચ લાખ રૂપિયા અંગેનાં ફરમાનોની આ ચર્ચામાં પણ ધ્યાનમાં રાખવો પડશે. રાજસત્તા મેળવવાના લોભમાં પોતાના ભાઈ ઔરંગઝેબની કપટજાળમાં મુરાદબક્ષ બંધાતો જવા છતાં છેક સુધી એ અંગે અજ્ઞાત જ હતો એનો આ ફરમાનો પુરાવો આપે છે. ઔરંગઝેબના હાથ નીચે કેદી બનવાના ચાર જ દિવસ અગાઉ, ઔરંગઝેબના કહેવાથી, રાજસત્તા મળવાના લોભમાં ભાન ભૂલી બેઠેલા મુરાદબક્ષે અમદાવાદના જાણીતાં વેપારી શેઠ શાંતિદાસના પુત્ર માણેકચંદ અને બીજા વેપારીઓ પાસેથી લીધેલા સાડા પાંચ લાખ રૂપિયા અંગે જે બે ફરમાનો આપ્યાં હતાં, તે બંને ફરમાનો રરમી

જૂન ૧૬૫૮ના દિવસે નોંધાયેલાં છે. અત્રે એ હકીકત નોંધપાત્ર છે કે આ બે ફરમાનો અપાયાના બે દિવસ પહેલાં જ તા. ૨૦મી જૂન ૧૬૫૮ના દિવસે એક ફરમાન પાલીતાણા અંગે પણ આપવામાં આવ્યું હતું. (જુઓ આ જ પ્રકરણનું ફરમાન નંબર ૬.)

## ફરમાન નં. ૧૯ અને ૨૦ : રૂપિયા સાડા પાંચ લાખ અંગે

સાડા પાંચ લાખ રૂપિયા અંગે એક જ દિવસે લખાયેલ બંને ફરમાનો, એક જ સરખી ભાષામાં, ગુજરાતના બે મુખ્ય અમલદારો — (૧) મુતમદખાન, કે જેને મુરાદબક્ષે પોતાના કુટુંબની સાચવણીનું કામ પણ સોંપ્યું હતું, તેને અને (૨) હાજી મહમ્મદ કુલીને — ઉદ્દેશીને લખાયેલાં હતાં. એકમાં મુતમદખાનને ઉદ્દેશીને અને બીજામાં હાજી મહમ્મદ કુલીને ઉદ્દેશીને જણાવવામાં આવ્યું હતું : "શાંતિદાસ સાહુને બાદશાહી મુલાકાતનું માન આપવામાં આવ્યું છે. અને તે માનને ધ્યાનમાં રાખીને આ હુકમ કાઢવામાં આવે છે, કે ઉપર દર્શાવેલ વ્યક્તિ(શાંતિદાસ)ના પુત્ર અને તેના ભાઈઓ પાસેથી અમદાવાદ ખાતે, અમારા રાજ્યારોહણના પ્રસંગે, સરકાર માટે લોન રૂપે જે રકમ ઉધાર લેવામાં આવી છે અને જેની વિગતો આ સાથે આપવામાં આવી છે તે લોન આ સાથેના સ્વીકૃતિપત્રમાં જણાવ્યા પ્રમાણેનાં પરગણાંઓના વેરામાંથી પાછી ભરપાઈ કરી દેવી." આ ફરમાનોમાં મહોર અને સિક્કો બાદશાહ મુરાદબક્ષના નામનાં છે.[૨૬]

આ બે ફરમાનમાંથી એક ફરમાનની પાછળ કયા કયા પરગણામાંથી કેટલી કેટલી રકમ આ લોન ભરપાઈ કરવા અંગે લેવાની છે તેની વિગત આપવામાં આવી છે તે જોઈએ :[૨૭]

| પ્રદેશ | રૂ. |
|---|---|
| સૂરતમાંથી | ૧,૫૦,૦૦૦ |
| ખંભાતમાંથી | ૧,૦૦,૦૦૦ |
| પેટલાદ પરગણામાંથી | ૧,૦૦,૦૦૦ |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ધોળકા | પરગણામાંથી | ૭૫,૦૦૦ |
| ભરૂચ | ,, | ૫૦,૦૦૦ |
| વિરમગામ | ,, | ૪૫,૦૦૦ |
| મીઠાની આવકમાંથી | | ૩૦,૦૦૦ |
| | કુલ | ૫,૫૦,૦૦૦ |

આ સાડા પાંચ લાખ રૂપિયામાં માણેકચંદ શેઠે કેટલા પૈસા આપ્યા હતા અને તેમના સાથીદારો કયા કયા હતા અને તેમણે કેટલા પૈસા આપ્યા હતા તેની વિગત શ્રી કોમિસેરિયેટે આ પ્રમાણે આપેલ છે :

| | રૂા. |
|---|---|
| માણેકચંદ | ૪,૨૨,૦૦૦ |
| રણીદાસ<br>( શાંતિદાસના ભાગીદાર ) | ૪૦,૦૦૦ |
| સન્મલ અને બીજા<br>( Sanmal ) | ૮૮,૦૦૦ |
| કુલ | ૫,૫૦,૦૦૦ |

આ વિગત આપ્યા પછી કોમિસેરિયેટે જણાવેલ છે કે માણેકચંદ શેઠ હંમેશાં બાદશાહની સેવામાં હાજર રહેતા હોવાથી તેમની લોન પહેલી ભરપાઈ કરી દેવા અંગે અને બીજા વેપારીઓની લોન પછી આપવા અંગે ફરમાનમાં સૂચના આપેલ છે.[૨૮]

આ બંને ફરમાનો ઉપરથી એટલું સ્પષ્ટ ચિત્ર તો આપણુને અવશ્ય પ્રાપ્ત થાય જ છે કે શાંતિદાસ શેઠની રાજદરબારમાંની અસાધારણ પ્રતિભા અને લાગવગના કારણે જ લોન ભરપાઈ કરવા કરવા અંગેનાં આ ફરમાનો મેળવવાનું શકય બન્યું હતું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### શ્રી શાંતિદાસ શેઠની અગમચેતી

આ ફરમાન પ્રાપ્ત થયા પછી ચાર જ દિવસ બાદ ઔરંગઝેબની રાજસત્તા આવતાં, વિચક્ષણ શ્રી શાંતિદાસ ઝવેરી ઔરંગઝેબ પાસેથી પણ આ જ બાબત અંગે — આ નાણાં પાછાં મેળવવા અંગે — નવા ફરમાન દ્વારા ખાતરી મેળવી લે છે. મોગલ રાજસત્તાની અસ્થિરતાના આ સમયમાં સંભવતઃ શાંતિદાસ શેઠ મુરાદબક્ષ અને ઔરંગઝેબની સાથે સાથે જ રહેતા હશે અને મોગલ બાદશાહોની ઝીણામાં ઝીણા રાજરમતોથી તેઓ સુપરિચિત રહેતા હશે એમ આપણે કહી શકીએ.[૨૯] તેથી તો આ બંને ફરમાનો મળ્યાં તે પછી એક અઠવાડિયાની અંદર જ મુરાદબક્ષ કેદ થઈ જતાં આ બંને ફરમાનો નિરર્થક બની ગયાં એ હકીકત શ્રેષ્ઠિવર્ય શ્રી શાંતિદાસના ધ્યાનમાં તુરત જ આવી ગઈ હતી. એટલે, જેમ પાલીતાણાનાં ફરમાનોની બાબતમાં બન્યું હતું તે જ રીતે, અહીંયાં પણ મુરાદબક્ષની સત્તા પૂરી થઈ જતાં વિચક્ષણ શાંતિદાસ શેઠે અગમચેતી વાપરીને ઔરંગઝેબ પાસેથી પણ આ સાડા પાંચ લાખ રૂપિયા મેળવવા અંગે ફરમાન મેળવી લીધું હતું.

### ફરમાન નં. ૨૧ : રૂપિયા સાડા પાંચ લાખ અંગે

પોતાના કામચલાઉ રાજ્યારોહણના પ્રસંગને હજુ મહિનો પણ વીત્યો ન હતો તે પહેલાં, બાદશાહ ઔરંગઝેબે, ઝવેરી શ્રી શાંતિદાસના પ્રભાવને પારખી જઈને, ૧૦મી ઑગસ્ટ ૧૬૫૮ના દિવસે આ ફરમાન આપ્યું હતું. આ દિવસો ઔરંગઝેબ માટે ઘણી ચિંતા અને દોડધામના દિવસો હતા. એ સમયમાં ઔરંગઝેબે પોતાના મોટા ભાઈ દારાની શોધમાં લાહોર તરફ કૂચ કરી હતી અને તે સતલજ નદીને કાંઠે છાવણી નાંખીને રહેલ હતો. તે વખતે રહેમતખાનને ઉદ્દેશીને લખાયેલ આ ફરમાનમાં ઔરંગઝેબ બહાદુર ગાઝીના નામે મહોર અને પોતાનો નવો સિક્કો હજુ તૈયાર થયો ન હોવાથી રાજકુમાર ઔરંગઝેબના નામે સિક્કો છે. આ ફરમાનમાં જણાવવામાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવ્યું છે : "જેને રાજા તરફથી માન મળ્યું છે તે સેવકોમાં અગ્રણી શાંતિદાસ, કે જેને પોતાના માદરેવતન અમદાવાદ પાછા જવાની રજા આપવામાં આવે છે, તેણે અમારા ધ્યાનમાં એ હકીકત આણી છે, કે મુરાદબક્ષે અમદાવાદ ખાતે પાંચ લાખ પચાસહજારની લોન લીધી છે, જેમાંથી શાંતિદાસના પુત્ર માણેકચંદ અને શાંતિદાસના ભાગીદાર રણીદાસની પાસેથી મળીને રૂા. ૪,૬૨,૦૦૦ અને તેના – શાંતિદાસના – સંબંધીઓ પાસેથી રૂા. ૮૦,૦૦૦[૩૦] લીધા છે. શાંતિદાસ આ અંગે ચિંતા સેવે છે.

"અમારી મહેરબાની અને ઉદારતાના કારણે અમે શાહી તિજોરીમાંથી ઉપર દર્શાવેલ વ્યક્તિ (શાંતિદાસ)ને એક લાખ રૂપિયા મંજૂર કરી આપીએ છીએ અને આ જ મતલબનું ફરમાન શાહનવાઝખાનને મોકલીએ છીએ. ઉપર દર્શાવેલ વ્યક્તિને (શાંતિદાસને) આ રકમ જરા પણ વિલંબ અને ખચકાટ વગર આપવી, કે જેનો ઉપયોગ કરીને તે પોતાનો ધંધો ચલાવી શકે અને નફો કમાઈ શકે. આ બાબતને ખૂબ તાકીદની ગણવી."

પોતાની લાગવગના જોરે, અને પોતાની સતત પ્રત્યક્ષ હાજરીના પ્રતાપે શ્રેષ્ઠિવર્ય શ્રી શાંતિદાસ પોતાના પુત્ર, ભાગીદાર અને સંબંધીના પૈસા પાછા મેળવવા અંગે આવું ફરમાન મેળવી શકે તે સમજી શકાય તેવી બાબત છે. પણ શ્રી શાંતિદાસ શેઠે ઔરંગઝેબ પાસેથી આ જ દિવસે બીજું જે ફરમાન મેળવ્યું હતું, તે ઔરંગઝેબ જેવા રાજવીનો કેવો અતૂટ વિશ્વાસ તેમણે પ્રાપ્ત કર્યો હશે તે હકીકતનું સૂચન કરી જાય છે.

## ફરમાન નં. ૨૨ : અમદાવાદ પાછા જઈને પ્રજાને સંદેશો આપવા અંગે

લાંબા સમય સુધી ચાલુ રહેલી રાજકીય તંગ સ્થિતિથી ગુજરાતની અને બીજા પ્રદેશોની પ્રજાને જે હાલાકી ભોગવવી પડી હશે તેનો ઔરંગઝેબને ખ્યાલ હતો. તેથી તો નગરશેઠ શ્રી શાંતિદાસને માત્ર પોતાના માદરેવતન અમદાવાદ પાછા જવાની આજ્ઞા આપીને જ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઔરંગઝેબ બેસી નહોતો રહ્યો, પણ આ અગ્રેસર વેપારી, અમદાવાદના નગરશેઠ અને પોતાની યોગ્ય સેવાઓ કરનાર શ્રેષ્ઠી શ્રી શાંતિદાસ ગુજરાતની પ્રજાને પોતાનો સંદેશો પહોંચાડવા માટે યોગ્ય અધિકારી વ્યક્તિ છે, એવા વિશ્વાસથી પ્રેરાઈને ઔરંગઝેબ અમદાવાદ અને ગુજરાતની પ્રજાજોગ પોતાનો કલ્યાણસંદેશો એક ફરમાનરૂપે આ શ્રેષ્ઠી મારફત જ મોકલે છે. આગળ જણાવ્યું તે પ્રમાણે આ ફરમાન પણ તા. ૧૦મી ઑગસ્ટ ૧૬૫૮ના દિવસે જ આપવામાં આવ્યું હતું.

પ્રજાજોગા ઔરંગઝેબ બાદશાહના જાહેરનામા જેવું અગત્યનું આ ફરમાન શાંતિદાસ ઝવેરી સાથે મોકલે તે ઔરંગઝેબની શાંતિદાસ જેવા અમીર અને વગદાર પ્રજાજન સાથે મૈત્રી બાંધવાની ઇચ્છા વ્યક્ત કરે છે.

આ ફરમાનમાં જણાવવામાં આવ્યું છે : "શાશ્વત ઈશ્વરના મૂલ્યવાન ટ્રસ્ટ જેવી પોતાની સમગ્ર પ્રજા અને સમગ્ર માનવજાત પ્રત્યે આ રાજવી (ઔરંગઝેબ) ઉમદા આશાઓ અને સાચો હેતુ ધરાવે છે. પવિત્ર શરૂઆત અને સુખદાયક અંતના સમયે શાંતિદાસ ઝવેરીને સલ્તનતના દરબાર અને સાર્વભૌમત્વ તરફથી તેના માદરેવતન અમદાવાદમાં પાછા ફરવાની રજા આપવામાં આવે છે. તેને આજ્ઞા આપવામાં આવે છે, કે ત્યાં પહોંચ્યા પછી તેણે તે પ્રદેશના સર્વ વેપારીઓ અને મહાજનો અને પ્રજાજનોને, યોગ્ય વ્યવસ્થાની અમારી ઇચ્છા અને પ્રજા પ્રત્યેના અમારા માનની લાગણી, કે જે ગુણો જગતની સુવ્યવસ્થા અને માનવતાની બાબતને લગતા નિયમોના કારણરૂપ છે, તેને પ્રજાજનો સમક્ષ જાહેર કરવી; અને જણાવવું કે પોતપોતાનાં સ્થાનો અને મકાનોમાં ગોઠવાઈ જઈને મનની શાંતિ અને હૃદયના સંતોષ સાથે પોતાના ધંધારોજગારને આગળ વધારે, અને ઈશ્વર દ્વારા અપાયેલ રાજ્યની શાશ્વતતા માટે પ્રાર્થના કરે. આ ઈશ્વર અંત વગરની શાશ્વત સ્થિતિ અને આદિ વગરનો શાશ્વત આધાર છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"અમદાવાદના પ્રદેશના અગત્યની બાબતોને લગતા વર્તમાન અને ભવિષ્યના મુત્સદ્દીઓએ ઉપર દર્શાવેલ વ્યક્તિ (શાંતિદાસ) પ્રત્યે, તે રાજદરબાર, કે જે જગતનું આશ્રયસ્થાન છે, તેનો જૂનો સેવક છે એટલે, સારો વર્તાવ રાખવો. તેઓએ રાજદરબારને લગતી તેની આર્થિક બાબતોમાં મદદ કરવી અને એ ખાસ ધ્યાનમાં રાખવું કે કોઈ તે વ્યક્તિ (શાંતિદાસ) અને તે જગ્યાના બીજા રહેવાસીઓની બાબતમાં દખલ કરે નહીં, કે અવરોધો ઊભા કરે નહીં. મુત્સદ્દીઓએ આ ફરમાનને અગત્યનું ગણવું અને આ હુકમની અવગણના કરવાથી દૂર રહેવું."

## ઔરંગઝેબની ઈશ્વરપરાયણતા

જેમાં સ્થળે સ્થળે ઈશ્વરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, એવા આ ફરમાન ઉપર સિક્કો પણ ઈશ્વરના નામનો જ લગાવવામાં આવ્યો છે. મહોરમાં "મુહમ્મદ ઔરંગઝેબ બહાદુર શાહે ગાઝી" એ પ્રમાણે લખાણ છે અને સિક્કો "ઈશ્વર મહાન છે. મહમ્મદ ઔરંગઝેબ બહાદુર ગાઝી, સાહીબ કુરાને–સાનીનો પુત્ર" એ શબ્દોનો લગાવવામાં આવ્યો છે.

આ ફરમાનને 'મિરાતે અહમદી'માંથી પણ સમર્થન મળે છે. આ ફરમાનમાંની મુખ્ય બાબત ઉપરાંત તેમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે, ઔરંગઝેબે શાંતિદાસ ઝવેરીને માનનો ઉમદા પોષાક આપ્યો હતો. ઔરંગઝેબની ઈશ્વર–આસ્થાનો સ્વીકાર કરતાં 'મિરાતે અહમદી'ના ઇતિહાસકાર એમ પણ જણાવે છે કે રાજા ઔરંગઝેબની મહત્ત્વાકાંક્ષા હંમેશા પયગંબરના પવિત્ર નિયમોને અનુસરવાની અને અનૈતિક, નિષેધક આનંદોને અવગણવાની જ હતી. રાજ્યમાં થતાં ખોટાં કામોને રોકવા માટે તેણે અમુક માણસોની નિમણૂક પણ કરી હતી.[૩૧]

શ્રી રત્નમણિરાવ ભીમરાવ આ પ્રસંગની નોંધ લેતાં લખે છે: "શાંતિદાસ ઝવેરી એ વખતે હજુરમાં હતો અને એણે કરેલી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મદદ જાણીતી હતી. ઔરંગઝેબે એને સારો પોષાક આપ્યો. અને ગૂજરાત તથા અમદાવાદના લોક તથા વેપારી શાહુકાર વગેરે માટે ખુશાલીનું બાદશાહી ફરમાન લખી શાંતિદાસ સાથે અમદાવાદ મોકલ્યું. આ ફરમાનમાં ઔરંગઝેબે અમદાવાદના વેપારીઓ ઉપર સંદેશો મોકલ્યો હતો કે 'સર્વ પ્રજા રાજીખુશીથી ભિન્નભાવ રાખ્યા વગર સલાહસંપથી પોતાનો વ્યવહાર ચલાવે' વગેરે વગેરે."૩૨

જે ઔરંગઝેબને ઈશ્વરમાં, ધર્મમાં, માનવકલ્યાણમાં આટલો ઊંડો રસ હતો કે જેથી તે ફરમાન જેવી ઔપચારિક બાબતમાં પણ ઈશ્વરનો આટલી ભાવુકતાથી ઉલ્લેખ કરે છે, તે ઔરંગઝેબમાં એક માત્ર ઇસ્લામનું ઝનૂન જો ન હોત તો તે ખરેખર એક મહાન રાજવી બની શક્યો હોત. અને એમ થયું હોત તો, 'શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસર'ના પ્રકરણમાં જે બનાવની સખેદ નોંધ લેવી પડી છે તે ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરના વિનાશનો પ્રસંગ પણ ન બન્યો હોત!

## વિચક્ષણ ધર્મનિષ્ઠ શ્રાવક શ્રી શાંતિદાસ શેઠ

એ વાત બાજુએ રાખીએ તો યે જીવનના આરે પહોંચેલા વૃદ્ધ વેપારી, ઝવેરી, નગરશેઠ, સંઘપતિ શ્રી શાંતિદાસ પોતાની સેવાઓ અને કાર્યોના બદલામાં, ઔરંગઝેબ જેવા બાદશાહ, કે જેણે આશરે દોઢેક દાયકા પહેલાં જ ખુદ શ્રેષ્ઠી શાંતિદાસે બંધાવેલ દેરાસરનો વિનાશ કરેલો તેની પાસેથી પણ કેવાં ઉચ્ચ માન અને આદર પ્રાપ્ત કર્યાં હતાં, તે બાબત આ ફરમાનથી સ્પષ્ટ થાય છે. અકબરના દરબારમાં શાંતિદાસ શેઠે આગળ પડતો ભાગ ભજવ્યો હતો એ બાબત સિદ્ધ કરવા વધારે પુરાવાની જરૂર ગણી શકાય, પરંતુ તે પછીના ત્રણે મોગલ શહેનશાહો — જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબની કૃપા તેમણે પ્રાપ્ત કરી હતી તે હકીકત, એનું સૂચન કરતાં ફરમાનો આજે પણ હયાત હોઈ, નિઃશંકપણે સિદ્ધ થાય છે. જુદા જુદા બાદશાહોના જુદી જુદી જાતના સ્વભાવ, ગમા–અણગમા તથા સંજોગોને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધ્યાનમાં રાખીને તે પ્રમાણે વર્તવાની સમયજ્ઞતા દાખવનાર શાંતિદાસ શ્રેષ્ઠીને મુત્સદ્દી તો જરૂર ગણી શકાય; પરંતુ, સાથે સાથે, જે રાજ્યમાં રહેવાનું હોય તે રાજા સાથે મીઠા, સારા, ઉચ્ચ પ્રકારના સંબંધો બાંધવામાં પણ તેઓ નિપુણ અને સમર્થ હતા તેનો ખ્યાલ પણ આવા બધા પુરાવાઓ ઉપરથી સહેજે મળી રહે છે. તેઓ કાર્યદક્ષ, બાહોશ, વિચક્ષણ, કુનેહબાજ અને ધર્મનિષ્ઠ અગ્રણી અને મહાજન હતા તેનો આ પરથી ખ્યાલ આવે છે.

## પાલીતાણા રાજ્ય સાથે થયેલ રખોપાનો પહેલો કરાર

આ પ્રકરણની ફરમાનોની લાંબી ચર્ચાની સાથે જ, પાલીતાણા રાજ્ય સાથે થયેલ રખોપાના પહેલા કરારનો ઉલ્લેખ અહીં અસ્થાને નહીં ગણાય.

શ્રી શત્રુંજય તીર્થ અંગે પાલીતાણા રાજ્ય સાથે થયેલા રખોપાના પાંચ કરારોની વિસ્તૃત ચર્ચા 'શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ઇતિહાસ' (ભાગ–૧) પુસ્તકમાં દસમા પ્રકરણમાં કરવામાં આવી છે. આ પાંચ કરારોમાંનો પહેલો કરાર વિ. સં. ૧૭૦૭ માં પાલીતાણા રાજ્ય સાથે કરવામાં આવેલ અને તેની સાથે શ્રેષ્ઠિવર્ય શ્રી શાંતિદાસ ઝવેરીનું નામ સંકળાયેલ છે તે હકીકત ખાસ ઉલ્લેખનીય છે. (આ જ પ્રકરણની પંદર નંબરની પાદનોંધમાં આ કરારનો ઉલ્લેખ થયેલો છે.)

મોગલ બાદશાહ શાહજહાંએ પોતાના રાજ્યારોહણના બીજા વર્ષ દરમિયાન જૈન તીર્થો અને સંસ્થાઓની રક્ષા અંગે જે ફરમાન ઈ. સ. ૧૬૨૯–૩૦ ની સાલમાં (વિ. સં. ૧૬૮૫–૮૬ માં) શ્રેષ્ઠી શ્રી શાંતિદાસને આપ્યું હતું તે ફરમાનમાં શત્રુંજય તીર્થનો સમાવેશ થઈ જ જાય છે. (જુઓ આ જ પ્રકરણની ચર્ચામાં આ વિભાગમાં રજૂ થયેલ ફરમાન નં. ૧.) વળી આ જ સમય આસપાસ ઈ. સ. ૧૬૨૫ (વિ. સં. ૧૬૮૧–૮૨)ની સાલમાં તેમણે અમદાવાદમાં બીબીપુરામાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરની પ્રતિષ્ઠા પણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરી હતી. એટલે મોગલ સામ્રાજ્યમાં જૈન તીર્થો સહીસલામત હતા એમ લાગે તે સ્વાભાવિક છે.

પરંતુ ઈ. સં. ૧૬૪૫ ( વિ. સં. ૧૭૦૧ )માં આ દેરાસર ધ્વસ્ત થતાં જૈનો અને હિંદુઓને આઘાત લાગ્યો. તીર્થરક્ષા માટે સતત જાગૃત શ્રાવક એવા શ્રેષ્ઠી શ્રી શાંતિદાસને પણ જૈન તીર્થોની સલામતીની ઊંડી ચિંતા પેઠી અને તીર્થરક્ષા માટે કોઈ કાયમી ઉપાય યોજવાનું એમને જરૂરી લાગ્યું.

વળી શાહજહાંના બાદશાહ તરીકેનાં છેલ્લાં વર્ષો દરમ્યાન તેમના પુત્રોમાં જે ઊંડો વિખવાદ પેઠો હતો, તેથી મોગલ સલ્તનતના પાયા ડગમગી ઊઠવાના છે, એ વાત પણ વિચક્ષણ અને દીર્ઘદર્શી શ્રી શાંતિદાસ શ્રેષ્ઠીને સમજાઈ ગઈ હતી. મોગલ બાદશાહો દ્વારા પ્રાપ્ત થયેલ ફરમાનો નજીકના ભવિષ્યમાં જ બિનઉપયોગી નીવડશે એમ દીર્ઘદૃષ્ટિથી વિચારીને તેમણે પાલીતાણા અંગે આપણે છેલ્લે જે ચાર ફરમાનોની ( ફરમાન નં. ૧૯, ૨૦, ૨૧, ૨૨ ) ચર્ચા કરી તેની પણ પહેલાં વિ. સં. ૧૭૦૭ માં ( ઈ. સ. ૧૬૫૦ માં ) પાલીતાણા રાજય સાથે શત્રુંજય તીર્થના રખોપાને લગતો પહેલો કરાર કર્યો હતો.

વિ. સં. ૧૭૦૭ માં પાલીતાણા શહેર અને શ્રી શત્રુંજય તીર્થ ઉપર હકૂમત ભોગવતા ગોહેલવંશના રાજવી કાંધાજી સાથે, તે વખતની તેની રાજધાની ગારિયાધારમાં આ પહેલો કરાર કરવામાં આવ્યો હતો. આ કરારમાં શરૂઆતના લખાણમાં શ્રી શાંતિદાસનો ઉલ્લેખ આ રીતે કરવામાં આવ્યો છે:

"સંવત ૧૭૦૭ વર્ષે કાર્તિક વદિ ૧૩ સોમે ગોહિલ શ્રી કાંધાજી તથા ભારાજી તથા બાઈ પદમાજી તથા પાટમદે જત લખતં આમા શ્રી સેત્રંજાની ચોકી પુહુરૂ કરૂં છું તથા સંઘની ચોકી કરૂં છું તે માટે તેનું પરઠ કીધો છે. શાહ શાંતિદાસ સહસકરણ તથા શાહ રતન સૂરા તથા સમસ્ત સંઘ મળી શ્રી સેત્રંજી સંઘ આવઈ તથા છઠીઆં છઠ વિહિવા આવિ તથા પાલુ લોક આવિ તેનું અમિ કરાર કીધું છે."

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ પછી આ કરારની શરતો આપવામાં આવી છે. તેમાં રખોપા નિમિત્તે આપવાની કોઈ રકમની નોંધ નથી પણ જુદા જુદા પ્રસંગોએ, જુદા જુદા પ્રમાણમાં સુખડી, કપડાં, રોકડ નાણું આપવાનું તેમાં જણાવાયું છે.

'શ્રી શત્રુંજય પ્રકાશ' પુસ્તકમાં પૃ૦ ૧૦૦–૧૦૧ ઉપર પણ આ કરાર અંગે શ્રેષ્ઠી શ્રી શાંતિદાસનો ઉલ્લેખ કરતાં જણાવાયું છે: "બારોટ પરબત, ગોરજી ગેમલજી તથા લખમણજી વગેરે તેમની સાથે ગયા, અને અમદાવાદમાં શેઠ શાંતિદાસ સહસકરણ તથા શા૦ રતન સુરા વગેરે સંઘ જોગું ખત કરવામાં આવ્યું, જેમાં ગોહેલોએ સંઘનું મળણું – ચોકી કરવાને તેના બદલામાં છુટક જાત્રાળુ પાસેથી અડધી જામી, એક ગાડે અઢી જામી અને સંઘ પાસેથી સુખડી મણ એક અને અઢી જામી મળે તેમ ઠરાવ્યું."

આમ પાલીતાણા રાજ્ય સાથે થયેલા રખોપાના પાંચ કરારોમાં ગોહેલ રાજવી સાથે થયેલ પહેલા કરારમાં શ્રેષ્ઠી શ્રી શાંતિદાસ ઝવેરીના નામનો ઉલ્લેખ છે તે તેમણે તે વખતે તીર્થરક્ષા અંગે કરેલ સક્રિય વિચારણાના નક્કર પુરાવારૂપ બની રહે તેમ છે.[૪૩]

## નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીએ બનાવરાવેલ પટ

અમદાવાદમાં આવેલ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી (ઝવેરીવાડ, પટ્ટણીની ખડકી) પાસે રહેલ એક ઐતિહાસિક કહી શકાય એવા પટની વિગત પણ અત્રે નોંધવી ઉચિત લાગવાથી રજૂ કરી છે.

અમદાવાદમાં દર વર્ષે કારતક સુદ પૂનમના દિવસે જમાલપુર દરવાજા બહાર ચાર રસ્તા પાસે જુદાં જુદાં તીર્થોના જે પટ બાંધવામાં આવે છે તેમાંના ૧૭૦ જીનેશ્વરો સાથેનો એક પટ વિ. સં. ૧૬૯૮ની સાલમાં નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીએ બનાવડાવેલ છે. આ પટ અત્યારે લગભગ સાડા ત્રણસો વર્ષ જૂનો ગણાય, એટલે તેનું ઐતિહાસિક મહત્ત્વ તો છે જ; સાથે સાથે નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીની તીર્થભક્તિનો પણ આ એક પુરાવો ગણી શકાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## નવમા પ્રકરણની પાદનોંધો

૧. આ જ હકીકતને સમર્થન મળે તેવો ઉલ્લેખ 'પ્રપૂ'માં પૃ૦ ૩૭ ઉપર આ પ્રમાણે જોવા મળે છે —

"શાંતિદાસ શેઠ માત્ર અમદાવાદના નગરશેઠ અને પાદશાહના અમીર નહોતા, પરંતુ તેઓ આખા હિંદના શ્વેતાંબર જૈનોના મુખ્ય નાયક અને વડીલ હતા. ઘણાં મોટાં તીર્થો–મંદિરોનો વહીવટ તેમના હાથમાં હતો. તેઓ જૈનોના પ્રતિનિધિ તરીકે પાદશાહ પાસે અરજી કરી એમનાં ફરમાનો મેળવતા હતા. તેઓ એ માટે ભારે સંપત્તિ અને શક્તિ ખર્ચતા હતા.... આ સમયમાં તીર્થરક્ષણ માટે કેટલી મુસીબતો ભોગવવી પડતી હતી તેનો હમણાં આપણને સહેજ પણ ખ્યાલ આવે નહીં. જૈનો અને હિંદુઓને માટે એ ભયંકર સમય હતો. એવા અત્યાચારના સમયમાં એમણે પોતાનાં ધર્મસ્થાનોનું રક્ષણ કર્યું એ મહાન ચમત્કાર છે ચારે તરફ અગ્નિનો દવ લાગ્યો હોય તેવા સમયમાં ઘરોને બચાવવા જેટલું આ કઠિન કામ હતું, છતાં શાંતિદાસ શેઠે કુનેહથી અકબર અને જહાંગીરના રાજ્યઅમલ દરમ્યાન રાજ્યસંબંધ વધારીને સનંદો મેળવી હતી."

૨. 'SHG'માં p. 60–61 ઉપર આ ફરમાનનો ઉલ્લેખ છે અને 'HOG' Vol. IIના p. 144 ઉપર પણ આ ફરમાનનો ઉલ્લેખ છે. આ બંને પુસ્તકોના લેખક શ્રી કોમિસેરિયેટના જણાવ્યા પ્રમાણે આ ફરમાન શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના કબજનમાં છે.

૩. ચિંતામણિ એટલે અમદાવાદમાં બીબીપુરા (સરસપુર) નામે પરામાં શ્રી શાંતિદાસ ઝવેરીએ બંધાવેલ 'શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ'નું દેરાસર, કે જેને વિષે આ પુસ્તકમાં પ્રકરણ નંબર આઠ 'શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર' નામે લખવામાં આવેલ છે.

૪. શ્રી શાંતિદાસનું નામ બધાં જ ફરમાનોમાં 'Satidas Jawahari' એ રીતે જ લખવામાં આવ્યું છે.

૫. આ બંને ફરમાનોનો ટૂંકમાં ઉલ્લેખ કરતાં 'HOG' Vol. IIના p. 148 ઉપર કહેવામાં આવ્યું છે :

"There are also two grants, bearing the nishan of Prince Murad Bakhsh (1656–57), which confirm

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

to Shantidas the lease (ijara) of the village of Shankheshwar in the paragana of Munjpur in North Gujarat, this place being held sacred by the Jains owing to their temples there."

(અર્થાત્–"રાજકુમાર મુરાદબક્ષના નિશાન સાથેના બીજાં બે ફરમાનો ઉત્તર ગુજરાતમાં મુંજપુર તાલુકામાં આવેલ શંખેશ્વર ગામ, કે જે સ્થળને જૈનો તેમનાં દેરાસરો ત્યાં આવેલ હોવાને કારણે પવિત્ર ગણે છે, તે શાંતિદાસને ઇજારા તરીકે આપવાનું જણાવે છે.")

આ ટૂંકી નોંધમાં બંને ફરમાનોમાં રાજકુમાર મુરાદબક્ષના નિશાન છે એમ જણાવાયું છે. જ્યારે આ મૂળ ફરમાનોના અંગ્રેજી ભાષાંતરો રજૂ કરતાં 'IMFG'માં p. 44–47 ઉપર પહેલું ફરમાન રાજકુમાર મુરાદબક્ષના નિશાન સાથે અને બીજું ફરમાન દારા શુકોહના નિશાન સાથે રજૂ થયાનું જણાવવામાં આવ્યું છે.

આ બંને પુસ્તકો એક જ લેખક શ્રી કોમિસેરિયેટ દ્વારા લખાયેલાં છે. આ બંને પુસ્તકોમાંથી 'IMFG' પુસ્તક ઈ. સ. ૧૯૪૦ માં અને 'HOG' પુસ્તક ઈ. સ. ૧૯૫૭માં બહાર પડયું. 'HOG'માં આ બંને ફરમાનો રાજકુમાર મુરાદબક્ષના નિશાન સાથેનાં છે એ ઉપર્યુક્ત વિધાન સરતચૂકથી જ લખાઈ ગયું લાગે છે.

૬. શ્રી કોમિસેરિયેટના પુસ્તક 'HOG' Vol. II ના p. 133–139, પ્રકરણ ૧૨ ના આધારે આ હકીકતો અહીં રજૂ કરવામાં આવી છે.

૭. સાડા પાંચ લાખ રૂપિયા અંગેનાં આ બે ફરમાનોની ચર્ચા આ જ પ્રકરણના વિભાગ–ગ માં ફરમાન નં. ૧૯ અને ૨૦ તરીકે કરવામાં આવી છે.

૮. અલી નકી એ મુરાદબક્ષનો ખૂબ વિશ્વાસપાત્ર ઑફિસર હતો. અલી નકીનો રાજ્યવહીવટ કડક અને વ્યવસ્થિત હતો ગુજરાતના સૂબાના દીવાનની ઊંચી પદવી પર તે હતો. કાચા કાનના મુરાદબક્ષે પોતાના જ વિશ્વાસુ ઑફિસર અલી નકીના વિરોધીઓએ ઊભી કરેલ યુક્તિથી ભેળવાઈ જઈને ઑક્ટોબર ૧૬૫૭માં પીધેલી હાલતમાં તેને મારી નાખ્યો. તેના આ કૃત્યની ભારે સજા – ફાંસીની સજા – મુરાદબક્ષને ભોગવવી પડી. પાલીતાણાને લગતાં ચાર ફરમાનોમાંથી પહેલા ફરમાન (તા. ૭મી નવેંબર ૧૬૫૬)ની પાછલી બાજુ "નમ્ર સેવક અલી નકી દ્વારા" એવી જે નોંધ છે તેમાં ઉલ્લેખેલ નમ્ર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સેવક અલી નકી એ આ જ અલી નકી, કે જે મુરાદબક્ષના હાથે મરાઈ ગયો. (આ પ્રકરણમાં આ ફરમાનનો નંબર ચાર છે.)

૯ રાજકીય સત્તાના પરિવર્તનના આ સમય દરમ્યાન શ્રી શાંતિદાસ ઝવેરીના પુત્ર માણેકચંદે રાજકુમાર મુરાદબક્ષને સાડા પાંચ લાખ રૂપિયા યુદ્ધ માટે લોન તરીકે આપેલા. આ રકમ પાછી મેળવવા અંગે આ સમય દરમ્યાન જે ત્રણ ફરમાનો પ્રાપ્ત થયેલાં તેની ચર્ચા આ જ પ્રકરણના વિભાગ-૩માં ફરમાન નં. ૧૯, ૨૦ અને ૨૧માં કરવામાં આવી છે.

૧૦. શાહજહાં બાદશાહ દ્વારા શ્રી શાંતિદાસ ઝવેરીને આપવામાં આવેલ આ ફરમાનની નોંધ લેતાં શ્રી કૃષ્ણલાલ મો. ઝવેરી 'The Modern Review'ના જુલાઈ ૧૯૩૦ના અંકમાં રજૂ થયેલ 'SFSJ' નામે લેખમાં p. 29 ઉપર જણાવે છે, "In the third year of Shah Jahan's reign he approached the Emperor and got him to issue the following order (dated the 29th of Moharram)."

(અર્થાત્ શાહજહાંના રાજ્યકાળના ત્રીજા વર્ષમાં તેઓ બાદશાહ પાસે પહોંચ્યા અને મહોરમની ૨૯મી તારીખે લખાયેલ નીચેનો હુકમ મેળવ્યો.)

વળી 'દીબાઝને'માં પૃ૦ ૪૩૪ ઉપર પણ આ ફરમાનનો સમય જણાવતાં તેઓ લખે છે: "લખ્યું તારીખ ૨૯, મોહરમ ઉલ્ હરામ મહિનો. ગાદીએ બેસવાનું વરસ ત્રીજું."

આ ફરમાન ૨૯ તારીખે, મોહરમ માસમાં લખાયું છે એ બાબત તો શ્રી કોમિસેરિયેટ પણ 'SHG'માં પૃ૦ ૬૫ ઉપર આ ફરમાન રજૂ કરતાં જણાવે છે, અને શાહજહાંના રાજ્યકાળના ત્રીસમા વર્ષે અપાયું એમ પણ જણાવે છે.

["and it is dated 29th Muharram in the 30th year of the 'auspicious' coronation of his (Prince Murad Buksha's) father (7 November, 1656)"]

આ ઉપરથી જોઈ શકાશે કે શ્રી કૃષ્ણલાલ ઝવેરી ૨૯મી તારીખ, મહોરમ એ સાચી તારીખ આપે છે, પરંતુ આ ફરમાન 'શાહજહાંના રાજ્યકાળના ત્રીજા વર્ષે' બહાર પડયું એમ કહે છે તેમાં કંઈક સરતચૂક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થઈ લાગે છે. શાહજહાંના રાજ્યકાળના "ત્રીસમા વર્ષે"આ ફરમાન બહાર પડયું છે એમ કહેવાને બદલે "ત્રીજા વર્ષે" શબ્દો કંઈક ભૂલથી રજૂ થયા છે.

૧૧. શ્રી કૃષ્ણલાલ ઝવેરી પોતાના પુસ્તક 'દીઆઝેલ'માં પૃ૦ ૪૩૪ ઉપર આ જ ફરમાન રજૂ કરે છે. તેમાં તેઓ જણાવે છે : "...પાનખર ઋતુની શરૂઆતથી (પીચીઈલ મહિનાથી) મજકૂર મોજે (ગામ) ઉપર જણાવેલા સૂબ્દે ઉલ્ અકરાનને અમે મહેરબાનીની રાહે ઇનામમાં આપીએ છીએ."

જેમાં આ મૂળ ફરમાનનું અંગ્રેજી ભાષાંતર રજૂ થયું છે તે 'SHG' માં પૃ૦ ૬૫ ઉપર તે ફરમાનમાં આ બાબત જણાવાઈ નથી; જોકે, આ ફરમાન પછી એક વર્ષ બાદ તરત જ અપાયેલ પાલીતાણા તીર્થ અંગેના બીજા ફરમાનમાં આ હકીકત રજૂ થઈ જ છે એટલે શ્રી કૃષ્ણલાલ ઝવેરીનો આ હકીકત-દોષ નગણ્ય ગણી શકાય.

૧૨. 'HOG' Vol. II ના p. 145 ઉપર આ પરિસ્થિતિનો ચિતાર આપતાં શ્રી કોમિસેરિયેટ જણાવે છે : "But as the Emperor (Shah Jahan) approached advanced age, and his health began to give way, and thick rumours were afloat that a great contest for the throne was impending between his four sons, the Jain magnate must have become apprehensive of possible danger to the rights of his community over the holiest of the Jain centres in India, situated in his own province, and utilised his undoubted influence with the old Emperor and his sons to safeguard them by successive reaffirmations."

(અર્થાત્ — બાદશાહ શાહજહાં વૃદ્ધ થયો હોવાને કારણે, તેની તબિયત લથડી ગઈ હોવાને કારણે અને રાજગાદી માટે તેના ચાર પુત્રોમાં તીવ્ર સ્પર્ધા ચાલી રહી છે એવી જોરદાર અફવાના કારણે આ જૈન અમીર ભારતમાંનાં પવિત્ર જૈન સ્થાનોને લગતા પોતાના સંઘના હક્કો ઉપરના શકય ભય બાબત સાશંક બની ગયા હશે અને વૃદ્ધ રાજવી અને તેના પુત્રો સાથેની પોતાની નક્કર લાગવગનો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપયોગ કરીને તે તીર્થોને એક પછી એક મેળવેલાં ફરમાનો દ્વારા રક્ષવાનો પ્રયત્ન કર્યો હશે.)

૧૩. 'પ્રપૂ'માં પૃ૦ ૩૮માં આ ફરમાન અંગે જણાવાયું છે : "સને ૧૬૫૭માં શાહનશાહ શાહજહાને એક વધુ ફરમાન બાહર પાડી આ શેત્રુંજય પરગણું બે લાખ દામ લઈને વંશપરંપરા શાંતિદાસ ઝવેરીને આપવાનું જણાવવામાં આવ્યું છે. આ ફરમાન વંશપરંપરાનું કાયમી હોવાથી દર વરસે નવી સનંદની માગણી કરવી નહિ. તેમ જ કોઈ પણ જાતનો કર અથવા લાગો લેવો નહિ એવી તેમાં આજ્ઞા કરી છે."

૧૪. પાલીતાણા અંગેનાં ચાર ફરમાનોની આ ચર્ચા મુખ્યત્વે કરીને શ્રી કોમિસેરિયેટનાં પુસ્તકો—'SHG' p. 64-68 અને 'HOG' Vol IIના p. 145-146ના આધારે રજૂ કરવામાં આવી છે.

આ જ સંદર્ભમાં 'ભવમ' પુસ્તકમાં પૃ૦ ૧૪૪–૧૪૫ ઉપર યોગ્ય રીતે જ કહેવામાં આવ્યું છે : "આખા ગુજરાત ઉપર તેમ જ દિલ્હીના મોગલ બાદશાહોના દરબારમાં જેમનો ઘણો પ્રભાવ હતો તે અમદાવાદના નગરશેઠ શાંતિદાસ ઝવેરી (શ્રેષ્ઠીવર્ય શાંતિદાસ સહસ્કરણ) આ યુગના ભારે શક્તિશાળી, કુનેહબાજ અને વગદાર આદરદન હતા. મોગલ સમ્રાટો તરફથી મળેલ જૈન તીર્થોની માલિકીનાં ફરમાનોની સાચવણી કરવાની અને એનો અમલ થતો રહે એ જોવાની જવાબદારી પણ છેવટે એમણે જ સંભાળી હતી, એટલું જ નહીં, શ્રી શત્રુંજય તીર્થની અને એના યાત્રાએ જતા યાત્રાળુઓની રખેવાળી કરવાનો સૌથી પહેલો કરાર પાલીતાણા રાજ્યે (તે વખતે એની રાજધાની ગારિયાધારમાં હતી), વિ. સં. ૧૭૦૭માં, જૈન સંઘની વતી, શ્રેષ્ઠી શાંતિદાસ તથા શ્રેષ્ઠી રત્ના સુરા સાથે જ કર્યો હતો."

(વિ. સં. ૧૭૦૭ના આ કરાર માટે આ નવમા પ્રકરણના અંત ભાગમાં આવેલ 'પાલીતાણા રાજ્ય સાથે થયેલ રખોપાનો પહેલો કરાર' એ વિભાગની ચર્ચા જોવી.'

૧૫. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે —

"The dates of these farmans, as well as other collateral evidence available in the Mirat-i-Ahmadi, make it clear that the great Jain magnate and financier had accompanied the camp of the

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

confederate princes from the time of Murad's departure from Gujarat to join his brother in Central India to the date or dates when he obtained from the victorious Aurangzeb the confirmatory farman that he required and permission to return to his native city."

—'SHG', p. 67

૧૬. આ વિભાગમાં રજૂ કરવામાં આવેલ બધાં જ ફરમાનો તેના અસલ દસ્તાવેજોની ફોટોકોપી અને અંગ્રેજી ભાષાંતર સાથે રજૂ કરવાનો સ્તુત્ય પ્રયત્ન શ્રી કોમિસેરિયેટે 'IMFG'માં કર્યો છે. ફરમાનોની આ ચર્ચા મુખ્યત્વે તે પુસ્તકને આધારે કરવામાં આવી છે.

૧૭. 'SFSJ' નામે લેખમાં આ ફરમાનની નોંધ લેતાં શ્રી કૃષ્ણલાલ ઝવેરી જણાવે છે તે મુજબ શાંતિદાસ પાસે શહેરની અંદર અને આસપાસ હવેલી, દુકાનો, ખેતરો અને બગીચાઓના રૂપમાં સ્થાવર સંપત્તિ ઘણી હતી. તે ભોગવવામાં અને તેનો વહીવટ કરતાં કરતાં અંતરાયો આવવાને કારણે તેમણે રાજાને ફરિયાદ કરી તેના પરિણામે આ ફરમાન પ્રાપ્ત થાય છે.

૧૮. બીબીપુરા એટલે હાલમાં જેને સરસપુર કહે છે તે અમદાવાદનું પરુ. આ બીબીપુરા નામ 'ગૂપાઅ' પૃ૦ ૫૯૫ માં દર્શાવ્યા મુજબ સૈયદ ખુન્દમીરની માતા બીબીજીના નામ ઉપરથી પડયું હતું.

૧૯. મોગલ સમયના ગુજરાત અને ખાસ કરીને અમદાવાદના વેપારની ઉન્નત સ્થિતિનો ખ્યાલ આમુખને 'ગૂપાઅ' પુસ્તકમાં પૃ૦ ૪૫૧–૪૫૩ ઉપર રજૂ કરેલ વર્ણન ઉપરથી આવી શકે તેમ છે.

૨૦. શ્રી કૃષ્ણલાલ મો૦ ઝવેરી 'SFSJ' નામે લેખમાં જણાવે છે : "...અને આ રીતે શાહજહાંએ પોતાનો અંકુશ તેની (શાંતિદાસની) અને તેનાં સંતાનોની સંપત્તિ અને માલ-મિલકત ઉપર ફેલાવ્યો હતો. આને કારણે તેમને (શાંતિદાસને) મનની સ્વસ્થતા પ્રાપ્ત થાય અને તે (શાંતિદાસ) રાજસત્તા ચાલુ રહે એ માટે પ્રાર્થના કરે."

૨૧. મોગલ બાદશાહ શાહજહાં દ્વારા શેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને અપાયેલ બધાં ફરમાનોમાં મહોર બાદશાહ શાહજહાં અને રાજકુમાર દારા શુકોહની જોવા મળે છે. જ્યારે આ ફરમાનમાં શાહજહાં સાથે મહોરમાં રાજકુમાર દારા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શુકોહને બદલે રાજકુમાર ઔરંગઝેબનું ઉમદા નિશાન જોવા મળે છે. આ હકીકત ઐતિહાસિક દૃષ્ટિએ નોંધપાત્ર છે.

૨૨. શાહજહાં બાદશાહને તેના મયૂરાસન માટે પણ ઝવેરી શાંતિદાસે અમૂલ્ય રત્નો મેળવી આપ્યાં હતાં એ દર્શાવતાં 'પ્રપૂ'માં પૃ૦ ૭૬ ઉપર શ્રી ડુંગરશીભાઈ સંપટ જણાવે છે : "શાહજહાં પાદશાહ બહુ શોખીન હતો. ઊંચા ઝવેરાતનો એને ભારે શોખ હતો. એણે છ કરોડ રૂપિયાના ખર્ચે મયૂરાસન નામનું સિંહાસન પોતાને માટે બનાવરાવ્યું હતું. મોરની મોરપીછીઓમાં અતિશ્રેષ્ઠ રત્નો આખા હિંદમાંથી એણે ભેગાં કરાવીને ગોઠવ્યાં હતાં. શાંતિદાસ ઝવેરીએ બાદશાહને ઘણાં રત્નો ભેગાં કરી આપ્યાં હતાં. આથી પાદશાહની એના ઉપર મહેરબાની ઊતરી હતી."

૨૩. આ ફરમાનના સમય અંગે શ્રી કોમિસેરિયેટ 'IMFG'માં p. 30 ઉપર ફૂટનોટમાં જે અટકળ કરે છે તે જોઈએ તો આ ફરમાનમાં અસફખાનનો ઉલ્લેખ આવે છે. જહાંગીરના રાજ્યમાં ઊંચું સ્થાન પ્રાપ્ત કરનાર બે અસફખાન થઈ ગયા, કે જે બેમાંથી એક પ આ ફરમાનમાં રજૂ કરવામાં આવેલ 'નિઝામ-ઉદ્-દીન' વિશેષણ ધરાવતા હોય એવું ક્યાંય નોંધાયું નથી. આ બેમાં મોટો અસફખાન તે મીરઝા-ક્રીવામ-ઉદ્-દીન જફર બેગ અસફખાન કે જે અકબરના હાથ નીચે ઘણી ઊંચી પદવીઓ મેળવ્યા બાદ જહાંગીરના રાજ્યમાં તેના (જહાંગીરના) હાથ નીચે વકીલ (અથવા પ્રાઈમ મિનિસ્ટર) બન્યો હતો અને તે જહાંગીરના રાજ્યના સાતમા વર્ષે ઈ. સ. ૧૬૧૨ માં મૃત્યુ પામ્યો હતો. બીજો અસફખાન તે વધુ પ્રખ્યાત મીર્ઝા અબુલ હસન અસફખાન, કે જે બેગમ નૂરજહાંનો ભાઈ હતો. તે પણ જહાંગીરના રાજ્યમાં થોડા સમય માટે ઈ. સ. ૧૬૨૬ માં, અને ત્યાર પછી શાહજહાંના સમયમાં ૧૪ વર્ષ માટે બાદશાહનો વકીલ હતો. તે રાજકુમાર શાહજહાંના લાભાર્થે જ કામ કરતો હોવાથી તેની બહેને (નૂરજહાંએ) તેના પર અવિશ્વાસ કરેલો. એ શક્ય છે કે આ ફરમાન દ્વારા શાંતિદાસને મોટા અસફખાનના આશ્રય નીચે મૂકવામાં આવ્યા હોય. અને જો તેમ હોય તો, તે અસફખાન ઈ. સ. ૧૬૧૨ માં મૃત્યુ પામ્યો હોવાની હકીકતને આધારે આ ફરમાન મોડામાં મોડું ઈ. સ. ૧૬૧૨ માં અપાયું હોય એવી અટકળ કરી શકાય. અને જો બીજા અસફખાનના સમયમાં તે અપાયું હોય તો તે ઈ. સ. ૧૬૨૬ સુધીમાં અપાયું હોય.

૨૪. શ્રી કૃષ્ણલાલ મો૦ ઝવેરી 'SFSJ' નામે લેખમાં આ જ પ્રકારનો મત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રજૂ કરતાં જણાવે છે : "Shantidas' influence at the court seems to have prevailed and His Majesty took up apparently a neutral attitude, but really turned the tables on the complainants....But if they (Shantidas and his people) did not desire to do so, then no one was to trouble them in that respect, nor to harass them."

[અર્થાત્ "શાંતિદાસના રાજસભાના પ્રભાવે પ્રભુત્વ મેળવ્યું જણાય છે, અને બાદશાહે દેખીતી રીતે તટસ્થ વલણ લીધું, પણ વાસ્તવમાં ફરિયાદી પક્ષ (લોંકા જાતિ)ની બાજી ઊંધી વાળી દીધી. ...પરંતુ જો તેઓ (શાંતિદાસ અને તેના માણસો) તેમ કરવાની (સાથે જમવા વગેરેની) ઇચ્છા ન ધરાવે તો કોઈ પણ વ્યક્તિ તેમને (શાંતિદાસ વગેરેને) આ બાબતમાં કંઈ કરી ન શકે, કે તેમને સતાવી ન શકે."]

૨૫. 'ગૂપાઅ'માં પૃ૦ ૯૮ ઉપર શ્રી રત્નમણિરાવ જણાવે છે તે મુજબ, "મુરાદબક્ષે અમદાવાદના શાંતિદાસ ઝવેરીના છોકરાઓ પાસેથી રૂપિયા સાડા પાંચ લાખ ખાતે લીધા, અને ચાલીસ હજાર શાંતિદાસના ભાગીદાર રવીદાસ પાસેથી, તથા અઠ્યાસી હજાર શામળ વગેરે બીજા પાસેથી લીધા અને તૈયારી કરી ઔરંગઝેબને મળવાનો નિશ્ચય કર્યો. આ રીતે શાહજહાં સામેના બળવામાં અમદાવાદીઓનાં નાણાંનો ઉપયોગ થયો હતો.

"...મિરાતે અહમદીમાં લખેલું છે કે મુરાદબક્ષે આ બળવામાં મદદ માટે અમદાવાદીઓ પાસેથી રૂ. પચાસ લાખ ઉઘરાવ્યા હતા. એમાં સાડા પાંચ લાખ જાહેર જાણીતા હતા. એ સાડા પાંચ લાખ માટે ઝવેરી માણેકચંદને પોતે કેદ થતા અગાઉ ચાર દિવસ પહેલાં લખી આપેલું હતું. મુરાદબક્ષ હવે આ નાણાંથી તૈયાર કરેલું લશ્કર લઈ ઔરંગઝેબને મળ્યો."

(નોંધ : આમાં શાંતિદાસ ઝવેરીના છોકરાઓ પાસેથી સાડા પાંચ લાખ રૂપિયા લેવા અંગે આ જ પ્રકરણની ૨૮મી પાદનોંધ જુઓ.)

૨૬. આ બંને ફરમાનોને 'મિરાતે અહમદી'માંથી અકલ્પ્ય સમર્થન મળે છે. 'મિરાતે અહમદી'ના કર્તા શ્રી અલી મહમ્મદ ખાન દીવાન હતા. એટલે તેઓ ગુજરાત પ્રદેશના ઑફિસના મૂળ રેકોર્ડના પરિચયમાં હતા. તેમણે આ ફરમાન લગભગ આ જ ભાષામાં 'મિરાતે અહમદી'માં રજૂ કર્યું છે. શરૂઆતમાં શ્રી અલી મહમ્મદ ખાન જણાવે છે કે શાંતિદાસ ઝવેરી રાજદરબારમાં માનીતા હતા અને તેઓએ મુરાદબક્ષ પાસે આ અંગે રાહ જોયેલી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આટલું જણાવ્યા પછી તેઓ (અલી મહમ્મદ ખાન) આ ફરમાન રજૂ કરે છે. એટલે આ ફરમાનની સચ્ચાઈ અંગે આપણને પૂરી ખાતરી મળી રહે છે

વળી શાંતિદાસ ઝવેરી પોતે ધંધાના નાતે એક ઝવેરી જ માત્ર ન હતા; ઝવેરાતના ધંધા ઉપરાંત પોતાની અઢળક સંપત્તિ, વખત આવ્યે, રાજા બાદશાહોને ધીરવાનું કાર્ય પણ તેઓ કરતા – એ હકીકતને આવાં ફરમાનોથી સમર્થન મળે છે. 'પ્રપૂ'માં પૃ૦ ૩૬ ઉપર શેઠ શાંતિદાસના શરાફીના ધંધાને સૂચવતાં કહેવામાં આવ્યું છે: "શાંતિદાસનો ઝવેરાતનો ધંધો હતો. તે સિવાય તેઓ શરાફીનો ધંધો પણ કરતા હતા. એમનો શરાફીનો ધંધો વિકાસ પામતાં પામતાં બહુ વિશાળ પાયા ઉપર મુકાયો. હવે શાંતિદાસ પાદશાહના શરાફ બન્યા હતા...શાહજહા બાદશાહને જ્યારે જ્યારે મોટી રકમોની જરૂર પડતી ત્યારે ત્યારે શાંતિદાસ ઝવરી તેને એકી રકમે ધીરતા હતા"

અલબત્ત, એક બાબત ધ્યાનમાં રાખવી રહી કે તેઓ માત્ર ધંધાદારી શરાફ જ ન હતા. વખત આવ્યે તીર્થોના રક્ષણ કરવા જેવા મહત્ત્વના કાર્યમાં પોતાની મૂળ મૂડી કાઢતાં પણ તેઓ જરા ય અચકાતા નહીં.

૨૭. 'IMFG'માં p. 50 ઉપર આ વિગત હાજી મહમદ કુલીને અપાયેલ ફરમાનની પાછલી બાજુ આપવામાં આવી છે એમ જણાવાયું છે. અને આ વિગત શ્રી કૉમિસેરિયેટ 'મિરાતે અહમદી'ના આધારે આપે છે; જો કે પોતાના બીજા પુસ્તક 'SHG'ના p. 71 ઉપર આ જ વિગત મુતમદખાનને ઉદ્દેશીને લખાયેલ ફરમાનમાં આપવામાં આવી છે એમ જણાવ્યું છે.

'GOBP'ના Vol. I ના p. 282 ઉપર પણ શ્રી જેમ્સ કૅમ્પબેલ આ વિગતો આપણને આપે છે.

૨૮. 'SHG', p. 71

જો કે, આપણે આ જ પ્રકરણની ૨૫ નંબરની પાદનોંધમાં નોંધ્યું છે તે પ્રમાણે, 'ગૂપાઅ'માં પૃ૦ ૯૮ ઉપર "શાન્તિદાસ ઝવેરીના છોકરાઓ પાસેથી રૂપિયા સાડા પાંચ લાખ ખાતે લીધા હતા" એમ જણાવ્યું છે તે ભૂલ છે. ખરેખર તો અહીં જણાવ્યા મુજબ શાંતિદાસના પુત્ર માણેકચંદ પાસેથી રૂ. ૪,૨૨,૦૦૦ જ લીધા હતા.

આ જ રીતે 'પ્રપૂ' પુસ્તકમાં પૃ૦ ૪૨-૪૩ ઉપર અને 'જૈરામા' પુસ્તકની સમાલોચનાના પૃ૦ ૧૦ ઉપર રૂ. સાડા પાંચ લાખ શ્રી માણેકચંદે નહીં પણ નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના પુત્ર લક્ષ્મીચંદે આપ્યાનો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉલ્લેખ છે તે પણ ભૂલ છે. વળી આ બંને પુસ્તકોમાં જે સાડા પાંચ લાખ રૂપિયા ગણાવ્યા છે તેનો સરવાળો ખોટો છે; કારણ કે તેમાં પેટલાદ અને ધોળકા પરગણાની આવક ગણવામાં આવી નથી.

૨૯. 'IMFG' માં p. 16 ઉપર જણાવાયું છે તે મુજબ, "We may conclude that he was in the camp of the confederate princes when he received the grant"

(અર્થાત્ આપણે એમ કહી શકીએ કે જ્યારે શાંતિદાસે ફરમાન મેળવ્યું ત્યારે તેઓ મળતિયા રાજકુમારોની છાવણીમાં હતા.)

૩૦. રૂ. સાડા પાંચ લાખનો સરવાળો જોતાં આગળ દર્શાવી ગયા તે મુજબ આ રકમ ૮૮,૦૦૦ જોઈએ. 'SHG' માં પૃ૦ ૭૧ ઉપર પણ ૮૮,૦૦૦નો જ ઉલ્લેખ છે.

૩૧. ઔરંગઝેબે રાજ્યમાં કેવા કેવા નિયમો ફરમાન દ્વારા બહાર પાડ્યા હતા તેની રસપ્રદ વિગતો 'મિરાતે અહમદી'ના આધારે 'ગૂપાઅ'માં પૃ૦ ૧૦૧–૧૦૨ ઉપર આપવામાં આવી છે.

૩૨. 'ગૂપાઅ', પૃ૦ ૯૯

૩૩. 'આકપેઇ'ના પૃ૦ ૧૯૧–૧૯૪ અને પૃ૦ ૨૫૦–૨૫૧ના આધારે આ વિગતો અહીં નોંધવામાં આવી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૦
# શ્રી શાન્તિદાસનો પરિવાર અને સ્વર્ગવાસ

નગરશેઠ શ્રી શાંતિદાસ શેઠના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓનો પરિચય અત્યાર સુધી આપણે મેળવ્યો. તેમના કૌટુંબિક પાસાંનો પરિચય આપણે આ પ્રકરણમાં મેળવીએ.

**નગરશેઠ શ્રી શાંતિદાસના કુટુંબની માહિતીનો અભાવ**

એક હકીકત નોંધપાત્ર છે કે શાંતિદાસ ઝવેરીના કુટુંબ–પરિવાર અંગેની માહિતી થોડાંક પુસ્તકોમાં જ આપણને છૂટીછવાઈ મળે છે.[૧] આ છૂટીછવાઈ માહિતી દ્વારા પ્રાપ્ત થતા ઉલ્લેખો પણ તેમના કુટુંબ-જીવનનું આછું ચિત્ર આપણી સમક્ષ રજૂ કરે છે.

**તેમના રહેઠાણનું વર્ણન**

અમદાવાદમાં ઝવેરીવાડમાંના નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના રહેઠાણનું વર્ણન શ્રીયુત ડુંગરશીભાઈ સંપટ આ શબ્દોમાં કરે છે —

“નગરશેઠની મોટી હવેલી હતી. એને ત્રણ ડેલીઓ હતી. પહેલી ડેલી ઉપર હથિયારબંધ આરબોની બેરખ બેસતી હતી. બીજી ડેલી ઉપર ભૈયાઓની ચોકી હતી. ત્રીજી ડેલી ઉપર રાજપૂતોની ચોકી હતી. શેઠને મસાલ તથા છડી રાખવાની શાહી પરવાનગી હતી. ભારે દબદબા અને ઠાઠમાઠથી શેઠનું કુટુંબ રહેતું હતું. પાંચસો ઘોડા, તેટલી જ ગાયો, ભેંસો શેઠને ત્યાં રહેતાં. તેઓ પાર વગરના માફા, સિગ્રામો, રથો, પાલખીઓ રાખતા હતા. જ્યારે જૈનોનો રથયાત્રાનો વરઘોડો નીકળતો ત્યારે સોના–ચાંદીના સાજવાળાં વાહનો શેઠને ત્યાંથી આવતાં હતાં. હિંદના ઘણા ભાગોમાં શેઠની આડતો અને દુકાનો હતી. ઝવેરાતનો વેપાર અને શરાફીની બેંકો શેઠ નીભાવતા હતા.”[૨]

અમદાવાદના નગરશેઠ, મહાજનના અગ્રેસર, શાહી વગ ધરાવ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નાર વ્યક્તિ તરીકે તેઓને ત્યાં આવો ઠાઠમાઠ રહેતો હશે એ સહેજે માની શકાય તેમ છે. આવો ઠાઠમાઠ એમને પોતાના મોભાને કારણે અને ચાલુ શિરસ્તા પ્રમાણે રાખવો પડતો હશે એમ આપણે કહી શકીએ.

## અંગત જીવન

એમનું અંગત જીવન તો ધર્મારાધના, જૈન શાસનની રક્ષા અને વૃદ્ધિ થાય તેવાં તીર્થરક્ષા અને સંઘહિતને લગતાં કાર્યોમાં અને સામાન્ય પ્રજાના હિતને લગતી પ્રવૃત્તિઓમાં જ મોટે ભાગે વીતતું હતું. તેમની આવી બધી પ્રવૃત્તિઓનો ચિતાર આપતાં શ્રીયુત ડુંગરશીભાઈ યોગ્ય જ જણાવે છે—

"શાંતિદાસ શેઠની હૈયાતીમાં જ એના પુત્રો વહીવટ કરતા હતા; જ્યારે તેઓ માત્ર કોઈ ધાર્મિક હિતનું રાજ્યદ્વારી કામ હોય તો જ સલાહ દેવા સિવાય બધો વખત પૂજાપાઠ, ધ્યાન, સ્મરણ અને વ્યાખ્યાન-વાણી સાંભળવા(દેવ-ગુરુભક્તિ)માં પસાર કરતા હતા. એમના મોટા ભાઈ અલગ થઈ ગુજરી જવાથી તેના પુત્રોની પણ અલગ પેઢીઓ ચાલતી હતી. આ રીતે શાંતિદાસને છોકરાંને ઘરે છોકરાં એટલે પૌત્ર-પરિવાર બહોળો અને સુખી હતો. એમની દોલત હવે કરોડોની ગણાતી હતી. એમણે પોતાના હાથે ખૂબ દાન કર્યું, મંદિરો બંધાવ્યાં, સંઘો કાઢ્યા હતા અને સાધુઓની સેવા કરી હતી; એટલું જ નહિ પણ દુકાળીઆઓને નિભાવ્યા હતા. પાંજરાપોળ સ્થાપી હતી. મહાજનમાં તેઓ અગ્રપદે હતા. પાલીતાણા અને ગિરનારનાં મંદિરોનો વહીવટ પણ તેમણે સંભાળેલો."[3]

નગરશેઠ શ્રી શાંતિદાસ જીવનની સંધ્યાટાણે પોતાના બહોળા પરિવાર તથા અઢળક સંપત્તિ વચ્ચે, ધર્મકાર્યો કરતાં કરતાં શાંતિપૂર્વક જીવન ગુજારતા હશે એવું આહ્લાદકારી ચિત્ર આ વર્ણન ઉપરથી જોવા મળે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### ચાર પત્નીઓ અને પાંચ પુત્રો

શ્રેષ્ઠી શ્રી શાંતિદાસ ઝવેરીએ ઈ. સ. ૧૬૪૦ના સમય સુધીમાં ચાર પત્નીઓ કરી હતી તેની નોંધ 'શ્રી ચિંતામણિપ્રશસ્તિ'ના આધારે શ્રી કોમિસેરિયેટે લીધી છે. શ્રીયુત ડુંગરશીભાઈ પણ તેમની ચાર પત્નીઓનાં નામ નોંધે છે. તેમની આ ચાર પત્નીઓ અને તેમના દરેકથી થયેલ પુત્રોનાં નામ તેઓ બંને વિદ્વાનો આ પ્રમાણે નોંધે છે :

શાંતિદાસ (ચાર પત્નીઓ)

| રૂપા | કપૂર | ફુલા | વાછી |
|---|---|---|---|
| પન્નાજી<br>કે<br>પનજી | રત્નાજી<br>કે<br>રતનજી<br>(ઈ. સ. ૧૬ ૯) | કપૂરચંદ<br>(ઈ. સ. ૧૬૩૮) | લક્ષ્મીચંદ<br>(ઈ. સ. ૧૬૪૦) |

આ ઉપરાંત શ્રી શાંતિદાસ શેઠને પાછળથી માણેકચંદ નામે પુત્ર થયો હતો.[૪] આમ શ્રી શાંતિદાસ ઝવેરીને કુલ પાંચ પુત્રો હતા, તે આ પ્રમાણે : (૧) પન્નાજી કે પનજી, (૨) રત્નાજી કે રતનજી, (૩) કપૂરચંદ, (૪) લક્ષ્મીચંદ અને (૫) માણેકચંદ.[૫] આ પાંચ પુત્રોમાંથી ચાર પુત્રો અને તેમના વંશજો અમદાવાદમાં વસ્યા, જ્યારે પાંચમા પુત્ર માણેકચંદ અને તેમના વંશજો સૂરતમાં જઈને વસ્યા.[૬]

શ્રી શાંતિદાસ શેઠના આ પાંચ પુત્રોના વંશજોનાં નામ વિસ્તૃત કોઠાઓ દ્વારા 'જૈરામા'મા સમાલોચનામાં પૃ૦ ૪૯થી ૬૪ સુધી આપવામાં આવ્યાં છે. તેમાં શ્રી શાંતિદાસ શેઠના ચાર પુત્રો–પનજી, રતનજી, લખમીચંદ, અને માણેકચંદના વંશજોના કોઠાઓ આપવામાં આવ્યા છે. જ્યારે પાંચમા પુત્ર હેમચંદ (અથવા કપૂરચંદ)ના વંશજોનો કોઠો આપવામાં આવ્યો ન હોવાથી કદાચ તેમને કોઈ સંતાન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નહીં હોય એમ લાગે છે.

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના મોટા ભાઈ વર્ધમાનને છ પુત્રો હોવાનું કહેવાય છે એમ શ્રી કોમિસેરિયેટ જણાવે છે.[7]

નગરશેઠ શ્રી શાંતિદાસના આ પાંચ[8] પુત્રોમાંથી લક્ષ્મીચંદ આગળ જતાં ખૂબ બાહોશ નીવડ્યા અને પોતાના પિતાના નગરશેઠ-પદને એમણે સંભાળ્યું તેમ જ તે પદને સારી રીતે શોભાવ્યું પણ ખરું.

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના અંગત જીવન વિષે કે તેમના કુટુંબ વિષે આ સિવાય કોઈ ખાસ નોંધપાત્ર હકીકતો અત્યારે આપણને પ્રાપ્ત થતી નથી એ અફસોસની વાત છે.

## તેમના સ્વર્ગવાસનો સમય

જેમ તેમના જીવન વિષે આપણને અપૂરતી માહિતી મળે છે તેમ તેમનો સ્વર્ગવાસ ક્યારે થયો તે વિષે પણ અત્યારે તો આપણને અપૂરતી માહિતી જ મળે છે. તેમના સ્વર્ગવાસના સમય સંબંધી ફક્ત એક જ સ્પષ્ટ ઉલ્લેખ આપણને 'શ્રી રાજસાગરસૂરિ-નિર્વાણ-રાસ'માં આ રીતે મળે છે —

"સંવત સતરસિ વરસ પનરોત્તરિ, અહ્મારઈ પ્રાણ આધાર;
સાહ શાંતિદાસ રે સુરલોકિં ગયો, તિહાં અહ્મો જાવું નિરધાર."
— ઢાળ ૯, કડી ૯

અર્થાત્ "અમારા પ્રાણના આધાર સમા શાહ શાંતિદાસ સંવત્ ૧૭૧૫માં સ્વર્ગે ગયા છે (અર્થાત્ મૃત્યુ પામ્યા છે), ત્યાં અમારે (રાજસાગરસૂરિએ) નક્કી જાવું છે."[9]

શ્રી રાજસાગરસૂરિ, કે જેઓ શ્રી શાંતિદાસ શેઠના ગુરુ હતા, જેમને સૂરિપદ અપાવવામાં શ્રી શાંતિદાસ શેઠે અગ્રિમ ભાગ ભજવ્યો હતો અને જેમણે સાગરગચ્છની સ્થાપના કરી હતી[10], તેઓ પોતાના જીવનને સંકેલી લેતાં ચારે આહારનો ત્યાગ કરી અણસણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉચ્ચારતા પહેલાં, પોતાને હવે મૃત્યુ ભણી નિશ્ચિત જવું છે તેનો ઉલ્લેખ કરતી વખતે પોતાના પ્રાણુના આધાર તરીકે શેઠ શ્રી શાંતિદાસનો ઉલ્લેખ કરે છે. એ ઉપરથી જાણી શકાય છે કે એ બંને વચ્ચે ઘણો જ ગાઢ ધર્મસ્નેહ પ્રવર્તતો હતો. આ રાસની આ કડીમાં એમના સ્વર્ગવાસની સાલનો જે નિર્દેશ કરવામાં આવ્યો છે તે ખૂબ અગત્યનો બની રહે છે. શ્રી શાંતિદાસ શેઠ સંવત્ ૧૭૧૫માં મૃત્યુ પામ્યા હતા એ માહિતી આપણને આ કડીમાંથી પ્રાપ્ત થાય છે.

જો નગરશેઠ શાંતિદાસ ઝવેરીના સ્વર્ગવાસની સાલ સંબંધી આટલી જ માહિતી આપણને ઉપલબ્ધ થઈ હોત તો આપણે નિશ્ચિતપણે એમ માની લેત કે તેઓ, સંવત્ ૧૭૧૫ કે જે ઈ. સ. ૧૬૫૯ની ૫મી ઓકટોબરે પૂરી થાય છે, તે સાલમાં સ્વર્ગવાસ પામ્યા હશે.

## આ સંવત્ સ્વીકારવામાં આવતી મુશ્કેલી

પણ 'શ્રી રાજસાગરસૂરિ-નિર્વાણ-રાસ'માં સચવાયેલ નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના સ્વર્ગવાસની સાલનું સૂચન કરતા આ લેખિત પુરાવા સામે એક દસ્તાવેજી પુરાવો એવો મળે છે કે જેથી એમનો સ્વર્ગવાસ વિ. સં. ૧૭૧૫ની સાલમાં જ થયો હતો એ વાતનો નિશ્ચિત રૂપે સ્વીકાર કરવામાં, ઐતિહાસિક કહી શકાય એવી મુશ્કેલી ઊભી થાય છે, જે આ પ્રમાણે છે—

'નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને પ્રાપ્ત થયેલ ફરમાનો' એ નામે આ જ પુસ્તકના નવમા પ્રકરણમાં ઉલ્લેખ કરવામાં આવેલ ફરમાન નંબર આઠ અહીં વિચારણા માગી લે છે. તા. ૧૨મી માર્ચ ૧૬૬૦ના દિવસે મોગલ બાદશાહ ઔરંગઝેબ તરફથી પાલીતાણામાં આવેલ શત્રુંજય પર્વત, ગિરનાર પર્વત અને આબુના પર્વતો શ્રેષ્ઠી શ્રી શાંતિદાસ ઝવેરીને સોંપ્યાનું જણાવતું એક ફરમાન શ્રી શાંતિદાસ શેઠના નામથી આપવામાં આવ્યું હતું.[૧૧]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ફરમાન તા. ૧૨મી માર્ચ ૧૬૬૦ના દિવસે અપાયું હતું એ હકીકત અહીં ઉલ્લેખનીય છે. ઉપર દર્શાવ્યા પ્રમાણે જો સંવત્ ૧૭૧૫ની સાલ કે જે સંવત્ ૧૬૫૯ની ૫મી ઑક્ટોબરે પૂરી થાય છે, તેમાં નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી મૃત્યુ પામ્યા હોય તો કાં તો આ ફરમાન શ્રી શાંતિદાસ ઝવેરીના મૃત્યુ પછી એમની પાસે પહોંચ્યું હશે અથવા તો 'રાજસાગરસૂરિ-નિર્વાણ-રાસ'માં આપવામાં આવેલ સંવત્માં કંઈક ફરક હશે અથવા તો આ ફરમાનની તારીખ-માં કંઈક ફેર હશે.

જો સંવત્ ૧૭૧૫માં નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી મૃત્યુ પામ્યા હોય તો તેઓ તા. ૫મી ઑક્ટોબર ૧૬૫૯ના દિવસ પહેલાં મૃત્યુ પામ્યા હોવા જોઈએ; કારણ કે છઠ્ઠી ઑક્ટોબર ૧૬૫૯થી સંવત્ ૧૭૧૬ શરૂ થતી હતી. જ્યારે આ ફરમાન તો છેક ૧૨મી માર્ચ ૧૬૬૦ના દિવસે આપવામાં આવ્યું હતું. 'શ્રી રાજસાગરસૂરિ-નિર્વાણ-રાસ' સંવત્ ૧૭૨૨માં, એટલે કે નગરશેઠ શાંતિદાસ ઝવેરી-ના મૃત્યુ પછી સાતેક વર્ષ જેટલા ટૂંકા ગાળામાં જ રચાયો હોવાથી અને તેમાં રજૂ થયેલ અન્ય ઘટનાઓ પણ વિશ્વાસપાત્ર હોવાથી તે અંગે પણ શંકા કરી શકાય તેમ નથી. એટલે 'શ્રી રાજસાગરસૂરિ-નિર્વાણ-રાસ'માં આપવામાં આવેલ સંવત્ ખોટી હોવાને કંઈ કારણ નથી.

વળી જે ફરમાનનો અહીં ઉલ્લેખ કર્યો છે તે ફરમાન પણ તેના મૂળ રૂપમાં સચવાયેલ છે એટલે તે અંગે પણ શંકા કરી શકાય તેમ નથી. વળી હીજરી સનને આધારે ઈ. સ. ની તારીખ નક્કી કરવામાં આવી હોય તો પણ "10th of Rajab H. 1070" એટલે "March 12, 1660" એ તારીખ ખાસ ભૂલ વગરની છે. એક બીજા મત અનુસાર આ તારીખ "૨૨મી માર્ચ ૧૬૬૦" હોઈ શકે, પણ તેથી તેમની મૃત્યુની તારીખ સાથે તો એનો મેળ બેસતો નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ફરમાન નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના મૃત્યુ પછી એમને આપવામા આવ્યું હોય એ વિકલ્પ પણ સ્વીકારી શકાય તેમ નથી.

પણ તેમના મૃત્યુની આ સંવત્ – સં. ૧૭૧૫ – અને આ ફરમાનની તારીખ – ૧૨મી માર્ચ ૧૬૬૦ – વચ્ચે ખાસ નોંધપાત્ર કહી શકાય એવો ફરક નથી; એક વર્ષ કરતાં પણ ઓછો ફેર છે. એટલે આ સમયનો ફેર આપણને ખૂબ મોટી વિમાસણમાં મૂકી દે તેવો નથી. ઈ. સ. ૧૬૫૯–૬૦ના સમયગાળા દરમ્યાન જ તેમનું મૃત્યુ થયું હશે એ વાત તો નિશ્ચિત છે જ. છતાં 'શ્રી રાજસાગરસૂરિ નિર્વાણ-રાસ' અને આ ફરમાનની તારીખ વચ્ચે જે ફરક છે તેનો ઉકેલ ભવિષ્યમાં કોઈક સાહિત્યિક ઉલ્લેખ દ્વારા મેળવવાની આશા આપણે રાખીએ શકીએ.[૧૨]

જોકે, શ્રીયુત ડુંગરશીભાઈ તા. ૧૨મી માર્ચ ૧૬૬૦ના દિવસે મળેલ આ ફરમાન સંબંધી નોંધ લખતાં જણાવે છે: "શ્રી શાંતિદાસ શેઠ પોતાની છેલ્લી પાદશાહી મુલાકાતનાં ફળ જોવા હૈયાત નહોતા."[૧૩]

## તેમનું આયુષ્ય કેટલાં વર્ષનું ?

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી ઈ. સ. ૧૬૫૯–૬૦ની સાલમાં મૃત્યુ પામ્યા એ તો નિશ્ચિત હકીકત છે જ. પ્રશ્ન એ થાય કે તેઓ પોતાના આયુષ્યના કેટલામા વર્ષે મૃત્યુ પામ્યા હશે ? અથવા તો બીજા શબ્દોમાં આ પ્રશ્ન મૂકીએ તો તેઓએ કેટલાં વર્ષનું આયુષ્ય ભોગવ્યું ? પણ, આપણે જાણીએ છીએ તે પ્રમાણે તેમના જન્મ અંગે કોઈ ચોક્કસ સાલ આપણને પ્રાપ્ત થતી નથી. ઈ. સ. ૧૬૦૫માં મૃત્યુ પામેલ અકબર બાદશાહના રાજ્યમાં જો શાંતિદાસ શેઠ ઝવેરી તરીકે ઝળકયા હોય તો તે સમયે તેમની ઉંમર પંદર વર્ષથી ઓછી તો ન જ હોય. એટલે તેમનો જન્મ આપણે ઈ. સ. ૧૫૮૫–૯૦ની આસપાસ મૂકવો જ પડે.[૧૪]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જો તેમનો જન્મ ઈ. સ ૧૫૮૫–૯૦ આસપાસ હોય તો ઈ. સ. ૧૬૫૯–૬૦માં મૃત્યુ પામતી વખતે તેઓ લગભગ ૭૦–૭૫ વર્ષની ઉંમર ધરાવતા હોય એમ આપણે કહી શકીએ.[૧૫]

## દસમા પ્રકરણની પાદનોંધો

૧. નગરશેઠ શ્રી શાંતિદાસનાં સંતાનો અને પત્ની વગેરેને લગતી માહિતી મુખ્યત્વે નીચેનાં પુસ્તકોમાં જ મળે છે : (i) 'જૈરામા', (૨) 'ગૂપાઅ', (iii) 'પ્રપૂ' અને (iv) 'SHG'.

૨. 'પ્રપૂ', પૃ૦ ૩૯

૩. 'પ્રપૂ', પૃ૦ ૩૯

૪. (i) 'SHG', p. 61–62 અને (ii) 'પ્રપૂ', પૃ૦ ૪૦

આ ઉપરાંત આ જ પુસ્તકના 'કુટુંબ. વંશ અને પૂર્વજો' નામે બીજા પ્રકરણની ૯મી પાદનોંધમાં શત્રુંજયમાં શ્રી આદીશ્વર ભગવાનના પરિકરના શિલાલેખનો ઉતારો આપેલ છે. આ લખાણમાં તેમના કુટુંબના કેટલાક સભ્યોનાં નામ છે. તેમાં શ્રી શાંતિદાસ શેઠના પત્ની સુરમદેના પુત્ર પનજીનો ઉલ્લેખ છે. આમાં સુરમદે એ રૂપાનું બીજું નામ છે કે કેમ તે સ્પષ્ટ થતું નથી.

૫. જોકે, 'જૈનામા' કે જેમાં સમાલોચનામાં પૃ૦ ૪૯ થી ૬૪ સુધીમાં જુદા જુદા કોઠાઓ દ્વારા શ્રી શાંતિદાસ શેઠના વંશજોનાં વંશવૃક્ષો સવિસ્તર આપવામાં આવ્યાં છે તેમાં શ્રી શાંતિદાસ શેઠના પાંચ પુત્રોનાં નામ આ પ્રમાણે આપવામાં આવ્યા છે —(૧) પનજી, (૨) રતનજી, (૩) લખમીચંદ, (૪) માણેકચંદ અને (૫) હેમચંદ. આમાં પહેલાં ચાર નામ તો શ્રી કોમિસેરિયેટ અને શ્રી ડુંગરશીભાઈએ વર્ણવ્યા મુજબનાં જ છે. પરંતુ પાંચમું નામ 'હેમચંદ' એ કોમિસેરિયેટ અને ડુંગરશીભાઈ જે 'ફપૂરચંદ' નામ આપે છે તેના બદલે રજૂ થયું જણાય છે.

'ગૂપાઅ'માં પણ પૃ૦ ૭૩૭ ઉપર 'હેમચંદ' નામ આપવામાં આવ્યું છે; જોકે, આ જ પાના ઉપર ફૂટનોટમાં 'શ્રી ચિંતામણિપ્રશસ્તિ'ના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આધારે લખવામાં આવ્યું છે: "પ્રશસ્તિ પ્રમાણે પણ પહેલી સ્ત્રીથી પનજી પુત્ર થયો એમ લખ્યું છે. એની સંવત આપી નથી. કપુરા નામની બીજી સ્ત્રીથી રત્નજી થયા. તેમનો જન્મ સં. ૧૬૮૬માં થયો. પ્રશસ્તિમાં એમની ત્રીજી સ્ત્રી ફુલાંથી કપૂરચંદ નામનો પુત્ર થયો એમ જણાય છે. જૈન રાસમાળામાં આ નામ આપેલું નથી. વિ સં. ૧૬૯૭માં ચોથી સ્ત્રી વાછીથી લક્ષ્મીચંદ થયા. એ પછીના પુત્રો પ્રશસ્તિ લખાયા પછી થયા લાગે છે."

૬. (i) 'ગૂપાઅ' પૃ૦ ૭૩૭ ઉપર જણાવાયું છે: "માણેકચંદનો વંશ સૂરતમાં અને બાકીનાં ચારનો અમદાવાદમાં ચાલ્યો." (ii) 'પ્રપૂ' પૃ૦ ૪૦ ઉપર જણાવાયું છે: "આ સિવાય પાછળથી એમને માણેકચંદ નામનો પુત્ર થયો હતો, જેનો વંશપરિવાર અત્યારે સૂરતમાં નિવાસ કરી રહ્યો છે."

૭. "His brother Vardhaman is said to have had six sons." — 'SHG', p. 55

૮. 'ગૂપાઅ'માં પૃ૦ ૧૨૦–૧૨૧ ઉપર ટેવરનીયરની અમદાવાદની મુલાકાતના સંદર્ભમાં એક કપોળકલ્પિત કથાનો ઉલ્લેખ ફૂટનોટમાં કરવામાં આવ્યો છે; જોકે, આ કથા સાવ ગપાટો જ છે એમ શ્રી રત્નમણિરાવ પોતે નોંધે જ છે, જે નોંધ યોગ્ય જ છે. આ ફૂટનોટ આ પ્રમાણે છે —

"ટેવરનીયરની મુસાફરીની અંગ્રેજી કલકત્તાની પ્રત પૃ૦ ૫૬થી ૬૪ અને પુરાતત્ત્વ પુ૦ ૨, પૃ૦ ૨૯૭ ઉપરથી સાર અને નીચેની વાતો લીધી છે....અમદાવાદના શાંતિદાસ શેઠને સંતાન નહોતું અને એમની સ્ત્રીને માછલીનો બનાવેલો કોઈ પદાર્થ ખાવાને એક નોકરે કહ્યું. હિંસા ન થાય તેથી એ સ્ત્રીએ ના પાડી પણ ખબર ન પડે એવી રીતે પદાર્થ થશે એવી ખાત્રી આપ્યાથી અને પુત્રૈષણાથી શેઠાણીએ એ પદાર્થ ખાધો અને ગર્ભ રહ્યો. પ્રસવ પહેલાં શેઠ ગુજરી ગયા. સગાં માલમીલકત વહેંચી લેવા આવ્યાં ત્યારે શેઠાણીની વાત જાણી એ વાત ખોટી ઠરાવવા પ્રયત્ન કરવા લાગ્યાં. શેઠાણીએ સુબા પાસે જઈ છોકરાના જન્મ સુધી મીલકતની વહેંચણી અટકાવી અને પુત્ર જન્મ્યો ત્યારે એ પુત્ર ખરો નથી એમ તકરાર પડી. સુબાએ માને બધી વાત પુછી અને બાળકને મંગાવી વૈદ્ય હકીમોએ નહાવાના વાસણમાં સ્નાન કરાવી પરીક્ષા લીધી ત્યારે માછલીની ગંધ નીકળી. છતાં સગાએ બાદશાહને અરજી કરી. બાદશાહે એ અખતરો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોતાની હજૂરમાં કરાવ્યો અને વાત સાચી નીકળવાથી વારસો બાઈને મળ્યો. શાંતિદાસ શેઠની બાબતમાં આ વાત માનવા જેવી લાગતી નથી. ટેવરનીઅરે ગપાટો સાંભળેલો લખ્યો છે."

'SHG' માં p. 76 ઉપર ફૂટનોટમાં આ કથાનો ઉલ્લેખ કરીને શ્રી કોમિસેરિયેટ પણ આ કથાને 'absurd story' જ કહે છે.

જ્યારે આપણને શ્રી શાંતિદાસ શેઠના પુત્રોની વંશાવલી પ્રાપ્ત થાય છે ત્યારે આવી કપોળકલ્પિત વાતમાં સહેજ પણ તથ્ય નથી એ સ્પષ્ટ છે.

૯. 'ઐગૂકાસ', પૃ૦ ૫૮ અને તેમાં જ રાસસારનું પૃ૦ ૨૪

૧૦. આ બધી વિગતોનું વર્ણન આ જ પુસ્તકના 'ગુરુને આચાર્યપદવી' નામે છઠ્ઠા પ્રકરણમાં કરવામાં આવ્યું છે.

૧૧. જુઓ : (i) 'IMFG', p. 54 અને 19; (ii) 'HOG', p. 148; (iii) 'SHG', p. 75.

૧૨. શ્રી કોમિસેરિયેટ આ વિમાસણનો ઉકેલ લાવવા માટે કલ્પના કરે છે, કે નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના મૃત્યુના સમાચાર આ ફરમાન અપાયું ત્યાં સુધી બાદશાહ ઔરંગઝેબને મળ્યા નહીં હોય. તેઓ લખે છે :

"This discrepancy cannot be satisfactorily explained until some further information comes to light. It is, however, possible that the news of the great jeweller's death did not reach the Mughal court until after the date of the issue of this Farman." —'SHG', p. 75

જોકે, શેઠ શ્રી શાંતિદાસ જેવા અગ્રણી નેતા, સંઘપતિ, નગરશેઠ, ખ્યાતનામ ઝવેરીના મૃત્યુના સમાચાર છ મહિના કે તેથી વધુ સમય દરમ્યાન પણ બાદશાહ સુધી ન પહોંચી શકે એમ માનવું એ પણ વધુ પડતું તો છે જ. એટલે બીજા સાહિત્યિક ઉલ્લેખ ન મળી શકે ત્યાં સુધી આ અંગે વધુ પ્રકાશ પ્રાપ્ત થઈ ન શકે.

૧૩. 'પ્રપૂ', પૃ૦ ૫૦૦

૧૪. જુઓ : આ જ પુસ્તકનું પ્રકરણ બીજું : 'કુટુંબ, વંશ અને પૂર્વજો'.

૧૫. 'SHG' માં p. 75 ઉપર, મૃત્યુ સમયે શ્રી શાંતિદાસ શેઠની ઉંમર સિત્તેર વર્ષ જેટલી હશે એમ દર્શાવતાં શ્રી કોમિસેરિયેટ જણાવે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"...but if we suppose that he was at least twenty years of age at the time when he installed the image of Mahasnath on the sacred hill of Shatrunjaya in 1612-13, he must have been about seventy years old at the time of his death."

(અર્થાત્ "...પણ આપણે જો એવી ધારણા કરીએ કે ઈ. સ. ૧૬૧૨-૧૩ માં શત્રુંજય ઉપર મહસનાથ-?-ની મૂર્તિની પ્રતિષ્ઠા કરી તે સમયે તેમની ઉંમર ઓછામાં ઓછી ૨૦ વર્ષ તો હોય જ, તો મૃત્યુ સમયે તેઓ લગભગ ૭૦ વર્ષની ઉંમર ધરાવતા હોય.")

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૧

# ઉપસંહાર

## ત્રિવિધ વ્યક્તિત્વ

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના વ્યક્તિત્વનો અભ્યાસ કરતાં, તેમના વ્યક્તિત્વમાં, ખૂબ જૂજ વ્યક્તિઓમાં જોવા મળે તેવાં ત્રણ પાસાંનો સુભગ સમન્વય થયેલો જોવા મળે છે : રાજકીય પાસું, સામાજિક પાસું અને ધાર્મિક પાસું. સમાજમાં કોઈ પણ વ્યક્તિનાં વ્યક્તિત્વમાં આમાંથી કોઈ એક પાસું અથવા તો આમાંનાં બે પાસાં જોવા મળે છે. પરંતુ આ ત્રણે ય પ્રકારે જેનું વ્યક્તિત્વ ખીલ્યું હોય તેવી વ્યક્તિઓ સમાજમાં ખૂબ ઓછી જોવા મળે છે. અને આવી જૂજ વ્યક્તિઓમાં તેઓનું સ્થાન છે તે બાબત ઓછી મહત્ત્વની નથી. આ ત્રણે ય પાસાંઓ તેમના જીવનમાં કેવી રીતે જોવા મળે છે તેનો પરિચય અહીં આપણે મેળવીશું. પણ તે અંગે એક બાબત નોંધપાત્ર છે કે તેમના વ્યકિતત્વને માત્ર સમજવા માટે જ આપણે તેને ત્રણ પાસાંમાં વહેંચીએ છીએ. ખરેખર તો આ ત્રણે ય પાસાંઓ તેમના વ્યકિતત્વમાં એકબીજાં સાથે એવા ઘનિષ્ઠ રીતે સંકળાયેલાં છે કે તેમાંના કોઈ-પણ એક પાસાને સંપૂર્ણ રીતે સમજવા જતાં બીજાં બે પાસાંઓને આવરી લેવાં જ પડે છે. બીજી રીતે કહીએ તો કોઈ પણ એક પાસામાંથી બીજાં બે પાસાં ફલિત થતાં જોવા મળે છે. અથવા તો આ ત્રણે ય પાસાં તેમના જીવનનાં એકબીજા સાથે અવિભાજ્ય રીતે સંકળાયેલાં દૃષ્ટિગોચર થાય છે.

## ત્રણ ગુણોનો ત્રિવેણીસંગમ

તેમના વ્યક્તિત્વનાં આ ત્રણ પાસાનો પરિચય મેળવીએ તે પહેલાં તેમના વ્યક્તિત્વમાં બીજી દૃષ્ટિએ ત્રણ ગુણોનો ત્રિવેણીસંગમ થયેલો જોવા મળે છે તેની નોંધ પણ લઈએ. આ ત્રણ ગુણો આ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રીતે: તેઓ મૂળ ક્ષત્રિય રાજવંશમાંથી આવેલ હોવાથી તેમના વ્યક્તિત્વમાં ક્ષત્રિયોમાં જોવા મળતો ક્ષાત્રતેજનો ગુણ જોવા મળે છે. તેઓ જ્ઞાતિએ ઓસવાળ હોવાથી 'ઓસવાળ ભૂપાળ' એ ઉક્તિને સાર્થક કરે તેવા રાજતેજના ગુણનો પણ તેમના વ્યક્તિત્વમાં સમાવેશ થયેલો જોવા મળે છે. આ રાજતેજને કારણે જ તેઓ સર્વમાન્ય મહાજનપદ અને નગરશેઠપદ જેવાં સ્થાનોએ પહોંચી શકચા છે એમ કહી શકાય. વળી તેઓ ધંધાર્થે વણિક હોવાથી વણિક જ્ઞાતિમાં જોવા મળતી વેપાર-વણજની આવડત પણ તેમનામાં જોવા મળે છે. આમ એક સાથે ક્ષાત્રતેજ, રાજતેજ અને વેપાર-વણજની આવડત — આ ત્રણ ગુણોનો ભાગ્યે જ જાવા મળતો એવો ત્રિવેણીસંગમ તેમના વ્યક્તિત્વમાં જોવા મળે છે.

તેમના વ્યક્તિત્વને ત્રણ પાસાંમાં વહેંચીને સમજવાનો આપણે પ્રયત્ન કરીએ તો તેના આધારે તેમના વ્યક્તિત્વનું એક સુરેખ ચિત્ર આપણે ઊભું કરી શકીશું. તેમની કારકિર્દીની શરૂઆત જ મોગલ રાજદરબારથી થયેલી જોવા મળે છે. એટલે તેમના વ્યક્તિત્વમાં ખીલેલાં રાજકીય પાસાને પ્રથમ જોઈને બાકીનાં બે પાસાંનો તેમનામાં થયેલો વિકાસ આપણે પછી જોઈશું.

## તેમના વ્યક્તિત્વનું રાજકીય પાસું

શુદ્ધ ક્ષત્રિય ગણાતા સીસોદીઆ રજપૂતના વંશજ, સહસકિરણના પુત્ર શાંતિદાસ યુવાન વયે અકબરના રાજદરબારમાં ઝવેરી તરીકે ઉપસ્થિત થયા હતા એમ કહેવાય છે. જેમના જન્મ સમયની માહિતીનો અભાવ છે તેવા યુવાન શાંતિદાસના જન્મ વિષે કલ્પના કરી શકાય કે અકબરના રાજદરબારમાં ઉપસ્થિત થતા શાંતિદાસની ઉંમર ૧૫-૨૦ વર્ષની તો સહેજે હોય; અને બાદશાહ અકબર ઈ. સ. ૧૬૦૫ માં મૃત્યુ પામ્યા, એટલે શાંતિદાસનો જન્મ ઈ. સ. ૧૫૮૫–૯૦ આસપાસ થયો હોવો જોઈએ, એમ અનુમાન કરી શકાય.

ધંધાકીય દૃષ્ટિએ એક ઝવેરી તરીકે તેઓ બાદશાહ અકબર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પછીના ચાર મોગલ રાજવીઓ — જહાંગીર, શાહજહાં, મુરાદબક્ષ અને ઔરંગઝેબ સાથે ઘનિષ્ઠ સંબંધો સ્થાપી શકયા હતા. મોગલ રાજદરબારમાં, ઝવેરી તરીકે પડકાર ફેંકે તેવા બાદશાહના પ્રશ્નનો જવાબ આપવામાં યુવાન વયે તેઓ સફળ થયા અને ત્યાંથી તેમના રાજદરબાર સાથેના સંબંધની શરૂઆત થઈ. એક ઝવેરી તરીકે તો તેઓ જીવનના અંત સુધી રાજવીઓ સાથે સંકળાયેલા રહ્યા જ છે, તેનાથી પણ આગળ વધીને તેઓ બાદશાહની વિશ્વાસુ વ્યકિત તરીકેનું સ્થાન પણ મેળવી શકયા છે. ઝવેરાતની બાબતમાં તો તેઓ બેગમોના જનાનખાના સુધી, તેમના અંગત સલાહકાર ઝવેરી તર કે પહોંચી શકયા, સાથે સાથે જહાંગીર, શાહજહાં, મુરાદબક્ષ અને ઔરંગઝેબ આ ચારે ય મોગલ બાદશાહોને અવારનવાર રાજ્યાભિષેક જેવા સારા પ્રસંગોએ, પ્રસંગને અનુરૂપ ઉત્તમ ઝવેરાત પણ પહોંચાડતા રહ્યા.

ઝવેરી તરીકે મોગલ બાદશાહના સંપર્કમાં આવેલ શ્રી શાંતિદાસ જહાંગીર, શાહજહાં, મુરાદબક્ષ અને ઔરંગઝેબ – ચારે ય બાદશાહોના સ્વભાવ, મિજાજ અને તેમની રાજકીય નીતિને પારખી શકયા અને કોની સાથે કેવી રીતે કામ લેવું તેની કોઠાસૂઝથી જ તેઓ ચારે ય બાદશાહો પાસેથી પાલીતાણા – શત્રુંજય, ગિરનાર, આબુ, તારંગા, કેશરીનાથ અને શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જેવાં જૈન તીર્થોના રક્ષણને લગતાં ફરમાનો મેળવી શકયા. તેમને મળેલ ફરમાનોમાં ઝવેરી તરીકેના તેમના રાજદરબારમાંના ઉન્નત સ્થાનનો નિર્દેશ કરે તેવાં ફરમાનો પણ છે, તેમની સ્થાવર મિલકતની સુરક્ષા અંગે આદેશ આપતાં ફરમાનો પણ છે, તો યુદ્ધ સમયે ઔરંગઝેબને લોનરૂપે ધીરેલા પૈસા પાછા મેળવવાને લગતાં ફરમાનો પણ છે. કોઈ એક વ્યકિતને ચાર ચાર બાદશાહો પાસેથી આટલી મોટી સંખ્યામાં ફરમાન મળ્યાં હોય તેવા દાખલા ઇતિહાસના પાને ખૂબ જૂજ જોવા મળે છે.

મોગલ બાદશાહો પાસેથી વિવિધ બાબતોને લગતાં ફરમાનો મેળવવાની સાથે સાથે તેઓ અમદાવાદનું – પોતાના વતનનું – નગરશેઠ-



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પદ અને મહાજનપદ મેળવીને તેને યોગ્ય રીતે નિભાવી પણ શકયા. બાદશાહ ઔરંગઝેબ ઈ. સ. ૧૬૫૮માં રાજગાદીએ આવ્યા ત્યારે અવ્યવસ્થા અને અંધાધૂંધીના સમયમાં તેઓ પ્રજાજોગ શાંતિસંદેશ એક ફરમાનના રૂપમાં, નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને અત્યંત વિશ્વાસુ વ્યક્તિ ગણી, તેમને સંદેશવાહક દૂત બનાવીને તેમના દ્વારા જ ગુજરાતની પ્રજાને મોકલાવે છે. એ હકીકત નોંધપાત્ર છે કે એક વખત જે બાદશાહ શેઠ શ્રી શાંતિદાસ ઝવેરીએ બંધાવેલ દેરાસરને ભ્રષ્ટ કરે છે તે જ બાદશાહ ઔરંગઝેબ તેમને જ શાંતિના સંદેશવાહક દૂત બનાવે છે. ધર્મઝનૂની કહેવાતા બાદશાહનો વિશ્વાસ તેઓ સંપાદન કરી શકયા હતા તેનો આ ફરમાન પુરાવો છે.

### તેમના વ્યક્તિત્વમાં જોવા મળતુ સામાજિક પાસુ

તેમના આ રાજકીય પાસાનો વિચાર કરતાં આપણને એ નિઃસંદેહ જણાય છે કે તેઓ રાજા અને પ્રજા બંને સાથે ઘનિષ્ઠ સંબંધ સ્થાપી શકયા હતા. અને આ દૃષ્ટિએ જોઈએ તો તેમના વ્યક્તિત્વના રાજકીય પાસાની સાથે સાથે જ સામાજિક પાસાનો પણ એટલો જ વિકાસ થયો હતો. નગરશેઠપદ અને મહાજનપદ તેમના આ સામાજિક પાસાનો નિર્દેશ કરવા માટે પૂરતાં છે. પોતાના સમાજના પ્રશ્નો જાણીને તેનો નિવેડો લાવવા માટે નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીની હવેલીનાં દ્વાર બધાંને માટે હંમેશાં ખુલ્લાં રહેતાં. મહાજનના અગ્રેસર તરીકે તેઓ સમાજના — ખાસ કરીને જૈન સમાજનાં — નાના-મોટા પ્રશ્નોથી સજાગ રહીને તેવા પ્રશ્નોનો નિવેડો લાવવા માટે પણ પ્રયત્નશીલ રહેતા.

સમાજની આમજનતા પણ ધાર્મિક સત્કાર્યોમાં જોડાઈને પોતાની ધર્મભાવના વિકસાવી શકે તે માટે તેઓ ગમે તેટલો ખર્ચ કરતાં પણ અચકાતા નહીં. ઈ. સ. ૧૬૧૮ની સાલમાં તેમણે પાલીતાણાનો સંઘ પૂરી વ્યવસ્થા, પૂરતો બંદોબસ્ત અને પૂરતાં સાધનો સાથે કાઢયો હતો તે હકીકત આની સાક્ષી પૂરે છે. આ સંઘમાં તે સમયે પંદર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હજાર કરતાં પણ વધારે શ્રાવકો અને સાધુ-સાધ્વીઓ જોડાયા હતા અને તે બધાંની વ્યવસ્થા — દેવ-દર્શનથી માંડીને તે ક્યાંક ઝઘડો-ટંટો થાય તો તેના નિકાલની પણ વ્યવસ્થા સાથે — તેઓ જાળવી શક્યા હતા.

## તેમના વ્યક્તિત્વમાં થયેલો ધાર્મિક પાસાનો વિકાસ

આમ જોતાં તેમનામાં સામાજિક પાસાની સાથે જ તેમના વ્યક્તિત્વના ધાર્મિક પાસાનો વિકાસ પણ થયેલો જોઈ શકાય છે. દેવ-દર્શન જેવા ધાર્મિક વિધિઓને તેમના દૈનિક જીવનમાં તો સ્થાન હતું જ; સાથે સાથે ગુપ્તદાન કરવું, યાત્રા–પ્રવાસ કરવા અને કરાવવા જેવી પ્રવૃત્તિઓનું પણ તેમના જીવનમાં અગત્યનું સ્થાન હતું. પોતે પોતાની આવડતથી અને દૈવયોગે, પોતાના ભાઈ વર્ધમાનની સાથે મળીને લગભગ સમગ્ર ભારતને ખૂંદીને જે ધન કમાયા હતા તેનો ઉપયોગ જૈન ધર્મ, જૈન તીર્થો અને જૈન સમાજના ઉત્કર્ષમાં કરતાં તેઓ જરા પણ અચકાતા ન હતા, એ ઓછું મહત્ત્વનું નથી.

તેમને ચિંતામણિ-મંત્રના ફળની પ્રાપ્તિ કરાવી આપનાર શ્રી મુક્તિસાગરજીને આચાર્યપદવી આપવામાં પણ તેમનો ઉત્સાહભર્યો ફાળો નોંધપાત્ર છે. આ પ્રસંગે થયેલી અનેક ખટપટો અને વિવિધ વિઘ્નોમાંથી રસ્તો કાઢીને તેમણે આ આચાર્યપદપ્રદાનપ્રસંગ અમદાવાદમાં ખૂબ શાનદાર રીતે ઊજવ્યો હતો, એટલું જ નહીં, સાગરગચ્છના આ આચાર્ય સાથે તેમને એવો તો ઘનિષ્ઠ સંબંધ હતો કે જ્યારે પોતાના અંતિમ સમયે આચાર્ય શ્રી મુક્તિસાગરજીએ જૈન સમાજને છેલ્લા ધર્મલાભ કહ્યા ત્યારે નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી માટે તેઓએ 'અમ્હારઈ પ્રાણુ આધાર' (અમારા પ્રાણના આધાર સમા) એવા શબ્દો વાપર્યા હતા.

## તેમના જીવનની એક નોંધપાત્ર ઘટના

આચાર્યપદવીનો આ પ્રસંગ તેમના ધાર્મિક વ્યક્તિત્વનો ખ્યાલ આપે છે, સાથે સાથે બીજો પણ એક પ્રસંગ તેમના આ ત્રિવિધ વ્યક્તિત્વનો પરિચય કરાવે છે. તે છે 'શ્રી ચિંતામણિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાર્શ્વનાથના દેરાસર'ના નિર્માણ અને તેની સાચવણીને લગતો પ્રસંગ.

અમદાવાદમાં એક ભવ્ય દેરાસરનું નિર્માણ કરવાનો વિચાર થતાં નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીએ ઈ. સ. ૧૬૨૧માં સરસપુરમાં તેના બાંધકામનું કામ શરૂ કરાવીને ઈ. સ. ૧૬૨૫માં તેમાં મૂળનાયક શ્રી ચિંતામણિ પ્રાર્શ્વનાથ અને અન્ય મૂર્તિઓ પધરાવીને તેની પ્રતિષ્ઠા કરી. ઈ. સ. ૧૬૩૮માં જર્મન પ્રવાસી આલ્બર્ટ ડી. મેન્ડેલસ્લોએ મુલાકાત લઈને જેનાં વખાણ કર્યાં અને જેને ઉદ્દેશીને ઈ. સ. ૧૬૪૧માં 'શ્રી ચિંતામણિપ્રશસ્તિ' કાવ્યની રચના થઈ તેવું આ દેરાસર કમનસીબે કાળપ્રવાહમાં તુર્ત જ નષ્ટ થઈ ગયું. ઈ. સ. ૧૬૪૫માં ધર્મઝનૂની મોગલ રાજવી ઔરંગઝેબે તેમાં ગાયનો વધ કર્યો, તોડફોડ કરી અને તેને મસ્જિદમાં ફેરવવાનો પ્રયત્ન કર્યો. આ બનાવ પછી ત્રણ વર્ષ જેટલા ટૂંકા ગાળામાં જ, પોતાના મુત્સદ્દીપણાથી આ દેરાસર પાછું મેળવવા અંગેનું શાહી ફરમાન બાદશાહ શાહજહાં પાસેથી નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી મેળવી શક્યા તે કાર્ય વાઘના મોંમાં ગયેલા સસલાને જીવતું પાછું લાવવા જેવું ગણી શકાય. પણ જેમાં ગાયનો વધ થયેલો એ સ્થાનને અપવિત્ર ગણીને જૈનો તેનો ફરીથી દેરાસર તરીકે સ્વીકાર ન કરી શક્યા. તેથી ખંડેર બની ગયેલા આ દેરાસરનું વર્ણન પણ આપણને ઈ. સ. ૧૬૬૬માં તેની મુલાકાત લેનાર ફ્રેંચ મુસાફર થેવેનો પાસેથી મળે છે. તીર્થનું નિર્માણ કરવામાં અને તેની રક્ષા કરવામાં સદા તત્પર એવા નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી આ કમનસીબ બનાવ બન્યો તે દરમ્યાન પણ આ દેરાસરની મુખ્ય મુખ્ય મૂર્તિઓને બચાવીને ઝવેરીવાડમાં સાચવી શક્યા તે પણ ઓછી અગત્યની ઘટના નથી.

પોતાનાં તીર્થોની રક્ષા માટે તેઓ કેટલા સજાગ હતા તેના નમૂનારૂપે તેમણે પાલીતાણા રાજ્યના તે વખતના ગોહેલ રાજવી કાંધાજી સાથે સં. ૧૭૦૭માં કરેલ રખોપાનો પહેલો કરાર પણ નોંધી શકાય તેમ છે. મોગલ રાજસત્તાનો ક્યારે અંત આવે તે કહેવાય નહીં અને તેવા સંજોગોમાં પાલીતાણામાં આવેલ શત્રુંજય તીર્થને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હાનિ ન પહોંચે તે માટે અગમચેતી દાખવીને ગોહેલો સાથે રખોપાનો આ કરાર કરાવવામાં તેમનો હિસ્સો નાનોસૂનો ન હતો.

### સુવિકસિત વ્યક્તિત્વ

તેમના જીવનની આ બધી ઘટનાઓ તેમના વ્યક્તિત્વમાં તાણાવાણાની જેમ ગૂંથાયેલાં ત્રિવિધ પાસાંનો પરિચય આપવા માટે પૂરતી જ છે. તેમના જન્મ સમય અંગે, આયુષ્ય કેટલા વર્ષનું હતું તે અંગે, મૃત્યુ નિશ્ચિત રીતે કઈ સાલમાં થયું એ અંગે પૂરતાં ઐતિહાસિક કહી શકાય તેવાં સાધનોના અભાવમાં પણ તેમના જીવનની ઉપર્યુક્ત ઘટનાઓનો ઉલ્લેખ જૈન સાહિત્યની અનેક કૃતિઓમાં અને શ્રી એમ. એસ. કોમિસેરિયેટ જેવા ઇતિહાસકારની કૃતિઓમાં જોવા મળે છે, તે હકીકત તેમના સંપૂર્ણપણે સુવિકસિત કહી શકાય તેવા વ્યક્તિત્વને સમજવા માટે અધૂરી હોય તો પણ અપૂરતી તો નથી જ.

ચાર પત્નીઓ અને પાંચ પુત્રોનો બહોળો પરિવાર ધરાવનાર આ જાજરમાન નગરશેઠના વ્યક્તિત્વ વિષે શ્રીયુત ડુંગરશીભાઈ સંપટ, ટૂંકમાં પણ સચોટ રીતે (પોતાના પુસ્તક 'પ્રતાપી પૂર્વજો'ના પૃ૦ ૯ ઉપર) જણાવે છે : "એની પ્રસન્ન મુખમુદ્રા, શાંત સ્વભાવ, મીઠી આકર્ષક વાત કરવાની ઢબ અને સજ્જન વ્યવહાર સહુને મુગ્ધ કરતા હતા."

### નોંધપાત્ર વારસદારો

ઈ. સ. ૧૬૫૯–૬૦ના સમયમાં કોઈક દિવસે મૃત્યુ પામેલ આ પ્રભાવશાળી નગરશેઠ પોતાના કુટુંબમાં પોતાના ગુણોનો વારસો આપીને જાય છે, જેની સાબિતીરૂપે તેમની પછી અમદાવાદના નગરશેઠ બનેલા તેમના પુત્ર શ્રી લક્ષ્મીચંદ અને તેના વારસદારોને મૂકી શકાય તેમ છે. તેમના કુટુંબમાં થઈ ગયેલા નગરશેઠ શ્રી ખુશાલચંદ, નગરશેઠ શ્રી વખતચંદ, નગરશેઠ શ્રી હેમાભાઈ, નગરશેઠ શ્રી પ્રેમાભાઈ અને બીજાં અનેક નામો તેમના સદ્ગુણોના બીજને વિકસાવનાર વ્યક્તિઓ તરીકે મૂકી શકાય તેમ છે.

સુપ્રસિદ્ધ ઇતિહાસકાર શ્રી કોમિસેરિયેટ પોતાના પુસ્તક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'Studies in the History of Gujarat'માં પૃ૦ ૫૩ ઉપર નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના વ્યક્તિત્વનો ગૌરવપૂર્ણ રીતે ઉલ્લેખ કરતાં ઉચિત રીતે જ જણાવે છે :

"જૈનદર્શને ગુજરાતમાં સદીઓ દરમ્યાન અનેક ધાર્મિક માર્ગદર્શકો અને ઉપદેશકો પેદા કર્યા છે કે જેમના નામ જૈન જ્ઞાતિ દ્વારા ગૌરવપૂર્વક લેવામાં આવે છે. પરંતુ તેના સાંસારિક વ્યક્તિત્વોમાં એવું એક પણ નામ નથી કે જે શાંતિદાસ ઝવેરીની સરખામણીમાં આવી શકે. જૂના ઐતિહાસિક પરંપરા પ્રમાણે તેમને અમદાવાદના 'નગરશેઠ' કે 'લોર્ડ મેયર'નું પદ ૧૭ મી સદીના શરૂઆતના વર્ષોમાં મળ્યું હતું એમ માનવામાં આવે છે. મોગલ સામ્રાજ્યના અધિકારી ઉમરાવો સાથે કોઈપણ જાતનો સંબંધ ન હોવા છતાં, શાંતિદાસ, પોતાના વ્યાપારી સંબંધો અને પોતાની વિશાળ સંપત્તિના કારણે, જહાંગીરથી લઈને ઔરંગઝેબ સુધીના એક પછી એક મોગલ બાદશાહોના દરબારમાં પોતાનો પ્રભાવ પાડી શક્યા હતા, કે જેની સામ્રાજ્યમાં ઊંચો દરજ્જો ધરાવતા ઘણા અમીરો અથવા મનસબદારોને અદેખાઈ આવી હોવી જોઈએ."

જૈન સમાજ માટે ગૌરવરૂપ એવા આ જાજરમાન નગરશેઠને આપણી કોટી કોટી વંદના !

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ

## નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના ઉજ્જવળ વારસદારો

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વનો પરિચય આપણે આગળનાં પ્રકરણોમાં મેળવ્યો. કોઈ પણ પ્રતિભાસંપન્ન વ્યક્તિ વિષે સામાન્ય માણસને એક સ્વાભાવિક પ્રશ્ન થાય કે તેનાં સંતાનો અને વારસદારોમાં તે વ્યક્તિની પ્રતિભાની છાંટ જોવા મળે છે કે નહીં. આ પ્રશ્ન પરત્વે અનેક મનોવૈજ્ઞાનિક સંશોધનો પણ થયાં છે. આપણે અહીંયાં નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના કેટલાક નોંધપાત્ર વારસદારોનો ટૂંક પરિચય મેળવીએ તે બાબત આવા મનો-વૈજ્ઞાનિક સંશોધનની દૃષ્ટિએ ઉચિત ગણી શકાય. અલબત્ત, અહીંયાં એવા કોઈ સંશોધનનો દાવો નથી.

વળી નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીએ જૈનધર્મ અને જૈન તીર્થોના વિકાસમાં જે નોંધપાત્ર ફાળો આપ્યો છે, જે રાજકીય ફરમાનો મેળવ્યાં છે; તે પરંપરાને ટકાવીને તેને વિકસાવવા માટે તેમના કુટુંબ-માં તેમનાં અનુગામી વારસદારો શો ભાગ ભજવે છે, કેવા કેવા પ્રયત્નો કરે છે તે જાણવાની દૃષ્ટિએ પણ તેમના વારસદારોનો પરિચય સુસંગત લેખાય

સાથેસાથે તેમને અમદાવાદના નગરશેઠ તરીકેનું જે બિરુદ મળેલું તે બિરુદ ટકાવીને તેમના કુટુંબના જે સભ્યો તે સ્થાનને શોભાવી ગયા તેમનો પરિચય મેળવવો ઐતિહાસિક દૃષ્ટિએ પણ ઉપયોગી લેખાય.

અહીંયાં આપણે તેમના વંશજોમાંથી મુખ્યત્વે કરીને અમદાવાદ-ના નગરશેઠના સ્થાને કાર્યશીલ બનેલ વંશજોનો પરિચય મેળવીશું અને તે સિવાય નોંધપાત્ર વ્યક્તિઓનો નામોલ્લેખ કરીશું.[૧]

આ પરિચય મેળવતાં પહેલાં એ વાતની સહર્ષ નોંધ લઈએ કે નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીમાં જે ક્ષાત્રતેજ, રાજબીજ અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વેપાર ખેડવાની આવડતનો સમન્વય થયેલો જોવા મળે છે તે ગુણો વત્તે-ઓછે અંશે તેમના વારસદારોમાં પણ દષ્ટિગોચર થાય છે. વારસાગત રીતે આવા ગુણો તેમનાં સંતાનોમાં અને તે પછી પેઢી દર પેઢી તેમના વારસદારોમાં કંઈક અંશે ઊતરી આવ્યા હોય તેમ લાગે છે. અને સાથે સાથે તેમના કુટુંબમાં આ ગુણોને પોષણ મળે તેવું વાતાવરણ મળ્યા કર્યું હોય તેમ પણ લાગે છે. કોઈ પણ એક કુટુંબમાં બે-પાંચ પેઢી સુધી સંસ્કાર, પૈસો, વૈભવ, આવડત વગેરે ટકી શક્યાં હોય એવાં અનેક ઉદાહરણો કોઈ પણ સમાજમાંથી આપણને મળી શકે, પરંતુ આવો વારસો દસ-બાર પેઢી સુધી ટકવાનાં ઉદાહરણો ઇતિહાસના પાને ખૂબ ઓછાં નોંધાયાં છે. અહીં આપણે નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના આવો વારસો સાચવનાર ઉજ્જવળ વારસદારોનો ટૂંક પરિચય મેળવીએ.

## નગરશેઠ શ્રી લક્ષ્મીચંદ

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના પાંચ પુત્રોમાંથી નગરશેઠપદની જવાબદારી અદા કરવાનું માન તેમના પુત્ર શ્રી લક્ષ્મીચંદ ભોગવે છે. મોગલ રાજદરબાર સાથે સંબંધો જાળવી રાખવાની અને બહોળો વેપાર ખેડવાની આવડત નગરશેઠ શ્રી લક્ષ્મીચંદને કુટુંબમાંથી જ પ્રાપ્ત થાય છે.

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના પુત્ર અને નગરશેઠ શ્રી લક્ષ્મીચંદના ભાઈ શ્રી માણેકચંદે ઈ. સ. ૧૬૫૭ની સાલમાં તે વખતના ગુજરાતના સૂબા મુરાદબક્ષને રૂા. સાડા પાંચ લાખ ધીર્યા હતા. આ પૈસા પાછા આપવા અંગેનાં ફરમાનોનો ઉલ્લેખ આપણે આ જ પુસ્તકના પ્રકરણ નં. નવ ('નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને પ્રાપ્ત થયેલ ફરમાનો')માં ફરમાન નં. ૧૯, ૨૦ અને ૨૧ તરીકે કરી ગયા છીએ. પોતાના ભાઈ માણેકચંદની જેમ નગરશેઠ શ્રી લક્ષ્મીચંદ પણ વેપાર અને ધીરધાર કરવામાં સક્રિય રહેતા હશે તેનો ખ્યાલ આપે તેવા એક ફરમાનનો ઉલ્લેખ અહીં નોંધપાત્ર છે. 'જૈન રાસમાળા' પુસ્તક-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ની સમાલોચનાના પૃ૦ ૩૦-૩૧ ઉપર રજૂ થયેલ એક ફરમાનની નકલમાં દર્શાવાયું છે તે પ્રમાણે પોતાના લેણદારો પાસેથી પોતાના લેણાં થતાં પૈસા કાયદેસર રીતે પાછા મેળવવામાં તે વખતના અધિકારીઓ નગરશેઠ શ્રી લક્ષ્મીચંદને મદદ કરે તે અંગે સૂચના કરવામાં આવી છે.[૨]

બાદશાહ ઔરંગઝેબ પછી ગાદીએ આવેલ ઔરંગઝેબનો પુત્ર મુઆઝીમ ઉર્ફે બહાદુરશાહ નગરશેઠ શ્રી લક્ષ્મીચંદને પ્રથમ પંક્તિના અમીર બનાવીને તેમને પાલખી, છત્ર અને મશાલનું માન આપે છે. નગરશેઠ શ્રી લક્ષ્મીચંદની હવેલીએ ૫૦૦ હથિયારબંધ સિપાઈઓ રહેતા. નગરશેઠ શ્રી લક્ષ્મીચંદે પણ બહાદુરશાહને લશ્કરનાં સાધનો, રેશન (ખાદ્યસામગ્રી), પૈસા વગેરેની મદદ કરી હતી. બહાદુરશાહ પછી રાજગાદી માટેના યુદ્ધમાં તેના મોટા દીકરા જહાંદારશાહનો પક્ષ લઈને લક્ષ્મીચંદે તેને મદદ કરી. તેથી જહાંદારશાહ ગાદીએ આવતા શેઠ લક્ષ્મીચંદનાં માન વધી ગયાં. પરંતુ જહાંદારશાહ અફીણ, દારૂ, રખાતના વ્યસનમાં પડવાથી નગરશેઠ શ્રી લક્ષ્મીચંદે તેમની સાથેનો સંબંધ ઓછો કરી નાખ્યો.[૩]

વિ. સં. ૧૭૧૭ના દુકાળમાં શેઠ લક્ષ્મીચંદ અને તેમના ત્રણ ભાઈઓએ દાનવીર જગડુશાહની જેમ લોકોને સહાય કરી હતી.[૪]

## ખમીરવંત નગરશેઠ શ્રી ખુશાલચંદ

અમદાવાદના નગરશેઠપદની પરંપરામાં નગરશેઠ શ્રી લક્ષ્મીચંદની પછી નગરશેઠાઈ ભોગવનાર તેમના પુત્ર નગરશેઠ શ્રી ખુશાલચંદનું નામ ઉજ્જવળ અક્ષરે અંકિત થયેલું છે. 'ઓસવાલ ભૂપાલ' એ ઉક્તિને સાર્થક કરે એ રીતે, તેમનામાં જે સમયે જેની સત્તા ચાલતી હોય તેની સાથે કેવી રીતે કામ પાડવું તે કુશળતા હતી. તેથી જ કદાચ તેમને ગાયકવાડ સરકાર અને પેશ્વા સરકાર તરફથી પાલખી, છત્ર અને વર્ષાસન મળેલાં.[૫]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુજરાતમાં મરાઠાઓના આક્રમણના સમય દરમ્યાન છવાયેલ અંધાધૂંધી અને લૂંટફાટ તેમ જ અવ્યવસ્થાના સમયમાં તેઓ પોતાના વેપારના વિકાસ તો કદાચ ઓછો કરી શકત્રા હતા, પરંતુ તેમની ધીરધાર મોટી હતી અને રાજતંત્ર બદલાઈ જતાં જો કોઈ મોટી ખોટ આવે તો નવી સત્તાને મળીને આગલા નાણાં વસૂલ કરી લેવાની આવડત પણ તેમની પાસે હતી. ધાર્મિક આચાર-વિચાર ધરાવનાર અને ખૂબ ભાવનાશીલ એવા આ નગરશેઠે પોતાની આવડત અને મુત્સદ્દીગીરીથી અમદાવાદ શહેરના કરેલા બચાવનો પ્રસંગ સવિશેષ નોંધપાત્ર છે. આ પ્રસંગની વિગતો જોઈએ.[૬]

દિલ્હીમાં બાદશાહ મુહમ્મદશાહની રાજસત્તા હતી તે સમય (ઈ. સ. ૧૭૧૯ થી ૧૭૪૮) દરમ્યાન નગરશેઠ ખુશાલચંદ અમદાવાદના નગરશેઠ તરીકે ખૂબ સક્રિય જીવન જીવી ગયા તે સમયગાળા દરમ્યાનનો આ પ્રસંગ છે.

ઈ. સ. ૧૭૨૨ના અંતભાગમાં બાદશાહ મુહમ્મદશાહે પોતાના મહાન વઝીર નિઝામ-ઉલ-મુલ્કને ગુજરાતના વાઈસરૉય તરીકે નીમ્યા હતા. પરંતુ નિઝામ-ઉલ-મુલ્કે માળવા સુધીના પ્રદેશની કાર્યવાહી પોતાની હસ્તક રાખી અને ગુજરાતમાં તેમણે પોતાના કાકા હમીદખાનને પોતાના ડેપ્યુટી તરીકે મોકલ્યા. આ પછી ઈ. સ. ૧૭૨૩માં નિઝામ-ઉલ-મુલ્કે રાજધાનીમાંની પોતાની ઑફિસમાંથી તેમ જ ગુજરાતની સૂબેદારીમાંથી પણ રાજીનામું આપ્યું. એટલે બાદશાહ મુહમ્મદશાહે ગુજરાતના વાઈસરૉય તરીકે સરબુલંદખાનને નીમ્યા. આ સરબુલંદખાને સુજાતખાન નામની બાહોશ વ્યક્તિને ડેપ્યુટી તરીકે નીમી. એટલે અમદાવાદ આ સુજાતખાનના અમલ નીચે આવે તેવી પરિસ્થિતિ થઈ. પરંતુ નિઝામ-ઉલ-મુલ્કે નીમેલ હમીદખાન સંઘર્ષ વગર સુજાતખાનને અમદાવાદ સોંપવા તૈયાર ન હતા.

તે સમયના મરાઠા નેતા કંથાજી સાથે હાથ મિલાવીને હમીદખાને ડિસેંબર ૧૭૨૪માં, વીરતાપૂર્વક પોતાનો સામનો કરનાર સુજાતખાનને હાર આપીને તથા તેનું મૃત્યુ નિપજાવીને અમદાવાદમાં પ્રવેશ કર્યો. ત્યારબાદ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુજાતખાનના બે ભાઈઓ — ઇબ્રાહીમકુલીખાન અને રુસ્તમઅલીખાન — નું મૃત્યુ નિપજાવવામાં પણ હમીદખાન સફળ થયો, તે આ રીતે : ઇબ્રાહીમકુલીખાન ૧૦ મી ડિસેંબર ૧૭૨૪ના રોજ અમદાવાદમાં હમીદખાનને મળવા જતાં હમીદખાને તેને ત્યાં જ પૂરો કરાવી દીધો. તે પછી રુસ્તમઅલીખાને પિલાજી ગાયકવાડ સાથે હાથ મિલાવીને હમીદખાનને વસો પાસે લડત આપી, પણ પિલાજી ગાયકવાડે રુસ્તમ-અલીખાનને દગો દીધો તેથી રુસ્તમઅલીખાન પણ ૧૦ મી ફેબ્રુઆરી ૧૭૨૫ના દિવસે વીરોચિત મૃત્યુ પામ્યો.

ઈ. સ. ૧૭૨૫ના ફેબ્રુઆરી માસની ૧૯ મી તારીખે વિજયી હમીદખાન તેના મરાઠા સાથીઓ કંથાજી અને પિલાજી (કે જેણે રુસ્તમઅલીખાનને દગો દીધો હતો તે)ની સાથે અમદાવાદ શહેરમાં પાછા ફર્યા ત્યારે હમીદખાનના મરાઠા સાથીદારોએ શહેર લૂંટવાનો પ્રયત્ન કર્યો. તે વખતે મરાઠાઓની લૂટમાંથી અમદાવાદ શહેરને બચાવવા માટે નગરશેઠ શ્રી ખુશાલચંદે પોતાના પૈસા અને જાનના જોખમે પ્રયત્ન કર્યો.

કેટલાક ઉલ્લેખો પ્રમાણે[૭] નગરશેઠ ખુશાલચંદે હમીદખાનને અમદાવાદ શહેરમાં પેસવામાં મદદ કરી. આ વાત કદાચ ખરી હોય તો પણ પાછળથી અમદાવાદ શહેરને મરાઠાઓની લૂંટમાંથી બચાવવાનું શ્રેય તો નગરશેઠ શ્રી ખુશાલચંદને જ જાય છે, જેના પરિણામ સ્વ-રૂપે અમદાવાદ શહેરના મહાજન તરફથી નગરશેઠ શ્રી ખુશાલચંદને ઐતિહાસિક દૃષ્ટિએ અગત્યનો ગણી શકાય તેવો દસ્તાવેજ પ્રાપ્ત થાય છે,[૮] જેની વિગત આ પ્રમાણે છે :

અમદાવાદ શહેરના મહાજનના ૫૩ જેટલા હિંદુ અને મુસલ-માન વેપારીઓની સહીથી વિ. સં. ૧૭૮૧, શક સં. ૧૬૪૬, ના આસો સુદ ૧૩ના દિવસે (એટલે કે તા. ૮ ઑક્ટોબર ૧૭૨૫ના દિવસે) લખાયેલ આ દસ્તાવેજ નગરશેઠ શ્રી ખુશાલચંદને ઉદ્દેશીને છે. આ દસ્તાવેજમાં ડચ, અંગ્રેજ અને ફ્રેંચ વેપારીઓની સહી નથી, પણ આ વેપારીઓએ પણ આ દસ્તાવેજની વિગતને સાથ આપ્યો છે તેવા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉલ્લેખો મળે છે. જૂની ગુજરાતીમાં લખાયેલ આ દસ્તાવેજમાં જણાવવામાં આવ્યું છે કે હમીદખાનના સમયમાં મરાઠાઓ જ્યારે અમદાવાદ શહેર લૂંટવા આવ્યા ત્યારે નગરશેઠ શ્રી ખુશાલચંદે પોતાના પૈસા વાપરીને અને પોતાના જાનના જોખમે અમને અને શહેરને બચાવ્યું છે તેની કદર રૂપે અમે બધાં મહાજનો રાજીખુશીથી નક્કી કરીએ છીએ કે શહેરમાં આવતાં અને જતાં બધાં માલસામાનની અને રેશમ વગેરેની જકાતની જે આવક થાય તેમાં ૧૦૦ રૂા. ની આવકે ચાર આના શેઠ ખુશાલચંદ અને તેમના પુત્રો તથા વારસદારોને પણ આપવા.

એ બાબતની અહીંયાં જ સહર્ષ નોંધ લઈએ કે[૯] આ દસ્તાવેજ પ્રમાણે નક્કી થયેલ રકમ ઈ. સ. ૧૮૨૦ સુધી તેમના વારસદારોને મળતી હતી. તે પછી જ્યારે અમદાવાદમાં બ્રિટિશ અમલ થયો ત્યારે ઈ. સ. ૧૮૨૦ની સાલમાં આ હકને બદલે વાર્ષિક રૂા. ૨૧૩૩ આપવાનું કંપની સરકારે ઠરાવ્યું હતું. ત્યાર બાદ એક કલેક્ટરે આ વર્ષાસન બંધ કરતાં નગરશેઠ શ્રી પ્રેમાભાઈ વિલાયત સુધી લડયા હતા અને તેમના પ્રયાસથી આ રકમ તેમના વંશજોને મળ્યા કરતી હતી.[૧૦]

ઈ. સ. ૧૭૨૫ થી ઈ. સ. ૧૭૩૦ સુધીના સમયમાં ગુજરાતના વાઈસરોય તરીકે સરબુલંદખાન નીમાયા હતા. પોતાના નબળા વહીવટના સમયના પહેલા વર્ષે સરબુલંદખાને નગરશેઠ શ્રી ખુશાલચંદને કસ્ટડીમાં પૂર્યા અને છેવટે એક પીઢ ઓફિસર અલીમહમદખાનની સલાહથી ૯૦,૦૦૦ રૂા. ની રકમથી તેમને છોડી મૂકયા. આ સમય દરમ્યાન સરબુલંદખાનના જોરજુલમને કારણે નગરશેઠ શ્રી ખુશાલચંદ દિલ્હી જતા રહ્યા હતા અને ઈ. સ. ૧૭૩૨માં શાહી ફરમાન સાથે પાછા ફર્યા હતા. બાદશાહ તરફથી અમદાવાદના નગરશેઠ તરીકે શેઠ ખુશાલચંદની નિમણૂક કર્યાની જાણ કરતા આ ફરમાનમાં શેઠ ખુશાલચંદને માનભેર અમદાવાદ પાછા જવાનું અને લોકોના કલ્યાણ અને સમૃદ્ધિ માટે ફરજો બજાવવાનું જણાવાયું છે. આ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફરમાનની સાથે સાથે તેમને માનનો પોશાક, કાનના એરિંગ્સ વગેરે પણ આપવામાં આવેલ.[૧૧]

હજી નગરશેઠ શ્રી ખુશાલચંદનો ગુજરાતના અધિકારીવર્ગ સાથેનો સંઘર્ષ પૂરો થયો ન હોય તેમ અમદાવાદ પાછા આવ્યા પછી પણ અમદાવાદના ડેપ્યુટી વાઈસરોય રતનસિંગ ભંડારી, વોહરા નેતા અહમદ વગેરે તરફથી તેમને પજવણી થવા માંડી. તેમને પોતાને નગરશેઠ તરીકે સત્તા મળતી ન હોય તેવું લાગ્યું. તેનાથી પણ આગળ વધીને જ્યારે તેમને માનભંગ કરવાની તૈયારી રતનસિંગ ભંડારી વગેરેએ દાખવી ત્યારે રાજસત્તાથી દબાવાનું પસંદ ન કરનાર નગરશેઠ ખુશાલચંદે તો લડવાની તૈયારી પણ રાખી. પરંતુ નગરશેઠના કેટલાક હિતેચ્છુઓએ તેમને શહેર છોડી દેવાની સલાહ આપતાં તેઓ અમદાવાદ છોડીને પેથાપુર, ત્યાંથી વાસણા અને ત્યાંથી જૂનાગઢ ગયા અને ઈ. સ. ૧૭૩૬માં તેઓ અમદાવાદ પાછા આવ્યા.[૧૨]

ઈ. સ. ૧૭૪૩ થી ૧૭૫૮ના સમય દરમ્યાન ગુજરાતમાં હરીફ મોગલ ઉમરાવોની લડાઈમાં મરાઠાઓ ફાવી ગયા હતા. આ સમય ગુજરાત માટે અવ્યવસ્થા અને અંધાધૂંધીનો હતો. ઈ. સ. ૧૭૪૩ના સમય દરમ્યાન મરાઠા નેતા રંગોજીએ પૈસા મેળવવા માટે નગરશેઠ ખુશાલચંદને કસ્ટડીમાં પૂર્યા હતા, જ્યાંથી તેઓ છટકી ગયા હતા.[૧૩]

આમ રાજકીય કાવાદાવાથી સભર તેમના જીવનપ્રસંગો જોતાં તેઓ એક મુત્સદ્દી વણિક તો જણાઈ જ આવે છે. કેટલાક ટીકાકારો તેમની ટીકાઓ પણ કરે છે, તો કેટલાક ટીકાકારો રાજસત્તા સાથે સતત લડત આપનાર એક જાગૃત વ્યક્તિ તરીકે તેમની પ્રશંસા પણ કરે છે. સુપ્રસિદ્ધ ઇતિહાસકાર શ્રી કોમિસેરિયેટ નગરશેઠ શ્રી ખુશાલચંદના વ્યક્તિત્વ માટે જે ઉલ્લેખ કરે છે તેની નોંધ સાથે, ઈ. સ. ૧૭૪૮માં મૃત્યુ પામેલ[૧૪] આ ખમીરવંતા નગરશેઠના વૃત્તાંતને સમાપ્ત કરીએ.

શ્રી કોમિસેરિયેટ જણાવે છે: "ઈ. સ. ૧૭૪૮માં, પ્રખ્યાત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જૈન અમીર, અમદાવાદના આગેવાન હિંદુ નેતા ખુશાલચંદ નગરશેઠ, નોંધપાત્ર કારકિર્દી બાદ પોતાના માદરેવતનમાં મૃત્યુ પામ્યા. ઈ. સ. ૧૭૨૫માં હમીદખાનના બળવા વખતની તેમની ઉલ્લેખનીય સેવાઓની નોંધ આગલા પ્રકરણમાં કરવામાં આવી છે. તેમનું દૈવ જો કે મુશ્કેલ સમયમાં ઘડાયેલ હતું અને જેઓ સત્તા પર હતા તે મુસ્લિમ, રાજપૂત અને મરાઠાઓ — કે જેઓએ તેમના ધનની તૃષ્ણા કરેલી અથવા તો તેમની વગને નાપસંદ કરેલી તેઓ બધા — દ્વારા તેઓને સરખી રીતે ભારે દંડ થયેલ, તેમને દેશનિકાલ કરવામાં આવેલ અને જેલમાં કેદ કરવામાં આવેલ. આમ છતાં, આ બનાવોની જે આછીપાતળી વિગતો આપણને મળે છે તે દર્શાવે છે કે તેઓ ચારિત્રશીલ માણસ હતા અને પજવણીથી તેઓ ક્યારે ય ગભરાયા ન હતા. તેઓએ પોતાની નાગરિક ફરજો હિંમતભેર છોડી દીધી અને પોતાના શસ્ત્રસજ્જ સેવકોની મદદથી ગરીબ પ્રજાને સૂબેદારોના ભાડૂતી કામ કરનારાઓના ત્રાસથી બચાવવા માટે પોતાનાથી બનતું બધું કર્યું. તેમના મૃત્યુ પછી તેમના વંશજોએ તેમના જેટલી જ હિંમતથી શહેરમાં એ જવાબદાર સ્થિતિ નિભાવી. તેથી જ તો જ્યારે ઈ. સ. ૧૭૮૦માં પેશ્વાના ડેપ્યુટી પાસેથી બ્રિગેડીયર જનરલ ગોડાર્ડે પહેલી મરાઠા લડાઈમાં અમદાવાદને ઓચિંતા હુમલા દ્વારા લીધું ત્યારે લોકોને સલામતી અને રક્ષણ માટે ખાતરી આપવાની તેમની પહેલી જાહેરાત તે વખતના નગરશેઠ નથુશા ખુશાલચંદને ઉદ્દેશીને હતી."[૧૫]

આ લખાણમાં ઉલ્લેખ છે તે નગરશેઠ શ્રી ખુશાલચંદના પુત્ર નગરશેઠ નથુશા અને અન્ય વંશજોનો પરિચય આપણે હવે મેળવીએ.

## બંધુબેલડી :
## નગરશેઠ શ્રી નથુશા અને નગરશેઠ શ્રી વખતચંદ

નગરશેઠ ખુશાલચંદના પહેલી સ્ત્રીથી થયેલ પુત્ર નથુશા અને સં. ૧૭૯૬ના કારતક વદ બીજના દિવસે ત્રીજી સ્ત્રી જમકુંવરહુથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થયેલ પુત્ર વખતચંદ[16] — આ બંને પુત્રો અમદાવાદના નગરશેઠ તરીકે ફરજો બજાવવાનું માન મેળવે છે. નગરશેઠ ખુશાલચંદની જેમ જ તેમના આ બંને પુત્રોનાં નામ પણ અમદાવાદ શહેરને બચાવવા માટે જાણીતાં છે. રાજસત્તાના આક્રમણની સામે પ્રજાનું રક્ષણ કરવાની ફરજ બજાવતા આ બે ભાઈઓની કર્તવ્યનિષ્ઠાને લગતા પ્રસંગો ઇતિહાસના પાને નોંધાયેલા છે. નગરશેઠ નથુશાના જીવન સાથે સંકળાયેલ એક પ્રસંગની વિગત આ પ્રમાણે છે.[17]

કંપની-સરકાર વતી બંગાળના લશ્કરના બ્રિગેડીયર જનરલ ગોડાર્ડે, ફેબ્રુઆરી ૧૭૮૦માં પેશ્વાના ઑફિસરો પાસેથી અમદાવાદ મેળવવાનો પ્રયત્ન કર્યો. સમશેરબહાદુર ફતેહસીંઘ ગાયકવાડ સાથે જનરલ ગોડાર્ડે કંપની સરકાર વતી કરાર કર્યા પ્રમાણે જનરલ ગોડાર્ડને અમદાવાદ જીતવાનું હતું. આ માટે ૧૦મી ફેબ્રુઆરી ૧૭૮૦ના દિવસે જનરલ ગોડાર્ડે અમદાવાદ આવીને અમદાવાદની શરણાગતિ માગી. પરંતુ તે સમયના પેશ્વાના બ્રાહ્મણ ગવર્નર રાઘવ પંત તાનિયાએ તે બાબત શકય ન હોવાનું જણાવ્યું. થોડો સમય શરણાગતિ માટે રાહ જોયા પછી ૧૫મી ફેબ્રુઆરી ૧૭૮૦ના દિવસે, બીજા કોઈ પ્રયત્નો સફળ નહીં થાય તેમ લાગવાથી શહેરની સામે તોપખાનું ખોલ્યું, અમદાવાદમાં ખાનજહાન દરવાજા પાસેની દીવાલોમાં ગાબડાં પાડયાં; આ રીતે હુમલા દ્વારા અમદાવાદ શહેર મેળવ્યું. આ હુમલા દરમ્યાન અંગ્રેજ લશ્કરે કોઈપણ જાતનો અત્યાચાર કર્યો ન હતો.

આ સમયગાળા દરમ્યાન, એટલે કે જનરલ ગોડાર્ડે અમદાવાદ પાસે આવીને પડાવ નાખ્યો ત્યારથી તે અમદાવાદ પર હુમલો કર્યો તે દરમ્યાન, ૧૦મી ફેબ્રુઆરીએ જનરલ ગોડાર્ડના લશ્કરથી શહેરની પ્રજા અને શહેરની માલમિલકતને બચાવવા માટે શહેરના કેટલાક આગેવાન નાગરિકોનું એક પ્રતિનિધિમંડળ જનરલ ગોડાર્ડને મળવા માટે ગયું. આ પ્રતિનિધિમંડળમાં નથુશા ખુશાલચંદ – નગરશેઠ, શેખ મહમ્મદ સાલેહ – કાજી, મીયા મીરઝા અબુ – બાદશાહી દીવાન વગેરેનો સમાવેશ થતો હતો. તેમણે થોડી રાહ જોઈને જનરલ ગોડાર્ડને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મળીને અમદાવાદ શહેરને હુમલા અને લૂંટના ભયથી બચાવવા માટે પ્રાર્થના કરી. આજ સુધી કેમ શરણે ન થયા એમ જનરલે પૂછ્યું ત્યારે નથુશાએ કહ્યું : "આજ સુધી સરસૂબાએ રક્ષણ કર્યું એટલે તેને નિમકહલાલ રહ્યા. હવે તમારો અમલ થતાં તમારા શરણે છીએ." આ પ્રકારની વાટાઘાટો અને ચર્ચા-વિચારણાના અંતે જનરલ ગોડાર્ડે, પોતાના નામે તા. ૧૧મી ફેબ્રુઆરી ૧૭૮૦ના રોજ પર્શિયન ભાષામાં ૧૦"×૫"ના કદના કાગળમાં જાહેરનામુ (Manifesto) બહાર પાડ્યું જેમાં નગરશેઠ નથુશાનું નામ મોખરે છે. આ જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે —

"નથુશા નગરશેઠ અને બીજાઓને તથા અમદાવાદના રહેવાસીઓ અને પ્રજાને એ માલૂમ થાય કે અત્યારે તેઓએ મનની સંપૂર્ણ શાંતિથી પોતાના ઘરમાં રહેવું અને તેમના હૃદયમાં કોઈ પણ જાતની આતુરતા કે ભય રાખવા નહીં અને તેમણે તેમના રોજિંદા ધંધા-પાણી ચાલુ રાખવા; કારણ કે કોઈ તેમના રસ્તામાં કોઈ પણ કારણથી નુકસાન કે અવરોધ કરશે નહીં. આ ઓર્ડરને તાકીદનો ગણવો અને ઉપર લખ્યા પ્રમાણે તેનું પાલન કરવું."

રાજકર્તા અને પ્રજા બંનેમાં માન પામનાર આ નગરશેઠ કુટુંબની અનેક વ્યક્તિઓમાં નગરશેઠ નથુશાના નામનો પણ સમાવેશ કરી શકાય તેમ છે તેની ગવાહી આ જાહેરનામુ આપે છે. નગરશેઠ નથુશાના આ પ્રયત્નમાં તેમને તેમના નાના ભાઈ વખતચંદનો સહકાર પણ પૂરેપૂરો હતો.

અમદાવાદના જુદાં જુદાં પરાંઓમાંથી માધુપુરા નામના પરાની સ્થાપના નગરશેઠ નથુશાની ભલામણથી થઈ હતી તેવી માહિતી પણ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના દફતરમાં નોંધાયેલી જોવા મળે છે.[૧૮]

મોટાભાઈ નથુશાના મૃત્યુ પછી નગરશેઠપદ નાના ભાઈ વખતચંદને પ્રાપ્ત થાય છે. રાજકીય અને સામાજિક દૃષ્ટિએ નગરશેઠ તરીકેની ફરજો બજાવવાને લગતા, વ્યાપારી દૃષ્ટિએ નાણાંની મોટી કહી શકાય તેવી ધીરધારને લગતા અને ધાર્મિક દૃષ્ટિએ અનેક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધર્મકાર્યો કરાવ્યાને લગતા, નગરશેઠ વખતચંદના જીવનના અનેક પ્રસંગોનો ઉલ્લેખ આપણને પ્રાપ્ત થાય છે.

સાત પુત્રો અને એક પુત્રી ધરાવતા[૧૯] નગરશેઠ વખતચંદે પોતાના પ્રત્યેક સંતાનના દરેક લગ્નપ્રસંગને ખૂબ ધામધૂમથી ઉજવ્યો હતો. કુટુંબમાં જેમ તેઓ ઘરના મોભ સમાન હતા અને કૌટુંબિક ફરજો બજાવતા હતા તેમ અમદાવાદ શહેરની પ્રજા માટે પણ સામાજિક દૃષ્ટિએ મોભ સમાન ગણી શકાય તેવા નગરશેઠપદે રહીને તેઓ નગરશેઠ તરીકેની ફરજો બજાવવામાં સદા તત્પર હતા. પ્રજાના પ્રશ્નોને રાજકર્તાઓ સમક્ષ રજૂ કરવાનું કાર્ય તેઓ અચૂક કરતા.

આવો એક પ્રજાનો પ્રશ્ન હતો મિલકતના વારસાને લગતો. મરાઠા સરકાર તરફથી પોતાની મિલકતના વારસા અંગે કનડગત થતી હોવાથી અમદાવાદના શહેરીજનો, નગરશેઠ વખતચંદની આગેવાની નીચે ગાયકવાડી સવારી સાથે અમદાવાદ આવેલ ગંગાધર શાસ્ત્રી પાસે ઈ. સ. ૧૮૦૮માં અરજ કરવા ગયા હતા તે પ્રસંગ તેમની આવી કાર્યનિષ્ઠા સૂચવે છે. આ અરજના પરિણામ સ્વરૂપે મરાઠા સરકાર તરફથી એવો હુકમ બહાર પાડવામાં આવ્યો કે જે વ્યક્તિને છોકરો કે છોકરીનો છોકરો હોય તે, તે વ્યક્તિના મૃત્યુ પછી મિલકતનો વારસદાર થાય અને જો છોકરીને છોકરો ન હોય તો તેની છોકરી મિલકતની વારસ થાય. આ નિયમના પાલનમાં કોઈએ હરકત ન કરવા અંગેનો શિલાલેખ અમદાવાદના પ્રસિદ્ધ ત્રણ દરવાજા પર પૂર્વાભિમુખ મૂકવામાં આવેલ તેમ શ્રી રત્નમણિરાવ ભીમરાવ નોંધે છે.[૨૦]

રાજકર્તાઓ તરફથી નગરશેઠ વખતચંદને સદા ય માન મળતું. ગોવિંદરાવ, માનાજીરાવ, સયાજીરાવ અને આનંદરાવ ગાયકવાડ તરફથી નગરશેઠ વખતચંદને આબદાગીરી (છત્ર), મશાલ અને પાલખી રાખવાનો હક આપવામાં આવેલ. આ હક અંગે તથા આબદાગીરી અને મશાલ માટે બે વ્યક્તિઓને રૂા. આઠ અને પાલખી માટે દર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વર્ષે રૂા. ૧૦૦૦ રોકડા આપવાને લગતાં ફરમાનો પણ તેમને મળેલ હતાં. આ જ રીતે પેશ્વા સરકાર તરફથી પણ તેમને આ માન મળતું અને વર્ષાસન પણ મળતું હતું. ઈ. સ. ૧૮૨૭માં કંપની સરકારે સદર અદાલતમાં નગરશેઠ વખતચંદને જિલ્લા કોર્ટમાં ખુરશીનો હક્ક આપેલ.[૨૧]

સં૦ ૧૮૭૦ના ફાગણ વદ ચોથના દિવસે મૃત્યુ પામેલ[૨૨] નગરશેઠ વખતચંદના જીવનના અનેક પ્રસંગોની માહિતી આપણને 'વખતચંદ શેઠનો રાસ' એ કૃતિમાંથી પ્રાપ્ત થાય છે. હીરવિજયસૂરિની શિષ્યપરંપરામાં થઈ ગયેલ ક્ષેમવર્ધન દ્વારા રચાયેલ આ રાસ સં. ૧૮૭૦ના અષાઢ સુદ ૧૩ના દિવસે પૂરો થયેલ છે. એટલે કે નગરશેઠ વખતચંદના મૃત્યુ પછી તરત જ તેની રચના થયેલી છે, તેની અહીંયાં આપણે સહર્ષ નોંધ લઈએ.[૨૩]

આ રાસમાં અને અન્યત્ર મળતા ઉલ્લેખો પ્રમાણે નગરશેઠ વખતચંદે પોતાના પૂર્વજોએ ખેડેલ વેપારને સાચવીને તેને ખૂબ વિકસાવેલ. દેશ-પરદેશમાં તેમનો બહોળો વેપાર ફૂલ્યોફાલ્યો હતો. બંગાળા અને ઢાકાથી તેઓ વજનમાં હલકાં અને કિંમતમાં ભારે કાપડ મંગાવીને તેનો વેપાર કરતા. તેમની હૂંડી સૂરત, મુંબઈ, પૂના, દિલ્હી, જયપુર, નાગોર, આગ્રા, મેડતા, ચિતોડ, કોટા, બુંદી વગેરે ભારતનાં મુખ્ય મુખ્ય શહેરોમાં લખાતી અને સ્વીકારાતી હતી. વહાણમાર્ગે તેમનો કરિયાણાનો વેપાર ચાલતો. મુંબઈમાં તેમણે પોતાની શરાફી પેઢી ખોલી હતી. તેમની ધીરધાર પણ ઘણી મોટી હોવાના ઉલ્લેખો મળે છે. તેમના પૂર્વજોની જેમ રાજસત્તાને નાણાં ધીરવાના પ્રસંગો વખતચંદ શેઠના જીવનમાં પણ નોંધાયેલ છે.[૨૪]

બહોળા વેપારને કારણે ધનનો જે અવિરત કહી શકાય તેવો પ્રવાહ આ નગરશેઠ કુટુંબમાં આવતો તેનો ધર્મકાર્યો અને અનેક સુકૃતોમાં ઉપયોગ કરવાનું પણ તેઓ ચૂકતા નહીં. અમદાવાદના ઝવેરીવાડામાં તેમણે શ્રી અજિતનાથનું, વીરપ્રભુનું, શ્રી સંભવનાથનું એમ અનેક દેરાસરો બંધાવ્યાં હતાં. સં. ૧૮૬૪માં તેમણે સંઘપતિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થઈ ને શત્રુંજય–ગિરનારનો મોટો સંઘ કાઢયો હતો. સં. ૧૮૬૮માં તેઓ કુટુંબ સાથે નવ્વાણું યાત્રા કરવા માટે, મોટું ઉજમણું કરીને શત્રુંજય ગયા હતા. આ યાત્રામાં તેમની પુત્રી ઉજમબાઈ પણ હતાં. ૨૦ યાત્રા પૂરી થઈ ત્યારે આ ઉજમબાઈના પતિના મૃત્યુના સમાચાર આવ્યા. પણ ઉજમબાઈ એ સમતા અને હિંમત રાખીને યાત્રા પૂરી કરવા કહ્યું અને તે રીતે યાત્રા પૂરી કરીને જ તેઓએ પાલીતાણા છોડયું. આ ઉજમબાઈ નગરશેઠ શ્રી પ્રેમાભાઈના ફઈ થતાં અને તેઓ ઉજમફઈના નામે વધુ જાણીતા હતા. પાલીતાણામાં ગિરિરાજ શત્રુંજય ઉપર ઉજમફઈની ટૂક અને અમદાવાદ, પાલીતાણા વગેરે શહેરોમાં ઉજમફઈના નામની ધર્મશાળાઓ પણ છે.[૨૫]

નગરશેઠ શ્રી વખતચંદ જ્યારે અમદાવાદમાં હોય ત્યારે સાગરગચ્છના ઉપાશ્રયે હંમેશા વ્યાખ્યાન સાંભળવા જતા. આમ રાજકાજ, વેપારવણજ અને ધર્મકાર્યોથી સભર પ્રવૃત્તિશીલ જીવન જીવીને તેઓ સં. ૧૮૭૦ના ફાગણ વદ ચોથના દિવસે મૃત્યુ[૨૬] પામ્યા. તેમની પાછળ સં. ૧૮૭૦ના વૈશાખ સુદ નોમના દિવસે અમદાવાદ અને વડોદરા શહેરમાં નવકારશીની નાત જમાડવામાં આવી હતી.

**નગરશેઠ શ્રી વખતચંદના વંશજો**

નગરશેઠ વખતચંદના સાત પુત્રોમાંથી પાંચમા નંબરના પુત્ર હેમાભાઈ તેમના પછી નગરશેઠપદ સંભાળે છે. તેમના ત્રીજા નંબરના પુત્ર મોતીભાઈના મોટા પુત્ર ફતેહભાઈના વારસદારો પણ અમદાવાદ શહેરના અંને જૈનધર્મના વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે. આ ફતેહભાઈના પુત્ર ભગુભાઈ અને તેમના પુત્ર દલપતભાઈના વખતમાં તેમના કુટુંબની સમૃદ્ધિ પહેલાં જેવી ન હોવા છતાં તેમના પત્ની ગંગામા ઘરવ્યવહાર ખૂબ કુશળતાથી ચલાવતા હતા. આ ગંગામા ખૂબ ઉચ્ચ પ્રકારની ધાર્મિક વૃત્તિ ધરાવતા હતા. પાલીતાણામાં ભાતાઘરનું મકાન ઈ. સ. ૧૯૧૪ (સં. ૧૯૭૦)ની સાલમાં તમણે બંધાવ્યું હતું.[૨૭]

શ્રી દલપતભાઈ અને ગંગામાના પુત્ર લાલભાઈ શેઠ અને તેમના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુત્ર કસ્તૂરભાઈ પણ અનેક દૃષ્ટિએ નોંધપાત્ર પ્રવૃત્તિઓથી સભર જીવન જીવી ગયા. શ્રી લાલભાઈ શેઠ પોતે ખૂબ વિદ્યાનુરાગી, ધર્મપ્રેમી, તેજસ્વી, ધીરજવાન અને નિષ્ઠાવાન પુરુષ હતા. તેમના પ્રયત્નથી કુટુંબમાં પાછી સંપત્તિ વધતી ગઈ અને ધર્મકાર્યો તેમ જ સુકૃતોમાં છૂટથી વપરાતી પણ ગઈ. અમદાવાદ અને ગુજરાતના પ્રશ્નો હલ કરવાની દૃષ્ટિએ પણ શ્રી લાલભાઈ શેઠનો ફાળો નોંધપાત્ર છે. આ દૃષ્ટિએ જોતાં તેમને અંગ્રેજ સરકાર તરફથી આપવામાં આવેલ 'સરદાર' તરીકેનું બિરુદ સાર્થક ગણાય. તેમનાં પત્ની મોહિનાબા પણ વ્યવહારથી સંતોષી અને ઠરેલ સન્નારી હતાં.[૨૮] તેમના પુત્ર કસ્તૂરભાઈનો જન્મ સં. ૧૯૫૧ના માગશર વદિ સાતમ, તા. ૧૯-૧૨-૧૮૯૪ના રોજ થયો હતો.

શેઠ શ્રી કસ્તૂરભાઈનું નામ પણ જૈનધર્મના વિકાસ અને સંવર્ધનનાં અનેક કાર્યો સાથે, તેમ જ અમદાવાદ અને ગુજરાતના વિકાસના અનેક પ્રસંગો સાથે જોડાયેલ છે. તેઓએ પોતે અમદાવાદની લાલભાઈ ગ્રુપની મિલોનું સંચાલન પણ ખૂબ કુશળતાપૂર્વક કર્યું હતું. નાનપણથી જ તેજસ્વી એવા કસ્તૂરભાઈને કરકસરના અને ધર્મવૃત્તિના સંસ્કાર પણ બાળપણથી જ પાડવામાં આવેલ હતા, જે તેમના જીવનના અનેક પ્રસંગોમાં દૃષ્ટિગોચર થાય છે. મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ જેવા સ્વાતંત્ર્યસેનાનીઓ સાથે પણ તેઓ સ્વાતંત્ર્ય-લડત દરમ્યાન અને તે પછી પણ સંકળાયેલ હતા. તેમના જીવનની અનેકવિધ પ્રવૃત્તિઓના આ તો માત્ર અછો અણસાર જ છે.[૨૯]

## બાહોશ નગરશેઠ શ્રી હેમાભાઈ

અમદાવાદના નગરશેઠપદની પરંપરામાં નગરશેઠ વખતચંદ પછી તેમના પુત્ર હેમાભાઈ આ પદ શોભાવે છે. સં. ૧૮૪૦ના વૈશાખ માસમાં જન્મેલ હેમાભાઈ શેઠ ખૂબ બુદ્ધિમાન, વિદ્યાપ્રેમી, પ્રજાના વિકાસ માટે સતત પ્રયત્નશીલ, ધર્મભાવનાશીલ, પરગજુ તો હતા જ, સાથે સાથે પોતાના કુટુંબના જાગ્રત વડીલ પણ હતા. તેમના જીવનના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિવિધ પ્રસંગોમાં તેમના આ ગુણો આપણને દૃષ્ટિગોચર થતાં જોવા મળે છે.

બાળપણથી જ તેજસ્વી એવા હેમાભાઈની પ્રતિભા તેમના વ્યક્તિગત કૌટુંબિક જીવનથી માંડીને તે તેમનાં ધાર્મિક કાર્યોમાં, સમાજના વિકાસનાં કાર્યોમાં, રાજવહીવટ અને વેપારધંધામાં એમ અનેક ક્ષેત્રામાં પાંગરેલી જોઈ શકાય છે.

પોતાના પૂર્વજોના ઝવેરાતના ધંધાને તેમણે ચાલુ રાખ્યો, પરંતુ તેના કરતાં પણ તેમનો શરાફીનો ધંધો ખૂબ વિકસ્યો હતો. તે સમયના પોતાના પ્રદેશનાં કેટલાંક રાજ્યોને પણ તેમણે લોન આપી હતી. તેમણે મોટાં મોટાં શાહુકારોને, રાજાઓને એકી વખતે નાણાં ધીરી સહાય આપી હતી તેથી તેમને જગતશેઠની ઉપમા મળી હતી. કાઠિયાવાડનાં અનેક ગામો ઉપરાંત સૂરત, મુંબઈ, પૂના, રતલામ, જયપુર, દિલ્હી, આગ્રા, મેડતા, ચિતોડ, બુંદીકોટા, વડોદરા, ઘોઘા એમ અનેક સ્થળે તેમની પેઢીઓ અને આડતો હતી. શેઠ મોતીશા સાથે તેમને ઘનિષ્ઠ સંબંધો હતા. તેમની ૩૦ પેઢીઓનો વહીવટ છ ભાઈઓ સંભાળતા અને એક રસોડે તેમને ત્યાં ૧૦૦-૧૫૦ માણસ જમતાં. જમાનાને અનુસરીને તેમણે પોતાની વિશાળ મહેલ જેવી હવેલીમાંથી રાજ-રિયાસતી દબદબો, આરબોની બેરખ વગેરે કાઢી નાખ્યું અને હથિયારોનો ખર્ચ ઓછો કર્યો. તેના બદલે તેમણે ગાડી, ઘોડા, સિગરામ, બળદ વસાવ્યા. તેમણે નગરશેઠને છાજતો વૈભવ તથા લગ્ન-પ્રસંગો અને ધાર્મિક પ્રસંગોએ સાહ્યબી અને દબદબો ચાલુ રાખ્યા હતા.[૩૦]

પણ તેમનુ જીવન માત્ર આવી સુખ-સગવડો ભોગવવામાં જ સમાઈ જતું નથી. પોતાની દીર્ઘદૃષ્ટિથી તેમણે રાજ્ય, પ્રજા અને ધર્મ — ત્રણેયનો વિકાસ થાય તેવાં જે કાર્યો કર્યાં છે તેનાથી તેમનું જીવન સુરભિત છે, સુપલ્લવિત છે.

પોતાના પૂર્વજોની જેમ જ તેઓ પણ જૈનધર્મ અને જૈનધર્મના

તીર્થસ્થાનોના વિકાસની અનેક ઘટનાઓ સાથે સંકળાયેલ છે. અમદાવાદમાં ઝવેરીવાડામાં અને માતર, સરખેજ, નરોડા, પેથાપુર જેવાં નાનાં ગામોમાં તેમણે દેરાસરો બંધાવ્યાં હતાં. અને પ્રવાસના ગામોમાં ધર્મશાળા, દેરાસર, ઉપાશ્રય, પાંજરાપોળ સ્થાપ્યાં હતાં. પાલીતાણામાં ગિરિરાજ શત્રુંજય ઉપર હીમાવસીની ટૂક અને નંદીશ્વર દ્વીપની (ઉજમફઈની) ટૂક બંધાવી હતી. તેમણે ત્રીસેક જેટલા સંઘો કાઢયા હતા અને મોટાં મોટાં પન્નાથી મઢેલો સોનાનો આશરે ૩૫૦૦ પાઉન્ડની કિંમતનો ભારે મુગટ શત્રુંજય તીર્થને ભેટ ધર્યો હતો. જૈન તીર્થોનો વહીવટ કરવો અને મહાજન–પાંજરાપોળની વ્યવસ્થા કરવી તે તેમનાં જાહેર કામો હતાં.[૩૨]

રાજકુટુંબોના કલેશ, વિખવાદ અને કોર્ટમાં ન પતે તેવા ઝઘડા તેઓ ઘડીકમાં પતાવતા. અમદાવાદના નગરશેઠ તરીકેની ફરજો બજાવવા ઉપરાંત તેઓ સરકાર અને દરબારમાં પણ જરૂર પડે ત્યારે જતા-આવતા. પાલીતાણા ઉપરાંત પોરબંદર, લીંબડી વગેરે દેશી રાજ્યોમાં પણ તેમને સારું સન્માન પ્રાપ્ત થયેલું.[૩૨]

માત્ર ધર્મસ્થાનો બંધાવવાં કે સંઘો કાઢવાની પ્રવૃત્તિઓમાં જ અટકી જવાને બદલે ધાર્મિક તીર્થોના રક્ષણ માટે પણ તેઓ પોતાનાથી બનતું બધું કરી છૂટતા. ઈ. સ. ૧૮૦૮ થી ૧૮૨૧ સુધી નગરશેઠ હેમાભાઈએ પાલીતાણા રાજ્યનું સંચાલન કર્યું હતું. તે સમય દરમ્યાન રાજવી કાંધાજી અને તેમના કુંવર નવઘણજીની આર્થિક સ્થિતિ કથળી જવાથી અને તેમની વચ્ચે ખટરાગ થવાથી તથા રાજ્યનું સંચાલન કરવાની શક્તિનો તેમનામાં અભાવ હોવાથી શ્રી હેમાભાઈ નગરશેઠે રાજ્યની લગામ પોતાને હસ્તક રાખી હતી. ઈ. સ. ૧૮૨૧ દરમ્યાન તો સમગ્ર પાલીતાણા રાજ્ય રૂા. ૪૨,૦૦૦ની રકમથી નગરશેઠ હેમાભાઈને ત્યાં ગિરો મૂકવું પડયું હતું. આ જ સમય દરમ્યાન, એટલે કે ઈ. સ. ૧૮૨૦–૨૧માં નગરશેઠ હેમાભાઈએ જૈન યાત્રાળુઓને શત્રુંજય તીર્થની યાત્રામાં પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને તે અંગે પણ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી, જેના પરિણામ સ્વરૂપે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જૈનસંઘને પાલીતાણા રાજ્ય પાસેથી પાલીતાણા તીર્થના રખોપાનો ઈ. સ. ૧૮૨૧નો બીજો કરાર પ્રાપ્ત થયો હતો.[૩૩]

પોતાના અંગત જીવનમાં પણ ધાર્મિક પ્રવૃત્તિઓને તેમણે સ્થાન આપ્યું હતું. ગુરુવંદન કરવા જવું, વ્યાખ્યાન સાંભળવું, સામાયિક કરવી વગેરે પ્રવૃત્તિઓ તેમના જીવનમાં અંગભૂત બની ગઈ હતી. તેઓ ઉપાશ્રયે જતા ત્યારે ઠાઠમાઠથી જતા અને રસ્તામાં ગરીબોને છૂટથી દાન આપતા તથા સ્વજનોને, વેપારીઓને પણ મળતા. જેમ તેઓ ધાર્મિક પ્રસંગોમાં અને ધાર્મિક સ્થળોમાં છૂટથી દાન આપતાં, તેમ તેઓએ સમાજનો વિકાસ થાય તેવાં કાર્યોમાં પણ છૂટથી દાન આપેલું.[૩૪]

અમદાવાદના નગરશેઠ તરીકે અમદાવાદનો અને તેની પ્રજાનો વિકાસ થાય તે અંગે તેઓએ દીર્ઘદૃષ્ટિપૂર્વક કેટલીક સામાજિક સંસ્થાઓ સ્થાપી હતી, વિકસાવી હતી. 'ગૂજરાત વર્નાક્યૂલર સોસાયટી'ને તેમણે મદદ કરી હતી. તે ઉપરાંત અમદાવાદની કૉલેજમાં તેમણે સારી રકમ આપી હતી. અમદાવાદની મ્યુનિસિપાલિટીની સ્થાપનામાં તેમણે સારો ભાગ લીધો હતો. અમદાવાદની પાંજરાપોળના વહીવટમાં પણ તેમણે ઘણું કામ કર્યું હતું. તે સમયે એક ગુજરાતી–અંગ્રેજી કન્યાશાળાને સ્થાપવામાં અને વિકસાવવામાં તેમનો ફાળો નોંધપાત્ર હતો.[૩૫]

ધાર્મિક કાર્યો, સામાજિક કાર્યોમાં સક્રિય જીવન વિતાવનાર નગરશેઠ હેમાભાઈ, પોતાના કુટુંબમાં પણ વડીલ તરીકેની ફરજો એટલી જ કુશળતાથી અદા કરતા હતા. કુટુંબમાં વેપાર-ધંધાના વિકાસન કારણે તેમને ત્યા લક્ષ્મીનો વાસ પૂરતો હતો. કુટુંબમાં આવક અને કામની વહેંચણી બરોબર થાય તથા સંપ જળવાય તે માટે તેઓ સદા એક જાગૃત વડીલ તરીકે ધ્યાન આપતા. સં. ૧૯૧૪ના મહા સુદ ૧૧ના રોજ ૭૩ વર્ષની ઉંમરે તેઓ સ્વર્ગવાસ પામ્યા તેના ૭ માસ પહેલાં તેમણે અગમચેતી વાપરીને કુટુંબમાં સર્વને મજિયારું વહેંચીને ધંધા અને મિલકતની સંતોષકારક વ્યવસ્થા કરી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપી હતી, જેથી પાછળથી કોઈ પ્રકારનો વિખવાદ ન થાય.[૩૬]

ખૂબ ઓછી વ્યક્તિમાં આવાં વિવિધ ગુણોનો સમન્વય થયેલો જોઈ શકાય છે.

## દાનવીર નગરશેઠ શ્રી પ્રેમાભાઈ

નગરશેઠ શ્રી હેમાભાઈના બે પુત્રો નગીનદાસ અને પ્રેમાભાઈમાંથી પ્રેમાભાઈ 'પિતા કરતાં સવાયા' કહી શકાય એવા પ્રતિભાસંપન્ન હતાં. સં. ૧૮૭૧ના કારતક માસમાં (ઈ. સ. ૧૮૧૫માં)તેમનો જન્મ[૩૭] થયો હતો. વ્યવહારકુશળ એવા પ્રેમાભાઈ નાનપણથી જ વિદ્યાપ્રેમી હતા. અંગ્રેજીના તેઓ સારા અભ્યાસી હતા. અનુભવી અને પ્રતિભાસંપન્ન પિતાના હાથ નીચે તેઓ વ્યાવહારિક રીતે ખૂબ ઘડાયા હતા.

પોતાના કુટુંબની પરંપરા પ્રમાણે તેઓના હાથે પણ અનેક ધાર્મિક સત્કાર્યો થયાં હતાં. પાલીતાણામાં ગિરિરાજ શત્રુંજય ઉપર પાંચ લાખ રૂપિયાના ખર્ચે તેમણે 'શેઠ પ્રેમાભાઈની ટૂક' બંધાવી હતી અને પાલીતાણા ગામમાં ધર્મશાળા બંધાવી હતી.[૩૮] અમદાવાદમાં ઝવેરીવાડામાં તેમણે રૂા. ૪૦,૦૦૦ના ખર્ચે ઈ. સ. ૧૮૪૯માં મહાવીરસ્વામીનું દેરાસર બંધાવ્યું હતું,[૩૯] અમદાવાદ, પાલીતાણા વગેરે જગ્યાએ પાંજરાપોળો બંધાવવામાં ઘણી આર્થિક સહાય કરી હતી. કેસરિયાજી અને પંચતીર્થીનો મોટો સંઘ કાઢીને ઘણાં જૈનોને યાત્રાએ લઈ ગયા હતા.[૪૦] નરોડા, સરખેજ, બરવાળા, ગુંદી, માતર અને ઉમરાળા — આ છ સ્થળોએ ધર્મશાળાઓ બંધાવવા માટે તેમણે તે કાળે ૨૩,૦૦૦) રૂપિયા આપ્યા હતા.[૪૧] ગરીબોને અવારનવાર છૂપી સહાય કરતા નગરશેઠ શ્રી પ્રેમાભાઈએ સં. ૧૯૧૭ના દુષ્કાળ વખતે 'દુષ્કાળ સહાયક ફંડ'માં ૨૦,૦૦૦) રૂપિયાની મદદ કરી હતી.[૪૨]

ધાર્મિક અને માનવતાલક્ષી સખાવતોની સાથે સાથે સામાજિક અને વિદ્યાકીય સખાવતોમાં પણ તેમણે અર્પેલાં દાનની રકમો ઘણી વિશાળ છે તેનો ખ્યાલ નીચેની વિગતો ઉપરથી આવશે. ઈ. સ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૮૫૬માં અમદાવાદમાં 'હઠીસીંગ એન્ડ પ્રેમાભાઈ હૉસ્પિટલ' કે જે અત્યારે 'જૂની સિવિલ હૉસ્પિટલ' (ઘીકાંટા) તરીકે પ્રસિદ્ધ છે તેને બંધાવવા અને નિભાવવા માટે રૂ. ૨૨,૧૫૦ આપ્યા હતા. (આ હૉસ્પિટલમાં તેમના બનેવી શ્રી હઠીસીંગ શેઠે રૂા. ૪૦,૦૦૦ આપેલ હતા તેથી તેઓ બંનેના સંયુક્ત નામે આ હૉસ્પિટલ સ્થાપવામાં આવી હતી.) ઈ. સ. ૧૮૫૭માં પોતાના પિતાના નામે 'હીમાભાઈ ઇન્સ્ટિટ્યૂટ' નામનું પુસ્તકાલય સ્થાપવા માટે રૂા. ૭૦૫૦ આપ્યા હતા.[૪૩] ઈ. સ. ૧૮૫૭માં ગુજરાત કૉલેજ માટેના ફંડમાં રૂા ૧૦,૦૦૦ અને તે જ વર્ષે મુંબઈની ગ્રાંટ મેડિકલ કૉલેજમાં દર વર્ષે પાસ થનાર પ્રથમ વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક આપવા માટે રૂા. ૧૮૦૦ આપ્યા હતા. ઈ. સ. ૧૮૬૩માં મુંબઈના વિક્ટોરિયા ગાર્ડન અને આલ્બર્ટ મ્યુઝિયમના ફંડમાં રૂા. ૧૩૫૦ અને પાછળથી ઈ. સ. ૧૮૬૪માં મુંબઈના 'વિક્ટોરિયા ગાર્ડન–રાણીબાગ'માં દરવાજા, બગીચો, રેલિંગ વગેરે બનાવવા માટે રૂા. ૧૦,૦૦૦ આપ્યા હતા. તે ઉપરાંત અમદાવાદની વિદ્યાકીય સંસ્થા 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ના ફંડમાં રૂા. ૨૦૦૦ આપેલ હતા.[૪૪] તેમની આ ઉદાર સખાવતો એ વાતનું સૂચન કરવા માટે પૂરતી છે કે પોતે જે સમાજમાં રહેતા તે સમાજનો સર્વાંગીણ વિકાસ થાય તેવાં કાર્યોને પ્રોત્સાહન આપવામાં તેઓ આર્થિક રીતે સહાય મદદરૂપ રહેતા.

રાજકીય દૃષ્ટિએ જોતાં પણ નગરશેઠ પ્રેમાભાઈની સેવાઓનું મૂલ્ય ઓછું નથી. વ્યાપારી સંબંધોના કારણે ગામ-પરગામમાં તેમની પેઢીઓ વચ્ચે ખાનગી ટપાલો નિયમિત રીતે લાવવા–લઈ જવા માટે તેમણે પોતાની વ્યવસ્થા ઊભી કરેલી. ઈ. સ. ૧૮૫૭માં બ્રિટિશ સરકાર સામે પ્રજાએ બળવો પોકાર્યો તે વખતે બળવાખોરોએ તારનાં દોરડાં કાપી નાખ્યાં ત્યારે મધ્ય ભારતના સમાચાર મેળવવામાં બ્રિટિશ સરકારને ભારે મુશ્કેલી અનુભવવી પડતી હતી. રેલ્વે, તાર, ટપાલનાં સાધનોના અભાવમાં અમદાવાદ અને ઈંદોર વચ્ચે સંદેશાવ્યવહાર માટે સરકારને પ્રેમાભાઈ શેઠે પોતાની ખાનગી ટપાલ વ્યવસ્થાની મદદ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપી હતી. નગરશેઠ પ્રેમાભાઈની ખાનગી ટપાલ-વ્યવસ્થાને કારણે જ તે વખતે સરકાર રોજેરોજના સમાચાર મેળવી શકી હતી. ખાસ કરીને તે વખતના કલેકટર મિ. હેડો અને જડજ મિ. વોર્ડન તેમની આ સેવાથી ખૂબ ખુશ થયા હતા. તેમની રાજસેવાથી ખુશ થઈને પહેલી જાન્યુઆરી ૧૮૭૭ના રોજ તે વખતના વાઈસરૉય અને ગવર્નર લોર્ડ લીટને (Lytton) તેમને 'રાવ બહાદુર'નો ખિતાબ આપ્યો હતો જેના લખાણુની નકલ 'જૈન રાસમાળા' પુસ્તકના પૃ. ૩૯ ઉપર આપેલી છે. તેમણે પોતે કોઈ રાજકીય બાબતોમાં ભાગ લીધો ન હતો, પણ તેઓને મુંબઈ સરકારે ત્યાંની લેજીસ્લેટિવ કાઉન્સિલ (ધારાસભા)માં ઓનરેબલ સભાસદ તરીકે નીમ્યા હતા અને તેમને માનદ મેજીસ્ટ્રેટની સત્તા આપી હતી. અમદાવાદની મ્યુનિસિપાલિટીનાં તેઓ પ્રમુખ પણ હતા. અમદાવાદમાં તેમની યાદને કાયમી રાખવા માટે 'પ્રેમ દરવાજા' અને 'પ્રેમાભાઈ હોલ' તેમના નામ પરથી પ્રજાએ સ્થાપેલ છે.[૪૫]

પોતાના રોજ-બ-રોજના જીવનમાં તેઓ પોતાના કુટુંબની પરંપરા પ્રમાણે યથાશક્ય સમય ધાર્મિક પ્રવૃત્તિઓ પાછળ પણ આપતા. ધર્મશ્રવણમાં તેમને શ્રદ્ધા હતી. અમદાવાદમાં આવેલ ઉજમફઈની ધર્મશાળાએ અને સાગરગચ્છના ઉપાશ્રયે તેઓ નિયમિત જતા હતા. પોતાના પિતા નગરશેઠ હેમાભાઈના મૃત્યુ પાછળ તેમણે અમદાવાદ શહેરની નાત અને ૮૪ ગચ્છના શ્રાવક–શ્રાવિકાઓની નવકારશી કરી હતી.[૪૬] જૈન તીર્થોનો વહીવટ કરનાર અને જૈનોના સકળ સંઘનું પ્રતિનિધિત્વ કરનાર 'શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી'નું બંધારણ ઈ. સ. ૧૮૮૦માં તેમના પ્રમુખપદ નીચે સૌ પ્રથમ અસ્તિત્વમાં આવ્યું હતું,[૪૭] તે ઘટના પણ ઓછી મૂલ્યવાન નથી.

પોતાના વેપાર–ધંધાના ક્ષેત્રમાં પણ તેમણે હંમેશા પૈસા કરતાં પ્રતિષ્ઠાને જ મહત્ત્વ આપ્યું હતું. મુંબઈમાં તેમની સાત પેઢીઓ હતી. ઈ. સ. ૧૮૬૨થી ૬૫ દરમ્યાન તેઓ શેરબજારના મેનિયાની અસરમાં ખેંચાયા અને તે વખતે શેરસટ્ટાના ઝંઝાવાતી પવનમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેમની મુંબઈની પેઢીઓ મુશ્કેલીમાં આવતાં પૈસાની ખોટ ખાઈને પ્રતિષ્ઠા જાળવવા માટે તેમણે મુંબઈની પેઢીઓનો વહીવટ સંકેલી લીધો હતો.[૪૮]

અનેક દૃષ્ટિએ પ્રજાના હિતનાં કાર્યો કરી જનાર નગરશેઠ પ્રેમાભાઈ સંવત્ ૧૯૪૩ના આસો વદિ આઠમના રોજ (ઈ. સ. ૧૮૮૭માં) ૬૨ વર્ષની વયે મૃત્યુ પામ્યા.[૪૯] લોકોપકારના તેમનાં કાર્યોને પ્રજા હરહંમેશ યાદ કરશે.

## સેવાભાવી નગરશેઠ શ્રી મણિભાઈ

નગરશેઠ પ્રેમાભાઈના ત્રણ પુત્રો : મયાભાઈ, લાલભાઈ અને મણિભાઈ. આ ત્રણમાંથી સં. ૧૯૧૯ (ઈ. સ. ૧૮૬૩)માં જન્મેલ શ્રી મણિભાઈ નગરશેઠપદ શોભાવે છે.[૫૦] ગવર્મેન્ટ સ્કૂલમાં ગુજરાતી અને અંગ્રેજીનો અભ્યાસ કરનાર શ્રી મણિભાઈ બાહોશ પિતાના હાથ નીચે એવું સુંદર ઘડતર પામ્યા કે પોતાના પિતા નગરશેઠ પ્રેમાભાઈ ઈ. સ. ૧૮૮૭માં જ્યારે મૃત્યુ પામ્યા ત્યારે ૨૪ વર્ષની વયે જ પિતાનો વિશાળ કારભાર સંભાળી શક્યા. ૨૭ વર્ષની ઉંમરે તેઓ સરકાર તરફથી મ્યુનિસિપલ કાઉન્સિલર તરીકે નિમાયા. તે પછી બે વખત પ્રજા તરફથી ઉપપ્રમુખ નિમાઈને ઈ. સ. ૧૮૯૮માં, તે વખતના મ્યુનિસિપાલિટીના પ્રમુખ રા. બ. રણછોડલાલ છોટાલાલ મૃત્યુ પામતાં, પ્રમુખપદે નિમાયા અને મૃત્યુપર્યંત તે હોદ્દા ઉપર ચાલુ રહ્યા. રા. બ. રણછોડલાલ છોટાલાલને તેમના ઉપર ખૂબ પ્રેમ હતો.

સમાજના ઉચ્ચ સ્તરમા ક્વચિત્ જ જોવા મળતો સેવાનો ગુણ તેમનામાં હતો તે તેમના વ્યક્તિત્વનું નોંધપાત્ર પાસું છે. સં. ૧૯૫૬ના છપ્પનિયા દુકાળમાં તેમણે 'પુઅર હાઉસ' અને 'કેટલ કૅમ્પ' જેવી સંસ્થાઓ સ્થાપવામાં ખૂબ ખર્ચ કર્યા હતો. ગરીબોને દાણા આપવા માટે મોટી મદદ કરી હતી. 'ગુજરાત કેટલ પ્રિઝર્વેશન કંપની લિમિટેડ'માં પ્રેસિડેન્ટ થઈને તેમણે ઢોર-ઢાંખર સંભાળવામાં ખૂબ નોંધપાત્ર કામગીરી કરી હતી. પોતે જાતે ઘણાં પશુઓની, ખાસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરીને ગાયોની સેવા કરીને ઢોર ઢાંખર બચાવ્યાં હતાં. પૈસા આપીને વ્યવસ્થા કરનાર ધનિકો તો ઘણા મળે, પરંતુ પોતે જાતે તન-મન-ધનથી દુખિયાની સેવા કરનાર મણિભાઈ નગરશેઠ જેવી વ્યક્તિઓ તો કોઈ પણ સમાજમાં જવલ્લે જ થતી હોય છે. પોતે અંતઃકરણથી જ આવી સેવાવૃત્તિ ધરાવતા હશે એમ લાગે છે, કારણ કે આ સમય દરમ્યાન ફેલાયેલા રોગચાળામાં નાત-જાતના ભેદભાવ વિના તેમણે નિરાધાર માણસોની પણ દવા અને સેવા કરી હતી અને તેમ કરતાં કરતાં તેમને પોતાને પણ શીતળાનો રોગ લાગુ પડતાં ઈ. સ. ૧૯૦૦ (સં. ૧૯૫૬)માં ૪૭ વર્ષની નાની ઉંમરે તેઓ મૃત્યુ પામ્યા[૫૧]. સૌ કોઈને માટે અનુકરણ કરવા યોગ્ય તેમની આ સેવાવૃત્તિને ધન્ય છે!

## નગરશેઠ શ્રી ચીમનભાઈ લાલભાઈ અને નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈ

નગરશેઠ શ્રી મણિભાઈના મૃત્યુ બાદ તેમના ભાઈ શ્રી લાલભાઈના દીકરા શ્રી ચીમનભાઈ નગરશેઠપદ સંભાળે છે. અને તે પછી નગરશેઠ શ્રી મણિભાઈના દીકરા શ્રી કસ્તૂરભાઈ નગરશેઠપદે આવે છે.[૫૨]

ઈ. સ. ૧૮૮૪ માં જન્મેલ શ્રી ચીમનભાઈ લાલભાઈએ પોતાના પિતાનું મૃત્યુ થતાં ૧૬ વર્ષની નાની ઉંમરથી જ મિલકતના વહીવટની જવાબદારી ખૂબ સંતોષકારક રીતે અદા કરી હતી. તેઓ હંમેશાં જાહેર પ્રજાના હિતના સવાલોમાં ઉત્સાહભર્યો ભાગ લેતા, સાથે સાથે જૈનોના સાંસારિક, ધાર્મિક અને કેળવણીને લગતા પ્રશ્નો પરત્વે પણ પૂરેપૂરા સજાગ હતા.[૫૩]. તેઓ ૨૮ વર્ષની નાની વયે જ મૃત્યુ પામ્યા હતા.

ત્યારબાદ નગરશેઠપદ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈ શોભાવે છે. તેઓ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ હતા તે દરમ્યાન, ઈ. સ. ૧૯૧૮ માં સમેતશિખર પહાડના દસ્તાવેજ અંગે ખૂબ મહેનત કરી હતી અને આ દસ્તાવેજ તેમના નામથી થયો હતો. સં. ૧૯૯૦ ના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફાગણ–ચૈત્ર માસમાં (ઇ. સ. ૧૯૩૪ માં) તેમણે ૪૫૦ સાધુઓ અને ૭૦૦ સાધ્વીજીઓનું મુનિસંમેલન અમદાવાદમાં બોલાવ્યું હતું જે ૩૪ દિવસ ચાલીને સફળ થયું હતું.[૫૪]

### ઉપસંહાર

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના ઉજ્જવળ વારસદારોનો આ ટૂંક-પરિચય પ્રસિદ્ધ ઇતિહાસકાર શ્રી એમ. એસ. કોમિસેરિયેટના ઉદ્દગારો સાથે પૂરો કરીએ. તેઓ જણાવે છે :

"અમદાવાદ શહેરના અદ્વિતીય ઔદ્યોગિક વિકાસના પરિણામ રૂપે છેલ્લાં ૫૦ વર્ષમાં (ઈ. સ ૧૯૩૫ પહેલાના છેલ્લાં ૫૦ વર્ષો સમજવા) અમદાવાદમાં નવા અને સમૃદ્ધ અનેક ધનિક કુટુંબો અસ્તિત્વમાં આવ્યા હોવા છતાં, આ કુટુંબે ગુજરાતના પાટનગર (અમદાવાદ)ના ઇતિહાસમાં છેલ્લાં અઢીસો કરતાં પણ વધુ વર્ષોથી જે ભાગ ભજવ્યો છે. તેના કારણે આ નોંધપાત્ર કુટુંબની કીર્તિ અમર રહેશે."[૫૫]

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી અને તેમના વારસદારોની આ ઉજ્જવળ પરંપરાને શતશત વંદન!

## પરિશિષ્ટની પાદનોંધો

૧. નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના વંશજોનું વંશવૃક્ષ 'જૈરામા' ભાગ–૧ ના સમાલોચનાનાં પૃ૦ ૪૯ થી ૬૪ માં સુવિસ્તૃત રીતે આપવામાં આવ્યું છે.

૨. 'પ્રપૂ' પુસ્તકનાં પૃ૦ ૪૨–૪૩ ઉપર, 'કલાઅ' પુસ્તકના પૃ૦ ૪ ઉપર અને 'જૈરામા' પુસ્તકમાં સમાલોચનાના પૃ૦ ૧૦ ઉપર રા. સાઠા પાંચ લાખ અંગેના ફરમાન સાથે નગરશેઠ શ્રી લક્ષ્મીચંદનું નામ જોડયું છે તે ભૂલ છે. (વધુમાં જુઓ : આ જ પુસ્તકમાં પ્રકરણ નં. નવની પાદનોંધ નંબર અઠયાવીસ.)

૩. 'પ્રપૂ', પૃ૦ ૫૧ થી ૫૪

૪. 'કલાઅ', પૃ૦ ૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૫. 'ગૂપાઅ', પૃ૦ ૭૩૯

૬. (i) 'SHG', p. XIV to XVI (Introduction)
(ii) 'HOG', Vol. II, p. 411 to 421
આ બે પુસ્તકોના આધારે આ વિગતો અહીં આપવામાં આવી છે.

૭. દા ત. 'ગૂપાઅ', પૃ૦ ૧૩૦ થી ૧૩૨

૮. જુઓ : (i) 'ગૂપાઅ', પૃ૦ ૭૩૮; (ii) 'HOG', p. 420; (iii) 'SHG,' p. XIV–XVI; (iv) 'કલાઅ', પૃ૦ ૪; (v) 'શર', પૃ૦ ૨૦; (vi) 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૧૨

૯. જુઓ : 'ગૂ.અ', પૃ૦ ૭૩૯.

૧૦. નગરશેઠ શ્રી ખુશાલચંદના વારસદારોને વાર્ષિક મળતા રૂા. ૨૧૭૩ ની રકમ આપવાનું બંધ કરવાનો ઠરાવ અમદાવાદ મ્યુનિસિપાલિટી દ્વારા તા. ૨૨–૮–'૭૩ ના રોજ કરવામાં આવેલ છે, તેમ પ. પૂ. મુનિરાજ શ્રી શીલચંદ્રવિજયજી મહારાજ સાહેબ પાસેથી જાણવા મળેલ છે. પ્રયત્ન કરવા છતાં અમદાવાદ મ્યુનિસિપાલિટીમાંથી આ ઠરાવ અને તેને લગતી વિગતો પ્રાપ્ત થઈ શકી નથી.

૧૧. 'HOG', p. 428, 457-458

૧૨. જુઓ : (i) 'HOG', p. 458; (ii) 'ગૂપાઅ', પૃ૦ ૧૩૫; (iii) 'પ્રપૂ' પુસ્તકમાં પૃ૦ ૫૮–૬૩માં આ જ મતલબનો પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે.

૧૩. વધુ વિગતો માટે જુઓ : 'HOG', p. 480-483

૧૪. મૃત્યુની સાલ માટે જુઓ : (i) 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૧૩; (ii) 'HOG', p. 499

૧૫. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે —

"In 1748, the famous Jain magnate, Khushalchand Nagarsheth, the leading Hindu citizen of Ahmedabad, passed away in his native city after an eventful career. The signal services rendered by him to the capital in 1725, at the time of Hamid Khan's revolt, have already been recorded in a previous chapter. His lot was, however, cast in troublous times, and he was heavily mulcted, driv-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

en into exile, and put into confinement, by those in authority — Muslim. Rajput and Maratha alike — who coveted his wealth or disliked his influence. The few details, however, that we have of these incidents, show that he was a man of character and was not cowed down by persecution. He discharged his civic responsibilities boldly. and, with the help of his armed retainer, did what he could to protect poor citizens from the tyranny of the subahdar's hirelings. After his death, his descendants continued to hold the same responsible position in the city as he did, so that, when Brig. General Goddard took Ahmedabad by assault from the Peshwa's deputy in 1780, during the first Maratha war, his proclamation was addressed to Nathusha Khushalchand, the then Nagar Sheth, assuring the people of protection and safety."

— 'History of Gujarat', Vol–II. p. 499

૧૬. 'જૈરામા', રાસસાર, પૃ૦ ૧૪

૧૭. 'SHG', p. XVI to p. XIX ના આધારે આ વિગતો અહીં આપવામાં આવી છે.

૧૮. 'શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ઇતિહાસ'ના લેખક શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ આ માહિતી આપેલ છે.

૧૯. (i) 'કલાઅ', પૃ૦ ૪; (ii) 'જૈરામા', રાસસાર, પૃ૦ ૧૪

૨૦. આ વિગતો માટે જુઓ : 'ગૂપાઅ'. પૃ૦ ૧૫૬

૨૧. આ બધી વિગતો માટે જુઓ : (i) 'જૈગમા', સમાલોચના, પૃ૦ ૧૧–૧૩; (ii) 'કલઅ', પૃ૦ ૪; (iii) 'ગૂપાઅ', પૃ૦ ૭૩૯

૨૨. 'જૈરામા', રાસસાર, પૃ૦ ૧૯

૨૩. આ મૂળ રાસ અને તેના રાસસાર માટે જુઓ પુસ્તક 'જૈરામા'.

૨૪. 'જૈરામા', રાસસાર, પૃ૦ ૧૪–૧૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૫. આ બધી વિગતો માટે જુઓ : (i) 'ગૂપાઅ', પૃ૦ ૬૬૬, ૭૪૦; (ii) 'જૈરામા', રાસસાર, પૃ૦ ૧૪–૧૫; (iii) 'કલાઅ', પૃ૦ ૪

૨૬. 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૧૬–૧૭

૨૭. 'આકપે', પૃ૦ ૬૩–૬૪

૨૮. વધુ વિગત માટે જુઓ : 'કલાઅ', પૃ૦ ૬–૯.

૨૯. શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના સવિશેષ પરિચય માટે નીચેનાં પુસ્તકો નોંધપાત્ર છે :

(i) 'પરંપરા અને પ્રગતિ' : લે૦ ડૉ. ધીરુભાઈ ઠાકર; પ્રકા. ધી એ. ડી. શ્રોફ મેમોરિયલ ટ્રસ્ટ; પ્રથમ આવૃત્તિ જૂન ૧૯૮૦.

(ii) 'Kasturbhai Lalbhai – A Biography' : Pub. The A. D. Shroff Memorial Trust. First Edi. 1978

(iii) 'જૈનસંઘના ધર્મશીલ અગ્રણી શ્રેષ્ઠવર્ય શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ' — લે૦ શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ; પ્રકા૦ શેઠ શ્રી ક. લા. અ. મહોત્સવ સમિતિ. અમદાવાદ; આવૃત્તિ ૧૯૭૦

(iv) 'Tribut to Ethics'— પ્રકા૦ ગુજરાત વહેપારી મહામંડળ

૩૦. આ બધી વિગતો માટે જુઓ : (i) 'પ્રપૂ', પૃ૦ ૭૦–૭૮; (ii) 'SHG', p. XIX; (iii) 'જૈરામા', સમાલોચના; પૃ૦ ૧૯

૩૧. આ બધી વિગતો માટે જુઓ : (i) 'પ્રપૂ', પૃ૦ ૭૩–૭૪; (ii) 'આકપે', પૃ૦ ૯૫; (iii) 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૧૮

૩૨. જુઓ : (i) 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૧૯; (ii) 'પ્રપૂ', પૃ૦ ૭૧, ૭૪

૩૩. વધુ વિગતો માટે જુઓ : 'આકપે', પૃ૦ ૧૯૬ થી ૨૦૧

૩૪. 'પ્રપૂ', પૃ૦ ૭૩–૭૪

૩૫. (i) 'ગૂપાઅ', પૃ૦ ૭૩૯–૪૦; (ii) 'પ્રપૂ', પૃ૦ ૭૩; (iii) 'કલાઅ', પૃ૦ ૫

૩૬. આ બધી વિગતો માટે જુઓ : (i) 'પ્રપૂ', પૃ૦ ૭૭; (ii) 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૧૯

મૃત્યુની સાલ 'પ્રપૂ' પુસ્તકમાં પૃ૦ ૭૭ ઉપર સં. ૧૭૨૭ નોંધવામાં આવી છે, જ્યારે 'ગૂપાઅ'ના પૃ૦ ૭૩૯–૪૦ ઉપર અને 'જૈરામા'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમાલોચનાના પૃ૦ ૧૯ ઉપર સં. ૧૯૧૪ નોંધવામાં આવી છે. 'જૈરામા'-ની અને 'ગૂપાઅ'ની સં. ૧૯૧૪ની સાલ સાચી માનવી વધુ યોગ્ય લાગે છે, કારણ કે 'વખતચંદ શેઠનો રાસ'ના આધારે આ સાલ ત્યાં નોંધવામાં આવી છે.

૩૭. (i) 'રાર', પૃ૦ ૨૦; (ii) 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૨૧

૩૮. (i) 'પ્રપૂ', પૃ૦ ૮૦; (ii) 'રાર', પૃ૦ ૨૧; (iii) 'ગૂપાઅ', પૃ૦ ૭૪૦–૪૧

૩૯. 'ગૂપાઅ', પૃ૦ ૬૬૬

૪૦. (i) 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૨૨; (ii) 'પ્રપૂ', પૃ૦ ૮૦

૪૧. 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૨૧

૪૨. (i) 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૨૧; (ii) 'પ્રપૂ', પૃ૦ ૮૦; (iii) 'રાર', પૃ૦ ૨૧

'રાર' પુસ્તકમાં પૃ૦ ૨૧ ઉપર આ રકમ રૂ. બે લાખ જણાવી છે તે ભૂલ લાગે છે.

'જૈરામા'માં સમાલોચનાના પૃ૦ ૨૧ ઉપર સં. ૧૯૧૯ના બદલે સં. ૧૯૩૪ અને ઈ. સ. ૧૮૬૩–૬૪ જણાવી છે, જેનો મેળ મળતો નથી.

૪૩. 'ગૂપાઅ' પુસ્તકમાં પૃ૦ ૪૨૩ ઉપર 'હીમાભાઈ ઇન્સ્ટિટ્યૂટ'ની સ્થાપના નગરશેઠ હેમાભાઈએ કર્યાનું જણાવ્યું છે તે ભૂલ છે; કારણ કે તે સિવાયના ૪૪મી પાદનોંધમાં દર્શાવેલ બાકીનાં ત્રણેય પુસ્તકોમાં તેના સ્થાપક તરીકે નગરશેઠ પ્રેમાભાઈનું જ નામ છે.

૪૪. આ વિગતો માટે જુઓ : (i) 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૨૧; (ii) 'રાર', પૃ૦ ૨૦–૨૧; (iii) 'પ્રપૂ', પૃ૦ ૭૮; (iv) 'ગૂપાઅ', પૃ૦ ૪૨૩

૪૫. આ વિગતો માટે જુઓ : (i) 'પ્રપૂ', પૃ૦ ૭૯; (ii) 'ક્લાઅ', પૃ૦ ૫–૬; (iii) 'SHG', p. XIX–XX; (iv) 'રાર', પૃ૦ ૨૦; (v) 'ગૂપાઅ', પૃ૦ ૭૪૦–૪૧; (vi) 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૨૨

૪૬. 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૨૩

૪૭. આ બંધારણની વધુ વિગતો માટે જુઓ : 'આકપે', પૃ૦ ૧૫૬–૧૫૯

૪૮. 'પ્રપૂ', પૃ૦ ૮૧–૮૬

૪૯. (i) 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૨૩; (ii) 'પ્રપૂ', પૃ૦ ૮૬; (iii) 'રાર', પૃ૦ ૨૧; (iv) 'ગૂપાઅ', પૃ૦ ૭૪૧

૫૦. નગરશેઠ શ્રી પ્રેમાભાઈ પછી આ પદ સંભાળનાર નગરશેઠોનો યોગ્ય ક્રમ કયો છે તે અંગે ખાસ માહિતી મળતી નથી. એક ઉલ્લેખ પ્રમાણે નગર-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શેઠ શ્રી પ્રેમાભાઈ પછી આ પદ પર તેમના મોટા પુત્ર શ્રી મયાભાઈ અને તે પછી ત્રીજા નંબરના પુત્ર શ્રી મણિભાઈ આવે છે, પણ આ ઉલ્લેખને સમર્થન મળે એવી વિગત ક્યાંયથી પ્રાપ્ત થઈ શકી નથી.

૫૧. આ બધી વિગતો માટે જુઓ : ( i ) 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૨૩–૨૪; ( ii ) 'પ્રપૂ', પૃ૦ ૮૬; ( iii ) 'શાર', પૃ૦ ૨૨

૫૨. નગરશેઠ શ્રી ચીમનભાઈ લાલભાઈ અને નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈના નગરશેઠ તરીકેનાં કાર્યોની ખાસ વિગતો ક્યાંયથી મળી શકી નથી.

૫૩. 'જૈરામા', સમાલોચના, પૃ૦ ૨૪–૨૫

૫૪. શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ આપેલ મૌખિક માહિતીના આધારે શ્રી મયાભાઈ પ્રેમાભાઈના પુત્ર શ્રી વિમળભાઈ મયાભાઈ છેલ્લા નગરશેઠ હતા તેમ અછડતી માહિતી મળે છે.

૫૫. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે —

"But though a new and prosperous class of wealthy capitalist families has come into being at Ahmedabad during the last fifty years as a result of the marvellous industrial development of the city, the fame of this notable family will for ever be cherished on account of the great part which it played in the history of the capital of Gujarat for more than two centuries and a half."

—'SHG', p. XX

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પૂરવણી

## ‘શ્રી ચિંતામણિ–પ્રશસ્તિ’નો હસ્તપ્રત અંગે

આ પુસ્તકના ‘શ્રી ચિંતામણિ–પાર્શ્વનાથનું દેરાસર’ નામે આઠમા પ્રકરણમાં પૃ. ૮૪–૮૭ ઉપર આ દેરાસરને લગતી એક કૃતિ ‘શ્રી ચિંતામણિ–પ્રશસ્તિ’નો ઉલ્લેખ છે. આ જ પ્રકરણની પાદનોંધ નં. ૭ (પૃ. ૧૦૨) માં જણાવવામાં આવ્યું છે, “આ પ્રશસ્તિની એક અશુદ્ધ નકલ રોયલ એશિયાટિક સોસાયટીની મુંબઈ શાખામાં સચવાયેલી છે. તેનો નંબર ‘વે. નં. ૧૭૫૬’ છે.”

કુલ ૮૬ શ્લોકોની ઉપર્યુક્ત પ્રશસ્તિની નકલ હસ્તપ્રતના પાનાંના રૂપમાં છે. આ હસ્તપ્રતના ચાર પાનાંના ફોટોગ્રાફ્સ પં. શ્રી લક્ષ્મણભાઈ ભોજક (લા.દ. વિદ્યામંદિર, અમદાવાદ–૯) પાસેથી પ્રાપ્ત થઈ શક્યા તે આનંદનો વિષય છે. ઉપર સૂચવ્યું તેમ આ હસ્તપ્રતની નકલ ખૂબ અશુદ્ધ રીતે, ખાસ કરીને અક્ષરના મરોડ ઉકેલી ન શકાય તે રીતે કરવામાં આવેલી છે. છતાં ભવિષ્યમાં ક્યારેક કોઈને પણ સંશોધનમાં ઉપયોગી થાય તેવા વિચારથી પ્રેરાઈને તે પ્રતના ચારેય પાનાંના ફોટાઓ આ પુસ્તકમાં આપવામાં આવેલ છે.

પં. શ્રી લક્ષ્મણભાઈ ભોજક જુદા જુદા કાળે જુદા જુદા મરોડમાં લખાયેલ હસ્તપ્રતો, તામ્રપત્રો વગેરેની લિપી ઉકેલવામાં ખૂબ દુર્લભ કહી શકાય તેવું કૌશલ્ય ધરાવે છે. પરંતુ ઉપર્યુક્ત ‘શ્રી ચિંતામણિ–પ્રશસ્તિ’ની હસ્તપ્રતના ચાર પાનાંના લખાણને ખૂબ પ્રયત્ન છતાં તેઓ આખું ઉકેલી શક્યા નથી. તેમણે આ હસ્તપ્રતના લખાણને ઉકેલવામાં જે પ્રયત્ન કર્યો તેના ફળરૂપે જે તૂટક તૂટક લખાણ પ્રાપ્ત થાય છે તે કદાચ કોઈકને ઉપયોગી થાય તેમ લાગવાથી અહીં તે આપવામાં આવે છે.

## ‘શ્રી ચિંતામણિ–પ્રશસ્તિ’ની હસ્તપ્રતના ઉકેલી શકાયેલા પાઠાંશો :

महोपाध्याय श्री ६ सत्यसौभाग्यगणिगुरुभ्यो नमः । तैः प्रत्यूहमुतां कृतधियं श्री पार्श्व चिंतामणे । स्त्युशैत्यूलसिवोसितजगूथ्याददयतीसद्गणैः । साम्राज्ये विदधीत्य सद्वि-पदत्प्रस्थोऽखिलोपस्तव योद्धै राज्यकथामपि त्रिभुवने निर्मूल्पुलंल्यत् ॥१॥ उद्धर्ताजगती-श्रीमितिविदनजिह्वीयभोगीश्वर । श्वेत्ताध्वातवमूमहर्तिशमितिस्पष्टचवलेश्वर । कल्पाकल्पपुदार्थ-मसकृद्दातेतिदेव द्रुमा ॥ अस्मिन् जातवतिक्षितौ स भगवान् श्रीआश्वसेनिःश्रिये ॥२॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

मातंगाऽश्वर्तु चंद्रप्रमिता (१६७८) शरदिलोमानतुगाख्यमेनं । प्रासादे वर्द्धमान ससुजतुरकुलं शांतिदासश्च शुभ्र । नोस्वद्बीबीपुरे सत्तपगणतरणी पार्श्वचिंतामणोर्य । श्रीमद् गहायारराज्ये युवनपति यान...तस्य कुर्मः प्रशस्ति ॥३॥ अस्ति स्वस्ति युतः प्रशस्तकमला चेवो विनोदास्पदं । देश पेशल कौशल प्रविलस चोकादगतो गूर्जर । यस्ये कुक्कगुणेपरेजमपदाः स्वीकृत्य तत्तव्यश । प्रग्नारम्नति...निधेरासे देवासः स्फट ॥४॥ अस्मि...॥५॥ अस्मिन् बीबीपुराख्य प्रभुदिनजनभृद्ध च्छेयोछ्भप्रसर्प जगततिवधूमोपिबोद्यन्तिधातं शक्के...॥६॥... किञ्च...श्रीमान् बब्बरपार्थिवो गजघटा संघद्दुस्सध्या । प्राज्यराज्यमपाल यजुभगणत्रणेकबद्धोद्यम । मान्यवौर्बलदर्प दर्पितमनः प्रत्यर्थि सीमतिनी । वैधव्यव्रतदानकर्म गुरुजां सार्वत्रिकोस्यादधे ॥७॥ तस्मा...सन्न्यायेकमतिर्हमायुनृपति...शैलेभ्यः...येन...प्राणोपकारः कृतः ॥८॥... ॥९॥...यस्योत्प्रयानधारा...नस्य...॥१०॥...तस्य श्रीमदकब्बरक्षितिपते...स्तेकः श्रीइस-लमशाहिनृपति...॥११॥...दुग्ध...॥१२॥...दो...भीष्टार्थ...॥१३॥ मज्यु शाहिजिहान इत्यभिधया जेव्जैति यस्य स्फुटे । लोकैर्भूजल्गै विनिश्चित...यस्य...॥१४॥ व्योमाधीश ॥१५॥ यस्या...इत्याकर्ण्य वचो निगूढ विलय...सद्मनि ॥१६॥ यश...वो...व्याप्ते... ॥१७॥...॥१८॥ निश्शेषोरुकलानिधि संसारद्रुमसस्य...का शाहिजिहामपुत्र...जायान् श्रीऔलिमशाहिनृपति साहस्र चूडामणि ॥१९॥

## હસ્તલિખિત પ્રતો અને જૈન જ્ઞાનભંડારો વગેરેની સાચવણી અંગે નગરશેઠ શાંતિદાસ ઝવેરીનું પ્રદાન

૫. શ્રી લક્ષ્મણભાઈ ભોજક આપણા અનેક જૈન જ્ઞાનભંડારો અને તેના સાહિત્યને વ્યવસ્થિત કરવાનું કામ પણ કરતા આવ્યા છે. આવા અનેક જ્ઞાન-ભંડારોની જુદી જુદી હસ્તપ્રતોનાં પાનાંઓને વ્યવસ્થિત કરવાનો, તેને વાંચવાનો પ્રયત્ન તેમણે કરેલો છે. એક હસ્તપ્રત તૈયાર કરાવવા માટે નગરશેઠ શાંતિદાસ ઝવેરીના કુટુંબે કરેલ પ્રયત્નની સાબિતીરૂપ એક ઉદાહરણ ટાંકતા તેમણે જણાવ્યું કે અમદાવાદમાં આવેલ 'પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી' તરફથી ઈ. સ. ૧૯૬૬ માં બહાર પડેલ 'નંદિસૂત્ર ચૂર્ણિસહિત'ની પ્રસ્તાવનાના પૃ. ૨ ઉપર નીચેનું લખાણ જોવા મળે છે :

"साह श्री वच्छासुत साह सहिकरस्य स्वपुण्यार्थं पुस्तकभंडारे कारापिता सुत वर्धमान पुस्तक परिपालनार्थं ॥"

આ જ પુસ્તકના પ્રકરણ ૨ ('કુટુંબ, વંશ અને પૂર્વજો')ની પાદનોંધ નં. ૯ (પૃ. ૧૭)માં પણ 'ઐરાસં'ના પૃ. ૫૪ના આધારે નોંધવામાં આવ્યું છે :

"લીંબડીના ભંડારમાં 'अंगचूलिया पयन्ना'ની એક પ્રતિ છે, તેના અંતમાં આ પ્રમાણે લખેલું છે—

'साह श्रीवच्छा सुत साह सहस्रकिरणेन स्वभंडारे गृहीत्वा सुतवर्धमानशांतिदास-परिपालनार्थं ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"ભાવનગરના પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી મહારાજના ભંડારમાં પુષ્પમાલાવૃત્તિ નામની એક પ્રતિની અંતમાં પણ ઉપર પ્રમાણેના જ શબ્દો છે."

આવા ઉલ્લેખોને આધારે અને પં. શ્રી લક્ષ્મણભાઈ ભોજકના અનુમાન પ્રમાણે એમ કહી શકાય કે આપણા શાસ્ત્રગ્રંથો અને અન્ય જૈન સાહિત્યકૃતિઓને લહિયાઓ પાસે તૈયાર કરાવીને સાચવવા માટે નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી તન-મન-ધનથી ખૂબ સક્રિય હશે. જુદાં જુદાં જ્ઞાનભંડારોની હસ્તપ્રતોનાં લખાણોને આધારે એ બાબતનું સંશોધન કરી શકાય કે નગરશેઠ શાંતિદાસ ઝવેરીએ કેટલી હસ્તપ્રતો તૈયાર કરાવવામાં અને તે દ્વારા જ્ઞાનભંડારોની સાચવણીમાં પોતાનો ફાળો આપ્યો હતો.

## શ્રી શાંતિદાસ શેઠે બનાવરાવેલ પટ સંબંધી વિશેષ માહિતી

આ જ પુસ્તકના પૃ. ૧૫૭ ઉપર 'નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીએ બનાવરાવેલ પટ' સંબંધી માહિતી આપતાં જણાવાયું છે કે આ પટ વિ. સં. ૧૬૯૮ની સાલમાં નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીએ બનાવડાવેલ છે.

પં. શ્રી લક્ષ્મણભાઈ ભોજક સાથે આ અંગે વાત કરતાં તેમણે આ પટ અંગે કેટલીક વિશેષ માહિતી આપી જે નીચે પ્રમાણે છે :

શત્રુંજય તીર્થ અંગે જે અનેક પટ (ચિત્ર) અત્યારે ઉપલબ્ધ છે તેમાં આ પટ સૌથી પ્રાચીન ગણાય છે. શત્રુંજયનું આનાથી વધુ જૂનું ચિત્ર ક્યાંયથી મળતું નથી. વળી આ પટમાં શત્રુંજયનું વર્ણન પણ આપવામાં આવેલ છે. આ ચિત્રની વિશેષતા એ છે કે તેમાં નવટૂંક બતાવાઈ નથી, કારણ કે નવટૂંક તો પાછળથી થયેલ છે. આ ચિત્રમાં ભગવાનની મુખ્ય બે મૂર્તિઓ આલેખવામાં આવી છે. તેમાંની એક મૂર્તિ નીચે અદ્‌બુદજી (અદબદજી) અને બીજી મૂર્તિ નીચે 'ઋષભદેવ' એમ લખ્યું છે. એટલે પાલીતાણા શત્રુંજય પર્વત પર આવેલ જૈન દેરાસરોમાં એક અદબદજીની અને બીજી મૂળનાયક શ્રી ઋષભદેવ (આદીશ્વરદાદા)ની મૂર્તિઓ અતિ પ્રાચીન હશે તેમ કહી શકાય.

## નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના ફોટાઓ અંગે

આ પુસ્તકમાં નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના બે ફોટાઓ આપવામાં આવેલ છે :

(૧) નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીનો એકલાનો ફોટો.

(૨) નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીનો તેમના ગુરુ શ્રી રાજસાગરસૂરિ સાથેનો ફોટો.

આ બંને ફોટાઓ અંગેની કેટલીક રસપ્રદ વિગતો 'શેઠ આણંદજી કલ્યાણજીની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પેઢીનો ઇતિહાસ' ભાગ-૧ ની પ્રસ્તાવનાના પૃ. ૧૫ થી ૧૮ માં આપવામાં આવેલ છે જેમાંની મુખ્ય વિગતો નીચે પ્રમાણે છે.

આ બંને ફોટા અત્યારે અમદાવાદમાં ઝવેરીવાડમાં વાઘણપોળની અંદર આવેલ 'શ્રી વર્ધમાન તપ આયંબિલ સંસ્થા'ના મકાનમાં વિદ્યમાન છે. આ જે 'આયંબિલ સંસ્થા'નું મકાન છે તેની બહાર 'શ્રી સાગરગચ્છ ઉપાશ્રય, અમદાવાદ' એવી આરસની તકતી છે. નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના વંશજો સાગરગચ્છમાં શ્રદ્ધા ધરાવતા હતા એટલે તેમની દેખરેખ નીચે ચાલતો ઉપાશ્રય તે આ જ હતો. તા. ૧૭-૪-૧૯૫૨ ના રોજ ઠરાવ કરીને આ ઉપાશ્રયનો વહીવટ સંભાળતી નગરશેઠના વંશજોની કમિટીએ આ મકાનને આયંબિલશાળા માટે ભેટ આપી દીધું હતું.

આમાંનો નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીનો એકલાનો ફોટો જે આ પુસ્તકના મુખપૃષ્ઠ પર છે તેની નીચે 'જન્મ સંવત ૧૬૪૫' અને 'સ્વર્ગવાસ સંવત ૧૭૧૫' એમ લખવામાં આવ્યું છે. આ પુસ્તકમાં 'કુટુંબ, વંશ અને પૂર્વજો' નામે બીજા પ્રકરણમાં તેમના જન્મસમય અંગે પૃ૦ ૧૩-૧૪ માં અને 'શ્રી શાંતિદાસનો પરિવાર અને સ્વર્ગવાસ' નામે દસમા પ્રકરણમાં તેમના સ્વર્ગવાસના સમય અંગે પૃ. ૧૬૭-૧૭૧માં ચર્ચા કરવામાં આવેલ છે. આ ફોટા નીચે જે સંવત્ મૂકવામાં આવેલ છે તે શેના આધારે મૂકવામાં આવી છે તે તો ખ્યાલમાં આવતું નથી, પણ આ પુસ્તકના પૃ૦ ૧૭૧ ઉપર કરવામાં આવેલ અટકળ સાથે તેનો મેળ બેસે છે.

બીજો જે ફોટો નગરશેઠ શાંતિદાસ ઝવેરીનો, તેમના ગુરુ શ્રી રાજસાગરસૂરિ સાથેનો છે તે પણ આ આયંબિલશાળાના મકાનમાં જ અત્યારે સચવાયેલા ચિત્રનો નીચલો ભાગ છે. ઉપાશ્રયના મકાનને જ્યારે આયંબિલશાળામાં ફેરવવામાં આવ્યું ત્યારે આ ચિત્રની સાચવણી થાય તે માટે તેને મકાનની દીવાલ ઉપર રાખવામાં આવેલ છે અને તેના પર રંગ કરાવીને તેને નવા જેવું અને વધુ ચમકદાર બનાવવામાં આવ્યું છે.

આ ચિત્ર ઈ. સ. ૧૯૨૯માં પ્રકાશિત થયેલ 'ગૂજરાતનું પાટનગર અમદાવાદ' પુસ્તકના પૃ૦ ૬૦૧ સામે સૌ પ્રથમ છપાયેલું છે અને તેની નીચે તેનો પરિચય આપતાં જણાવવામાં આવ્યું છે : "આ ચિત્ર નગરશેઠના વંશજોની દેખરેખમાં ચાલતા એક અપાસરામાં થાંભલા ઉપર જડેલું છે. ચિત્ર ઓછામાં ઓછું બસો વર્ષનું જૂનું દેખાય છે. કોઈ જૂના ચિત્રની નકલ હોય એમ લાગે છે. રંગ હજી પણ સારો રહેલો છે. હાંડીઓ વગેરે સામગ્રી પણ સારી ચીતરેલી છે. આ ચિત્ર રંગમાં મોટું કરવા જેવું છે."

આ લખાણ પ્રમાણે આ ચિત્ર આજે અઢીસો વર્ષ કરતાં પણ વધુ જૂનું ગણાય અને આ ચિત્ર પણ "કોઈ જૂના ચિત્રની નકલ હોય એમ લાગે છે" એમ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જણાવ્યું છે એટલે એ જૂનું ચિત્ર તો તેનાથી પણ પ્રાચીન ગણાય, જે સમય નગરશેઠ શાંતિદાસ અને તેમના ગુરુ રાજસાગરસૂરિના સ્વર્ગવાસના સમયથી ઘણો નજીક ગણાય. પણ આ ચિત્રને એટલું પ્રાચીન ગણવા માટે આપણી પાસે આ સિવાય બીજો કોઈ આધાર અત્યારે નથી.

'ગૂજરાતનું પાટનગર અમદાવાદ'માં છપાયેલ આ ચિત્રને જ્યારે આયંબિલશાળાના મકાનમાં સાચવણી માટે મૂકવામાં આવ્યું ત્યારે તેને રંગ કરાવીને નવા જેવું કરાવવામાં આવ્યું, એટલે અત્યારે જે ચિત્ર છે તે નવા રૂપ-રંગવાળું ગણાય. મૂળ ચિત્રમાં ગુરુનું નામ 'શ્રી રાયસાગર' હતું તે સુધારીને 'શ્રી રાજસાગર' કરવામાં આવ્યું છે અને શિષ્યનું નામ 'શેઠ સાંન્તીદાસ' હતું તે 'શેઠ શાંતિદાસ' કરવામાં આવ્યું છે. આ નવા રૂપરંગવાળા ચિત્રની નીચે "પૂજ્યપાદ આચાર્યદેવ ૧૦૦૮ શ્રીમદ્ રાયસાગરસૂરીશ્વરને પ્રણામ કરતાં શ્રેષ્ઠીવર્ય શ્રી શાંતિદાસ શેષકિરણ, અસલ પ્રતિકૃતિ સાગરગચ્છનાં જુના ઉપાશ્રયના એક કાષ્ટસ્તંભમાંથી ઉદ્ધૃત" એવું લખાણ છે. આ ચિત્ર લાંબી પેનલના કદમાં છે. તેમાં બે ભાગ છે. ઉપરના ભાગમાં શિખર દોરીને તેના ઉપર ફરકતી ધજા તથા સૂર્ય, ચંદ્ર દોરેલા છે. અને નીચેના ભાગમાં ગુરુ શ્રી રાજસાગરસૂરિને ઊંચા આસને બેઠેલા બતાવી શિષ્ય શ્રી શાંતિદાસને એમની સામે હાથ જોડીને બેઠેલા બતાવ્યા છે. (નોંધ: આ પુસ્તકમાં છપાયેલો ફોટો તે આ નવા સુધારેલા ચિત્રના નીચેના ભાગનો ફોટો છે.)

આ બંને ચિત્રો ઉપર્યુક્ત આયંબિલશાળામાં પેસતાં જ મોટા હૉલની સામેની દીવાલમાં રાખવામાં આવ્યાં છે. શ્રી શાંતિદાસ ઝવેરીનું ચિત્ર ૨૭" × ૩૭"ના કદનું છે અને તેમના ગુરુ સાથેનું ચિત્ર ૭ાા" × ૩૯ાા" ના કદનું છે. આ બંને ફોટાઓ આ પુસ્તકમાં છાપવા માટેની અનુમતિ આપવા બદલ ઉપર્યુક્ત 'શ્રી વર્ધમાન તપ આયંબિલ સંસ્થા' અમદાવાદના ટ્રસ્ટીઓનો આભાર.

## ફરમાનોના ફોટાઓ અંગે

નગરશેઠ શાંતિદાસ ઝવેરીને મળેલા ફરમાનોમાંથી અગત્યના બે ફરમાનોના ફોટાઓ 'Imperial Mughal Farmans in Gujarat' પુસ્તકમાંથી અહીંયા સાભાર ઉદ્ધૃત કરવામાં આવ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શુદ્ધિપત્રક

[ નોંધ : આ પુસ્તકના છાપકામમાં અનુસ્વાર, પૂર્ણવિરામ, કાનો, માત્રા વગેરેના ટાઈપો ઘણી જગ્યાએ કાં તો છપાયા નથી અથવા ઝાંખા છપાયા છે. આવી ભૂલો સુધારતાં શુદ્ધિપત્રક બિનજરૂરી લંબાણવાળું બની જાય તેમ હોવાથી તેનો સમાવેશ આ શુદ્ધિપત્રકમાં કર્યો નથી. તે ઉપરાંત સામાન્ય સંદર્ભથી ખ્યાલ આવી જાય તેવી ભૂલો પણ આમાં નોંધી નથી. વાચકો દરગુજર કરશે. ]

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૮ | ૬ | રાજવીરો | રાજવીઓ |
| ૧૧ | ૧૫ | હતા હતા | હતા |
| ૧૪ | ૧૭ | સમાલોચના | સમાલોચનાના |
| ૧૫ | ૨૯ | The | " The |
| ૧૫ | ૩૧ | eontemyorary | contemporary |
| ૧૬ | ૧ | Mania | Mania." |
| ૧૬ | ૨૦ | The | " The |
| ૧૬ | ૨૧ | deiails | details |
| ૧૬ | ૨૨ | famliy ) ... | family ) ..." |
| ૧૬ | ૨૫ | વણજેનું કંકુમરોલા | વંણજેનું કુંકુમરોલા |
| ૧૭ | ૮ | गोरमदे | गोरदे |
| ૧૭ | ૧૧ | प्रतिष्ठितश्च | प्रतिष्टितश्च |
| ૧૭ | ૧૪ | ગોરમદે | ગોરદે |
| ૧૭ | ૧૮ | अंगाचूलियान | अंगाचूलिया |
| ૧૮ | ૨ | તેઓ વધુમાં જણાવે | 'ગૂપાઅ'માં વધુમાં જણાવ્યું |
| ૧૮ | ૫ | તેઓ લખે | 'ગૂપાઅ'માં લખ્યું |
| ૧૮ | ૧૭ | પ્રકરણ ચાર | પ્રકરણ નંબર ચાર |
| ૧૮ | ૨૦ | સમાલોચનમાં | સમાલોચનામાં |
| ૧૯ | ૨૩ | ધરલામધમી | ધરલામધર્મી |
| ૨૭ | ૨૩ | છે² | છે.² |
| ૩૧ | ૧૦ | હેક | કહે |
| ૩૨ | ૯ | સમયસપારખુ | સમયપારખુ |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૨ | છેલ્લેથી ત્રીજી | ઓળખવા | ઓળખાવા |
| ૩૩ | ૧૫ | કર્યાં | કર્યો |
| ૩૬ | ૪ | ક્યાં ૫ | ક્યાંય |
| ૩૭ | ૧ | સુનિ શ્રી ક્ષેમવર્ધતગણિ | મુનિ શ્રી ક્ષેમવર્ધનગણિ |
| ૩૯ | ૫ | મનતા | માનતા |
| ૪૦ | ૨૨ | અમદાવાદમા | અમદાવાદના |
| ૪૧ | છેલ્લેથી બીજી | છે. ૨૪ | છે."૨૪ |
| ૪૪ | છેલ્લેથી ત્રીજી | બોલાવી. પછી | બોલાવી. તારે રાંણીઓએ તેમને ભાઈ કહીને બોલાવા. પછી |
| ૪૫ | છેલ્લેથી ત્રીજી | ૧. | ૧૧. |
| ૪૬ | ૯,૧૫,૧૭,૧૯,૨૧ | રે; | રે. |
| ૪૬ | ૧૩ | બેગસ | બેગમ |
| ૪૭ | ૫ | નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈ | નગરશેઠ શ્રીચીમનલાલ લાલભાઈ |
| ૪૭ | ૬ | ,, શ્રી ચમનલાલ લાલભાઈ | ,, શ્રી કસ્તૂરભાઈ મણિભાઈ |
| ૫૧ | છેલ્લેથી ત્રીજી | લ લ | લાલ |
| ૫૪ | ૨૨ | આવી હતી. | જ કરવામાં આવી હતી. |
| ૫૬ | ૧૨ | dabad | dabad, |
| ૬૧ | ૨૪ | તેમના | તેમનો |
| ૬૬ | ૪ | ભાદ્રવ | ભાદ્રવ |
| ૬૬ | ૭ | સુ૦ ૧૧ | સુ૦ ૧૧[૧૪] |
| ૬૮ | ૧૧ | —શ્રી | —' શ્રી |
| ૬૮ | ૨૪ | ગહુલી | ગુંહલી |
| ૭૦ | ૧૬ | of of | of |
| ૭૧ | ૧૧ | નગરશેઠ પદ ' | નગરશેઠ ' |
| ૭૩ | ૨ | શ્રોયુત | શ્રીયુત |
| ૭૪ | ૧૫ | ખુલાસો | ચુકાદો |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૭૫ | ૭ | ભીમરાવે | ભીમરાવે આપ્યો છે.શ્રી શાંતિદાસ શેઠના વખતની મહાજન અંગેની પરિસ્થિતિનો ચિતાર તેઓ |
| ૭૧ | ૮ | આપ્યો છે | આપે છે |
| ૭૬ | ૪ | નિર્દેશ | નિર્દેશી |
| ૭૬ | ૧૫ | ૧૬ ૮ | ૧૬૧૮ |
| ૭૭ | ૧ | આદર્શ મહારાજ | આદર્શ મહાજન |
| ૮૧ | ૨ | પાંચ શેર સાકર | પાંચ શેર દૂધ અને શેર સાકર |
| ૮૨ | ૯ | દૂધની | દૂધની — |
| ૮૨ | ૧૬ | જો | જે |
| ૮૫ | ૬ | અન્યત્ર | આ ઉલ્લેખો ઉપરથી |
| ૮૬ | ૧ | દેરાસરના | દેરાસરમાં |
| ૯૫ | ૧૧ | ઘેરતખાન | ઘેરતખાન |
| ૯૭ | ૧૯ | ભાગ્વશાળી | ભાગ્યશાળી |
| ૯૯ | ૨૧ | " થેવેનો | " ઈ. સ. ૧૬૬૬ માં થેવેનો |
| ૧૦૧ | ૧૩ | ( ઈ. સ. ૧૬૮૬ ) | ( ઈ. સ ૧૬૬૬ ) |
| ૧૦૨ | ૬ | 90,000 l. | 90,000 Pounds |
| ૧૦૩ | ૧૬ | ઈ. સ. ૧૬૨૧માં | ઈ. સ. ૧૬૨૧–૨૨માં |
| ૧૦૪ | ૨ | the the | the |
| ૧૦૫ | ૫ | શહેરો — આગ્રા, | શહેરો અને આગ્રા, |
| ૧૦૫ | ૬ | વગેરેની—ની | વગેરે સ્થળોની |
| ૧૦૬ | ૧૬ | weoden | wooden |
| ૧૦૬ | ૧૭ | marble | marble, |
| ૧૦૬ | ૨૮ | pr fane | profane |
| ૧૦૮ | ૭ | ' મિરાતે અહમદી 'માં | ' મિરાતે અહમદી 'ના આધારે |
| ૧૦૮ | ૨૩ | aetion | action |
| ૧૧૦ | ૭ | સલગ | સલંગ |
| ૧૧૦ | ૨૫ | મુળનાનાયકની | મુળનાયકની |
| ૧૧૨ | છેલ્લી | થયેલાં | થયેલ |
| ૧૧૪ | ૧૬ | ઈ. સ. ૬૩૩ | ઈ. સ. ૧૬૩૩ |
| ૧૧૪ | ૨૧ | ભૂલાને બાદ કરતાં તે | ભૂલોને બાદ કરતાં તેના |
| ૧૨૧ | ૯ | તીર્થ ) | દેરાસર ) |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૨૨ | ૧૨ | જેમ ચાલુ | ચાલુ |
| ૧૨૬ | ૨૧ | ફરમાન કર્યું. | ફરમાવ્યું. |
| ૧૩૪ | છેલ્લેથી ચોથી | લઈ | થઈ |
| ૧૩૭ | ૫ | અમદાવાદાના | અમદાવાદના |
| ૧૪૦ | ૧૫ | શુ ાહના | શુકોહના |
| ૧૪૦ | ૨૩ | ઝવેદી | ઝવેરી |
| ૧૪૨ | ૫ | કે આવા | કે " આવા |
| ૧૪૩ | ૧૧ | પાંચ લાખ | પાંચ લાખ રૂપિયા |
| ૧૪૩ | ૨૫ | જાણીતાં | જાણીતા |
| ૧૪૫ | છેલ્લી | કરવા અંગેના | અંગેના |
| ૧૫૦ | ૧૭ | શાંતિદાસ | શાંતિદાસે |
| ૧૫૧ | ૧૪ | પ્રકરણમાં | પ્રકરણમાં પૃ૦ ૧૯૧–૧૯૪ અને પૃ૦ ૨૫૦–૨૫૧ ઉપર |
| ૧૫૧ | ૧૮ | પંદર | ચૌદમા |
| ૧૫૨ | ૧૩ | તેમણે 'પાલીતાણા અંગે આ.પણે છેલ્લે જે | તેમણે, પાલીતાણા અંગે આપણે જે |
| ૧૫૨ | ૧૪ | ફરમાન નં. ૧૯,૨૦,૨૧,૨૨ | ફરમાન નં. ૪,૫,૬,૭ |
| ૧૫૫ | ૭ | જૈનો | જૈનો |
| ૧૫૭ | ૪ | 'દીબાઝેસ' | 'દીબાઝસે' |
| ૧૫૮ | ૪ | બાહર | બહાર |
| ૧૫૮ | ૨૦ | રખેવાળા | રખેવાળી |
| ૧૫૮ | ૨૪ | રાખોપાનો | રખોપાનો |
| ૧૫૮ | ૨૫ | જોવી.' | જેવી ) |
| ૧૬૬ | ૧૨ | (ઈ. સ. ૧૬ ૯) | (ઈ. સ. ૧૬૨૯) |
| ૧૮૦ | ૭ | ઈ. સ. ૧૬૪૧માં | ઈ. સ. ૧૬૪૦માં |
| ૧૮૪ | ૭ | શક્યો | શક્યા |
| ૧૮૬ | ૧૦ | ાજધાનીમાંથી | રાજધાનીમાંથી |
| ૧૯૭ | ૨૩ | સમા | સમાઈ |
| ૨૦૩ | ૨૨ | સં. ૧૯ ૬ | સં. ૧૯૫૬ |
| ૨૦૮ | ૧૩ | શ્રેષ્ઠવર્ય | શ્રેષ્ઠિવર્ય |
| ૨૦૮ | ૧૬ | Tribut | Tribute |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## અમદાવાદની બલિષ્ઠ પરંપરાના આદ્ય પુરુષ

"વંશપરંપરાથી ચાલતી આવેલી શ્રીમંત વણિકોની આર્થિક સત્તા અને સામાજિક પ્રતિષ્ઠા અમદાવાદના વ્યક્તિત્વનું એક અનોખું અંગ છે. ....આ બલિષ્ઠ પરંપરાના સ્તંભ અને આદ્ય પુરુષ જેવા શેઠ શ્રી શાંતિદાસ આ પુસ્તકનો મુખ્ય વિષય છે. ....શ્રીમતી માલતીબહેને શેઠ શાંતિદાસને લગતી ઉપર દર્શાવેલી હકીકતોની ચકાસણી તેને લગતાં ઐતિહાસિક સાધનો દ્વારા કરીને ચોખ્ખી હકીકત તારવવાનો સફળ પ્રયત્ન કર્યો છે. .... શાંતિદાસને મળેલાં ફરમાનોનો તરજૂમો કરીને પ્રત્યેકનું વિશ્લેષણ કરી બતાવ્યું છે. આને કારણે આ પુસ્તકની ઉપયોગિતા વધી છે. ...કેવળ સાંપ્રદાયિક પરંપરા અને અનુશ્રુતિને આધારે આ પ્રકારનાં લખાણો ઘણુંખરું તૈયાર થાય છે. અહીં વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને ઇતિહાસ–નિરૂપણ થયું છે તે આ પ્રયત્નની વિશેષતા છે. ....જૈન પરંપરાના અભ્યાસીઓને તેમ જ અમદાવાદપ્રેમી વાચકવર્ગને આ પુસ્તક અવશ્ય ગમશે."

—ડૉ. ધીરુભાઈ ઠાકર

## પ્રમાણભૂત અને લોકભોગ્ય ઇતિહાસ

"...બહેન શ્રી માલતીબહેને, પ્રસ્તુત પુસ્તક તૈયાર કરવામાં આ બંને વાનાં – ધીરજ અને સમભાવ – દાખવવા ઉપરાંત અપાર પરિશ્રમ

Serving JinShasan
004746
gyanmandir@kobatirth.org

વાતો માગે છે, અને ઇતિહાસ–લેખક ધ્યેય સાથે બંધાયેલો છે. એનો મેળ ... સનું પુસ્તક ભાગ્યે જ લોકપ્રિય બનતું ...તક એમાં અપવાદરૂપ બની રહે તેવું છે. અહીં લેખિકાએ ઇતિહાસને પણ વાર્તા જેવી જ સરળ, લોકભોગ્ય અને હૃદયંગમ શૈલીથી રજૂ કર્યો છે એ આ પુસ્તકની વિશેષતા છે."

—પૂ. પંન્યાસ શ્રી શીલચન્દ્રવિજયજી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org